- पंचमहाल जिले में पानम हाईलेवल केनाल की ३.३ **( तीन दशम लौ तीन )** कि.मी. लम्बी टनल का काम अभी पूरा हुआ है। पंचमहाल जिले के संतरोड- वियर का काम पूरा हुआ है और कडाणा हाईलेवल केनाल का काम प्रगति मे है।
- 

**पानी आपूर्ति :**

- पानी की किल्लत और पानी की गुणवत्ता की समस्या वाले कच्छ, सौराष्ट्र और उत्तर गुजरात के विस्तार में शुद्ध पानी पहुँचाने के लिए मेरी सरकारने राज्यव्यापी पानी आपूर्ति ग्रीड की योजना बनाकर पिछले एक वर्ष में १२९६ **( एक हजार दो सौ छ्यानवें )** गाँवो को समाविष्ट किये हैं। अब तक १०,३०० **( दस हजार तीन सौ )** गाँव और ११२ **( एक सौ बारह )** शहरों को पानी आपूर्ति ग्रीड योजना तहत संकलित किया गया है।

➢ पीने के पानी के लिए लोक-भागीदारी से राज्य के ग्राम्य स्तर पर प्रत्येक घर तक पीने के पानीका आयोजन, अमलीकरण और संचालन 'वास्मो' द्वारा किया गया है। १३,५४२ **( तेरह हजार पाँच सौ ब्यालीस )** गाँवो में पानी समितियाँ की रचना की गई है। गुजरात सरकार की इस लोकभागीदारी की कामगीरी के लिए प्रधानमंत्री की ओर से दिये जानेवाला राष्ट्रीय प्रतिष्ठित एवोर्ड गुजरात सरकार की 'वास्मो' संस्था को दिया गया है।

**कृषि :**

गुजरात राज्यने १४ **( चौदह )** प्रतिशत का कृषि विकास की दर ने आगेकूच जारी रखी है। वर्ष २०००-०१ में कृषि उत्पादन १४,७६३ **( चौदह हजार सात सौ तिरसठ करोड )** रूपये का था जो बढ़कर वर्ष २००७-०८ में ४८,०७० **( अडतालीस हजार सत्तर करोड )** मूल्य का कृषि-उत्पादन हुआ है। पिछले चार वर्षों से चल रहे कृषि महोत्सव और सरकार द्वारा अपनायी गई नीति का यह परिणाम है। राज्य में फलों और सब्जी का संग्रह, पेकींग और यातायात की सुविधाएँ उपलब्ध करायी गई है।

➢ वर्ष २००८-०९ में खाद्य फसलें ६२.६९ **( बासठ लाख उनहत्तर हजार )** मेट्रिक टन, तेलीबियाँ ३९.४९ **( उनचालीस लाख उनचास हजार )** मेट्रिक टन और कपास ७९.६२ **( उन्नासी लाख बासठ हजार )** गाँसडी का उत्पादन होने का अंदाज है।

➢ राज्य में १७.३७ **( सतरह लाख सैंतीस हजार )** सोइल हेल्थ कार्ड वितरित किये गये है।

**सहकार :**

सहकारी प्रवृत्ति द्वारा दूध उत्पादन क्षेत्र में गुजरात देश की अग्रिम पंक्ति में है। राज्य में प्रतिदिन ३४ **( चौंतीस लाख )** लीटर दूध एकत्रित करने की क्षमतावाले १३ **( तेरह )** जिला दूध उत्पादक संघ कार्यरत हैं। राज्य में १७ **( सतरह )** चीनी की सहकारी समितियाँ प्रतिदिन ६५००० **( पैंसठ हजार )** मेट्रीक टन क्रशींग की क्षमता से कार्यरत है। मेरी सरकार सौराष्ट्र में भी डेरी प्रोजेक्ट को अधिक मजबूत बनाने के लिए कटिबद्ध है।

**पशुपालन और मत्स्योद्योग :**

इस वर्ष राज्य-स्तरीय पशु-आरोग्य मेलों के द्वारा २७०० **( दो हजार सात सौ )** चिकित्सा केम्प का आयोजन करके १०,००० **( दस हजार )** से ज्यादा गाँवो के पशुधन को समाविष्ट कर लिया गया है। समुद्री मत्स्य - उत्पादन क्षेत्र में गुजरात का स्थान अन्य समुद्री राज्यों में सर्वोपरी है।

**औद्योगिक विकास :**

गुजरातने औद्योगिक पूंजी निवेश को आकर्षित करने के लिए सन् २००३ से प्रति दो वर्ष में वायब्रन्ट गुजरात ग्लोबल इन्वेस्टर्स समीट के आयोजन की परंपरा शुरू की है। पूरे विश्व में जब मंदी का प्रभाव चल रहा है, ऐसे समय मेरी सरकारने जनवरी २००९ में चौथी ग्लोबल इन्वेस्टर्स समीट का सफलतापूर्वक आयोजन किया जिसमें देश और दुनिया के औद्योगिक पूंजी-निवेशकों ने राज्य सरकार की औद्योगिक नीति और पारदर्शक प्रशासन तंत्र का स्वीकार किया है। सन् २००६-०७ और २००७-०८ के रिझर्व बेंक ऑफ इन्डीया के आर्थिक सर्वेक्षण में सबसे ज्यादा पूंजीनिवेश प्राप्त करनेवाले राज्य के रूप में गुजरातने प्रथम स्थान जारी रखा है। पोर्ट और सेझ आधारित औद्योगिक नीति एवं एस.आइ.आर. (स्पेश्यल इन्वेस्टमेन्ट रिज़न) जैसे क्षेत्र की पहल का यह प्रमाण है। ग्लोबल

इन्वेस्टर्स समीट में विश्व के कई राजनितिज्ञ और उद्योग जगत की वैश्विक स्वीकृति प्राप्त महानुभावोंने गुजरात सरकार की नीति और नेतृत्व की मुक्तकंठ से प्रशंसा की है। जिसके फलस्वरूप ग्लोबल इन्वेस्टर्स समीट में ४६ देशों में से और समग्र भारत में से आये हुए औद्योगिक पूंजी-निवेशकोंने १२ लाख करोड से ज्यादा पूंजी-निवेश के समझौता करार किये है। इस पूंजी-निवेश से गुजरात के लगभग २५ लाख युवानों को रोजगार मिलेगा। जापान ने इस समीट में गुजरात के साथ भागीदार-देश के रूप में जुडकर हमारी सिद्धिओं की स्वीकृति को प्रमाणित किया है।

बिन परंपरागत ऊर्जा, आरोग्य, संरचनात्मक सुविधाएँ और उच्च शिक्षा जैसे समाजोपयोगी क्षेत्रों मे भी समझौता करार के लिए निवेशक आगे आ रहे हैं। मेरी सरकारने स्पेशयल इन्वेस्टमेन्ट रिज़न के अध्यादेश के माध्यम से ६ SIR (एस.आइ.आर) विस्तार स्थापित करने का निर्णय किया है।

**कुटिर और ग्रामोद्योग :**

श्री वाजपेयी बेंकेबल योजना अंतर्गत सन् २००७-०८ के वर्ष में कुल २०,०२८ **( बीस हजार अठ्ठाईस )** लाभार्थियों को १०,८८१ **( दस हजार आठ सौ इक्कासी लाख )** रूपयों का लोन और २५,४७४ **( पच्चीस हजार चार सौ चौहत्तर )** लाभार्थियों को २२९९ **( दो हजार दो सौ निन्यानवें लाख )** रूपयों की सहायता चुकायी गई है। इसके अतिरिक्त कलस्टर विकास योजना अंतर्गत ४० कलस्टर कार्यान्वित हुए हैं। वर्ष २००७-०८ में २७,२८४ **( सताईस हजार दो सौ चौरासी )** प्रशिक्षणार्थियों को अलग-अलग टेकनीकल ट्रेड कौशल्य-निर्माण का प्रशिक्षण देकर रोजगारी उपलब्ध करायी है। मेरी सरकारने इन्फोर्मल सेक्टर में कई निर्णय लिये हैं जिसमें असंगठित क्षेत्र के कामदारों का सर्वे, निर्माण क्षेत्र के कामदारों को प्रशिक्षण और कौशल्य निमार्ण का प्रशिक्षण शामिल है। उम्मीद योजना अंतर्गत शहरी गरीब युवक-युवतियों को प्रशिक्षण और सेवा विनिमय एवं अर्बन रिसोर्स सेन्टर की स्थापना का समावेश होता है।

**प्रवासन :**

राज्य के बाहर से और विदेशी पर्यटकों को आकर्षित करने के लिए मेरी सरकारने बहुत काम किया है। अडालज, मोढेरा परियोजना पूर्ण होने को है और वडनगर को पौराणिक हेरिटेज नगर के रूप में विकसित करने का कार्य चल रहा है।

- कच्छ जिले के मांडवी समुद्री तट पर मेगा बीच-रीसोर्ट का कार्य गतिशील है। दांडी, सापुतारा परियोजना, चित्रोड, घोघावदर, हरसुंडा, केसरडी, झांझरका, सिध्धपुर, भोजपुरा जैसे स्थलों में पर्यटकों के लिए आवश्यक प्रवासन सुविधा उपलब्ध कराने का काम बहुत ही शीध्र शुरू होगा।
- कच्छ जिले का रणोत्सव और अहमदाबाद का अंतर्राष्ट्रीय पतंग-महोत्सव पर्यटिकों के लिए आकर्षण केन्द्र बन चुके है।
- गुजरात राज्य के सभी यात्राधामों में प्रति वर्ष आनेवाले लाखो दर्शनार्थियों की सुविधा के लिए गुजरात पवित्र यात्राधाम विकास बोर्ड द्वारा बहुत कार्य हो रहा है। कैलास-मानसरोवर और अमरनाथ की यात्रा को जानेवाले यात्रियों को १ लाख रूपये की मर्यादा में वीमा सुरक्षा कवच भी दिलाया जाता है।

**विज्ञान और प्रौद्योगिकी :**

जनसाधारण के विकास के लिए और उसकी सुविधाएँ बढ़ाने की दिशामें मेरी सरकारने विज्ञान के उपयोग द्वारा सफल प्रयास किये हैं। राज्य के सभी जिले और तहसील की कचहरियों सहित पुलिस स्टेशनों और कर-वसूलीकी चेक-पोस्टो को गांधीनगर के साथ जोडा है। इससे प्रशासनिक रफतार और सरलता हुई है। ई-गर्वनन्स के आधारस्तंभ GSWAN नेटवर्क से राज्य-सरकार की २५५ **( दो सौ पचपन )** वेबसाईट और १९ **( उन्नीस हजार )** इ-मेल उपभोक्ता प्रजा की सेवा में उपलब्ध हुए है। इस जानकारी के अधिकतम उपयोग से आयोजन को नई दिशा मिले इसलिए आंकडा-नियामक की कचहरी में नया डेटा-सेन्टर शुरू किया गया है। भूकंप संशोधन सम्बन्धी इन्स्टीट्युट ऑफ सीस्मोलोजीकल सेन्टर गांधीनगर जिले के रायसण में शुरू हो चुका है। राज्य के प्रशासनिक तंत्र से उच्च अधिकारियों ने गाँवो की समस्या -BISAG के माध्यम से हल करने का प्रारंभ किया है। राज्य में आइ.टी.पार्क, बायोटेक पार्क और नोलेज कोरीडोर के द्वारा शिक्षित युवानों को रोजगार के अवसर प्राप्त होने की स्थिति का निर्माण हुआ है।

**ऊर्जा विकास :**

मेरी सरकारने ज्योतिग्राम योजना के सफल माध्यम से १८,००० **( अठारह हजार )** गाँवो में २४ घण्टे थ्री-फेज बिजली उपलब्ध कराने का क्रान्तिकारी कार्य किया है। गुजरात राज्य का औसतन बिजली उपभोग १४२४ **( एक हजार चार सौ चौबीस )** युनिट है जो देश के औसतन ६९० **( छः सौ नब्बे )** युनिट की तुलना में दुगुना से अधिक है। राज्य में बढते चलते शहरीकरण और औद्योगिक उपयोग को ध्यान में रखते हुए नये बिजली स्टेशन का कार्य शुरू किया है। अच्छी गुणवत्तायुक्त बिजली आपूर्ति प्राप्त हो इसलिए ३६२.१५ **( तीन सौ बासठ दशम लौ पन्द्रह )** सरकीट किलोमीटर की नयी बिजली प्रवाह लाईने एक सालमें स्थापित की गई है।

आज़ादी के बाद हमेशां जिसकी चर्चा होती रही है ऐसी-बिजली सुधार योजना का मेरी सरकारने सफलतापूर्वक अमलीकरण किया है। इस उत्कृष्ठ कार्य के लिए कई अवोर्ड मिल चुके है।

औद्योगिक वैश्विक स्पर्धा में राज्य के उद्योग टिके रहे इसलिए भारत की सबसे बडी गेस ग्रीड का काम गुजरात में चल रहा है। अधिकांश जिलों मे गेस पहुँचाने का काम पूरा हुआ है और आगे चलकर सभी जिलों में औद्योगिक, परिवहन और गृह-उपयोगी गेस पहुँचाने के लिये मेरी सरकार कटिबद्ध है। पर्यावरण सुरक्षा के लिए सी.एन.जी.गेस सरलता से उपलब्ध हो सके इसलिए ३०० फीलींग स्टेशन शुरु करने का काम चल रहा है। राज्य के ४० हजार से अधिक परिवारों को पाइप-लाइन के द्वारा गेस पहुँचाने का काम पूर्ण हो चुका है।

गेस क्षेत्र में मेरी सरकार के सार्वजनिक उपक्रम - गुजरात राज्य पेट्रोलियम कोर्पोरेशनने अपने ब्लोक का एकड विस्तार बढ़ाकर ६७,००० **( सडसठ हजार )** चो.मीटर और छान-बीन ब्लोक की संख्या बढाकर ६२ ब्लोक की है। इस वर्ष समुद्र-तट पर और समुद्र तट से दूर के स्थलों पर ३० कुँओं का बोरिंग काम किया है और दूसरे ९ कुँए मार्च के अंत तक पूर्ण होनेवाले है। गुजरात राज्य पेट्रोलियम कोर्पोरेशन द्वारा देश में गेस उपलब्धि के साथ ही साथ ओस्ट्रेलिया इजिप्त, यमन और इन्डोनेशिया जैसे देशोमें भी कार्य शुरू किया गया है। इस प्रकार मेरी सरकार गुजरात को देश का पेट्रोकेपीटल बनाने में सफल रही है।

**बिन परंपरागत ऊर्जा :**

राज्य सरकारने बिन परंपरागत उर्जा क्षेत्र में पुनःप्राप्य ऊर्जा नीति के आधार पर सूर्यप्रकाश से होनेवाले बिजली उत्पादन की नयी नीति घोषित की है, और पवन-विद्युत उत्पादन नीतिमें सुधार किया है जो देश की एक मोडल नीति है। इस नीति से आकर्षित होकर देश ओर दुनिया के बिन परंपरागत उर्जा के संकलित औद्योगिक गृहोंने गुजरात ग्लोबल इन्वेस्टर्स समीट - २००९ में इस क्षेत्र में १०३२१ **( दस हजार तीन सौ इक्कीस )** मेगावोट बिजली उत्पादन करने के लिए १,०८,१८२ **( एक लाख आठ हजार एक सौ ब्यासी करोड )** रूपये का पूंजी-निवेश के ७१ समझौता करार किये है। जिसमें बनासकांठा और कच्छ जिले का समावेश होता है। इस प्रकार ऊर्जा क्षेत्र में भी गुजरात राज्य देशका सोलार-केपीटल हो इसलिए मेरी सरकार सतत प्रयत्नशील है।

**राजस्व प्रशासन :अ-कृषीय :**

मेरी सरकारने सरल जमीन हस्तांतरण के लिए अ-कृषीय मंजूरी की सत्ताबँटाई कलेक्टर, प्रांत अधिकारी, जिला पंचायत और तहसील स्तर पर की है।

**इ-धरा :**

गाँवो में ७/१२, ८-अ **( सात / बारह और आठ-अ )** जैसी प्रतो में फीस कम की है और यह प्रोजेक्ट अंतर्गत ऑन-लाईन रेकर्ड उपलब्ध होता है।

**जंत्री :**

मिल्कत-मूल्यांकन कार्यवाही को सरल बनाने के लिए नयी जंत्री का अमल किया है।

स्टेम्प-ड्युटी कलेकशन की दर ४.९० **( चार दशम लौ नब्बे )** प्रतिशत तक कम करते हुए जनता को ४८१ **( चार सौ इक्कासी करोड )** की रियायतें दी गई है। रजिस्ट्रेशन नियम, १९०८ को सुधार कर पावर ऑफ एटर्नी, गीरोखत का अनिवार्य पंजीकरण , महिलाओं के नाम होनेवाले दस्तावेजों मे पंजीकरण फीस संपूर्ण माफ, एवं दस्तावेजो में फींगर प्रिन्ट और फोटोग्राफ पद्धति, दस्तावेज पंजीकरण फीस में सिर्फ एक प्रतिशत की वृद्धि और 'टु-पेइज' दस्तावेज का मुसद्दा अमल में लाया गया है।

**नागरिक सेवा केन्द्र :**

राज्य के सभी २२५ तहसीलो में तहसील नागरिक केन्द्र और १५ उपयोगी कार्यो के लिए वन-डे-गर्वनन्स सेन्टर शुरू किये हैं।

**आपत्ति-व्यवस्थापन :**

मेरी सरकारने कुदरती आपत्ति दौरान मृतक के वारिस को दी जानेवाली ५०,००० **( पच्चास हजार )** रूपयों की सहायता में वृद्धि करते हुए १ लाख रूपयों की सहायता की है। अतिवृष्टि या चक्रवात दौरान बिजली गिरने से मृत्यु हो तो इसे भी सहायता देना इस वर्ष से निश्चित किया गया है।

**राजस्व-प्रशासन सुधार :**

राज्य में पहलीबार कलेक्टर, प्रांत और मामलतदार मेन्युअल की प्रसिद्धि की गई है। १८०० **( एक हजार आठ सौ )** नये तलाटी-मंत्रियों की भर्ती और नये गाम-तल निश्चित करने का आयोजन किया गया है।

**पंचायत : इ-ग्राम विश्व-गाम :**

महान राष्ट्रीय नेता सुभाषचंद्र बोस की जन्म जयंति दिनांक २३-१-२००९ को ऐतिहासिक बारडोली तहसील के हरिपुरा से गुजरात के सभी गाँवो को ब्रोड-बेन्ड कनेक्टीवीटी से जोडकर वैश्विक संचार व्यवहार स्थापित किया है। १३,६९३ **( तेरह हजार छः सौ तिरानवें )** ग्राम-पंचायतो में कम्प्युटर द्वारा इ-सेवाएँ देनेवाला देश का प्रथम और एक मात्र राज्य गुजरात बन चुका है। यह नेटवर्क नागरिक सेवाओं के लिये प्रयुक्त विश्व का सबसे बडा नेटवर्क है।

**आवास योजनाएँ :**

पंडित दीनदयाल उपाध्याय आवास योजना अंतर्गत १०६ वसाहतों का निर्माण किया गया है . डॉ. अम्बेडकर योजना अंतर्गत २३.४६ **( तेईस करोड छ्यालीस लाख )** की लागत से ७५७६ **( सात हजार पाँच सौ छिहतर )** आवास के लिए सहाय दी है। सरदार पटेल आवास योजना अंतर्गत ६३ **( तिरसठ करोड )** रूपयों की लागत से २५ **( पच्चीस हजार )** आवास का लक्ष्यांक नियत किया गया है। इन्दिरा आवास योजना अंतर्गत ३२९.७९ **( तीन सौ उनतीस करोड उन्नासी लाख )** के प्रावधान से ४०,५४४ **( चालीस हजार पाँच सौ चवालीस )** आवास पूर्ण किये गये हैं। दिसम्बर २००८ तक गुजरात राज्य पुलिस आवास निगम द्वारा १२४८ **( एक हजार दो सौ अडतालीस )** निवास और ३१ **( इकतीस )** अन्य मकान का निर्माण कार्य पूर्ण हो चुका है।

**ग्राममित्र योजना :**

मेरी सरकारने राज्य सरकार की विविध योजनाओं के लाभ ग्राम्य विस्तार में प्रभावशाली ढंग से ग्रामजनों तक पहुँचाने के लिए १३,७११ **( तेरह हजार सात सौ ग्यारह )** ग्राम-पंचायतो में ६४,३२७ **( चौसठ हजार तीन सौ सताइस )** ग्राम-मित्रों को कार्यरत किये हैं।

**ग्रामसभा :**

लोकतंत्र की बुनियादी सरकारी योजनाओं के पारदर्शक और सामूहिक अमलीकरण के लिए और ग्रामजनों की भागीदारी हो सके इसलिए राज्य सरकारने ग्रामसभा व्यवस्था को सुदृढ बनाया है। सरकार द्वारा आयोजित ग्रामसभा के ग्यारहवें दौर तक १४,०६४ **( चौदह हजार चौसठ )** ग्राम सभाओंमें ५१.४५ **( इक्यावन लाख पिस्तालीस हजार )** लोगोंने उत्साहपूर्वक भाग लेकर ८७,९८४ **( सतासी हजार नौ सौ चौरासी )** लोक-प्रश्न प्रस्तुत किये थे उनमें से ३५,३९९ **( पैंतीस हजार तीन सौ निन्यानवें )** प्रश्नों को सकारात्मक रूप से हल किये और शेष ५०,९५२ **( पचास हजार नौ सौ बावन )** प्रश्नों को अग्रता-क्रमानुसार हल किये जाएँगे।

**ग्राम विकास :**

मेरी सरकारने राष्ट्रीय ग्रामीण रोजगारी बांहेधरी अधिनियम २००५ योजना का दिनांक २-२-२००६ से अमल किया हुआ है। सभी गाँवो का संतुलित विकास हो इसलिए स्वर्ण-जयंति ग्राम स्वरोजगार योजना अंतर्गत स्व-सहाय गुट और व्यक्तिगत लाभार्थियों को रोजगार देने का अभिगम अपनाया है। वोटर-शेड योजना अंतर्गत ५०० हेक्टर विस्तार का एक ऐसे कुल ७३२१ **( सात हजार तीन सौ इक्कीस )** प्रोजेक्ट मंजूर किये है।

राज्य सरकार ने सखी मंडल की स्थापना के द्वारा ग्रामीण महिलाओं को स्वरोजगार मुहैया कराने का प्रयत्न किया है। आम आदमी योजना अंतर्गत अति गरीब भूमिहीन ग्रामीण खेतमजूर परिवारों को बीमा कवच उपलब्ध कराया गया है।

**शिक्षण :** **प्राथमिक शिक्षण :**

अभ्यास-योग्य उम्रवाले सभी बालक शाला में प्रवेश पाएँ यही मेरी सरकार का ध्येय है। कन्या-शिक्षण को प्रोत्साहन देने के लिए शालाप्रवेश महोत्सव द्वारा विशेष प्रयास किये जाते है। प्राथमिक शिक्षा पानेवाले बालकों को निःशुल्क पाठ्य-पुस्तकें, कन्याओं को विद्यालक्ष्मी बोन्ड एवं १ लाख से अधिक शिक्षको की भर्ती से ड्रोप-आउट की दर कम करने का सफल प्रयास किया है।

**उच्च शिक्षा :**

आठ नये विश्व-विद्यालयों की स्थापना से राज्य में आनेवाले उद्योग के अनुकूल युवानों के लिए रोजगार अवसर उपलब्ध कराया गया है। वर्तमान विश्व-विद्यालयों में भी कई नये पाठ्यक्रम शुरू किये गये है। राज्य में चिल्ड्रन-युनिवर्सिटी की रचनाकी दिशा में पहल की गई है।

**तकनीकी शिक्षा :**

तकनीकी शिक्षा क्षेत्र में १४४ **( एक सौ चौव्वालीस )** संस्थाओं को बढाते हुए ३३७ **( तीन सौ सैंतीस )** संस्थाओ में ६९,८८२ **( उनहतर हजार आठ सौ ब्यासी )** बैठक उपलब्ध करायी गई है। गुजरात में आई.आई.टी. भी कार्यरत हुई है।

**खेल-कूद :**

राज्य सरकार द्वारा आयोजित ग्रामीण ओलम्पिक्स में पिछले पाँच वर्षो में १७००० **( सतरह हजार )** से ज्यादा खिलाडियों ने भाग लिया हैं। राज्य में, महिलाएँ रमत-गमत क्षेत्र में अधिकतर हिस्सा ले सके इसलिए सरकारने अब तक ६,४६३ **( छः हजार चार सौ तिरसठ )** महिला खिलाडियों को २.८० **( दो करोड अस्सी लाख )** से ज्यादा रकम की स्कोलरशीप दी है।

**स्वर्णिम-गुजरात वर्ष :**

१ मई २०१० को गुजरात की स्थापना के ५० वर्ष पूरे हो रहे हैं, तब सरकारने **वर्ष २०१० को स्वर्णिम गुजरात वर्ष** के रूप में मनाने का आयोजन किया है।

गुजरात की स्वर्णजयंति के साथ-साथ विशाल जन-समूदाय में जागृति की नई हवा चले और सभी वर्ग के आबाल-वृद्ध गुजरात की प्रगति के लिए संकल्पबद्ध होकर यथाशक्ति योगदान करे इसलिए गुजरात संकल्प ज्योत रथयात्रा, १ मई २००८ को अमरेली से प्रारंभ कर गुजरातभर में अब तक १६० शहरों की यात्रा की गई है। जिसमें करीब ४५ लाख लोग सहभागी हुए हैं और लाखो लोगों ने व्यक्तिगत संकल्प लिया है।

**आरोग्य :**

मेरी सरकारने राज्य के आरोग्य तंत्र को गुणवत्ता और कार्यक्षम सेवाओं से सज्ज किया है। अकस्मात के समय १०८ मोबाईल वान की सेवाएँ राज्यव्यापी बनाकर अक्तूबर २००८ तक ४०० की संख्या कर दी गई है। आज १०८ की सुविधा, कोल मिलने के बाद सिर्फ १२ मिनट से कम समय में स्थल पर पहुँच जाती है।

राज्य द्वारा महत्त्वाकांक्षी चिरंजीवी योजना और बाल-सखा योजना का प्रारंभ हुआ है। शाला-आरोग्य जाँच कार्यक्रम अंतर्गत एक करोड़ से अधिक बालकों की तबीबी जाँच कर निःशुल्क तबीबी सुविधाएँ उपलब्ध करायी गई है।

मेरी सरकार विद्यार्थियों की तबीबी शिक्षा की बढती हुई अपेक्षाओं के प्रति जागृत है। विद्यार्थियों को ज्यादा बैठक उपलब्ध हो इसलिए अतिरिक्त छः मेडीकल कॉलेजो को आवश्यकता प्रमाणपत्र दिये गए हैं। सरकारने नये मेडीकल कॉलेजों को प्रोत्साहन देकर एमबीबीएस स्तर के प्रवेश में तिगुना और अनुस्नातक एवं तजज्ञ स्तर में दुगना अवसर उपलब्ध कराने का निर्धार किया है। राज्य सरकारने जीवन रक्षक आपातकालीन तबीबी सेवाएँ प्राप्त हो इस हेतु से ट्रोमा सेन्टर नेटवर्क से समग्र राज्य को समाविष्ट कर लेने की कार्यवाही शुरू की है। तबीबी शिक्षण और तबीबी सेवाओं में अनुभवी लोगों की मदद मिले इसलिए निवृत्ति वय ५८ वर्ष से बढाकर ६२ वर्ष की है।

**महिला और बाल विकास :**

मेरी सरकारने महिला और बाल विकास के क्षेत्र में अनेकविध कार्य किये हैं। राज्य में कुल ४३,७४९ **( तैंतालीस हजार सात सौ उनचास )** आँगनवाडी केन्द्र कार्यान्वित हैं। इनमेंसे जिनके अपने मकान नहीं हैं ऐसी २ हजार आँगनवाडियों का ४० करोड की लागत से बाँधकाम शुरू किया है। आँगनवाडी केन्द्र के मकान के बाँधकाम खर्च की मर्यादा २ लाख से बढाकर २.५० **( ढाई लाख )** कर दी गई है। इस वर्ष से आँगनवाडी कार्यकर और हेल्पर को प्रति वर्ष साड़ी और ब्लाउज़ देने की शुरुआत की है।

**एन.आर.आई.:**

''जहाँ जहाँ बसे एक गुजराती, वहाँ सदा काल गुजरात'' उक्ति के अनुसार भारत के अन्य राज्यों और विदेशों में बसनेवाले गुजरातीयों को गुजरात की विकास यात्रा के साथ जोड़कर अपने वतन-प्रेम को मजबूत बनाने के लिए गुजराती मूल के विविध क्षेत्र के अग्रगण्य-एन.आर.आइ. को **'गुजरात सरकार के मानद प्रतिनिधि'** के रूप में नियुक्त करने का मेरी सरकार ने निर्णय किया है।

**वाहन-व्यवहार :**

मेरी सरकारने इस वर्ष राज्य मार्ग-वाहन व्यवहार निगम के लिए १००२ **( एक हजार दो )** नयी बसे खरीदने का निर्णय किया है। राज्य के मार्ग वाहन-व्यवहार निगम ने सुरत में उधना, अहमदाबाद में नरोडा और बडौदा में निझामपुरा सेटेलाईट बस टर्मीनल शुरू किये है। राज्य सरकारने ग्रामीण क्षेत्र की कन्याओं के अभ्यास के लिये निःशुल्क यात्रा सुविधा दी है। जलाउ और वाहन उत्पादकता की कार्यक्षमता में सुधार के लिए निगम को ट्रोफी प्रदान की गई है। मार्ग-सुरक्षा के लिए स्कूल-बस ड्रायवरों के लिए घनिष्ठ प्रशिक्षण केम्प और मेडीकल चेक-अप-केम्प का आयोजन होता है।

राज्य में प्रदूषण घटाने के लिए ३,४२,००० **( तीन लाख ब्यालीस हजार )** सी.एन.जी. वाहनों का पंजीकरण किया गया है।

**कानून और व्यवस्था :**

राज्य में कानूनी व्यवस्था का रख-रखाव, गुन्हाओं की जाँच, छान-बीन और प्रोसीक्युशन एवं आंतरिक सुरक्षा की कार्यवाही असरकारक रूप से हो रही है। इसलिए राज्य में शांति और सलामती का वातावरण निर्मित हुआ है। ओर्गनाईज्ड क्राईम जड़मूल से नष्ट हो चुके है। अहमदाबाद के श्रेणीबद्ध बम्ब विस्फोट के संदर्भ में ६६ अपराधियों को गुजरात पुलिसने गिरफ्तार किया है। सुरत और अन्य स्थलों पर रखे गए बम्ब को असफल बनाकर राष्ट्र विरोधी तत्त्वों की विध्वंसकारी योजना को नाकामियाब बनायी है। राज्य की सलामती व्यवस्था के लिए तालीमबद्ध मानवशक्ति उपलब्ध कराने के लिए "रक्षा शक्ति युनिवर्सिटी" की स्थापना का सरकारने सैद्धांतिक निर्णय किया है। फोरेन्सीक सायन्स के क्षेत्र में कुशल मानवशक्ति के लिए गांधीनगर में गुजरात फोरेन्सीक सायन्स युनिवर्सिटी शुरू की जाएगी। वैज्ञानिक पद्धति से गुन्हाओं की जाँच करने के लिए न्याय-सहायक विज्ञानशाखा को अति आधुनिक साधन और टेकनोलोंजी से सुसज्ज किया गया है।

मेरी सरकारने पुलिस अधिकारी / कर्मचारियों एवं उनके परिवारजनों के स्वास्थ्य के नियमित तबीबी परीक्षण के लिए हेल्थकार्ड योजना शुरू की है , जिसमें ६०,००० **( साठ हजार )** पुलिस कर्मचारी और उनके परिवारजनों को समाविष्ट कर लिया है।

**नागरिक आपूर्ति :**

मेरी सरकार राज्य के अति गरीब और बी.पी.एल. कार्ड-धारक परिवार को और मध्याह्न भोजन योजना के लिए फोर्टी-फाईड आटा उपलब्ध कराती है। इसके अतिरिक्त अंत्योदय और बी.पी.एल. कार्ड धारकों को पामोलीन खाद्यतेल का वितरण करती है।

मेरी सरकार पब्लिक वितरण व्यवस्था में होनेवाली गेररीतियों को नष्ट करने के लिए संपूर्ण रूप सें जागृत है। अब तक ६७२८ **( छः हजार सात सौ अठ्ठाइस )** पंडित दीन दयाल ग्राहक भंडारों को आदर्श दुकानों में परिवर्तित किये है। राज्य सरकार द्वारा गेस और केरोसीन का वितरण समयसर और असरकारक रूपसे किया जाता है।

**न्याय व्यवस्था :**

मेरी सरकार ने अनिर्णित केस हल करने के लिए ८० नये कोर्ट और ५९८ **( पाँच सौ अठ्ठानवें )** नयी जगह मंजूर की है। ८८ सांध्य-अदालत शुरु करनेवाला गुजरात देश में पहला राज्य है जिससे दिनांक १०-२-२००९ तक ४,८३,७४६ **( चार लाख तिरासी हजार सात सौ छ्यालीस )** केस के हल किये है। दिनांक ३१-१२-२००८ तक राज्य में ८८,७५८ **( अठ्ठासी हजार सात सौ अठ्ठावन )** लोक अदालत आयोजित की गई जिसमें अब तक ४८,११,३६९ **( अडतालीस लाख, ग्यारह हजार तीन सौ उनहतर )** केस हल हुए हैं। इसके अलावा देश की सौ प्रथम इ-कोर्ट अहमदाबाद सीटी-सीवील कोर्ट में शुरू करने का श्रेय राज्य को जाता है। सुप्रिम कोर्ट के माननीय मुख्य न्यायमूर्ति द्वारा इस कोर्ट का उद्घाटन किया गया है।

**श्रम और रोज़गार :**

**मेरी सरकार रोजगार उपलब्ध कराने में पिछले पाँच वर्ष से समग्र राष्ट्र में प्रथम स्थान पर रही है।** वर्ष २००८ में २ लाख २६ हजार उम्मीदवारों ने रोजगार विनिमय कचहरी द्वारा नौकरी पायी है। निजी

नौकरीदाताओं के सहयोग से ३५५ **( तीन सौ पचपन )** औद्योगिक भर्ती-मेलों के आयोजन से ४१,८६५ **( इक्यालीस हजार आठ सौ पैंसठ )** उम्मीदवारों को रोजगार उपलब्ध कराया गया है।

प्रशिक्षित मानवशक्ति की आवश्यकता उपलब्ध कराने के लिए सरकार की विविध औद्योगिक तालीम संस्थाओं मे कुल ९६,९९८ **( छ्यानवें हजार नौ सौ अठानवें )** बैठको पर प्रशिक्षण सुविधा उपलब्ध है।

औद्योगिक क्षेत्र में हडताल और तालाबन्दी जैसी घटनाओं में न्यूनतम मानव-दिन गँवाकर गुजरात औद्योगिक शांति क्षेत्र में भी अग्रिम रहा है।

**शहरी विकास :**

मेरी सरकार शहरी विस्तार की बुनियादी जरुरतें और आंतर संरचनात्मक सुविधाए उपलब्ध कराने के लिए विकास कार्यो में अग्रसर है।

- शहरी गरीब-समृद्ध योजना के अंतर्गत ५० लाख से अधिक शहरी गरीबों को स्थिर रोजगार, आरोग्य, शिक्षण, आवास, मार्ग, बिजली और सामाजिक सुरक्षा के लिए १३,००० **( तेरह हजार करोड )** रुपयों का पंचवर्षीय आयोजन किया है। इसमेंसे दो वर्षो में ३.२३८ **( तीन हजार दो सौ अडतीस करोड )** का खर्च हुआ है और उम्मीद योजना अंतर्गत प्रशिक्षण पानेवाले कुल २०,७२३ **( बीस हजार सात सौ तेईस )** लाभार्थियों को नौकरी मिली है। महानगरों की संरचनात्मक सुविधाओं के लिए ४,४९३.१९ **( चार हजार चार सौ तिरावने करोड उन्नीस लाख )** और मध्यम कक्षा के शहरों के लिए ३९२ **( तीन सौ ब्यानवें करोड )** के ४८ **( अडतालीस )** प्रोजेक्ट का आयोजन किया गया है।
- निर्मल गुजरात अंतर्गत शहरी गरीबों को सबसीडी देकर ६७ हजार व्यक्तिगत शौचालयों की सुविधा उपलब्ध करायी गयी है।

**गिफ्ट प्रोजेक्ट :**

राज्य में औद्योगिक क्षेत्र में हो रही आगे-कूच को देखते हुए मेरी सरकारने राज्य को देश का एक मोडल वाणिज्य केन्द्र बन सके इसलिए गुजरात शहरी विकास कंपनी लिमिटेड और इन्फ्रास्ट्रक्चर लींजीग एण्ड फायनान्सीयल सर्विसीज लिमिटेड की संयुक्त भागीदारी से **गुजरात इन्टरनेशनल फायनान्स टेक-सीटी लिमिटेड** की स्थापना की है। अहमदाबाद और गांधीनगर के बीच आर्थिक वाणिज्य केन्द्र के रूपमें गिफ्ट का आयोजन किया गया है जो एक महत्त्वपूर्ण कदम साबित होगा।

**मार्ग विकास :**

मेरी सरकार का ध्येय प्रत्येक परा-विस्तार को बारमाही डामर रास्ते से जोड़ना और सभी ग्रोथ ड्राइवर्स को दूर-दराज तक उत्तम कोटि के रास्तों से संकलित करना है। इसलिए राज्य में हुए पूंजीनिवेश को ध्यान में रखते हुए वर्तमान पंचवर्षीय योजना के दौरान आंतरिक संरचनात्मक ढांचे के विकास का आयोजन करते हुए काम शुरू किये है। मेरी सरकार ने पिछले दो-वार्षिक प्लान दौरान २,९१८ **( दो हजार नौ सौ अठारह करोड )** रुपयों के बजट का प्रावधान रखा था जिसमें राज्य-धोरी मार्ग विकास-योजना, प्रगति-पथ, विकास-पथ, किसान-पथ, प्रधानमंत्री सडक योजना, नाबार्ड योजना और प्रवासीपथ योजना के नये अभिगम से उद्योग, बंदरगाह, खेतउत्पादन-बिक्री-केन्द्र, जिला और तहसील केन्द्र, ग्राम्य और आदिजाति विस्तार को जोड़ देने का अमल शुरू किया है।

पब्लिक-प्राईवेट पार्टनरशीप-एन्युइटी पद्धति से १५४० **( पन्द्रह सौ चालीस करोड )** के पूंजीनिवेश से ६३७ **( छः सौ सैंतीस )** कि. मी. के पाँच  मार्ग की कार्यवाही शुरू की जाएगीझ। ग्राम्य मार्ग विभाग के लिए आंतर-जुडाव, ग्राम्य विस्तार का बारमाही जुडाव और पूरग्रस्त विस्तार में अपग्रेड करने का निश्चय किया है।

**बन्दरगाह :**

देश के समुद्री किनारे का तिसरे भाग का कुदरती बन्दरगाहवाला गुजरात राज्य है। राज्य में बन्दरगाह, औद्योगिक विकास में उद्दीपक का काम करता है। उत्तर भारत के राज्यों के देश-विदेश के व्यापार और दिल्ली-मुंबई औद्योगिक कोरीडोर द्वारा गुजरात बन्दरगाही गेट-वे हो इसलिए ४१ छोटे बन्दरगाह और एक महाबन्दरगाह सहित सभी के विकास के लिये मेरी सरकार कार्यशील है।

मेरी सरकार की सफल बन्दरगाह नीति के अमल से बन्दरगाह और बन्दरगाहों की सुविधाओं को विकसित करने के लिए राज्य में कुल १८,६०० **( अठारह हजार छः सौ करोड )** का निजी पूंजी निवेश  हुआ है। दसवीं पंचवर्षीय योजना में गुजरात के बन्दरगाह क्षेत्र में १०,११९ **( दस हजार एक सौ उन्नीस )** का पूंजीनिवेश हुआ है। ग्यारहवीं पंचवर्षीय योजना में ५१ हजार करोड के पूंजीनिवेश की संभावना है।

आनेवाले वर्षो मे भी निजी पूंजीनिवेश से गुजरात मेरीटाईम बोर्ड द्वारा मरोली, बेडी, मोढवा आदि बन्दरगाहों के विकास की कार्यवाही शुरु की गई है। शीप-ब्रेंकीग के साथ-साथ शीप-निर्माण और रीपेरींग, विकास के लिए दहेज, पीपावाव और भावनगर काम शुरू कर दिया है। मेरी सरकार द्वारा की गई कार्यवाही के परिणाम स्वरूप वर्तमान बन्दरगाह पर कार्गो परिवहन क्षमता बढकर वर्ष २००८-०९ में २२५ मिलीयन टन होगी।

**वन :**

मेरी सरकार ने वन-विस्तार-वृद्धि के लिए वृक्षारोपण और वृक्षों के असरकारक संरक्षण के लिए विशेष ध्यान दिया है।

➢ वर्ष २००८-०९ में ६७२५३ **( सडसठ हजार दो सौ तिरपन )** हेक्टर में वनीकरण हुआ है। जनता, समितियाँ, शालाएँ, संस्थाएँ, और औद्योगिक संकुलो द्वारा २४.४८ **( चौबीस करोड अडतालीस लाख )** पौधों का वितरण किया गया है। ३.५५ **( तीन लाख पचपन हजार )** हेक्टर वनविस्तार को सहभागी वन-व्यवस्था अंतर्गत समाविष्ट करते हुए संरक्षण कार्य हो रहा है। इसके अलावा गुजरात फोरेस्ट्री डेवलपमेन्ट प्रोजेक्ट का मुख्य काम इस वर्ष से शुरु किया गया है।

राज्य सरकार ने सिंहों के संरक्षण के लिए **गुजरात राज्य सिंह संरक्षण सोसायटी** की रचना करके ४० करोड की त्रि-वार्षिक योजना मंजूर की है।

**सूचना और प्रसारण :**

मेरी सरकार ने अखबार, साप्ताहिक, इलेक्ट्रोनीक मीडिया, टी.वी., फिल्म जैसे माध्यमों द्वारा सरकार के कार्यक्रमो, प्रजा कल्याण की योजनाएँ और विकास-कार्यो की सूचना लोगों तक पहुँचाकर असरकारक परिणाम प्राप्त किया है। गुजरात रोजगार समाचार साप्ताहिक द्वारा रोजगार -अवसर की अद्यतन सूचनाएँ उपलब्ध करायी जाती है।

**वैधानिक और संसदीय मुद्दे :**

मेरी सरकार इस सत्र में अन्य वैधानिक कामकाज के अतिरिक्त निम्नांकित विधेयक सदन में विचार हेतु प्रस्तुत करना चाहती है।

गुजरात खास पूंजीनिवेश प्रदेश विधेयक-२००९.

मुंबई गणोत प्रशासन और खेती-जमीन (गुजरात सुधार) विधेयक-२००९.

गुजरात शैक्षणिक नवीकरण आयोग विधेयक-२००९

**उपसंहार :**

हमारा गुजरात वर्ष २०१० में स्वर्ण-जयंति मनाने जा रहा है तब हम सब और गुजरात राज्य के नागरिक भाई-बहनोंके संकल्प और सहभागी प्रयत्नों से राज्य का सर्वांगी विकास हो और हमारा गुजरात सभी क्षेत्रों में उत्कृष्ठ बनने के साथ-साथ देश का **ग्रोथ-इंजीन** बन पाये और गुजरात की शक्ति ही राष्ट्र की शक्ति हो ऐसी मेरी अभ्यर्थना है।

जय हिंद

जय जय गरवी गुजरात

**શ્રી નવલકિશોર શર્મા (નામદાર રાજયપાલશ્રી) :** માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યો,

બારમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના મંગળ પ્રારંભે ગૃહમાં હું આપ સૌનું હ્રદયપૂર્વક સ્વાગત કરૂં છું.

દેશના કેટલાક હિસ્સાઓમાં છેલ્લા કેટલાક સમયથી આંતકવાદી હુમલાઓને લીધે સર્જાયેલ ભયના ઓથાર અને વૈશ્વિક મંદીના કારણે ભવિષ્ય માટે આશંકિત થયેલા ઉદ્યોગ જગતના વાતાવરણની વચ્ચે સફળતાપૂર્વક ચોથી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ આયોજન કરી મારી સરકારે દેશ અને વિદેશમાંથી રૂા.**૧૨ લાખ** કરોડથી પણ વધુ મૂડીરોકાણના સમજૂતી કરાર કરવામાં સફળતા મેળવેલી છે. જે સમગ્ર દેશના આર્થિક જગતના ઇતિહાસમાં અદ્વિતીય છે. ગુજરાતને સમૃધ્ધ, શક્તિશાળી અને પ્રગતિશીલ રાજ્ય બનાવવામાં મારી સરકાર અથાક પ્રયો કરે છે. સલામત, શાંત અને વિકસિત ગુજરાતમાં હવે સૌને સમૃધ્ધિનો અનુભવ થાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓમાં રહેલી વિપુલ ક્ષમતાઓ બહાર આવવા લાગી છે. ગામડું હવે વિશ્વગ્રામ બન્યું છે. છેવાડાના માનવીઓ ગ્રામસભાઓના માધ્યમથી સત્તામાં ભાગીદાર બન્યા છે, સંસદીય લોકશાહી પ્રત્યે હવે ગામવાસીઓ જાગૃત થયા છે, અને લોકભાગીદારી થકી ગુજરાતના ગામડાઓ પણ વિકાસના કામોમાં ફાળો આપી રહયા છે. ગુજરાત રાજ્યના વિકાસને હવે કોઇ રોકી શકે તેમ નથી. મારી સરકારના વિકાસના મોડલને આદર્શ મોડલ તરીકે સમગ્ર દેશે સ્વીકૃતિ આપેલ છે.

ગુજરાતના વિકાસ અને વહીવટની આ એક પ્રસ્તાવના હતી. હવે હું આપ સૌ સદસ્યોને મારી સરકારની યશસ્વી કામગીરીનો પરિચય કરાવું છું.

**વંચિતોનો વિકાસ સમાજ સુરક્ષા**

મારી સરકાર અનાથ, નિરાધાર, ત્યજાયેલાં બાળકો, મહિલાઓ, વિકલાંગો અને વૃધ્ધોના સશક્તિકરણ માટે સમર્પિત છે.

રાજ્યની વિકસતી જાતિના આર્થિક વિકાસ માટે ૭૮૯૭ લાભાર્થીઓને રૂ.૪.૦૬ કરોડની સહાય આપેલ છે. તથા તેઓને શૈક્ષણિક લાભો પેટે રૂ.૧૨૩.૧૯ કરોડની સહાય આપેલી છે. વધુમાં અનુસૂચિત જાતિના ૫,૬૭,૪૪૧ લાભાર્થીઓને કુલ રૂ.૪૫.૩૬ કરોડની સહાય આપવામાં આવેલ છે. જ્યારે વંચિતોના વિકાસ માટે કુલ ૫૯,૦૨૪ લાભાર્થીઓને રૂ.૧૦.૮૭ કરોડની સહાય ચૂકવવામાં આવેલી છે.

**વિકસતી જાતિ**

મારી સરકાર વિકસતી જાતીઓના શૈક્ષણિક અને આર્થિક વિકાસની સાથે સામાજીક પછાતપણાને દૂર કરવા માટે શ્રેણીબધ્ધ પગલાં લઇ રહી છે જેમાં શૈક્ષણિક યોજનાઓ હેઠળ ૪૩,૮૭,૦૦૦ વિદ્યાર્થીઓને રૂપિયા ૬૯.૨૫

ક્રોડની શિષ્યવૃતિ શાળાપ્રવેશોત્સવ દરમ્યાન અગાઉથી જ ચુકવવામાં આવી છે. આ ઉપરાંત ગણવેશ તથા સાયકલ, ઉચ્ચ અભ્યાસ તથા વિદેશ અભ્યાસ તેમજ નાના ધંધા રોજગાર અને કુંવરબાઇનું મામેરૂ વગેરે યોજના હેઠળ કુલ ૩૫ લાખથી વધુ લાભાર્થીઓને રૂા.૬૪ ક્રોડની સહાય ચૂક્વવામાં આવી છે.

**અનુસૂચિત જાતિ**

મારી સરકાર અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગોના કલ્યાણ માટે સંવેદનશીલ છે, અને તેઓના સામાજિક - આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે કટિબધ્ધ છે અને સકારાત્મક પગલાંઓ લઇ રહી છે. કલ્યાણ યોજનાઓમાં શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને વસવાટની યોજનાઓ મુખ્ય છે.

અનુસૂચિત જાતિના વિધાર્થી / વિધાર્થીનીઓના ૪૬ સરકારી છાત્રાલયોમાં ૨૪૪૨ વિધાર્થીઓ લાભ લઇ રહયા છે. ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચલાવાતા ૫૪૩ છાત્રાલયોમાં ૧૭,૪૨૮ વિધાર્થીઓ, ૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ૯૨૮૮ વિધાર્થીઓ, ૧૮ આદર્શ નિવાસી શાળાઓમાં ૨૧૪૫ વિધાર્થીઓ અને ૭૨૩ બાલવાડીઓમાં ૧૪,૪૬૦ બાળકો યોજનાનો લાભ લઇ રહયા છે.

અનુસૂચિત જાતિના **૪૫,૭૬૩** વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને **૧૪૧૮** જેટલા વિવિધ સરકારી છાત્રાલયો મારફ્તે આવાસનો લાભ આપવામાં આવી રહયો છે. આ ઉપરાંત શૈક્ષણિક હેતુ માટેની વિવિધ યોજના હેઠળ **૫,૬૭,૪૪૧** લાભાર્થીઓને **રૂા. ૪૫.૩૬ ક્રોડ** અને માનવ ગરિમા તથા મફ્ત તબીબી સહાય પેટે **૮૫૫૦** લાભાર્થીઓને **રૂા.૨.૫૦ ક્રોડની** સહાય ચૂક્વવામાં આવેલ છે.

**આદિજાતિ કલ્યાણ**

બંધારણે દેશના આદિજાતિના નાગરિકોને આપેલા વિકાસમાં એમના ભાગને પહેલીવાર સમગ્ર દેશમાં મારી સરકારે સ્વીકાર્યા છે અને રાજય સરકારે બજેટમાં વસ્તીના અનુપાતમાં આદિજાતિ કલ્યાણ માટે રકમની ફાળવણી કરી દેશભરમાં નવી શરૂઆત કરી છે જેના માધ્યમથી આવનારા દિવસોમાં આદિજાતિ સમાજના નાગરિકો રાજયના અન્ય નાગરિકોની હરોળમાં ઉભા રહે તેવા મારી સરકારના પ્રયત્નો છે.

વર્ષોથી જુદી જુદી નાની યોજનાઓમાં વેરવિખેર પડેલા લાભોને મારી સરકારે સંકલિત કરી વ્યક્તિ, ગામ અને વિસ્તાર ત્રણેયનો સમવિકાસ થાય તેના માટે **વનબંધુ કલ્યાણ યોજના** અમલમાં મૂકી છે. અને એના ખૂબ સુંદર પરિણામો મળવાના શરૂ થયા છે. આ અન્વયે ડેરી વિકાસ યોજનામાં ૧૨,૧૨૮ કુટુંબો તેમજ સંકલિત વાડી અને ખેતીમાં વિવિધતા માટે ૨૦,૩૫૧ કુટુંબોને આવરી લીધેલ છે. જ્યારે દૂધ સંજીવની યોજના હેઠળ શાળાના ૨.૧૨ લાખ બાળકોને આવરી લીધેલ છે.

**સરદાર સરોવર યોજના**

મારી સરકારે સરદાર સરોવર યોજનાને પૂર્ણ કરવા અગ્રીમતા આપી છે. સરદાર સરોવર બંધની ઉંચાઇ ૧૨૧.૯૨ મીટર થતાં આશરે ૫૭૦૦ ક્રોડ ઘનફૂટ પાણીનો જથ્થો સિંચાઇ, પીવાનું શુધ્ધ પાણી, ઉદ્યોગ તેમજ જળવિદ્યુત માટે ઉપલબ્ધ થયો છે. આના પરિણામે વર્ષોથી પાણીની અછતમાં જીવતા સોરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને ક્ચ્છના અનેક ગામોને પીવા લાયક પાણી પહોંચાડવાનું મારી સરકારે કાર્ય કરેલ છે. ૧૪૫૦ મેગાવોટની સ્થાપિત વીજ ક્ષમતા હાંસલ કરવામાં આવેલ છે. પાવર હાઉસમાંથી ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં કુલ ૧૨૨૦ ક્રોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે જેનાથી રાષ્ટ્રને આશરે ૪,૮૮૦ ક્રોડ રૂપિયાની આવક થઇ છે. આ યોજનાની ૧૮,૭૩૩ કિલોમીટર લંબાઇની નહેરોનું બાંધકામ પૂર્ણ થયું છે. નવેમ્બર - ૨૦૦૮ અંતિત કુલ રૂપિયા ૨૬,૯૮૫.૫૦ ક્રોડ જેટલુ રોકાણ આ યોજનામાં થયું છે. આ યોજનાને ઝડપથી પૂર્ણ કરવા મારી સરકાર કટિબધ્ધ છે.

નર્મદા યોજનાથી સિંચાઇ માટે હાલના ઉપલબ્ધ પાણીનો અનેક રીતે ઉપયોગ થાય અને વધુમાં વધુ વિસ્તાર સિંચાઇ યોજના હેઠળ આવરી લેવાય તે માટે ટપક અને ફુવારા પધ્ધતિથી સિંચાઇ કરવા **ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની** ધ્વારા લોક શિક્ષણ અને સબસીડી આપવાનું કામ મોટા પાયે હાથ ધરેલ છે.

**કલ્પસર**

મારી સરકાર કલ્પસર પ્રોજેક્ટ માટેનો યોજનાકીય બેન્કેબલ અહેવાલ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં પૂર્ણ કરી, એક વિકલ્પ તરીકે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપથી તેને આગળ ધપાવવા વિચારણા કરી રહી છે.

આ પ્રોજેક્ટને આંતરરાષ્ટ્રીય કક્ષાની નિષ્ણાંત કંપનીઓની સેવા મળે તે માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ એન્ડ ડીઝાઈન કન્સલ્ટન્ટની નિમણૂંક કરવાનું આયોજન કરેલ છે.

**જળ સંચય**

- સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર મારફતે કડાણા અને નર્મદાના પાણી બનાસકાંઠા જિલ્લા સુધી પહોંચાડવામાં આવેલ છે, આ નહેરની બંને બાજુથી ખેડૂતો ધ્વારા પાણી લઇ સિંચાઇ કરવામાં આવે છે. રીચાર્જના કારણે ભૂગર્ભ જળમાં પણ વધારો થયેલ છે. હજારો વિઘા જમીનને સુજલામ સુફલામ યોજનાના પાણીનો લાભ મળેલ છે, જેના કારણે આ વિસ્તારના ખેડૂતોના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે.
- નર્મદા મુખ્ય નહેર આધારિત ૮ પાઇપલાઇનો ના કામો પૂર્ણ કરી કાર્યાન્વિત કરેલ છે. પાઇપલાઇનની લાઇનદોરીમાં આવતા ગામ તળાવો ભરવામાં આવી રહેલ છે, ઉપરાંત ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવામાં આવી રહેલ છે. રાજયના ધરોઇ, હાથમતી અને ગુહાઇ જળાશયોમાં નર્મદા મુખ્ય નહેરનું પાણી પાઇપલાઇન મારફતે નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તાજેતરમાં આ કામનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- સુજલામ સુફલામ યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં દરિયાઇ ખારાશ રોકવા માટેની સ્પ્રેડીંગ કેનાલો, ભરતી-નિયંત્રણો અને બંધારાની કામગીરી પ્રગતિમાં છે. કુલ ૬૧ બંધારાના કામો પૂર્ણ થયેલ છે જ્યારે ૧૮ બંધારાના કામ પ્રગતિમાં છે જે ટુંક સમયમાં પૂર્ણ થશે. ૧૧૯ કિ.મી. સ્પ્રેડીંગ કેનાલની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- પંચમહાલ જિલ્લામાં પાનમ હાઇલેવલ કેનાલનું ૩.૩ કિ.મી. લાંબી ટનલનું કામ તાજેતરમાં પૂર્ણ થયેલ છે. પંચમહાલ જિલ્લાના સંતરોડ વિયરનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. કડાણા હાઇલેવલ કેનાલના કામો પ્રગતિમાં છે.

**પાણી પુરવઠા**

- મારી સરકાર ધ્વારા રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ ઉભી કરીને પાણીની અછત ધરાવતા અને પાણીની ગુણવત્તાના પ્રશ્નોવાળા કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં શુધ્ધ પાણી પુરવઠો પહોંચાડી છેલ્લા એક વર્ષમાં ૧૨૯૬ ગામોને આવરી લીધાં છે. અત્યાર સુધીમાં ૧૦,૩૦૦ ગામો અને ૧૧૨ શહેરોને પાણી પુરવઠા ગ્રીડ હેઠળ જોડવામાં આવ્યા છે.
- પીવાના પાણીના ક્ષેત્રે વ્યાપક લોકભાગીદારી ઉભી કરી પાણી સમિતિઓ ધ્વારા રાજયમાં ગ્રામ્ય સ્તરે દરેક દ ાર સુધી પીવાના પાણીનું આયોજન, અમલીકરણ અને સંચાલન" વાસ્મો "" ધ્વારા કરવામાં આવે છે. આ પૈકી ૧૩,૫૪૨ ગામોમાં પાણી સમિતિની રચના થઇ છે. લોકભાગીદારીની ગુજરાત સરકારની આ કામગીરી માટે રાષ્ટ્રીય સ્તરનો પ્રધાનમંત્રીશ્રી તરફથી આપવામાં આવતો પ્રતિષ્ઠિત એવોર્ડ રાજ્ય સરકારની સંસ્થા " વાસ્મો " ને આપવામાં આવેલ છે.

**કૃષિ**

ગુજરાત રાજ્યે ૧૪ ટકા જેટલો ઊંચો કૃષિ વિકાસ દર હાંસલ કરીને હરણફાળ ભરી છે. કૃષિ પેદાશોનું ઉત્પાદન વર્ષ ૨૦૦૦-૦૧ માં રૂ. ૧૪,૭૬૩ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૪૮,૦૭૦ કરોડ મૂલ્યનું કૃષિ ઉત્પાદન થયું છે. છેલ્લા ચાર વર્ષથી ચાલતા કૃષિ મહોત્સવ અને સરકારે અખત્યાર કરેલ કૃષિ નીતિનું આ પરિણામ છે. રાજયમાં ફળો અને શાકભાજીના સંગ્રહ,પેકીગ અને હેરફેર માટેની સુવિધાઓ ઉભી થઇ છે.

- વર્ષ ૨૦૦૮-૦૯માં ખાદ્ય પાકો ૬૨.૬૯ લાખ મે.ટન, તેલીબીયાં પાક ૩૯.૪૯ લાખ મે.ટન અને કપાસ ૭૯.૬૨ લાખ ગાંસડીનું ઉત્પાદન થવાના અંદાજ છે.
- રાજ્યમાં ૧૭.૩૭ લાખ સોઈલ હેલ્થ કાર્ડની વહેંચણી કરેલ છે,

**સહકાર**

સહકારી પ્રવૃત્તિ દ્વારા દેશમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત અગ્ર હરોળમાં છે. હાલ રાજ્યમાં દૈનિક દૂધ એકત્રિત કરવાની ૩૪ લાખ લીટર ક્ષમતા સાથે ૧૩ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે. રાજ્યમાં હાલ ૧૭ ખાંડ સહકારી મંડળીઓ ૬૫,૦૦૦ મેટ્રીક ટન દૈનિક પીલાણ ક્ષમતા સાથે કાર્યરત છે. મારી સરકાર સૌરાષ્ટ્રમાં પણ ડેરી પ્રોજેકટને વધુ મજબુત બનાવવા કટિબધ્ધ છે.

**પશુપાલન અને મત્સ્યોદ્યોગ**

રાજ્યમાં ચાલુ વર્ષે રાજ્યવ્યાપી પશુ આરોગ્ય મેળાઓ દ્વારા ૨,૭૦૦ જેટલા સારવાર કેમ્પ યોજી ૧૦,૦૦૦થી વધુ ગામોના પશુધનને આવરી લીધું છે. દરિયાઈ મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રે અન્ય દરિયાઈ રાજ્યોમાં ગુજરાતનું મોખરાનું સ્થાન છે

**ઓદ્યોગિક વિકાસ**

ગુજરાતે ઓદ્યોગિક મૂડી રોકાણને આકર્ષવા માટે સને ૨૦૦૩ થી દર બે વર્ષે **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ** આયોજિત કરવાની પરંપરા ઉભી કરી છે. સમગ્ર વિશ્વ જ્યારે અભૂતપૂર્વ મંદીમાં સપડાયું છે તે વખતે પણ મારી સરકારે જાન્યુઆરી-૨૦૦૯ માં ચોથી ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ સફળતાપૂર્વક આયોજિત કરી, જેમાં રાજ્ય સરકારની ઓદ્યોગિક નીતિ અને પારદર્શક વહીવટી તંત્રને દેશ અને દુનિયાના ઓદ્યોગિક રોકાણકારોએ સ્વીકાર્યુ છે, સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના રીઝર્વ બેક ઓફ ઇન્ડીયાના આર્થિક સર્વેક્ષણમાં **સૌથી વધુ મૂડીરોકાણ મેળવનાર રાજ્ય તરીકે ગુજરાત રાજ્યે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.** એજ બતાવે છે કે પોર્ટ અને SEZ આધારિત ઓદ્યોગિક નીતિ અને એસઆઇઆર (Special Investment Region) જેવી પહેલની આ સફળતા છે, અને ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં વિશ્વભરના અનેક રાજ્યનિતીજ્ઞો અને ઉદ્યોગ જગતના વૈશ્વિક સ્વીકૃતિ ધરાવતા માધાંતાઓએ મુક્ત કંઠે ગુજરાત સરકારની નીતિની અને નેતૃત્વની પ્રસંશા કરી છે, જેના પરિણામે આ **ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ૪૬ દેશોમાંથી અને સમગ્ર ભારતમાંથી આવેલા ઓદ્યોગિક મૂડી રોકાણકારોએ ૧૨ લાખ કરોડ કરતાં વધુ રકમના મૂડીરોકાણના સમજુતી કરારો ર્ક્યા છે.** આ રોકાણ થવાની સાથે ગુજરાતના લગભગ ૨૫ લાખ યુવાનોને રોજગારી મળવાની છે. આ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં **જાપાને ગુજરાત રાજ્ય જોડે ભાગીદાર દેશ તરીકે જોડાઇ આપણી સિધ્ધિઓને સ્વીકૃતિની મહોર મારી છે.**

બિન પરંપરાગત ઉર્જા, આરોગ્ય, માળખાકીય સુવિધાઓ અને ઉચ્ચ શિક્ષણ જેવા સમાજ ઉપયોગી ક્ષેત્રોમાં પણ સમજૂતી કરારો કરવા રોકાણકારો આગળ આવ્યા છે. મારી સરકારે Special Investment Region વટહુકમના માધ્યમથી ૬ SIR વિસ્તારો સ્થાપવાનો નિર્ણય ર્ક્યો છે.

**કુટિર અને ગ્રામોદ્યોગ**

શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ રાજ્યમાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ ૨૦,૦૨૮ લાભાર્થીઓને રૂ.૧૦,૮૮૧ લાખની રકમનું ધીરાણ અને ૨૫,૪૭૪ લાભાર્થીઓને રૂ.૨૨૯૯ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. આ ઉપરાંત કલસ્ટર વિકાસ યોજના હેઠળ ૪૦ કલસ્ટરો કાર્યાન્વિત થયેલ છે . વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૨૭,૨૮૪ તાલીમાર્થીઓને જુદા જુદા ટેકનિકલ ટ્રેડમાં કૌશલ્ય નિર્માણની તાલીમ આપી રોજગારી પુરી પાડેલ છે. મારી સરકારે ઇન્ફોર્મલ સેકટર ક્ષેત્રે અનેકવિધ નિર્ણયો લીધા છે જેમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોનો સર્વે, બાંધકામ ક્ષેત્રના કામદારોને તાલીમ આપવા માટે આંતર માળખાકીય સુવિધા પુરી પાડવી અને કૌશલ્ય નિર્માણની તાલીમ આપવી, ઉમ્મીદ યોજના હેઠળ શહેરી ગરીબ યુવક-યુવતીઓને તાલીમ આપવી તેમજ સેવા વિનિમય અને અર્બન રીસોર્સ સેન્ટરની સ્થાપના કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**પ્રવાસન**

મારી સરકારે રાજ્ય બહારથી તેમજ વિદેશમાંથી પ્રવાસીઓને આકર્ષવા માટે ઘણી કામગીરી કરેલ છે. અડાલજ, મોઢેરા પરિયોજના પૂર્ણતાના આરે છે તેમજ વડનગરમાં પોરાણિક હેરીટેજ નગરની કામગીરી હાથ પર છે.

- કચ્છ જીલ્લાના માંડવી દરિયાકિનારે મેગા બીચ રીસોર્ટની કામગીરી પ્રગતિમાં છે. દાંડી, સાપુતારા પરિયોજના, ચિત્રોડ, ઘોઘાવદર, હરસુંડા, કેસરડી, ઝાંઝરકા, સિધ્ધપુર, ભોજપુરા વિગેરે સ્થળોએ પ્રવાસીઓ માટે જરૂરી એવી પ્રવાસન સુવિધા ઉપલબ્ધ કરાવવાના કામો ટૂંક સમયમાં શરૂ થશે.
- કચ્છ જીલ્લામાં રણ ઉત્સવ અને અમદાવાદમાં આંતરાષ્ટ્રિય પતંગ મહોત્સવ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

ગુજરાત રાજ્યના તમામ યાત્રાધામોમાં દર વર્ષે આવતા લાખો દર્શનાર્થીઓની સુવિધા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા ઘણી કામગીરી થાય છે. કેલાસ માનસરોવર તથા અમરનાથની યાત્રાએ જતાં યાત્રીઓને રૂપિયા ૧ લાખની મર્યાદામાં વીમા સુરક્ષા કવચ પણ પુરુ પાડવામાં આવે છે.

**વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી**

મારી સરકારે વિજ્ઞાનના ઉપયોગ થકી જનસાધારણના વિકાસ માટે અને એની સુવિધાઓ વધારવા માટેની દિશામાં સફળ પ્રયત્નો કર્યા છે. રાજ્યના બધાજ જીલ્લાઓ અને તાલુકાની ક્ચેરીઓ સમેત બધાજ પોલીસ સ્ટેશનો અને કર વસુલાતની ચેકપોસ્ટોને ગાંધીનગર સાથે સીધી જોડી છે. જેથી વહીવટમાં ઝડપ અને સરળતા થયેલ છે. ઇ-ગવર્નન્સના આધારસ્થંભ GSWAN નેટવર્કથી રાજ્ય સરકારની ૨૫૫ જેટલી વેબસાઇટો અને ૧૯ હજાર જેટલા ઇમેલ યુઝર્સ પ્રજાની સેવામાં ઉપલબ્ધ બન્યા છે. આ બધીજ માહિતીના વધુ સારા ઉપયોગ થકી આયોજનને દિશા મળે તે માટે આંકડા નિયામકની ક્ચેરીમાં નવું ડેટા સેન્ટર શરૂ કરાયુ છે. ભૂકંપ સંશોધન ક્ષેત્રે ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ સેન્ટર ગાંધીનગર જીલ્લાના રાયસણ ખાતે ચાલુ થઇ ચુક્યુ છે. રાજ્યના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ગામડાઓની સમસ્યા BISAG ના માધ્યમથી ઉકેલવાની સફળ શરૂઆત કરી છે. રાજ્યમાં આઇ.ટી.પાર્ક, બાયોટેક પાર્ક અને નોલેજ કોરીડોર ધ્વારા રોજગારીની તકો શિક્ષિત યુવાનોને મળે તે માટે ઉજળા સંજોગો ઉભા થયા છે.

**ઉર્જા વિકાસ**

**જ્યોતિગ્રામ યોજનાના** સફળ માધ્યમથી ૧૮,૦૦૦ ગામોમાં ૨૪ ક્લાક થ્રી ફેજ વીજળી ઉપલબ્ધ કરાવી મારી સરકારે ક્રાંન્તિકારી કામ કર્યુ છે. ગુજરાત રાજ્યનો **માથાદીઠ વીજ વપરાશ ૧૪૨૪ યુનીટ છે જે દેશના સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૬૯૦ યુનીટની સરખામણીમાં બમણાં કરતાં વધુ છે.** રાજ્યમાં વધતા જતા શહેરીકરણ અને ઓદ્યોગિક વપરાશને ધ્યાનમાં રાખી નવાં ૪ વીજ મથકોની કામગીરી શરૂ કરી છે, અને ગુણવત્તાવાળો વીજ પુરવઠો મળે તે માટે કુલ ૩૬૨.૧૫ સરકીટ કિલો મીટરની નવી વીજ પ્રવાહ લાઇનો એક વર્ષમાં સ્થાપવામાં આવી છે.

આઝાદી પછી જેની સતત ચર્ચા થતી હતી તેવા વીજ સુધારા મારી સરકારે સફળતા પૂર્વક અમલમાં મૂકેલ છે. આ માટે **શ્રેષ્ઠ કામગીરી અંગે અનેક એવોર્ડ મળી ચૂક્યા છે.**

ઓદ્યોગિક વેશ્વિક સ્પર્ધામાં રાજ્યના ઉદ્યોગો ટકી રહે તે માટે ભારતમાં સોથી મોટી ગેસ ગ્રીડનું કામ ગુજરાત રાજ્યમાં ચાલી રહેલ છે. ઘણા જીલ્લામાં ગેસ પહોંચાડવાનું કામ પુરૂ થયેલ છે, અને આવનારા સમયમાં દરેક જીલ્લામાં ઓદ્યોગિક, પરિવહન અને ઘર વપરાશના હેતુ માટે ગેસ પહોંચે તે માટે મારી સરકાર કટિબધ્ધ છે. પર્યાવરણ સુરક્ષા માટે સરળતાથી સી.એન.જી ગેસ ઉપલબ્ધ થાય તે માટે ૩૦૦ ફીલીંગ સ્ટેશન શરૂ કરવાના કામો હાથ ધરેલ છે. રાજ્યના ૪૦ હજારથી વધુ પરિવારોને વપરાશ માટે પાઇપ લાઇન ધ્વારા ગેસ પુરો પાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

ગેસ ક્ષેત્રે મારી સરકારના જાહેર સાહસ ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશને પોતાના બ્લોક્નો એકર વિસ્તાર વધારીને ૬૭,૦૦૦ ચો.મીટર અને શોધખોળ બ્લોકોની સંખ્યા વધારીને ૬૨ બ્લોક્ની કરી છે. આ વર્ષે સમુદ્રતટ પર અને સમુદ્રતટથી દૂરના સ્થળોએ ૩૦ કૂવાઓનું શારકામ કર્યુ છે અને બીજા ૯ કૂવા આ વર્ષના માર્ચના અંતે પુરા

થવામાં છે. આમ ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશન ધ્વારા દેશમાં ગેસ ઉપલબ્ધી માટે કરેલ કામગીરીની સાથોસાથ ઓસ્ટ્રેલિયા, ઇજીપ્ત, યમન અને ઇન્ડોનેશિયા જેવા દેશોમાં પણ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આમ ગુજરાતને દેશનું પેટ્રોકેપીટલ બનાવવામાં મારી સરકાર સફળ રહી છે.

**બિન પરંપરાગત ઉર્જા**

રાજ્ય સરકારે બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે પુનઃપ્રાપ્ય ઉર્જા નીતિ અન્વયે સૂર્યપ્રકાશ થકી કરાતા વીજ ઉત્પાદન માટે નવી નીતિ જાહેર કરી છે, અને પવન વિદ્યુત ઉત્પાદન નીતિમાં સુધારા કર્યા છે. જે દેશની એક મોડલ નીતિ છે, આ નીતિથી આકર્ષાઇને દેશ અને દુનિયાના બિન પરંપરાગત ઉર્જા સાથે સંકળાયેલા ઓદ્યોગિક ગૃહોએ **ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯** માં આ ક્ષેત્રે ૧૦,૩૨૧ મેગાવોટ વીજ ઉત્પાદન કરવા અંગે રૂ.૧,૦૮,૧૮૨ કરોડના રોકાણો માટે ૭૧ સમજૂતી કરારો કર્યા છે. જેમાં આ ક્ષેત્રને સોથી વધુ અનુકૂળ એવા બનાસકાંઠા અને કચ્છ જીલ્લાનો સમાવેશ થાય છે. આમ ગુજરાત રાજ્ય આ ક્ષેત્રમાં પણ **દેશનું સોલાર કેપીટલ** બને તે માટે મારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

**મહેસૂલી વહીવટ બિનખેતી**

મારી સરકારે સરળ જમીન હસ્તાંતરણ માટે બિનખેતી પરવાનગીની સત્તા વહેંચણી કલેકટર, પ્રાંત અધિકારી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કક્ષાએ કરેલ છે.

**ઈ-ધરા**

ગામડાંઓમાં ૭/૧૨, ૮/અ જેવી નકલોમાં ફી ઘટાડેલ છે અને આ પ્રોજેકટ હેઠળ ઓનલાઈન રેકર્ડ ઉપલબ્ધ થાય છે.

**જંત્રી**

મિલકતના મૂલ્યાંકનની કાર્યવાહી સરળ બને તે માટે નવી જંત્રીનો અમલ કરેલ છે.

સ્ટેમ્પ ડયુટી કલેકશનનો દર ૪.૯૦ ટકા સુધી ઘટાડી પ્રજાને રૂા.૪૮૧ કરોડની રાહત આપવામાં આવી છે. રજિસ્ટ્રેશન નિયમ-૧૯૦૮ માં સુધારો કરી પાવર ઓફ એટર્ની, ગીરોલેખની ફરજિયાત નોંધણી, મહિલાઓના નામે થતા દસ્તાવેજોમાં નોંધણી ફી સંપૂર્ણ માફ તેમજ દસ્તાવેજોમાં ફીંગર પ્રીન્ટ તથા ફોટોગ્રાફ પ્રથા, દસ્તાવેજની નોંધણી ફીમાં માત્ર ૧ ટકાનો દર, તેમજ **""ટુ પેઈજ""** ના દસ્તાવેજનો મુસદ્દો અમલમાં મુકવામાં આવ્યો છે.

**નાગરિક સેવા કેન્દ્ર :**

રાજ્યના તમામ ૨૨૫ તાલુકાઓમાં તાલુકા સિવિક સેન્ટર તથા ૧૫ ઉપયોગી કામો માટે વન-ડે ગવર્નન્સ સેન્ટર ઉભા કર્યા છે.

**આપત્તિ વ્યવસ્થાપન:**

મારી સરકારે કુદરતી આફતો દરમ્યાન મૃતકના વારસદારને આપવામાં આવતી તા રૂ. ૫૦,૦૦૦ની સહાયમાં વધારો કરી રૂ.૧ લાખની કરેલ છે. વર્ષમાં ગમે તે સમયે અતિવૃષ્ટિ કે વાવાઝોડા દરમિયાન વીજળી પડવાથી અવસાન થાય તો પણ આ મૃત્યુ સહાય આપવાનું ચાલુ વર્ષથી ઠરાવ્યું છે.

**મહેસુલી વહિવટ સુધારણા**

રાજ્યમાં પ્રથમવાર કલેકટર, પ્રાંત અને મામલતદાર મેન્યુઅલની પ્રસિધ્ધિ કરાઇ છે. નવા ૧૮૦૦ તલાટીઓની ભરતી તેમજ નવા ગામતળ નીમ કરવાનું આયોજન કર્યુ છે.

**પંચાયત ઇ-ગ્રામ વિશ્વગ્રામ**

મહાન રાષ્ટ્રીય નેતા સુભાષચંદ્ર બોઝની જન્મ જ્યંતિ તા.૨૩-૧-૨૦૦૯ ના રોજ એતિહાસિક બારડોલી તાલુકાના હરિપુરા ખાતેથી મારી સરકારે ગુજરાતના તમામ ગામડાને બ્રોડબેન્ડ કનેકટીવીટીથી જોડીને વિશ્વ સાથે સંચાર વ્યવહાર સાધ્યો છે. ૧૩,૬૯૩ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર મારફત્ત ઇ- સેવાઓ આપતું દેશનું પ્રથમ અને એક માત્ર રાજ્ય ગુજરાત બન્યું છે. આ નેટવર્ક નાગરિક સેવાઓ માટે વપરાતુ વિશ્વનું સોથી મોટુ નેટવર્ક છે.

**આવાસ યોજનાઓ**

પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ૧૦૬ વસાહતોનું બાંધકામ કરવામાં આવેલ છે. ડૉ. આંબેડકર યોજના હેઠળ રૂા. ૨૩.૪૬ કરોડના ખર્ચે ૭,૫૭૬ આવાસોની સહાય આપી છે. સરદાર પટેલ આવાસ યોજના હેઠળ રૂા. ૬૩ કરોડના ખર્ચે ૨૫ હજાર આવાસનો લક્ષ્યાંક નિયત કરેલ છે. ઇન્દીરા આવાસ યોજના હેઠળ રૂા.૩૨૯.૭૯ કરોડની જોગવાઇ સામે ૪૦,૫૪૪ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમિયાન ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં ગુજરાત રાજ્ય પોલિસ આવાસ નિગમ ધ્વારા કુલ-૧૨૪૮ જેટલા રહેણાંક તેમજ ૩૧ જેટલા બિન રહેણાંક્ના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

**ગ્રામમિત્ર યોજના**

મારી સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો વધુ અસરકારક રીતે ગ્રામ્યજનો સુધી પહોંચાડવા માટે **૧૩,૭૧૧** ગ્રામ પંચાયતોમાં **૬૪,૩૨૭** ગ્રામમિત્રો કાર્યરત કરેલ છે.

**ગ્રામસભા**

લોકશાહીના પાયા રૂપ જેવી વિવિધ સરકારી યોજનાઓનો પારદર્શક અને સામૂહિક અમલ થાય અને સર્વ ગ્રામજનો ગામના વિકાસમાં સહભાગી થઇ શકે તે માટે રાજ્ય સરકારે ગ્રામસભા વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવી છે. સરકાર ધ્વારા આયોજીત ગ્રામસભાના ૧૧મા તબક્કા દરમિયાન ૧૪,૦૬૪ ગ્રામ સભામાં ૫૧.૪૫ લાખ લોકોએ ઉત્સાહભેર ભાગ લઇ કુલ ૮૭,૯૮૪ લોકપ્રશ્નો રજૂ કર્યા હતા તે પૈકી ૩૫,૩૯૯ પ્રશ્નોનો સકારાત્મક નિકાલ થયો હતો અને બાકીના ૫૦,૯૫૨ પ્રશ્નોનો અગ્રતાક્રમ મુજબ નિકાલ કરવામાં આવશે.

**ગ્રામ વિકાસ**

મારી સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ ૨૦૦૫ યોજનાનો અમલ તા ૨-૨-૨૦૦૬ થી કરેલ છે. દરેક ગામોનો સંતુલિત વિકાસ થાય તે માટે સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ સ્વસહાય જુથ અને વ્યક્તિગત લાભાર્થીઓને રોજગારી આપવાનો અભિગમ અપનાવ્યો છે. વોટર શેડ યોજના હેઠળ ૫૦૦ હેકટરના વિસ્તારનો એક એવા કુલ ૭,૩૨૧ પ્રોજેકટ મંજૂર કરેલ છે.

રાજ્ય સરકારે સખી મંડળની સ્થાપના કરાવી ગ્રામિણ મહિલાઓને સ્વરોજગારી પુરી પાડવા સઘન પ્રયત્નો કર્યા છે. આમઆદમી યોજના હેઠળ અતિ ગરીબ જમીન વિહોણા ગ્રામિણ ખેત મજૂર કુટુંબોને વિમા કવચ પુરૂં પાડવામાં આવેલ છે.

**શિક્ષણ**

**પ્રાથમિક શિક્ષણ**

અભ્યાસ કરવાની ઉંમરે પહોંચેલ તમામ બાળકો શાળા પ્રવેશ મેળવે એ મારી સરકારનું ધ્યેય છે. કન્યા કેળવણીને વેગ આપવા શાળા પ્રવેશ મહોત્સવ થકી ખાસ પ્રયાસો કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો, કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તેમજ ૧ લાખ કરતાં વધુ શિક્ષકોની ભરતી થકી ડ્રોપઆઉટ રેટ ઘટાડવાનો પ્રયાસ મારી સરકારે સફળતાપૂર્વક કર્યો છે.

**ઉચ્ચ શિક્ષણ:**

આઠ નવી યુનિવર્સિટીની સ્થાપના કરીને રાજ્યમાં આવતા ઉદ્યોગોને અનુરૂપ યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરવામાં આવી છે. સાથો સાથ હયાત યુનિવર્સિટીઓમાં પણ અનેક નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. રાજ્યે **ચીલ્ડ્રન યુનિવર્સિટી**ની રચના કરવાની દિશામાં પહેલ કરી છે.

**તાંત્રિક શિક્ષણ**

ટેક્નીકલ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસક્રમોમાં ૧૪૪ સંસ્થાઓમાં વધારો કરીને ૩૩૭ સંસ્થાઓમાં ૬૯,૮૮૨ બેઠકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગુજરાતમાં આઇ.આઇ.ટી. પણ કાર્યરત બની છે.

**રમત ગમત**

રાજ્ય સરકાર ધ્વારા આયોજીત ગ્રામીણ ઓલમ્પિક્સમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૭,૦૦૦ કરતાં વધુ ખેલાડીઓએ ભાગ લીધો છે. રાજ્યમાં મહિલાઓ રમતગમત ક્ષેત્રે વધુ ભાગ લે તે માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૬,૪૬૩ મહિલા ખેલાડીઓને રૂ. ૨.૮૦ કરોડ કરતાં વધુ રકમની સ્કોલરશિપ આપી છે.

**સ્વર્ણિમ ગુજરાત વર્ષ**

ગુજરાતની સ્થાપનાને ૧લી મે ૨૦૧૦ ના રોજ ૫૦ વર્ષ પુરા થઇ રહયા છે, ત્યારે **સરકારે વર્ષ ૨૦૧૦ સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે** ઉજવણી કરવાનું આયોજન કરેલ છે.

ગુજરાતની સુવર્ણ જયંતિની ઉજવણીની સાથે સાથે વિશાળ જન સમૂદાયમાં જાગૃતિનો નવો પવન ફૂકાય અને તમામે તમામ વર્ગના આબાલ-વૃધ્ધ સો કોઇ સ્વણિમ ગુજરાતની પ્રગતિ માટે સંકલ્પબધ્ધ બની પોતાનો યથાશક્તિ ફાળો આપે તે માટે સ્વર્ણિમ ગુજરાત **સંકલ્પ જ્યોત રથયાત્રાનો** ૧લી મે ૨૦૦૮ ના રોજ અમરેલી ખાતેથી પ્રારંભ કરી સમગ્ર ગુજરાતમાં આજ સુધીમાં કુલ ૧૬૦ શહેરોની યાત્રા કરી છે જેમાં આશરે ૪૫ લાખ જેટલા લોક સહભાગી થયા છે અને લાખો લોકોએ વ્યક્તિગત સંકલ્પ લીધા છે.

**આરોગ્ય**

મારી સરકારે રાજ્યના આરોગ્ય તંત્રને ગુણવત્તા તેમજ કાર્યક્ષમ સેવાઓથી સજ્જ કર્યું છે. અકસ્માતો સમયે ૧૦૮ મોબાઇલ વાનની સેવાઓ રાજ્યવ્યાપી બનાવીને ઓકટોબર, ૨૦૦૮ સુધીમાં ૪૦૦ ની સંખ્યા કરવામાં આવી છે. આજે ૧૦૮ ની સુવિધા કોલ મળ્યા પછી માત્ર ૧૨ મીનીટથી ઓછા સમયમાં ઘટના સ્થળે પહોંચી જાય છે.

રાજ્ય દ્વારા મહત્વાકાંક્ષી ચિરંજીવી યોજના અને બાળ સખા યોજનાનો તાજેતરમાં પ્રારંભ થયો છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત એક કરોડ ઉપરાંતના બાળકોની તબીબી તપાસ કરી બાળકોને નિઁશુલ્ક તબીબી સુશ્રુષા પુરી પાડવામા આવી છે.

મારી સરકાર વિધાર્થીઓની તબીબી શિક્ષણ માટે વધતી જતી મહેચ્છાઓ પ્રત્યે સજાગ છે. વિદ્યાર્થીઓને વધુ બેઠકો ઉપલબ્ધ થાય તે માટે વધુ છ મેડીક્લ કોલેજોને આવશ્યક્તા પ્રમાણપત્ર અપાયા છે. સરકારે નવી મેડીકલ કોલેજોને ઉત્તેજન આપીને એમબીબીએસ કક્ષાએ પ્રવેશ સ્તરે ત્રણ ગણી અને અનુસ્નાતક તથા તજજ્ઞ કક્ષાએ બમણી તકો ઉપલબ્ધ કરાવવાનો નિર્ધાર કર્યો છે. રાજ્ય સરકારે જીવન રક્ષક તાકીદની તબીબી સેવાઓ મળી રહે તે હેતુથી ટ્રોમા સેન્ટર નેટવર્ક થકી સમગ્ર રાજ્યને આવરી લેવાની કામગીરી હાથ ધરી છે. તબીબી શિક્ષણ તેમજ તબીબી સેવાઓમાં અનુભવી લોકોની મદદ મળી રહે તે માટે નિવૃત્તિવય તાજેતરમાં ૫૮ વર્ષથી વધારીને ૬૨ વર્ષની કરવામાં આવી છે.

**મહિલા અને બાળ વિકાસ**

મારી સરકારે મહિલા અને બાળ વિકાસના ક્ષેત્રે અનેકવિધ કામગીરી કરી છે. આજે રાજ્યમાં કુલ ૪૩,૭૪૯ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે. આ પૈકી જેમના પોતાના મકાનો નથી તેવી ૨ હજાર આંગણવાડીઓનું રૂા. ૪૦ કરોડના ખર્ચે બાંધકામ શરૂ થયું છે. આંગણવાડી કેન્દ્રના મકાનના બાંધકામ ખર્ચની મર્યાદા રૂા. ૨ લાખથી વધારીને રૂા. ૨.૫૦ લાખ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષથી આંગણવાડી કાર્યકર અને હેલ્પરને દર વર્ષે સાડી અને બ્લાઉઝ આપવાની શરૂઆત કરી છે.

**એન.આર.આઇ.**

""જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત"" એ ઉક્તિ મુજબ અન્ય દેશોમાં અને ભારતના અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓને ગુજરાતની વિકાસ યાત્રા સાથે જોડીને તેમનો પોતાના વતન સાથેનો નાતો વધારે મજબૂત બને તે માટે ગુજરાતી મૂળના વિવિધ ક્ષેત્રે અગ્રણી બિન-નિવાસી ભારતીયોને **""ગુજરાત સરકારના માનદ પ્રતિનિધિ""** તરીકે નિયુક્ત કરવાનો મારી સરકારે નિર્ણય લીધેલ છે.

**વાહન વ્યવહાર**

મારી સરકારે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ માટે ૧૦૦૨ નવી બસો ખરીદવાનું નક્કી કર્યું છે. રાજ્યના માર્ગ વાહન વ્યવહાર નિગમે સુરતમાં ઉધના, અમદાવાદમાં નરોડા અને વડોદરામાં નિઝામપુરા ખાતે સેટેલાઈટ બસ ટર્મીનલ શરૂ કર્યા છે. રાજ્ય સરકારે ગ્રામીણ ક્ષેત્રની કન્યાઓને અભ્યાસ માટે વિના મૂલ્યે મુસાફરીની સગવડતા આપેલ છે. બળતણ અને વાહન ઉત્પાદક્તાની કાર્યક્ષમતામાં સુધારા માટે નિગમને ટ્રોફી એનાયત થઇ છે. માર્ગ સલામતી માટે સ્કૂલ બસ ડ્રાઈવરો માટે ઘનિષ્ઠ તાલીમ કેમ્પ અને મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાય છે.

રાજ્યમાં પ્રદૂષણ ઘટાડવા માટે ૩,૪૨,૦૦૦ સી.એન.જી. વાહનોની નોંધણી કરવામાં આવી છે.

**કાયદો અને વ્યવસ્થા**

રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની જાળવણી, ગુનાઓની તપાસ, શોધખોળ અને પ્રોસીક્યુશન તથા આંતરિક સલામતીની કામગીરી અસરકારક રીતે થઈ રહી છે. પરિણામે રાજ્યમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ ઉભું થયું છે. ઓર્ગેનાઈઝડ ક્રાઈમ જડમૂળથી નાશ થયો છે. અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટોના સંદર્ભમાં ૬૬ ગુનેગારોને ખૂબજ ટૂંકાગાળામાં ગુજરાત પોલિસે પકડી પાડ્યા છે. તેમજ સુરત તથા અન્ય સ્થળોએ મુકવામાં આવેલા બોમ્બને નિષ્ફળ બનાવી, રાષ્ટ્ર વિરોધી તત્વોની વિધ્વંશકારી યોજનાને નિષ્ફળ બનાવાઈ છે. રાજ્યની સુદઢ સલામતી વ્યવસ્થા માટે તાલીમબધ્ધ માનવશક્તિ પૂરી પાડવા ""**રક્ષા શક્તિ યુનિવર્સિટી** "" ની સ્થાપનાનો સરકારે સૈધ્ધાંતિક નિર્ણય લીધો છે. ફોરેન્સિક સાયન્સના ક્ષેત્રમાં કુશળ માનવ શક્તિ પૂરી પાડવા ગાંધીનગર ખાતે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી શરૂ કરાશે. વૈજ્ઞાનિક પધ્ધતિથી ગુન્હાની તપાસ કરવા માટે ન્યાય સહાયક વિજ્ઞાન શાખાને અતિ આધુનિક સાધનો અને ટેક્નોલોજીથી સુસજ્જ કરવામાં આવેલ છે.

મારી સરકારે પોલિસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોના સ્વાસ્થ્યના નિયમિત તબીબી પરીક્ષણ માટે હેલ્થકાર્ડની યોજના શરૂ કરી છે. જેમાં ૬૦,૦૦૦ જેટલા પોલિસ કર્મચારી તેમજ તેમના કુટુંબીજનોને આવરી લેવાયા છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકાર રાજ્યના અતિ ગરીબ અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબોને તથા મધ્યાન ભોજન યોજના માટે ફોર્ટીફાઇડ આટો પુરો પાડે છે. આ ઉપરાંત અંત્યોદય અને બી.પી. એલ કાર્ડ ધારકોને પામોલીન ખાદ્યતેલનું વિતરણ કરે છે.

મારી સરકાર જાહેર વિતરણ વ્યવસ્થામાં થતી ગેરરીતિઓને ડામવા સંપૂર્ણ સજાગ છે. અત્યાર સુધી ૬૭૨૮ જેટલા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારોને આદર્શ દુકાનોમા ફેરવાયા છે. રાજ્ય સરકાર ધ્વારા ગેસ અને કેરોસીનનું વિતરણ સમયસર તથા અસરકારક રીતે કરવામાં આવે છે.

**ન્યાય વ્યવસ્થા**

મારી સરકારે પડતર કેસોના નિકાલ માટે ૮૦ નવી કોર્ટ અને ૫૯૮ નવી જગ્યાઓ મંજૂર કરી છે. દેશમાં ૮૮ સાંધ્ય અદાલતો ચાલુ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે જેનાથી તા.૧૦-૨-૨૦૦૯ સુધીમાં ૪,૮૩,૭૪૬ કેસોનો નિકાલ થયો છે. રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ૮૮,૭૫૮ લોક અદાલતો યોજવામાં આવી અને જેનાથી અત્યાર સુધીમાં ૪૮,૧૧,૩૬૯ કેસોનો નિકાલ થયો છે. આ ઉપરાંત દેશની સો પ્રથમ ઇ-કોર્ટ અમદાવાદ સીટી સિવિલ કોર્ટ ખાતે ચાલુ કરવાનો યશ રાજ્યને જાય છે. સુપ્રિમ કોર્ટના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ ધ્વારા આ કોર્ટનું ઉદ્દઘાટન કરવામાં આવેલ છે.

**શ્રમ અને રોજગાર**

**મારી સરકાર રોજગારી પુરી પાડવામાં છેલ્લા પાંચ વર્ષથી સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે રહેલ છે.** વર્ષ ૨૦૦૮ માં **૨ લાખ ૨૬ હજાર** ઉમેદવારોઓએ રોજગાર વિનિમય કચેરી મારફતે નોકરી મેળવી છે. ખાનગી નોકરીદાતાઓનાં સહયોગથી **૩૫૫** ઓદ્યોગિક ભરતીમેળા યોજી **૪૧,૮૬૫** ઉમેદવારોને રોજગારી પૂરી પડાઇ છે.

કેળવાયેલ માનવબળની જરૂરીયાત પુરી પાડવા વિવિધ સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કુલ ૯૬,૯૯૮ બેઠકો ઉપર તાલીમ સુવિધા ઉપલબ્ધ છે.

ઓદ્યોગિક ક્ષેત્રે હડતાલ અને તાળાબંધી જેવી બાબતોમાં સોથી ઓછા માનવ દિવસો ગુમાવી ગુજરાત ઓદ્યોગિક શાંતિ ક્ષેત્રે પણ અગ્રણી બન્યું છે.

**શહેરી વિકાસ**

મારી સરકાર શહેરી વિસ્તારની પ્રાથમિક જરૂરીયાતો અને આંતરમાળખાકિય સગવડો ઉભી કરવા માટેના વિકાસ કામોમાં અગ્રેસર છે.

- શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ ૫૦ લાખથી વધુ શહેરી ગરીબોને કાયમી રોજગારી, આરોગ્ય, શિક્ષણ, આવાસ, રસ્તા, વીજળી, સામાજિક સુરક્ષા માટે રૂ. ૧૩,૦૦૦ કરોડનું પંચવર્ષીય આયોજન કરાયું છે. તે પેકી બે વર્ષમાં રૂ.૩,૨૩૮ કરોડનો ખર્ચ થયો છે, અને ઉમ્મીદ યોજના હેઠળ તાલીમ લીધેલા કુલ ૨૦,૭૨૩ લાભાર્થીઓને નોકરી મળી છે. મહાનગરોની માળખાકીય સુવિધાઓ માટે રૂ.૪,૪૯૩.૧૯ કરોડના અને મધ્યમકક્ષાના શહેરો માટે રૂ. ૩૯૨ કરોડના ૪૮ પ્રોજેક્ટ્સનું આયોજન કરેલ છે.
- નિર્મળ ગુજરાત હેઠળ શહેરી ગરીબોને સબસીડી આપી ૬૭ હજાર વ્યક્તિગત શોચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

**ગીફ્ટ પ્રોજેક્ટ**

મારી સરકારે, રાજ્યની ઓદ્યોગિક ક્ષેત્રે થઇ રહેલી હરણફાળને અનુલક્ષી, રાજ્યમાં દેશનું એક નમુનેદાર વાણિજ્ય કેન્દ્ર બને તે હેતુસર **ગુજરાત શહેરી વિકાસ કંપની લિ. અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીઝીંગ એન્ડ ફાયનાન્સીયલ સર્વીસીસ લિ.** બન્નેની સંયુક્ત ભાગીદારીથી **ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સીટી લિ.** નામની સંયુક્ત સાહસ કંપનીની રચના કરેલ છે. ગીફ્ટનું આયોજન અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે એક આર્થિક વાણિજ્ય કેન્દ્ર તરીકે કરવામાં આવેલ છે. જે એક મહત્વનું આર્થિક કદમ સાબિત થશે.

**માર્ગ વિકાસ**

મારી સરકારનું ધ્યેય દરેક પરાને બારમાસી ડામર રસ્તાનું જોડાણ અને તમામ ગ્રોથ ડ્રાઇવર્સ ને છેવાડાના અંતર સુધી ઉત્તમ ગુણવતાવાળા રસ્તાઓથી જોડાણ આપવાનુ છે. આ હેતુ માટે રાજ્યમાં ખુબજ મોટા પ્રમાણમાં પ્રાપ્ત થયેલુ ખાનગી મૂડી રોકાણ ધ્યાનમાં રાખીને ચાલુ પંચ વર્ષિય યોજના દરમ્યાન આંતરમાળખાકીય વિકાસનું આયોજન કરી કામ શરૂ કર્યા છે. મારી સરકારે છેલ્લા બે વાર્ષિક પ્લાન દરમ્યાન રૂ.૨,૯૧૮ કરોડ બજેટની જંગી ફાળવણી કરી છે. જેમાં રાજ્ય ધોરી માર્ગ વિકાસ યોજના, પ્રગતિપથ, વિકાસપથ, કિસાનપથ, પ્રધાનમંત્રી સડક યોજના, નાબાર્ડ યોજના અને પ્રવાસીપથ યોજનાના નવા અભિગમો દ્વારા ઉધોગો,બંદરો,ખેત પેદાશ વેચાણ કેન્દ્રો, જીલ્લા અને તાલુકા મુખ્ય મથકો,ગ્રામ્ય અને આદિજાતિ વિસ્તારોને જોડાણ આપવાનો અમલ શરૂ કર્યો છે.

પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ -એન્યુઇટી પધ્ધતિથી રૂા. ૧૫૪૦ કરોડના રોકાણ ધ્વારા ૬૩૭ કી.મી. ના પાંચ રસ્તાઓની કાર્યવાહી હાથ ધરાશે. ગ્રામ્ય રસ્તા વિભાગ માટે આંતરીક જોડાણ, ડુબાણમાં જતા ગામડાઓનુ બારમાસી જોડાણ અને પૂર દરમ્યાન રાજ્ય ધોરી માર્ગોના ડુબાણમા ગયેલાં ભાગોને અપગ્રેડ કરવાનુ સરકારે નક્કી કરેલ છે.

**બંદરો**

દેશનો ત્રીજા ભાગનો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત કુદરતી બંદરીય સ્થળો વાળું રાજ્ય છે. રાજ્યમાં બંદરક્ષેત્ર ઓદ્યોગિક વિકાસના ઉદીપક તરીકે કામ કરે છે. ઉત્તર ભારતના રાજ્યોના દેશ-વિદેશના વેપાર તેમજ દિલ્હી મુંબઇ ઓદ્યોગિક કોરીડોર થકી ગુજરાત બંદરીય ગેટવે થાય તે માટે ૪૧ નાના બંદરો અને એક મહાબંદર સમેત બંદરોનો સતત વિકાસ થાય તે માટે મારી સરકાર કાર્યરત છે.

મારી સરકારની સફળ બંદરનીતિના અમલના કારણે રાજ્યમાં કુલ રૂ. ૧૮,૬૦૦ કરોડનું ખાનગી મૂડીરોકાણ બંદરો તેમજ બંદરીય સુવિધાઓ વિકસાવવા માટે મેળવ્યું છે. દશમી પંચવર્ષિય યોજનામાં ગુજરાતમાં બંદર ક્ષેત્રે કુલ રૂ.૧૦,૧૧૯ કરોડનું મુડીરોકાણ થયું છે. અગિયારમી પંચવર્ષિય યોજનામાં રૂ.૫૧ હજાર કરોડના મૂડી રોકાણની ધારણા છે.

આગામી વર્ષોમાં પણ ખાનગી મુડીરોકાણથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા મરોલી, બેડી, મોઢવા વગેરે બંદરોના વિકાસ માટે વિકાસકારોની પસંદગી કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. શીપબ્રેકીંગની સાથોસાથ શીપ બિલ્ડીગ અને રીપેરીંગ વિકાસ માટે દહેજ, પીપાવાવ અને ભાવનગર ખાતે કામગીરી શરુ કરવામાં આવી છે. મારી

સરકાર ધ્વારા કરાયેલ કાર્યવાહીના પરિણામે હયાત બંદરો ઉપરની કાર્ગોની પરિવહન કરવાની ક્ષમતા વધીને વર્ષ ૨૦૦૮- ૦૯ માં ૨૨૫ મીલીયન ટન થશે.

**વન**

મારી સરકારે વન વિસ્તાર વધારવા માટે વૃક્ષારોપણ અને વૃક્ષોના અસરકારક સંરક્ષણ માટે ખાસ ધ્યાન આપેલ છે.

- વર્ષ ૨૦૦૮-૦૯માં ૬૭,૨૫૩ હેક્ટર વનીકરણ અને ૨૪.૪૮ કરોડ રોપાઓ લોકો, મંડળીઓ, શાળાઓ, સંસ્થાઓ અને ઓદ્યોગિકી સંકુલો મારફ્ત વિતરણ કરવામાં આવ્યાં છે. ૩.૫૫ લાખ હેક્ટર વન

- વિસ્તારને સહભાગી વન વ્યવસ્થા હેઠળ આવરી લઇ સંરક્ષણની કામગીરી થઇ રહી છે. આ ઉપરાંત ગુજરાત ફોરેસ્ટ્રી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટની મુખ્ય કામગીરી ચાલુ વર્ષથી હાથ ધરવામાં આવેલ છે.

**રાજ્ય સરકારે સિંહોના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય સિંહ સંરક્ષણ સોસાયટીની રચના કરી રૂ. ૪૦.૦૦ કરોડની ત્રિવર્ષિય યોજના મંજૂર કરેલ છે.**

**માહિતી અને પ્રસારણ**

મારી સરકારે અખબારો, સાપ્તાહિકો, ઇલેક્ટ્રોનીક મીડીયા, ટી.વી.,ફિલ્મ જેવા માધ્યમો દ્વારા સરકારના કાર્યક્રમો, પ્રજાકલ્યાણની યોજનાઓ તેમજ વિકાસકામોની માહિતી લોકો સુધી પહોંચાડી અસરકારક પરિણામો હાંસલ ક્ર્યાં છે. ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક થકી રોજગારીની તકો માટેની અદ્યતન મહિતીઓ પૂરી પડાય છે.

**વેધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અન્ય વેધાનિક કામકાજ ઉપરાંત ગૃહની વિચારણા માટે નીચેના વિધેયક લાવવા ધારે છે.

- ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિધેયક, ૨૦૦૯.
- મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯.
- ગુજરાત શેક્ષણિક નવીકરણ આયોગ વિધેયક, ૨૦૦૯.

**ઉપસંહાર**

૨૦૧૦ માં આપણું ગુજરાત જ્યારે તેની સુવર્ણ જ્યંતિ ઉજવવા જઇ રહયું છે ત્યારે આપણા સહુ અને ગુજરાત રાજ્યના નાગરિક ભાઇ બહેનોના સંકલ્પ અને સહિયારા પ્રયત્નો થકી રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને આપણું ગુજરાત તમામ ક્ષેત્રોમાં સર્વ શ્રેષ્ઠ બનવાની સાથોસાથ દેશનું **ગ્રોથ એન્જિન** બને અને ગુજરાતની શક્તિ એ રાષ્ટ્રની શક્તિ બને તેવી મારી અભ્યર્થના છે.

**જય હિંદ ,જય જય ગરવી ગુજરાત**

## રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો:-

" અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

## શોકદર્શક ઉલ્લેખો

**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી આર. વેંકટરામન્, પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા, બૃહદ મુંબઈ વિધાનસભા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી બ્રહમકુમાર રણછોડલાલ ભટ્ટ અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી કાંતિલાલ કેશવલાલ**

**પટેલ, સ્વ. શ્રી અજિતસિંહ ફૂલસિંહ ડાભી, સ્વ. શ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલ, અને સ્વ. શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલના અવસાન અંગે**

### ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી આર.વેંકટરામનના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી આર. વેંકટરામનનું ૨૭ મી જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ ૯૮ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી આર. વેંકટરામનનો જન્મ ૪ થી ડિસેમ્બર, ૧૯૧૦ ના રોજ તામિલનાડુ રાજયના તંજોર મુકામે થયો હતો. તેઓશ્રીએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી મેળવી અને ત્યારબાદ કાયદાકીય અભ્યાસ પૂરો કરી ૧૯૩૫ માં મદ્રાસ હાઈકોર્ટમાં અને ત્યારબાદ ૧૯૫૧ માં સર્વોચ્ચ અદાલતમાં વકીલાત શરૂ કરી હતી.

સ્વાતંત્ર્ય સેનાની તરીકે તેઓશ્રી ૧૯૪૨ ની ભારત છોડો ચળવળમાં સક્રિય રહ્યા હતા અને બે વર્ષ કારાવાસ ભોગવેલ હતો. તેઓશ્રીએ ભારતના બંધારણના ઘડતરની બંધારણીય સભામાં સભ્ય તરીકે અને દેશની આઝાદી પછી ૧૯૫૦ થી ૧૯૫૨ સુધી પ્રાંતિય સંસદના સભ્ય તરીકે સેવાઓ આવી હતી. તેઓશ્રી ૧૯૫૨માં દેશની પ્રથમ લોકસભામાં સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૫૭ માં બીજી લોકસભામાં ચૂંટાઈ આવ્યા બાદ તે બેઠક પરથી તેઓશ્રીએ રાજીનામું આપી મદ્રાસ રાજયમાં ઉદ્યોગ, શ્રમ, સહકાર, ઉર્જા, વાહનવ્યવહાર અને વાણિજય કરના મંત્રી તરીકે ૧૯૫૭ થી ૧૯૬૭ સુધી રાજય સરકારને તેમની સેવાનો અમૂલ્ય લાભ આપેલ હતો. તેઓશ્રીએ કેન્દ્રીય આયોજન પંચના સભ્ય તરીકે ભારતના આયોજીત વિકાસ માટે યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ કેન્દ્રીય નાણામંત્રી અને સંરક્ષણ મંત્રી તરીકેનો યશસ્વી પદભાર સંભાળ્યો હતો.

સ્વર્ગસ્થશ્રી વેંકટરામને ૨૫ મી જુલાઈ, ૧૯૮૭ થી ૨૫ મી જુલાઈ, ૧૯૯૨ સુધી દેશના આઠમા રાષ્ટ્રપતિ તરીકે મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી. તે પહેલાં તેઓશ્રીએ દેશના સાતમા ઉપરાષ્ટ્રપતિ તરીકે પણ ચાર વર્ષ ફરજો બજાવેલ હતી.

તેઓશ્રીએ આંતરરાષ્ટ્રીય સ્તરે જીનીવા, વિયેના, ન્યુઝીલેન્ડ ખાતે સંસદીય અને શ્રમ સંગઠનોમાં ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. સંયુકત રાષ્ટ્રસંઘ ખાતે ૧૯૫૩ થી ૧૯૬૧ દરમ્યાન સાત વખત તેઓશ્રીએ ભારતના પ્રતિનિધિ તરીકે ફરજ બજાવી હતી. તેઓશ્રીએ અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો.

તેઓશ્રી ફોટોગ્રાફી, કલા, સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અને ટેનિસની રમતમાં વિશેષ રૂચિ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાષ્ટ્રએ આઝાદીની લડાઈના એક મહાન સેનાની, કાયદાશાસ્ત્રી, પ્રખર રાજનીતિજ્ઞ, સામાજીક કાર્યકર્તા અને સંનિષ્ઠ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ભારતના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી વિશ્વનાથ પ્રતાપસિંહનું ૨૭મી નવેમ્બર, ૨૦૦૮ના રોજ ૭૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી વી. પી. સિંહનો જન્મ ૨૫મી જૂન, ૧૯૩૧ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદ મુકામે રાજવી પરિવારમાં થયો હતો. તેઓશ્રીએ અલ્હાબાદ તથા પૂણે યુનિવર્સિટીમાંથી બી.એ, બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રીએ ૧૯૫૭ની ભૂદાન ચળવળમાં જોડાઈ ભૂમિહિન ખેડૂતો પ્રત્યે સંવેદનનાની પ્રતીતિ કરાવી હતી.

સ્વર્ગસ્થ શ્રી વી. પી. સિંહે સન ૧૯૬૯થી ૧૯૭૧ અને ૧૯૮૧ થી ૧૯૮૩ સુધી ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ધારાસભ્ય તરીકે અને ૧૯૮૦ થી ૧૯૮૧ સુધી ઉત્તર પ્રદેશ વિધાન પરિષદના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ જુન ૧૯૮૦ થી જુન ૧૯૮૨ સુધી ઉત્તર પ્રદેશ રાજયના મુખ્ય મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી હતી. તેઓશ્રીએ જુલાઈ ૧૯૮૩ થી એપ્રિલ ૧૯૮૮ સુધી રાજયસભાના સભ્ય તરીકે પણ સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થ શ્રી વી. પી. સિંહે પાંચમી, સાતમી, આઠમી, નવમી અને દસમી લોકસભામાં ચૂંટાઈ આવી અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીએ કેન્દ્ર સરકારના વાણિજય, નાણા અને સંરક્ષણ મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ બીજી ડિસેમ્બર ૧૯૮૯ થી દસમી નવેમ્બર ૧૯૯૦ સુધી વડાપ્રધાન તરીકે બહુમૂલ્ય કામગીરી કરી હતી. તેઓશ્રી ચિત્રો દોરવા, ફોટા પાડવા તેજ કવિતાઓમાં વિશેષ અભિરૂચી ધરાવતા હતા. તેઓશ્રીએ ઘણાં દેશોનો પ્રવાસ કર્યો હતો. સ્વર્ગસ્થ શ્રી વી. પી. સિંહના નિધનથી રાષ્ટ્રએ એક વરિષ્ઠ રાજનીતિજ્ઞ, કુશળ વહીવટકર્તા, શિક્ષણ પ્રેમી, ગરીબો અને કચડાયેલા લોકોના સાચા મિત્ર અને સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતાનો અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતાનું તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૮ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી મહેતાનો જન્મ ૪ થી નવેમ્બર ૧૯૨૫ના રોજ ભાવનગર જિલ્લાના મહુવા મુકામે થયો હતો. તેઓશ્રી ખેતી તેમજ સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી મહેતાએ સન ૧૯૪૨ની સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં ભાગ લીધો હતો ૧૯૪૪ થી ૧૯૪૯ દરમિયાન તેમણે યુવક પ્રવૃતિનું સંગઠન કર્યુ અને મહુવા યુવક સંઘના મંત્રી તરીકે તેમજ ઉપ પ્રમુખ તરીકે રહ્યા હતા. તેઓશ્રીએ મહુવાની શૈક્ષણિક સંસ્થાઓની ગવર્નીંગ કાઉન્સીલના સભ્ય અને પ્રમુખ તરીકે, તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘના મંત્રી તથા પ્રમુખ તરીકે અને સહકારી ગૃહ નિર્માણ મંડળીઓ તથા સહકારી ધિરાણ મંડળીઓના પ્રણેતા તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ શ્રી મહેતાએ ૧૯૫૮ માં મુંબઈ વિધાન પરિષદના સભ્ય તરીકે ચૂંટાઈ આવી તેમની અમૂલ્ય સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થ શ્રી મહેતાએ બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, આઠમી અને નવમી ગુજરાત વિધાનસભામાં રાજયના મહુવા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોક હિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ વિધાનસભાની જુદી જુદી સમિતિઓના સભ્ય તરીકે રહી એક અભ્યાસુ ધારાસભ્ય તરીકે મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. તેઓશ્રીએ ૧૯૭૩ થી ૧૯૭૪ સુધી જાહેર બાંધકામ વિભાગના મંત્રી તરીકે, ૧૯૯૦ થી ૧૯૯૨ સુધી જળ સંપતિ વિભાગના મંત્રી તરીકે અને ૧૯૯૦ થી ૧૯૯૪ સુધી નાણા મંત્રી તરીકે મહત્વનું યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી ૧૨મી માર્ચ ૧૯૯૫ સુધી ગુજરાત રાજયના મુખ્ય મંત્રી તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી મહેતાને ક્રિકેટ, ટેનિસ, વોલીબોલ તેમજ સ્વીમીંગનો શોખ હતો અને અર્થકારણ, રાજકારણ, સમાજવાદી ચળવળ, ખેતી કામદારોની અને સ્થાનિક સ્વરાજયની પ્રવૃત્તિઓમાં તથા સહકારી તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી મહેતાએ ઈંગ્લેન્ડ, અમેરિકા, હોંગકોગ, થાઈલેન્ડ, સિંગાપોર, રશિયા, ઈજીપ્ત, જર્મની, નેધરલેન્ડ, ફ્રાન્સ, પોલેન્ડ, ઈટાલી અને સ્વીત્ઝરલેન્ડ જેવા દેશોનો વિદેશ પ્રવાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રીના અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં અભ્યાસનિષ્ઠ લોક સેવકની ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**બૃહદ મુંબઇ વિધાનસભા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બ્રહ્મકુમાર રણછોડલાલ ભટ્ટના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે બૃહદ મુંબઇ વિધાનસભા, ગુજરાત વિધાનસભા તથા રાજયસભાના પૂર્વ સભ્યશ્રી બ્રહ્મકુમાર રણછોડલાલ ભટ્ટનું છઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટનો જન્મ ૮મી ઑકટોબર, ૧૯૨૧ના રોજ અમદાવાદ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટે બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટે ૧૯૪૨ની "હિન્દ છોડો" ચળવળમાં ભાગ લઈ જેલવાસ ભોગવેલ હતો અને રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓશ્રીની વિદ્યાર્થી નેતા તરીકે હિંદ સંરક્ષણ ધારા નીચે અટકાયત કરવામાં આવેલ હતી. સ્વર્ગસ્થશ્રીએ અભ્યાસ કાળ દરમિયાન રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના જનરલ સેક્રેટરી તરીકે સુંદર કામગીરી કરી હતી. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી તેઓશ્રીએ અમદાવાદ શહેર ખાડિયા વિભાગમાંથી મ્યુનિસિપલ કોરપોરેશનમાં કાઉન્સિલર તરીકે સેવાઓ આપી હતી.

તેઓશ્રીએ ૧૯૫૪માં સિંગાપુર ખાતે મળેલ વિશ્વયુવક પરિષદમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું. ૧૯૫૬માં મહાગુજરાત પ્રાપ્ત કરવાના આંદોલન માટે જનતા પરિષદને સંગઠિત કરી અને તેના મંત્રી તરીકે સ્વર્ગસ્થશ્રી ભટ્ટ ચૂંટાયા હતા. ૧૯૭૫માં દેશમાં લદાયેલ કટોકટી વખતે "મીસા" હેઠળ તેઓશ્રીએ વડોદરા જેલમાં ૭ માસનો કારાવાસ વેઠ્યો હતો. ઑકટોબર ૧૯૭૭ થી માર્ચ ૧૯૮૧ સુધી ઈફકોનાં ચેરમેન તરીકે તેઓશ્રીએ પ્રશંસનીય કામગીરી કરી હતી અને એ દરમિયાન અમેરિકા, ઈંગ્લેન્ડ, યુરોપ, સોવિયેત રશિયા અને આફ્રિકાના દેશોમાં સહકારી સંગઠનોની મિટિંગમાં ભાગ લીધેલ હતો. તેઓશ્રીએ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેન તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટે ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી બૃહદ મુંબઇ વિધાનસભા અને ત્યારબાદ પહેલી અને બીજી ગુજરાત વિધાનસભામાં ખાડિયા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓશ્રીએ ૧૯૯૬ થી ૨૦૦૨ સુધી રાજસભાના સભ્ય તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી ભટ્ટે મહાગુજરાતના આંદોલન અંગે " દસ્તાવેજી પુસ્તક" ૧૯૪૨ ની લડતમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ આપેલા ફાળા અંગે " રંગ જાયના જુવાન" અને ગુજરાતના રાજકીય પ્રવાહો અને પલટાયેલા

માહોલનું વિવરણ કરતું પુસ્તક " ત્યારે અને અત્યારે" નામના ત્રણ પુસ્તકો લખ્યા હતા. તેઓશ્રી યુવક અને વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં ખાસ રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક કર્મઠ લોકસેવક, સ્વાતંત્ર્ય સેનાની, મહાગુજરાતની ચળવળના નેતા અને અડીખમ લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાંતિલાલ કેશવલાલ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાંતિલાલ કેશવલાલ પટેલનું તારીખ દસમી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ૮૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૦મી જુલાઈ, ૧૯૨૭ના રોજ મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે કોઠા ગામના સરપંચ, કલોલ નાગરિક બેંકના ચેરમેન, કલોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના કારોબારી સભ્ય, ઉત્તર ગુજરાત વેપારી માર્કેટ યાર્ડ મહામંડળના પ્રમુખ, કલોલ માર્કેટ યાર્ડ વેપારી એસોસિએશનના પ્રમુખ અને જુદા જુદા ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રી કન્યા કેળવણીના હિમાયતી હતા અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેઓશ્રીએ આગવું યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે સન ૧૯૬૨માં બીજી ગુજરાત વિધાનસભામાં આંબલિયાસણ મત વિસ્તારમાંથી સભ્ય તરીકે ચૂંટાઈ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક અને કેળવણીકાર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અજિતસિંહ ફૂલસિંહજી ડાભીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અજિતસિંહ ફૂલસિંહજી ડાભીનું તારીખ આઠમી ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ ૮૩ વર્ષને જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ડાભીનો જન્મ ૨૮મી મે, ૧૯૨૬ના રોજ પંચમહાલ જિલ્લાના વ્યાસડા ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ડાભીએ કાયદાના સ્નાતક સુધીનો અભ્યાસ કરીને વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી ડાભીએ ફેડરેશન ઓફ કો. ઓપરેટીવ સ્ટોર્સ, નડિયાદ અને ખેડા જિલ્લા ખરીદ વેચાણ સંઘમાં ડિરેકટર તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી ડાભીએ યુવાનીમાં સારા નાટયકાર તરીકે નામના મેળવી હતી. તેઓશ્રીએ ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી "નડિયાદ રંગમંડળ" નું સંચાલન પણ કર્યુ હતું. શિક્ષણક્ષેત્રે પણ તેઓશ્રી સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ડાભી ચોથી ગુજરાત વિધાનસભામાં કઠલાલ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રી સન ૧૯૭૭માં છઠ્ઠી લોકસભામાં આણંદ સંસદીય મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને ૧૯૮૦ થી ૧૯૮૯ સુધી સાતમી અને આઠમી લોકસભાના સભ્ય તરીકે ખેડા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ક્ષત્રિય આગેવાન અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલનું છવ્વીસમી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ૭૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૬મી જૂન, ૧૯૩૬ના રોજ કડી મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને વેપાર અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે કડીના ભાવપુરા પ્રગતિ યુવકમંડળના સ્થાપક અને માજી પ્રમુખ હતા. ભાવપુરા સેવા સહકારી મંડળી અને શ્રી પી.જે. ઠક્કર હાઈસ્કૂલના કારોબારી સભ્ય હતા, ૧૯૬૯ થી ૧૯૭૫ સુધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડૂત પ્રતિનિધિ અને વેપારી પ્રતિનિધિ હતા તથા ૧૯૭૦ થી ૧૯૭૫ દરમિયાન કડી નગરપાલિકાના પ્રમુખ તરીકે સંનિષ્ઠ સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલ પાંચમી ગુજરાત વિધાનસભામાં કડી મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલનો અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલનું અઠ્ઠાવીસમી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ૮૦ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ગોહેલનો જન્મ ૧૫મી ઑક્ટોબર, ૧૯૨૮ના રોજ ભાવનગર મુકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી ગોહેલે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થ શ્રી ગોહેલ ભાવનગર મ્યુનિસિપલ બરોમાં નોકરીમાં જોડાયેલા અને પછાત જ્ઞાતિઓના હિતેચ્છુઓ તથા આગેવાનોના માર્ગદર્શન હેઠળ વાલ્મિક સમાજના સામાજીક, આર્થિક રોજીરોટીના પ્રાણપ્રશ્નો માટે સૌરાષ્ટ્ર સફાઈ કામદાર સંઘની સ્થાપના કરી પછાત સમાજના ન્યાયિક હક્કો તેમજ અસ્પૃશ્યતા નિવારણ માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. તેઓશ્રીએ ભાવનગર જિલ્લાના જુદા જુદા ગામોની ગૃહનિર્માણ તથા શરાફી સહકારી મંડળીઓના મંત્રી તથા પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થ શ્રી ગોહેલ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ગઢડા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને જાગૃત ધારાસભ્ય તરીકે તેમના મતવિસ્તારના વિકાસ માટે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી આર. વેંકટરામન પ્રથમ લોકસભાના સભ્ય બન્યા ત્યારથી લઈને રાષ્ટ્રપતિ અને તે પછી નિવૃત્ત થયા પછી પણ તેમના વ્યકિતત્વને જોઈએ તો એક ઉમદા માનવી તરીકે તેમનું જીવન જીવ્યા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ હોય તેમાં એક સૈનિક તરીકે લડવાનું હોય, રાષ્ટ્રપતિની ભૂમિકા ભજવવાની હોય, એક માણસ તરીકે પોતાના આત્માનો અવાજને હંમેશા પ્રાધાન્ય આપ્યું હતું. તેમના જવાથી જાહેર જીવનને મોટી ખોટ પડી છે. હું તેમના પરિવારજનોને આ શોકની ઘડીએ આપણાં સૌના વતી સાંત્વનની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી પૂર્વ પ્રધાનમંત્રી વિશ્વનાથ પ્રતાપસિંહના અવસાનથી જાહેર જીવનમાં સામાન્ય માણસ માટે લડનારા વ્યકિત તરીકે જેમણે પોતાનું જીવન વિતાવ્યું હતું અને ખાસ કરીને બક્ષી પંચ અને નબળા વર્ગની ચિંતા કરનાર વડાપ્રધાન તરીકે તેમનો કાર્યકાળ દેશના ઈતિહાસમાં હંમેશા લાંબા સમય સુધી યાદગાર રહેવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ મુખ્યમંત્રી શ્રી છબીલદાસભાઈ મહેતા સાથે આ ગૃહના એક સભ્ય તરીકે નજીકથી કામ કરવાનો મોકો મળ્યો હતો. તેમની સામે પણ કામ કર્યું, તેમની બાજુમાં રહીને પણ કામ કર્યું અને આ જ ગૃહમાં તેમની સાથે કૅબિનૅટમાં રહીને પણ કામ કર્યું, એટલું જ નહીં, પરંતુ જિલ્લાના જાહેર જીવનમાં પણ તેમની સાથે વર્ષો સુધી નજીકથી સાથે અને સામે બન્ને રીતે કામ કર્યું. પરંતુ લોકશાહીની જે ઉમદા પ્રણાલિકાઓ કે બીજાંના વિચારનું પણ સન્માન અને વ્યકિતગત એક લેવલથી નીચે નહીં ઉતરવાની ભાવના જે જાહેર જીવનમાં તેમની જે કામ કરવાની પદ્ધતિ હતી તે મને લાગે છે કે તેમના જીવનમાંથી આપણાં સૌનામાં ઉતરે એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરવી ઘટે. હું માનનીય છબીલદાસભાઈ મહેતાને શોકાંજલિ અર્પું છું.

પૂર્વ સભ્ય શ્રી બ્રહ્મકુમાર ભટ્ટે મહા ગુજરાતની લડતની ચળવળમાં અગ્રેસર ભાગ લીધો. એટલું જ નહીં, ગુજરાત વિદ્યુત બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરવાનું આવ્યું ત્યારે સરકારને પણ જ્યારે સરકારની સૂચના હોય ત્યારે સરકારને પણ એમ કહે કે આ કરવું વ્યાજબી નથી. બહેતર છે કે હું આ ખુરશી છોડું. હું અહીંનો લીકવીડેટર બનવા નથી આવ્યો. મારે વિદ્યુત બોર્ડને સારું તો બનાવવું છે પણ તેની સાથે સાથે નબળા વર્ગના લોકોને સસ્તી વીજળી કેમ આપી શકું ખેડૂતોને મીટર વગરની વીજળી કેમ આપી શકું તેની મારે સતત ચિંતા કરવાની છે. આ પ્રકારના વિચારો ધરાવતા સ્વ. બ્રહ્મકુમારભાઈ ભટ્ટ જેમણે તેમના વિચારો અને ઈતિહાસને ચિરંજીવી રાખવા માટે પુસ્તકોનું નિર્માણ પણ કર્યું અને હું માનું છું કે આવતા દિવસોમાં આવતી પેઢીને ઉપયોગી મહા ગુજરાતની લડતની ચળવળથી માંડીને સૈદ્ધાંતિક રીતે જાહેર જીવન જીવનારા જે મોટા વ્યકિતઓ થઈ ગયા તેમના વિશેના અંશો, જાણવા-સમજવાનો મોકો સ્વ. બ્રહ્મકુમારભાઈના પુસ્તકોમાંથી પ્રાપ્ત થવાનો. હું તેમને શોકાંજલિ અર્પું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી કાંતિલાલ પટેલનું ૮૧ વર્ષની વયે અવસાન થવાથી મહેસાણા જિલ્લામાં જાહેર જીવનમાં એક સમયમાં જેમણે ખૂબ યોગદાન આપ્યું હતું. એવા વિદ્વાનની વિદાય થઈ છે. માર્કેટ યાર્ડ વેપારી એસોસિએશનમાં અને સહકારી પ્રવૃત્તિઓમાં એમનું યોગદાન એ ચિરંજીવ રહેવાનું છે.

સ્વ. શ્રી અજિતસિંહ ફૂલસિંહ ડાભી, એમણે આ વિધાનસભામાં એક સભ્ય તરીકે અને પાર્લામેન્ટમાં બે ટર્મ સુધી સંસદસભ્ય તરીકે જે પ્રજાના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપી છે એને આ વિધાનસભા અને લોકો હંમેશાં યાદ રાખવાના છે. ધારાસભ્ય કે સંસદસભ્ય હોય ત્યારે ફૂલ ટાઇમ પોલિટિશિયન તરીકે નહીં પણ એક સારા

નાટ્યકાર તરીકે પણ તેઓ જાણીતા હતા. રાજકીય દંભ વગર સરળ અને સાદગી સાથે જીવન જીવ્યા. સામાન્ય રીતે મૃત્યુની સામે જતા હોઈએ છીએ ત્યારે ડરી જતા હોઈએ છીએ. મને યાદ છે કે, સ્વ. શ્રી અજિતભાઈને તેઓ બિમાર હતા ત્યારે હૉસ્પિટલમાં બતાવવા માટે ગયા ત્યારે કૅન્સર નિષ્ણાત ડૉકટર ગોળગોળ ફેરવીને વાત કરવા જતા હતા. ત્યારે એમણે સામેથી કહ્યું કે મને કૅન્સર છે અને મારે જવાનું છે એની કોઈ ચિંતા નથી. મને ખબર પડી ગઈ છે. એમના થોડા દિવસો બાકી હતા. બહુ ઓછા લોકોમાં એવી શકિત હોય છે " યાવચ્ચંદ્ર દિવાકરૌ " મૃત્યુથી ડરીને અથવા મૃત્યુનો સ્વીકાર કરીને જીવનાર લોકો વચ્ચેનું અંતર ખૂબ ઓછું હોય છે.

સ્વ.શ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલના અવસાનથી દુખદ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. એમને હું મારી શોકાંજલિ અર્પણ કરું છું. પોતાની નાની સહકારી સંસ્થાના સ્થાપક તરીકે કામ કરીને આ વિસ્તારના લોકોને સહકારી પ્રવૃત્તિથી કેમ મદદરૂપ થઈ શકાય? એ એમણે જોયું છે. કડી નગરપાલિકાના પ્રમુખ તરીકેની સેવાઓ ચિરંજીવ રહેવાની છે.

સ્વ.શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલ. મને લાગે છે કે, આજના જાહેર જીવનમાં સરળતા અને સાદગી જો કોઈની પાસેથી શીખવી હોય તો સ્વ.શ્રી બચુભાઈને યાદ કરવા પડે. એમના ધારાસભ્યશ્રીના કાળ દરમિયાન એમણે એક મતદાર તરીકે, કાર્યકર્તા તરીકે કામ કર્યું અને હું અહીં આ સચિવાલયમાં મંત્રી તરીકે બેઠો હોય ત્યારે એમને કયારેય એવું નહીં થયું હોય કે આ મારો કાર્યકર્તા હતો અને આજે અહીં બેઠો છે. વિધાનસભામાં ધારાસભ્ય તરીકે લાંબો કાર્ય કાળ કાઢ્યા પછી પણ અને એ સમય દરમિયાન પણ કયારેય આર્થિક ઉપાર્જન નહીં કર્યું. સાઈકલ ઉપર આવે અને સાઈકલ બસસ્ટેન્ડમાં મૂકે અને ત્યાંથી બસમાં એ વિધાનસભામાં આવે. એમને મળવા માટે કોઈ માણસ આવે તો એ જાતે ઊભા થઈને એમની આગતા-સ્વાગતા કરે. એમનો બહુ ઉમદા પરિવાર અને નાનામાં નાના વ્યકિત પ્રત્યેની લાગણી એને ભાવનગર જિલ્લો કયારેય વિસરી શકે નહીં. ખાસ કરીને વાલ્મિકી સમાજના ઉત્થાન માટે એમણે લડત ચલાવેલ. નાનામાં નાના માણસની ચિંતા એ હંમેશાં કરતા. કૉર્પોરેશનમાં નાના કામદારનું શોષણ થયું હોય તો એના માટે અડગ બનીને તેઓ લડ્યા છે. જ્યારે જ્યારે હું ચૂંટણી લડ્યો છું ત્યારે એમને મેં બોલાવ્યા હોય કે એમને ફોન કરવાનો રહી ગયો હોય તો પણ ફૉર્મ ભરું ત્યારે તેઓ અચૂક આવે. માજી ધારાસભ્ય તરીકેની પોતાની શકિતઓને પક્ષ માટે અને મારા માટે ખર્ચતા. એમના જવાથી સરળ અને સાદગીભર્યા સેવા ગુમાવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવીને વિરમું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી માનનીય છબીલદાસભાઈ મહેતા સાથે આ ગૃહમાં ૧૯૯૦ થી ૧૯૯૫ દરમિયાન કામ કરવાનો અમને મોકો મળ્યો છે. માનનીય છબીલદાસભાઈ એ અભ્યાસુ અને અનુભવી વક્તા તરીકે, વહીવટકર્તા તરીકે એમની કામગીરી હતી. ધારાસભ્યોના અમારા વિસ્તારના જે નાનામોટા પ્રશ્ન હોય તો એને પણ ઉકેલવા માટે એ હંમેશા અમને મદદરૂપ થતા હતા. એમના દુ:ખદ અવસાન બદલ હું શોકની લાગણી અનુભવુ છું. માનનીય સ્વર્ગસ્થ શ્રી બ્રહમકુમારભાઈ ભટ્ટ, કે જેઓ પણ ૧૯૯૦ થી ૧૯૯૫ દરમિયાન ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેન હતા અને ધારાસભ્ય તરીકે અને જી.ઈ.બી.ના ચેરમેન સાથે કામ લેવાનો અમારે જ્યારે જ્યારે પ્રસંગ સાંપડયો અને ગુજરાત વિદ્યુત બોર્ડના કોઈપણ અમારા વિસ્તારના, જિલ્લાના નાનામોટા પ્રશ્ન હોય તો હંમેશા એ અમને મદદરૂપ થતા હતા અને વહીવટમાં એક પ્રમાણિક ચેરમેન તરીકે એમની જે ઉમદા છાપ હતી એ આજે પણ યાદ છે, એમના દુ:ખદ અવસાન બદલ હું શોકની લાગણી અનુભવું છું. સ્વ. કાંતિલાલ કેશવલાલ પટેલ જેઓ અમારા મહેસાણા જિલ્લાના કલોલના વતની અને કલોલ માર્કેટયાર્ડમાં વેપારી, ખેડૂત, સહકારી આગેવાન અને ૪૨ સમાજના એક સમાજ સુધારક તરીકે એમણે ૧૯૭૦થી શરૂઆત કરીને છેક જીવ્યા ત્યાં સુધી સતત અવિરત પ્રયત્નો કરી અને પોતાના વિસ્તારને ખેડૂતોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય અને ખાસ કરીને અમારા સમાજમાં કન્યા કેળવણી માટે એમનું યોગદાન ઘણું મોટું હતું. અમૅરિકામાંથી મોટી રકમના દાન લાવી કલોલમાં અને બીજા ગામડાઓમાં એમણે કન્યા કેળવણી માટે જે કામ કર્યુ છે, છાત્રાલયો બનાવ્યા, સ્કૂલો બનાવી એ આજે પણ એટલી બધી ઉપયોગી છે કે એનો લાભ અનેક દીકરીઓને અત્યારે મળી રહ્યો છે. એ પોતે ખૂબ બહાદુર અને નીડર હતા. વિધાનસભામાં હોય કે પ્રજાની વચ્ચે હોય, જ્યાં જ્યાં પ્રજાની વાત સાચી હોય ત્યાં હંમેશા પ્રજાના પડખે એ અડીખમ રીતે ઊભા રહેતા હતા અને ગમે તેવા અધિકારી હોય, સામે ગમે તે વ્યકિત હોય પણ જો એમની વાત સાચી હોય તો એ લડત આપીને પણ એ વાત સ્વીકારાવા માટે એ સતત પ્રયત્નશીલ રહેતા હતા. જૈફ વયે લાંબી બીમારી બાદ એમનું અવસાન થયું છે. સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે અને એમના પરિવારજનોને સહાનુભૂતિ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીના શોકદર્શક ઠરાવને અનુમોદન આપું છું. એવી જ રીતે સ્વ. પ્રહલાદભાઈ કેશવલાલભાઈ પટેલ કે જેઓને આખો મહેસાણા જિલ્લો અને ભારતીય જનતા પાર્ટીના તે વખતના જનસંઘના બધા કાર્યકરો ભગતના હુલામણા નામથી ઓળખતા હતા. ખૂબ સાદા સરળ નિરાભીમાની અને એક પ્રમાણિક કાર્યકર તરીકે એમણે શરૂઆત કરી. કડી નગરપાલિકા માર્કેટ યાર્ડ જૂદીજૂદી જાહેર સેવાની ધાર્મિક અને કેળવણીની સંસ્થાઓ અને છેવટે ગુજરાત વિધાનસભામાં એ ધારાસભ્ય ચૂંટાયા અને એ વખતે કટોકટીનો કાળ હતો અને કટોકટી દરમિયાન પ્રજાના અવાજને દબાવી દેવાનું જે કડક રીતે નિયંત્રણ થતું હતું એની સામે એમણે પડકાર ફેંકેલો અને કટોકટીનો

વિરોધ કરીને જેલમાં પણ એ લાંબો સમય સુધી ગયેલા અને જેલમાં જઈને પણ એમના પરિવાર સાથે સંપર્ક રાખી અને બધા કાર્યકરોને નાના યુવાનોને બધાને પ્રેરણા આપી કટોકટીની સામે લડવા માટે એ સતત સક્રિય રહેલા. ખેડૂતો અને વેપારીઓ અને ધાર્મિક રીતે બધી જ જગ્યાએ જ્યાં જ્યાં એમની જરૂરિયાત પડી ત્યાં હંમેશા એ પ્રજાની પડખે ઊભા રહેલા. પાછળથી એમનો આખો પરિવાર અમૅરિકા જતા તેઓ પણ અમૅરિકા ગયા. અમૅરિકા જઈને પણ સ્વદેશી પ્રવૃત્તિ, ધાર્મિક પ્રવૃત્તિ અને ખાસ કરીને આપણા ૨૬જાન્યુઆરી હોય, ૧૫ ઑગસ્ટનો રાષ્ટ્રીય તહેવાર હોય તો ત્યાં પણ ગુજરાતી સમાજ હોય એને એકત્ર કરી એની ઉજવણી કરવી અને ત્યાં આગળ પણ રાષ્ટ્રીયધારાને આગળ વધારવી એ કામ એમણે આજીવન કર્યુ. એમના દુ:ખદ અવસાનથી અમારા કડી તાલુકાને, મહેસાણા જિલ્લાને ન પૂરાય તેવી ખોટ પડી છે. એમના આત્માને શાંતિ મળે એ માટે હું પણ પ્રાર્થના કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને અમારા નેતા અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એવા આજે જેમના શોકદર્શક ઉલ્લેખો થયા એમાં આઝાદી સંગ્રામના લડવૈયા, મદ્રાસ રાજ્યના ભૂતપૂર્વ મંત્રી, આ દેશના એક વખતના ઉપરાષ્ટ્રપતિ અને જેઓ સર્વોચ્ચ એવા રાષ્ટ્રપતિ પદે બિરાજ્યા હતા એવા શ્રી વેંકટરામનનો શોકદર્શક ઉલ્લેખ થયો છે. આ દેશ સદ્ભાગી છે કે આઝાદીના સંગ્રામની અંદર એવા લોકો જોડાયા હતા કે જે તમામ રીતે સંપન્ન હતા. એટલું જ નહીં પરંતુ એ વખતની જે પેઢી હતી એમાં સૌથી બુદ્ધિમાન પેઢી, કમીટેડ પેઢી આઝાદીના સંગ્રામમાં જોડાઈ અને એના કારણે આ દેશ આઝાદ થયો અને એના પછીની નેતાગીરી કરવાનું પણ એમના ભાગમાં આવ્યું. આપણી સાથે આઝાદ થયેલા બીજા દેશોમાં અનેક મુશ્કેલીઓ આવી. લોકશાહી પરંપરાઓ તુટી અને એ દેશોએ ખૂબ સહન કરવાનું આવ્યું. પરંતુ આપણા દેશની લોકશાહી વ્યવસ્થા અને વિકાસના જે પાટા ઉપર આપણે ચાલતા હતા એમાંથી ક્યાંય વિક્ષેપ ન પડ્યો. એનું કારણ એ હતું કે એમાં આદરણીય આર. વેંકટરામન જેવા નેતાઓ આપણને પ્રાપ્ત થયા. એમને સર્વોચ્ચ પદ ભોગવ્યું અને એ પદ ભોગવ્યા પછી પણ રાષ્ટ્રપતિ હોવા છતાં પણ અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા. નિવૃત્ત થયા પછી પણ સૌથી વધુ પ્રવૃત્ત વ્યક્તિ તરીકે સમાજને કન્ટ્રીબ્યુટ કરતા રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી વી.પી.સિંહ પણ વડાપ્રધાન પદે રહ્યા એના કરતાં આવનારું ભારત છે એ સામાજિક ચળવળ ઊભી કરનાર એક એક્ટિવિસ્ટ તરીકે એમને યાદ રાખશે. સમાજમાં જ્યારે પદ અને નીતિને સ્વીકારવાની વાત આવી ત્યારે સ્વ. વડાપ્રધાન શ્રી વી.પી.સિંહે સામાજિક મુવમેન્ટને આગળ વધારવાનું નક્કી કર્યું અને એમાં જો પદ જતું હોય તો એ જવા દેવાનું પસંદ કરીને દેશને એક ચળવળ આપતા ગયા. એ નિવૃત્ત થયા એના પછી પણ અનેક સામાજિક ચળવળો, સામાજિક સંગઠનોમાં હિંમત હાર્યા વગર જીવનને આગળ વધારતા રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી છબીલદાસ કાકા, આ ગૃહે એમને એક ધારાસભ્ય તરીકે જોયા છે. વિરોધ પક્ષમાં બેસતા એક સિનિયર સભ્ય તરીકે જોયા છે. મંત્રી અને મુખ્યમંત્રી તરીકે પણ જોયા છે. એમનું શરૂઆતનું જીવન એક્ટિવિસ્ટ તરીકે રહ્યું. જ્યારે શાસનમાં આવ્યા ત્યારે સમાજને કોરી ખાતાં અસામાજિક તત્ત્વો છે એને પડકાર આપવાનો ટૂંકો સમય મળ્યો હતો છતાં એ કામ એમણે કર્યું. હું એવા વિસ્તારમાંથી આવું છું કે જ્યાં અસામાજિક પ્રવૃત્તિએ ભરડો લીધો હતો. એમણે ત્યાં સર્વશ્રેષ્ઠ પોલીસ અધિકારીઓ મૂક્યા. આવા તત્ત્વોને નાબૂદ કરવા માટે પોરબંદર હોય, ગોંડલ હોય, અમદાવાદ હોય કે બીજી જગ્યા હોય પણ એમણે શરૂઆત કરી અને આ રાજ્યને સુશાસન આપવાની શરૂઆત એમણે કરી. એના પછી પણ જ્યારે રાજકારણમાંથી, મુખ્ય પ્રવાહમાંથી દૂર થયા ત્યારે પણ એ નિરાશ થયા વગર જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં પોતાના આત્માનો અવાજ આવે ત્યાં વોઈસ ઊભો કરવાનો પ્રયત્ન એમણે કર્યો. એક વડીલ તરીકે અમને અવાર નવાર એમની પાસેથી માર્ગદર્શન મળતું રહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ આ ગૃહમાં ઘણો લાંબો સમય સભ્ય તરીકે રહ્યા. પરંતુ રાજ્ય હંમેશા એમને મહાગુજરાત સેનાના ચળવળના નેતા તરીકે અને ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેન તરીકે યાદ રાખવાની છે. છ વર્ષ રાજ્યસભાના સભ્ય રહ્યા. મહા ગુજરાતની ચળવળમાં એમણે જે ભાગ લીધો, યુવાનોમાં આકર્ષણ ઊભું કર્યુ, યુવાનોને સામેલ કર્યા અને આ રાજ્યની રચનામાં આપણા જેવા સહયોગીઓની સાથે રહી અને આ ગુજરાત રાજ્યને જન્મ આપવાની અંદર પણ એમનું ખૂબ મોટું પ્રદાન રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુતબોર્ડના ચેરમેન તરીકે એ વખતે જે ઘસારો લાગ્યો હતો એ ઘસારામાંથી વિદ્યુતબોર્ડને પહેલી વખત નફો કરતું થયું અને સૌથી વધારે સારામાં સારો લોકાભિમૂખ વહીવટ આપ્યો. આજે માત્ર પ્રજા યાદ કરે છે એટલું જ નહિ, પરંતુ એમની સાથે જોડાયેલા એ વખતના અધિકારીઓ એમના વહીવટને યાદ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. કાંતિલાલ પટેલ એ મહેસાણા જિલ્લાના કોઠા ગામમાં જન્મ્યા, ધારાસભ્ય તરીકે રહ્યા અને અનેક સહકારી, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિની અંદર પણ જીવનની છેલ્લી ક્ષણ સુધી એ પોતાનું પ્રદાન કરતા રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. અજિતસિંહ ડાભી ખેડા અને મધ્ય ગુજરાતમાંથી ધારાસભ્ય અને લોકસભામાં તો ગયા અને વર્ષો સુધી ધારાસભ્ય તરીકે અને લોકસભામાં સભ્ય તરીકે પ્રદાન કર્યુ, પણ એક મોટી સામાજિક

ચળવળ પણ એમણે એ વિસ્તારમાં એકતાની ઊભી કરી અને એના દ્વારા સમાજનો જે છેવાડાનો વર્ગ હતો એને બીજા વર્ગોની હરોળમાં લઈ આવવા માટે ભરપૂર પ્રયાસો કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. પ્રહલાદભાઈ પટેલ  કડીમાં જન્મી અનેક સહકારી અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં અગ્રીમ દરજ્જે ભાગ લીધો અને જીવનના અંત સુધી સક્રિય રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. બચુભાઈ ગોહેલ ભાવનગરમાં જન્મ્યાં. એક જમાનો એવો હતો કે સફાઈ કામદારને તો ધારાસભ્ય બનવાનું સ્વપ્નું ક્યાંથી આવે? જે સમાજની સાથે બેસવાનો હક નહોતો એવા સમાજમાંથી આ દેશે એવી વ્યવસ્થા આપી એ વ્યવસ્થાના ભાગરૂપે જ્યાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને ચૂંટાયા પછી ખૂબ ઉમદા કામ કર્યુ. એમણે સફાઈ કામદારો અને ખાસ કરીને છેવાડાના લોકોના પ્રશ્નો માટે જીવનભર લડતા રહ્યા અને એક આદર્શ લોકનેતા તરીકે એ જીવનની છેલ્લી ક્ષણ સુધી જીવ્યાં અને એમણે કામ કર્યુ. માનનીય અધ્યક્ષશ્રી, આ સૌ સદ્‌ગત આત્માને શાશ્વત શાંતિ આપીએ એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત સદ્‌ગતશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી આત્મારામ મ. પરમાર(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી,  રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઈને  આવ્યા છે એને આવકારી મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી આર. વેંકટરામન, પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી વિશ્વનાથસિંહજી તથા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી છબીલદાસ મહેતા સહિતના તથા રાજ્યની વિધાનસભાના સભ્યોના શોક પ્રસ્તાવને હું સમર્થન આપી શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર ગઢડાના પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી બચુભાઈ ગોહેલનું લગભગ ૮૨ વર્ષની વયે અવસાન થયું છે, એમને શોકાંજલિ અર્પણ કરું છું. ગઢડા જેવા કાયમી રીતે અછતવાળા વિસ્તારમાં એમણે પ્રજાના પ્રતિનિધિ તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી હતી. અનુસૂચિત જાતિમાં પણ અતિ પછાત એવા વાલ્મિકી સમાજમાંથી દેશ આઝાદ થયો એ પહેલાની જેને પેઢી કહી શકાય એ પેઢીનો આ દિપક બૂઝાવાથી સમગ્ર સમાજને આવા રચનાત્મક કાર્યકરને ગુમાવવાનો રંજ રહે એ સ્વાભાવિક છે, એમને શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવને અનુમોદન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહના નેતાશ્રી જે દિગવંત આત્માઓ માટે શોકાંજલિ પ્રસ્તાવ લાવ્યા છે અને અમારા નેતાએ જેમને સમર્થન આપ્યું છે એ શોક ઠરાવમાં સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી વેંકટરામન સાહેબ, મુખ્યમંત્રીશ્રીએ જે ઉલ્લેખ્ કર્યો કે ૫૭ થી ૬૭ સુધી મદ્રાસ રાજ્યના ઉદ્યોગ મંત્રી તરીકે  હતા. એનો એક દાખલો જાપાનમાંથી જ્યારે સ્પિનિંગ મીલ ખરીદવા માટેનું એક મિશન રહેલું અને જાપાનમાંથી ત્યારે એવી ઓફર થઈ અત્યારે જેને કીટબેક કહીએ છીએ. ત્યારે એમણે કહ્યું કે, તમારે જે આપવું હોય, ભાવમાં રાહત કરી આપો અને જેટલી સ્પીનીંગ મિલો મદ્રાસની હતી એનાથી વધારાની સ્પીનીંગ મિલો એ મદ્રાસ રાજય માટે મેળવી આવેલા એ સમયના તત્કાલીન લોકોએ આ વાત મને કહેલી અને એ સ્વ.શ્રી વેંકટરામન સાહેબની જે પ્રતિભા હતી આ દેશના નાણામંત્રી તરીકે અને પછી રાષ્ટ્રપતિ તરીકે અને સાદગીનો નમૂનો હતો, એમના પાછલા સમયમાં જ્યારે એકાદ બે વખત એરપોર્ટ ઉપર સાવ સાદગીથી જતા હોય કોઈ એવું મોટું રક્ષણ ન મળતું હોય.

ત્યારે આવી જ સાદગીમાં જ જીવનારા સ્વ.શ્રી વી.પી.સિંહ સાહેબ આપણી વચ્ચે નથી ત્યારે એમને અંજલિ આપું છું. સ્વ.શ્રી વી.પી.સિંહ સાહેબ જે રાજાસાહેબના નામથી ઓળખાય, નવમી લોકસભામાં એ વડાપ્રધાનપદે હતા અને ત્યારે એમને નજીકથી નિહાળવાનો એમને પ્રત્યક્ષ રીતે એમનો અનુભવ કરવાનો પણ અમને મોકો મળેલ છે અને વિચારોમાં બહું સ્પષ્ટ, કોઈ શું કહે છે એમ કહીને એમણે દબાયેલા કચડાયેલા વર્ગ માટે એમણે જે જાહેર કર્યુ એના કારણે મોટો વિવાદ પણ થયો એમની સરકારમાંથી ટેકો પાછો પણ ખેંચી લેવામાં આવ્યો અને ત્યારે એમણે જે અંતિમ પ્રવચન કરેલું હતું એમને ખબર હતી કે, સરકાર જવાની છે પણ  ત્યારે એમ કહ્યું કે, આ સમય હંમેશ માટે નથી હોતો દિવસો પાછા ફરીને પણ આવતા હોય છે એવો આત્મવિશ્વાસ રજૂ કરનારા સ્વ.શ્રી વી.પી.સિંહ એક સ્વચ્છ પ્રતિભા સાથેના આ દેશના વડાપ્રધાન હતા.

સ્વ.શ્રી છબીલદાસ મહેતા સાથે આ ગૃહમાં બેસવાનો મોકો મળ્યો છે એમના ટેકા સાથેની સરકાર પણ અમે બનાવેલી કાકાનું વ્યકિતત્વ એવું હંમેશા એક વ્હાલસોયો વર્તાવ હંમેશા એક દીકરા તરીકેનો ભાવ એમણે હંમેશા મારા તરફ રાખેલો હતો, મહુવાના વતની પૂજ્ય મોરારીબાપુનો જન્મ દિવસ હોય તો અવશ્ય જન્મ દિવસે એ જ્યાં હોય ત્યાંથી પૂજય બાપુ પાસે પહોંચવાનો અચૂક એ નિયમ પાળતા એટલું જ નહીં પણ શ્રીનાથજી પ્રત્યેની પણ પરમ શ્રદ્ધા એટલે નાથધ્વારા પણ અવારનવાર જાય અને આ બધા અનુભવો અમને બધાને બેસી અને જાગૃતિ એવી કે કોઈપણ સંઘર્ષ કરવો હોય તો એમની હંમેશા તૈયારી રહેતી કારણ કે, સંઘર્ષમાંથી પ્રજા સમાજવાદી પક્ષમાંથી એ આવેલા એટલે સંઘર્ષ મયી એ વાતાવરણ હતું એનો આપને પણ ખ્યાલ હશે કારણ કે, એમની સાથેનો પરિચય અને સ્વ.શ્રી બ્રહમકુમાર ભટ્ટ સાહેબનો પરિચય જે છે એ અમારા મુંબઈના આગેવાન શ્રી પ્રવિણચંદ્ર શીવજીભાઈ શાહ હતા પ્રજા સમાજવાદી પક્ષના આગેવાન એમને કારણે એમની સાથેનો નજીકનો પરિચય થયેલો અને એ જે પરિવાર છે એ આ બધાનું યજમાન પરિવાર હતું એમની સાથે સાથે સ્વ.શ્રી બ્રહમકુમાર ભટ્ટ સાથે પણ

અવારનવાર મળવાનું થતું. સ્વ.શ્રી છબીલકાકા અને સ્વ.શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ આ ગુજરાત રાજયના એક આદર્શ નેતાઓ હતા, ગૃહને ગાજતું રાખતા અને જાગૃત રાખતા અને એમના કવોટેશનો કે સ્પીચીસ હોય એ લાયબ્રેરીમાંથી વાંચન કરીને એને અમારા અનુભવમાં લઈને આગળ વધીએ છીએ એટલે આવા પ્રખર વિધવાન સભ્યો- વ્યકિતઓ આપણી વચ્ચે નથી એનો આપણને શોક હોય.

સ્વ.શ્રી અજિતસિંહ ફૂલસિંહ ડાભી પણ સંસદ સભ્ય તરીકે હતા ત્યારે કચ્છના સાંસદ ઉષાબેનની સાથે મળવાનું થતું અને એ પછી પણ અવારનવાર સેન્ટ્રલ હોલમાં મળીએ અને ખૂબ મિતભાષી અને એજ રીતે સ્વ.શ્રી પ્રહલાદભાઈ પટેલની સાથે બેસવાનું નહી પણ કાળા જાકિટધારીને આ ગૃહની અંદર જાગૃત અને આક્રમક ધારાસભ્ય તરીકે એમને જોયા છે. સ્વ.શ્રી બચુભાઈ ગોહેલ જે ગઢડાના ધારાસભ્ય હતા અને છઠ્ઠી વિધાનસભામાં એમની સાથે ગૃહમાં રહેવાનો મને મોકો મળ્યો છે. ખૂબ એકવળીયો બાંધો સફેદ કપડા પહેરે અને એ દબાયેલા કચડાયેલા વર્ગ માટે એટલે ખાસ કરીને એ જે વર્ગમાંથી આવતા હતા એ વર્ગના હિતો માટેની વાતો કરવામાં કયાંય પોતાનું પછાતપણું ન આવે અને એમને હક્કનું મળવું જોઈએ એ વાત કરનારા એ સ્વ.શ્રી બચુભાઈ ગોહેલ હતા .આ તમામ દિવંગત આત્માઓને ચિર શાંતિ માટે હું પ્રાર્થના કરું છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોક દર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એને અનુમોદન આપ્યું છે, તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તમામ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓને હું હૃદયપૂર્વક્ની શ્રદ્ધાંજલિ આપું છું અને અમારા વિસ્તારના, મહુવામાંથી જ અને મહુવાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવીને અને કર્મભૂમિ બનાવીને આગળ વધેલા એવા પૂર્વ મુખ્ય મંત્રી સ્વ.શ્રી છબીલદાસભાઈ મહેતા, એમની સાથેના કેટલાક અનુભવો હું આ તકે યાદ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી છબીલભાઈ કાયમ લોકોની સાથે લોક જીવનની સાથે ઓતપ્રોત રહેતા હતા. એમનું વ્યકિતત્વ લોકોને સાથે રાખીને સ્થાનિક વિકાસ કરવાનું હતું. ૧૯૫૦ થી ૧૯૬૦ દરમિયાન મહુવા નગરપાલિકામાં એમણે સ્વ.શ્રી જશવંતભાઈ મહેતા સાથે રહીને ખૂબ સુંદર વિકાસના કામો કર્યા હતા ત્યારથી મહુવાને સૌરાષ્ટ્રના કાશ્મીરનો દરજજો મળ્યો હતો એટલો બધો વિકાસ ત્યારે મહુવાએ કર્યો હતો. એ સમયગાળામાં જયારે બીજા નગરોમાં ગટર વ્યવસ્થા, ભૂગર્ભ ગટર લાઈન નહોતી ત્યારે સમગ્ર મહુવા શહેરની અંદર ભૂગર્ભ ગટરની વ્યવસ્થા એ લોકોએ કરી હતી. ૧૯૮૫માં જયારે સદ્‌ભાવના ટ્રસ્ટની સ્થાપના કરીને મહુવામાં હૉસ્પિટલ શરૂ કરી ત્યારે પણ કોઈપણ ઉદ્‌ઘાટન કાર્યક્રમ હોય કે હૉસ્પિટલનો નાનો કાર્યક્રમ પણ હોય ત્યારે તેઓ અચૂક હાજરી આપતા. એમની વકૃત્વ શકિત ખૂબ સારી હતી. ભાષણ કરવાની કળા મને ખૂબ પસંદ પડેલી. એક વખત નાનો કાર્યક્રમ હતો એ દિવસે કાળી ચૌદશનો દિવસ હતો. સાંજના સમયનો કાર્યક્રમ હતો તેઓ મહુવામાં હતા એટલે અમે વિનંતી કરી એટલે તેઓ ઉપસ્થિત રહ્યા હતા અને ત્યારે એમણે શરૂઆત કરી હતી કે કાળી ચૌદશના દિવસે એક ઉજળા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો મને મોકો મળ્યો છે એટલે એમનું કહેવાતું ભણતર ઓછું હતું પણ કોઠાસૂઝ ખૂબ વધુ હતી. જયારે ૧૯૯૮માં મારે એમની સામે ચૂંટણી લડવાનો મોકો આવ્યો, પ્રસંગ આવ્યો ત્યારે મને મીઠી મૂંઝવણ હૃદયમાં હતી કે આ મહાનુભાવ અમને સતત સાથ આપતા રહ્યા, દરેક કાર્યની અંદર પ્રેરણા આપતા રહ્યા છે. તેઓ અમને કહેતા કે કોઈપણ કામ હોય અને મારી ભલામણની જરૂર હોય તો મને કહેજો તો એમની સામે મારાથી કઈ રીતે ચૂંટણી લડાશે પરંતુ ખૂબ શાંતિપૂર્વક અને સૌમ્યતાપૂર્વક અમે સામસામે ચૂંટણી લડયા અને ચૂંટણીમાં જયારે મને વિજય મળ્યો ત્યારે હું એમની શુભેચ્છા લેવા માટે એમના ઘરે ગયો તો ખૂબ પ્રેમથી એમણે મારા ખભે હાથ મુકીને કહ્યું You deserve it Dr. Kalsariya, My all the best wishes with you. એવું ઉમદા અને ખેલદિલીપૂર્વકનું એમનું રાજકીય જીવન હતું. એક બીજી વાત પણ મને યાદ આવે છે ચૂંટણી પ્રચારના કાર્ય દરમિયાન એક હેડ લાઈન વારંવાર આવતી હતી કે તમે સારો નેતા પણ ગુમાવશો અને સારો સર્જન પણ ગુમાવશો એટલે મતદાન વિચારપૂર્વક કરજો પણ ખરેખર હું એમને વારંવાર યાદ કર્યા કરું છું કે એમની વાત સાચી હતી મારા જેવા માટે કેમકે હું માત્ર સર્જન તરીકે ત્યાં જાણીતો હતો અને મારી રાજકીય સુઝ બિલકુલ નહોતી પરંતુ એમને સતત લાગણીથી યાદ કરતો રહું છું છેલ્લા દિવસોમાં પણ પોતે રાજકીય જીવનને છોડી શકયા નહોતા. હનુમંત હોસ્પિટલ પૂજય મોરારીબાપુની કથા પ્રેરિત હોસ્પિટલને જયારે શરૂ કરવાની થઈ ત્યારે તેઓ સતત એ કાર્યમાં ઓતપ્રોત થયા અને પછીથી તેઓ રાજકીય કાર્યવિધિઓ સાથે એટલા બધા ઓતપ્રોત હતા કે છેલ્લા દિવસોની અંદર એમણે હનુમંત હોસ્પિટલની અંદરનું પોતાનું યોગદાન ઓછું કરી અને રાજકીય ક્ષેત્ર જ સ્વીકારી રાખ્યું હતું. એ ગાળા દરમિયાન મહુવાની અંદર સામાન્ય પ્રજામાં એ લાગણી વહેતી થઈ હતી હવે કદાચ માનનીય છબીલદાસભાઈ મહેતા રાજકીય ક્ષેત્ર છોડી અને સેવાના ક્ષેત્રમાં આવી જશે પરંતુ છેલ્લી ઘડી સુધી તેઓ એવું કરી નહોતા શકયા અને સતત રાજકીય કાર્યોમાં ઓતપ્રોત રહીને રાજકીય કામ દ્વારા જ લોકોનું ભલુ થાય એના માટે પ્રયત્નશીલ રહ્યા હતા અને હૃદયમંથન નામનું એક પુસ્તક પણ એમના અનુભવોનું એમણે છેલ્લા દિવસોની અંદર લખ્યું જેથી કરીને એમના રાજકીય અનુભવોનું ભાથું અન્ય લોકો પણ મેળવી શકે અને એમાંથી પ્રેરણા મેળવી શકે. આવા ખૂબ જ લોકો સાથે

ઓતપ્રોત અને રાજકીય ક્ષેત્રે સતત કાર્યરત એવા મહાનુભાવને હું શ્રદ્ધાંજલિ આપું છું અને એમના સગાવહાલાને દિલસોજીનો સંદેશો આપના મારફત પાઠવું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં હું મારો સૂર પૂરાવું છું અને સ્વ.શ્રી આપણા રાષ્ટ્રપતિ શ્રી આર.વેંકટરામનજી, પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહજી, આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ.શ્રી છબીલદાસ મહેતા સાથે મારા સ્વ. પિતાશ્રી એ બંને આ સરકારની અંદર મંત્રી તરીકે સાથે હતા, એના કારણે એમની સાથે મને એમનું કામ જોવાની તક મળી હતી. સ્વ.શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ ૧૯૭૨-૭૩ માં જ્યારે કોંગ્રેસના સંગઠનની અંદર કામ કરતા હતા ત્યારે એમની પણ કામગીરી જોવાની મને તક મળી હતી અને સ્વ.શ્રી અજિતસિંહજી ડાભી જેઓ અમારા વિસ્તારમાંથી પણ બે વખત સાંસદ તરીકે ચૂંટ્યા હતા. તેઓ ઘોડાસર સ્ટેટના ભાયાત હતા. ખેડા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પણ ૧૯૭૫ થી ૧૯૭૭ દરમ્યાન તેમણે સેવા આપી હતી. એમને માટે ગાંધી ચીંધ્યા માર્ગે એમના જીવનમાં ખૂબ ઊંડા ઊતર્યા હોય એ રીતે જીવનપર્યત એમણે ખાદીના જ કપડા અને ખાદી ગ્રામોદ્યોગ દ્વારા જ જાડા ચામડાના ચપ્પલ હોય એ જ પહેરી અને ગ્રામોદ્યોગ અને ખાદીને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો કરતા હતા. સાંસદ હતા ત્યારે પણ ક્ષત્રિય અને કચડાયેલા વર્ગની સેવા કરવા માટે દિવસ-રાત કામ કરતા હતા. ચૂંટણી દરમ્યાન પણ એમની સાથે કામ કરવાની અમને તક મળી હતી અને આજે જે જે મહાનુભાવોની શ્રદ્ધાંજલિ અહીં આપવામાં આવી છે, એમાં મારો સુર પૂરાવું છું અને આપના દ્વારા સ્વર્ગસ્થના સ્નેહીજનોને દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રી શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, એમાં મારું અનુમોદન આપું છું.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી આર.વેંકટરામન, પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. શ્રી છબીલદાસ મહેતા, બૃહદ મુંબઈ વિધાનસભા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સ્વ.શ્રી બ્રહમકુમાર ભટ્ટ અને પૂર્વ સભ્ય સ્વ.શ્રી કાંતિલાલ કેશવલાલ પટેલ, સ્વ.શ્રી અજિતસિંહ ફુલસિંહ ડાભી, સ્વ.શ્રી પ્રહલાદભાઈ કેશવલાલ પટેલ, સ્વ.શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલના અવસાનની બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, દરેક સભ્યશ્રીઓએ એમના જીવનની બાબતના દરેક સ્વ. વડીલના અભિપ્રાયોની ખૂબ સારી રીતે વાત કરી છે. હું એટલું કહીશ કે કોઈ વ્યકિત કેટલું જીવ્યો એને કોઈ યાદ કરતું નથી. એ વ્યકિત એના જીવનકાર્યમાં કેટલા સારા કાર્યો કરી ગયા એ હંમેશા યાદ કરતા હોય છે. સ્વ.શ્રી છબીલદાસ મહેતા મુખ્યમંત્રીશ્રી હતા, ત્યારે અુમની કેબિનેટમાં મને મંત્રી તરીકે એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. એક સાદી ગાંધીવાદી વિચારસરણી, ગામડાનો નાનામાં નાનો માણસ આવે તેનું કામ કેવી રીતે સરળ રીતે પતે, એમનો કામ કરવાનો જે અનુભવ હતો એના કારણે મને પણ એમની પાસેથી ઘણું બધું શીખવાનું મળ્યું છે. સ્વ.શ્રી બ્રહમકુમાર ભટ્ટ જી.ઈ.બી.ના ચેરમેન તરીકે એમણે કામગીરી કરી એને અત્યારે પણ ખેડૂતો ભૂલતા નથી, કારણ કે જી.ઈ.બી.ની સારી કામગીરીના કારણે ખેડૂતોને વીજળીમાં ખૂબ ફાયદો થયો હતો. વધારેમાં વધારે ખેતીની અંદર વધારે વીજળી મળતી હતી, એના કારણે ગુજરાતની જનતા અત્યારે બ્રહમકુમાર ભટ્ટને યાદ કરે છે. સ્વ.શ્રી અજિતસિંહ ડાભી અમારા ખેડા જિલ્લાના છે. ઘોડાસરના વતની છે. શ્રી અજિતસિંહ લોકસભાના સભ્ય તરીકે એમના વિસ્તારમાં શિક્ષણની સંસ્થાઓ ખોલીને ખેડા જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓને એ સંસ્થાનો લાભ પણ મળ્યો છે. સાદા, સિમ્પલ તરીકે જ્યારે જ્યારે ચૂંટણીમાં ઊભા રહ્યા છે, ત્યારે બહું સારી રીતે લીડથી ચૂંટાઈ આવતા હતા. આવા વડીલો આજે આપણી વચ્ચે નથી, ત્યારે વડીલોના આત્માને શાંતિ મળે અને તેમના કુટુંબીજનો ઉપર જે આફત આવી છે, તેની અંદર ભગવાન તેમને સાથ સહકાર આપે તેવી પ્રાર્થના કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને અમારા નેતાએ તેમાં સમર્થન આપ્યું છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાંની કેટલીક વિરલ વ્યકિતઓ એવી છે કે જે આઝાદી પહેલાં જન્મી, આઝાદીનો જંગ લડી અને આઝાદીનો જંગ લડયા પછી, આઝાદ થયા પછી સત્તાના સિંહાસન ઉપર બેસી અને જેનું કોઈ ન હોય તેવાની અમે સરકારો છીએ તે સાબિત કર્યુ છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી આર.વેંકટ રામનજી તે આઝાદી પહેલાંનું ભણતર અને આઝાદીની ચળવળ અને એકે એક જગ્યાએ પોતાની જવાબદારીપૂર્વકની કામગીરી બજાવતા બજાવતા તે બંધારણીય સભાના સભ્ય બને, તે બંધારણીય સભાના સભ્ય બનીને એવા લેખો લખાણાં કે જે લેખને આજે પણ આપણે ખૂબ વંદન સાથે તે લેખોનો આપણે વિચાર કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તે સાથે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ.વિશ્વનાથ પ્રતાપસિંહ, રાજકારણમાં સત્તાના સિંહાસનો ઉપર આવતાં પહેલાંનું આચરણ અને સત્તાના સિંહાસનો ઉપર બેઠા પછીનું આચરણ તે દર્શન કરાવે છે માનનીય અધ્યક્ષશ્રી વિશ્વનાથ પ્રતાપસિંહમાં. એક રાજવી પરિવારમાં જન્મ લેવો, યુવાન વયે ભુદાનની પ્રવૃત્તિ સાથે જે ભૂમિહીનો છે તેવા લોકો પાસે, જેની પાસે છે તેની પાસેથી લેવું અને જેની પાસે ન હોય તેવાને આપવું તેવી ભૂમિહીન પ્રવૃત્તિઓ સાથે અને ભુદાન ચળવળના માર્ગદર્શક બન્યા. કેટલાક નિર્ણયો એવા હોય છે કે જે નિર્ણયોમાં

સત્તા ખોવી પડે છે. રાજકારણમાંથી ભુંસાઈ જવું પડે છે. રાજકારણના હાંસિયામાં ધકેલાઈ જવું પડે છે પણ રાજકીય જીવનનો અસ્ત થાય છે તે વિચારોનો અસ્ત થતો નથી, તેવા વિશ્વનાથ પ્રતાપસિંહે જે નિર્ણયો પછાતો માટે, બક્ષીપંચ માટે, વંચિતો માટે જે નિર્ણયો લીધા તેમાં હરહંમેશ તે વંચિતો, ગરીબો આ નિર્ણયને વંદન સાથે સદાયકાળ યાદ રાખશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છબીલભાઈ મહેતા, એક માર્ગદર્શક તરીકે, ક્યાંક નાની ભૂલો થાય તો બાજુમાં બોલાવીને સમજાવે. યુવાન છો ખમીરથી કામ કરો છો પણ જો આવી નાની નાની ભૂલો તમને રાજકારણમાં પાછા પાડે તેવું સતત માર્ગદર્શન આપતા છબીલદાસ મહેતા સાહેબને મારી શોકાંજલિ અર્પુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. બ્રહ્મકુમાર ભટ્ટ સાહેબ, ૧૯૪૨ની હિંદ ચળવળના સાક્ષી. એક વિચાર સાથે જોડાય, એ વિચાર સાથે સંબંધ ન હોય તો તે વિચારને પણ છોડે અને ખ્યાલ આવ્યા પછી તે વિચાર સાથે ફરીથી જોડાય આવા યુવાન પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીકાળની પ્રવૃત્તિઓના હરહંમેશ માર્ગદર્શક રહ્યા છે તેવા સ્વ. બ્રહ્મકુમાર ભટ્ટ સાહેબને મારી શોકાંજલિ અર્પુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. અજિતસિંહ ફૂલસિંહ ડાભી સાહેબ, એક પ્રસંગ હતો એક કાર્યક્રમમાંથી તેમના દ ારે મને જ્યારે લઈ ગયા ત્યારે એક સામાન્ય પરિવાર લોકસભાના સભ્ય હોય, રાજકીય ક્ષિતિજ ઉપર ખૂબ મોટું નામ પરંતુ એમના ઘરની રહેણીકરણી, એમના ઘરની પરિસ્થિતિ ત્યારે આપણને લાગે કે આવા વ્યકિતઓને વંદન કરીએ, આવા વ્યકિતઓના વિચારો આપણામાં ક્યાંક સ્ફુરે તેવી ભાવના સાથેનું સતત માર્ગદર્શન આપતા સ્વ. અજિતસિંહ ફૂલસિંહ ડાભી સાહેબને મારી શોકાંજલિ અર્પુ છું. સ્વ. કાન્તિભાઈ પટેલ, સ્વ.પ્રહલાદભાઈ પટેલ અને સ્વ. બચુભાઈ ગોહીલ સાહેબને મારી સ્મરણાંજલિ અને શોકાંજલિ અર્પુ છું.

**અધ્યક્ષશ્રી** : લગભગ આઠ જેટલા મહાનુભાવોને શોકાંજલિ અર્પતો પ્રસ્તાવ રાજયના મુખ્યમંત્રીશ્રી લાવ્યા, વિપક્ષના નેતા સહિત આ ગૃહના ઘણા સભ્યોએ શ્રધ્ધાંજલિમાં પોતાનો સૂર પૂરાવ્યો. આપણે સૌ આ ગૃહના સભ્યો આપણા દેશના ઇતિહાસની જે સુવર્ણપળો આઝાદી પહેલાંની લડત અને આઝાદી પછી પ્રાપ્ત થયેલા લોકશાહીનો એક ઈતિહાસ રચવા માટે જે લોકોએ પોતાના જીવત સમર્પિત કર્યાં છે એવા પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. શ્રી આર. વેંકટરામનજી, રાજવી હોવા છતાં ભૂમિદાન પ્રવૃત્તિમાં જોડાઈને ગરીબ માણસો માટેની ચિંતા કરનાર પૂર્વ વડા પ્રધાન સ્વ. શ્રી વી.પી.સિંહજી જોડે ૧૯૯૦માં નાગરિક પુરવઠા મંત્રી હતો ત્યારે મળવાનું થતું હતું. ગુજરાત રાજયની રચના પહેલાં મહા ગુજરાતના આંદોલનના સાથીઓ સ્વ. શ્રી છબીલદાસ મહેતા, અને સ્વ. શ્રી બ્રહમકુમાર ભટ્ટ આઝાદી મળ્યા પછી આચાર્ય નરેન્દ્રદેવના પગલે એ કોંગ્રેસમાં ન જોડાયા, આઝાદી મળ્યા પછી પણ આ બંને મહાનુભાવોએ સ્વ. શ્રી અશોક મહેતાની સાથે રહીને ૧૯૫૮ થી ૧૯૬૦ના ગાળાની અંદર તેઓશ્રી કોંગ્રેસમાં જોડાયાં, બંન્નેના આખા જીવન મારા અંગત જીવનની અંદર પ્રેરણા પુરુષો રહ્યા છે. છબીલદાસભાઈએ માત્ર મુખ્યમંત્રી તરીકે નહીં, પણ માનનીય ડો. કનુભાઈએ કહ્યું તેમ, ખૂબ સાચી વાત કહી કે, જે દિવસે ગુજરાતની અંદર નગરજીવનની શરૂઆત થતી હતી એ દિવસે એમની નગરપાલિકા એ સમગ્ર ગુજરાતની અંદર શહેરી વિકાસની પહેલી પ્રાથમિક શાળાનું એક સુંદર કાર્ય મહૂવામાં થતું હતું અને એ જોવા માટે સૌ જતા હતા. દશ પગથિયાનો એક ઉપરનો માળ અને એ માળ ઉપર રહીને એક યુવાન નેતાએ આઝાદી પહેલાં એક સ્વતંત્ર વિદ્યાર્થી મૂવમેન્ટ શરૂ કરી અને સરદાર વલ્લભભાઈ પટેલના એમને આશીર્વાદ મળ્યા એ બ્રહમકુમારભાઈએ ત્યાર બાદ મહા ગુજરાતની અંદર નેતૃત્વ લીધું, અને આઠમી ઑગસ્ટ ઓગણીસો સત્તાવનના દિવસે તત્કાલીન કેન્દ્રની સરકારે ગુજરાતને જે અન્યાય કર્યો એ અન્યાયની સામે પહેલું બ્યૂગલ ખાડિયાની અંદરથી ફૂંકી આદરણીય બ્રહમકુમારભાઈએ લડતની શરૂ કરી અને ત્યાર પછી ઈન્દુલાલ યાજ્ઞિક અને એમની સાથે રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના હરિહર ખંભોળજા સહિત, પ્રબોધભાઈ સહિતના નેતાઓ જોડાયા, એ સમગ્ર ઈતિહાસ બ્રહમકુમારભાઈએ એમના પુસ્તકમાં લખ્યો છે, અને હરિહરભાઈએ પણ લખ્યો છે, અનેક વખત કામ માટે, ત્યાર પછી છેલ્લા દિવસોમાં મળવાનું થતું હતું, અને વિશેષ કરીને અમે મળતા હતા ખાડિયા ઈતિહાસ સમિતિમાં, એમના મનની અંદર એક ઈચ્છા હતી કે ગુજરાત રાજયની રચના માટેની જે લડત મેં લડી છે, અને ગુજરાત મહા ગુજરાતના ગુજરાતનું એક સ્વપ્ન બની રહ્યું છે ત્યારે પચાસ વર્ષ ગુજરાતના પૂરાં થાય છે ત્યારે એની અંદર પણ એક મહા ગુજરાતના આંદોલનના લડવૈયા તરીકે સ્વર્ણિમ ગુજરાતની એ પળ આવી છે ત્યારે એ બે વર્ષની રાહ જોઈને બેઠા હતા, એ દિવસે શું કરવું જોઈએ એની પણ એ ચિંતા કરતા હતા અને માર્ગદર્શન આપતા હતા અને એમણે કહેવડાવ્યું કે આ નિર્ણય જે છે શાસનની વ્યવસ્થાનો એ ખૂબ અભિનંદનીય છે, અને હું એમને અભિનંદન આપું છું કે, ગુજરાતના પચાસ વર્ષ ઊજવવા જોઈએ. આમ, બ્રહમકુમારભાઈ ખાડિયા ઈતિહાસ સમિતિમાં એમણે લખેલા પુસ્તકો ઉપરાંત ૧૮૫૭ની ચળવળમાં ખાડિયાનું યોગદાન એ એમનું એક પુસ્તક પ્રગટ થયું હતું, અને એ પણ ખૂબ જ સંશોધનાત્મક છે. શ્રી કાંતિભાઈ ખૂબ આખા બોલા છતાં વહીવટની અંદર એટલા કસકરકસરીયા વહીવટને માનનારા, અમે પ્રહલાદભાઈ સાથે એટલે કે ભગતની સાથે કડીમાં જઈએ એટલે સતત દોડતો માણસ કડીની અંદર મળે, પણ એ જ શ્રી પ્રહલાદભાઈને જેલની અંદર જોવાના, મીસા દરમિયાન એમની સાથે જેલમાં રહ્યા હતા. શ્રી અજિતસિંહભાઈ ડાભી ખેડા જિલ્લાના સક્રિય આગેવાન માત્ર ન હતા, પણ ક્ષત્રિય તરીકે એક

સમાજ સેવકની રીતે એમણે જે સમાજનું, લોકોનું અને જીવનની વ્યવસ્થાની અંદર બદલો લાવવાના જે કાર્યો કર્યા હતા, તેને આપણે સૌ યાદ કરીએ,

સૌથી દલિત માણસની ચિંતા કરીને આ સભાગૃહમાં પોતાની શૈલીમાં દલિત વ્યવસ્થાના અને દલિતોના પ્રશ્નો અને એમાં સુધારા કયા પ્રકાના હોઈ શકે એ બધું જ બચુભાઈના વકતવ્યોમાંથી આપણને જોવા મળશે. આમ આ સભાગૃહના આઠ સભ્યો જેમણે રાજયની શાસન વ્યવસ્થામાં રાજયના જાહેર જીવનમાં અને રાજયના સામાજિક પરિવર્તનની અંદર આઝાદી પહેલા અને કેટલાકે આઝાદી પછી જે કાર્ય કર્યું છે એ કાર્યને કાર્યાંજલિ આપીએ છીએ. આ દેશના ઈતિહાસના ગૌરવવંતા પુરુષો એ એવા ગૌરવવંતા પુરુષો કે જેમણે આઝાદી પ્રાપ્ત કરવા માટે કાર્ય કર્યું, સ્વતંત્રતા લાવવા માટેની લડત કરી. સ્વરાજ્ય પછી હંમેશા સુરાજ્યની ઝંખના કરી એવા બે મહાનુભાવો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પૂર્વ વડા પ્રધાનશ્રીને આ સભાગૃહે જે અંજલિ આપી છે તેને આપણે સૌ બે મિનિટ મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પિત કરીશું.

( આ તબક્કે ગૃહે બે મિનિટ મૌન પાળ્યું )

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી પ્રસ્થાપિત પ્રણાલિકાઓ મુજબ માજી રાષ્ટ્રપતિ, માજી વડા પ્રધાન અને માજી મુખ્ય મંત્રીશ્રીના અવસાન અંગે આ ગૃહે જે શોકાંજલિ અર્પી છે એના માનમાં ગૃહની આજની કાર્યવાહી મુલતવી રાખવા માટેનો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઈ શાહે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એમાં અમે સમર્થન આપીએ છીએ.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** :સભાગૃહનું આજનું કામકાજ મુલત્વી રાખવામાં આવે છે. સભાગૃહ આવતી કાલે બપોરે ૧૨.૦૦ વાગે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર , તા. ૧૮મી ફેબ્રુઆરી,૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**માઘ ૨૯, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા વીજળીના દરોમાં વધારો**

*૬૨૨૫ **શ્રી કાનજીભાઈ રા. તળપદા(ધોળકા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ-ગાંધીનગર અને સુરતને વીજળી પૂરી પાડતા ટોરેન્ટ પાવર લિમિટેડે વીજળીના દરો વધારવાની દરખાસ્ત તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે આપી,

(૨) આ દરખાસ્તથી કયારે કયારે કઈ કઈ તારીખથી કેટ કેટલો વધારો માગ્યો છે,

(૩) આ વીજ દર વધારવાની દરખાસ્તને મંજૂરી કયારે આપવામાં આવી, અને

(૪) કેટલી રકમનો વધારો મંજૂર કરવામાં આવ્યો?

**ઉર્જા મંત્રીશ્રી:**

(૧), (૨), (૩) અને (૪):

ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની જોગવાઈ મુજબ વીજદરો વધારવા અંગેની બાબત આ એકટ હેઠળ સ્વાયત્ત રીતે રચાયેલ વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની છે. તેમાં સરકારની કોઈ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે:

(૧) સને ૨૦૦૭ ના વર્ષમાં તા. ૬-૨-૨૦૦૭ ના રોજ તેમજ સને ૨૦૦૮ ના વર્ષમાં તા. ૮-૫-૨૦૦૮ ના રોજ ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા વીજદરો વધારવા અંગેની પિટીશન નામદાર આયોગ સમક્ષ દાખલ કરવામાં આવી હતી.

(૨) તા. ૬-૨-૨૦૦૭ ની પિટીશનથી ટોરેન્ટ પાવર લિમિટેડે આવક અને ખર્ચ વચ્ચે રૂા. ૩૦૮.૧૦ કરોડનો તફાવત દર્શાવી નામદાર આયોગને યોગ્ય તે નિર્ણય લેવા વિનંતી કરી હતી, પરંતુ નામદર આયોગે વીજ દરોમાં કોઈ વધારો કર્યો ન હતો.

(૩) તા. ૮-૫-૨૦૦૮ ના રોજ રજૂ થયેલ પિટીશનથી ટોરેન્ટ પાવર લિ. દ્વારા સને ૨૦૦૮-૦૯ માટે ૭.૮૧ % નો વધારો માંગવામાં આવ્યો હતો, પરંતુ નામદાર આયોગે અમદાવાદ-ગાંધીનગરના ગ્રાહકો માટે માત્ર ૧.૩૦% નો વધારો મંજૂર કરેલ છે. જે અંદાજીત રૂા. ૨૪/- કરોડની રકમ થશે. જયારે સુરતના ગ્રાહકો માટે ૧.૬૪ % નો વધારો મંજૂર કરવામાં આવેલ છે, જે અંદાજીત રૂા. ૨૦ કરોડની રકમ થશે.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે આ વીજ કંપનીને પૂરા પાવર્સ છે અને એણે આ ભાવ વધારો કર્યો છે, પ્રત્યક્ષ રીતે નહીં તો પરોક્ષ રીતે પણ સરકારની જવાબદારી રહે છે. એટલે સરકારે આમાં કાંઈ પૂરતું ધ્યાન આપ્યું નથી. તો એ રીતે આ વીજ દર વધારો એ સરકાર તરફથી જ કરવામાં આવ્યો છે એ હકીકત સાચી છે?

બીજું કે છેલ્લા એક વર્ષમાં ૪ વખત ભાવ વધારો કર્યો છે જેનાથી પ્રજા ઉપર ૧૮૦૦ કરોડ રૂપિયાનો બોજો પડયો છે તે હકીકત સાચી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને માહિતી આપવી છે કે જે ટેરિફ નકકી કરવામાં આવે છે એમાં રાજય સરકારનો કોઈ જ રોલ નથી. જયારે પ્રાઈવેટ કંપની કે યુટિલીટી હોય એમને કાયદાની જોગવાઈ પ્રમાણે ટેરિફ પિટિશન ફાઈલ કરતી હોય છે. એ રેગ્યુલેટરી કમિશનમાં ફાઈલિંગ થતું હોય છે. રેગ્યુલેટરી કમિશનમાં આ જયારે ફાઈલ થાય છે ત્યારે એ એનો ડિટેલમાં અભ્યાસ કરે છે અને ત્યારપછી છાપામાં જાહેર ખબર આપીને વાંધા અરજીઓ મંગાવે છે અને આ કેસમાં એટલે કે ટોરેન્ટના કેસમાં ૧૧-૮-૦૮ થી ૬-૯-૦૮ સુધી તેમણે પબ્લિક હીયરીંગ કર્યુ છે. કુલ ૪૨ લોકોએ અરજીઓ કરી હતી તેમને બોલાવવામાં આવ્યા હતા અને એમાંથી ૩૮ લોકોએ જે વિષયમાં કહેવાનું હતું એ વિષયમાં ટેરિફ ઓર્ડર માટે કહયું અને ટેરિફ ઓર્ડર આપ્યા પછી ૧૭-૧-૦૯ એ આ પિટીશનનું ડિકલેર કર્યુ અને જે વધારો આપ્યો છે એ ૧.૩ ટકા ટોરેન્ટ પાવર અને ટોરેન્ટ પાવર સુરતમાં ૧.૪ ટકા વધારો આપ્યો છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : હું આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ટોરેન્ટ વીજ કંપનીના કુલ કેટલા ગ્રાહકો છે અને આ વીજ દર વધાર્યો એનાથી કઈ કક્ષાના કેટલા ગાહકોને આ વીજ દર વધારાની અસર થઈ નથી?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ગ્રાહકોની સંખ્યા હોય તો આપો.

**શ્રી સૌરભ પટેલ** : મારી પાસે બધી જ માહિતી છે અને માનનીય સભ્યશ્રીઓને એ માહિતી મળવી જરૂરી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં કુલ ૧૪.૮૫ લાખ ગ્રાહકો છે એમાં રેસિડેન્શિયલ કન્ઝયુમર ૧૧.૧૬ લાખ છે અને એમાંથી ૧૦.૦૨ એટલે ૯૧ ટકા ગ્રાહકોને કોઈ પણ જાતની અસર થતી નથી. એવી જ રીતે કોર્મશિયલ કન્ઝયુમર એ ૩.૦૬ લાખ છે અને એમાંથી ૨.૮૩ લાખ એટલે કે ૮૬ ટકા ગ્રાહકોને કોઈ જ અસર થતી નથી અને જે અસર થાય છે એ માત્ર જે ગ્રાહકોને થાય છે એ માહિતી આપું કે રેસિડેન્શિયલમાં ૨૦૦ યુનિટથી વધારે માસિક વાપરે છે એને ૧૫ પૈસા પર યુનિટ થાય છે અને કોર્મશિયલમાં ૫ પૈસાનો વધારો પર યુનિટ ૨૦૦ યુનિટથી વધારે થાય તો છે. એલ.ટી.પી. અને એગ્રીકલ્ચરમાં કોઈ જ વધારો નથી, એલ.ટી.પી.એ-૧ માં ૬ પૈસાનો, એલ.ટી.પી.એ-૨ માં ૫ પૈસાનો અને એલ.ટી. એમ-૧ માં ૫-૫ પૈસાનો વધારો છે. મારે કહેવું છે કે આ ૫ પૈસા કે ૧૦ પૈસાનો વધારો આપ્યો છે એ રેગ્યુલેટરી કમિશને આપ્યો છે અને એની અંદર રાજય સરકારનો કોઈ જ રોલ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપની મારફતે કહેવા માગું છું કે રેગ્યુલેટરી કમિશનની નિમણૂક રાજય સરકાર કરે છે. એટલે રાજય સરકારના અધિકારમાં એ પણ આવે છે અને રાજય સરકારની જવાબદારી પણ આવે. સેકશન ૧૦૮ એકટની જોગવાઈ સ્પષ્ટ છે કે પબ્લિક ઈન્ટરેસ્ટમાં રાજય સરકાર રેગ્યુલેટરી કમિશનને આદેશ આપી શકે અને બન્ને વચ્ચે કોન્ફલીકટ થાય તો સેકશન ૧૦૮ સબ સેકશન (૨) પ્રમાણે રાજય સરકારનો આદેશ છે એ પ્રિવેલ કરે વારંવાર વીજ દરોનો વધારો આવે ત્યારે મારી જવાબદારી નથી એમ કહીને સરકાર ન બેસી શકે, એટલે આ બાબતમાં રાજય સરકાર કોઈ આદેશ આપીને, ઈન્ટરનેશનલ મારકેટમાં ફયુઅલ ચાર્જ ઘટયા છે, કોલસો સસ્તો થયો છે ત્યારે ગુજરાતમાં સસ્તી વીજળી મળે તે માટે રાજય સરકાર પોતાના અધિકારો વાપરીને કોઈ આદેશ આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સભ્યશ્રીએ કહ્યું કે વારંવાર વીજળીના ભાવમાં વધારો, મારે દુ:ખ સાથે કહેવું પડે છે, માનનીય અધ્યક્ષશ્રી મારે સભ્યશ્રીને માહિતી આપવી છે અને મારે ખુલાસો કરવો છે કે આ પ્રશ્ન છે તે માત્ર ટેરીફ માટેનો છે. અને છેલ્લે ટેરીફનો વધારો ૨૦૦૨માં કરવામાં આવેલો હતો. એટલે સાત વર્ષ સુધી રેગ્યુલેટરી કમિશને ટેરીફમાં કોઈ વધારો કર્યો નહોતો. ૨૦૦૨ પછી આ ૨૦૦૯માં વધારો આપ્યો છે. સાત વર્ષ સુધી કોઈ વધારો આપ્યો નથી તે સ્પષ્ટ કરવા માગું છું.

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉર્જા ક્ષેત્રે એમ.ઓ.યુ.**

***૫૪૩૨ શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન વધારવા માટેના કુલ કેટલા એમ.ઓ. યુ. કરવામાં આવ્યા,

(૨) કુલ કેટલી રકમનું મૂડી રોકાણ થયું, અને

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** :

(૧), (૨) અને (૩) તાજેતરમાં ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે કુલ ૯૯ (નવ્વાણું) એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેના થકી રૂા. ૩,૧૩,૧૪૪/- કરોડના અંદાજીત મૂડી રોકાણથી ૫૧.૬૪૮ મેગાવોટ વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી મારે એ જાણવું છે કે વીજ દર વધારવા માટે વીજ નિયમન પંચ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય ભગવાનજીભાઈ, તમારો પ્રશ્ન ક્રમાંક-૨ ચાલુ થઈ ગયો છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તેના જવાબથી મને સંતોષ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આની પહેલા ૨૦૦૭માં ૩ ગ્લોબલ સમિટ થઈ હતી. એ સમિટમાં કેટલા મેગાવોટ ઉત્પાદન કરવાના એમ.ઓ. થયા હતા અને.....

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ૨૦૦૯ની ગ્લોબલ સમિટનો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ તમારે બધાને ભૂલી જવાનું હોય, માનનીય અધ્યક્ષશ્રી, હજુ મારો પ્રશ્ન પૂરો નથી થયો ત્યાં ઉભા થઈ જાય છે, માનનીય મંત્રીશ્રીને જવાબ ન આપવો હોય તો ન આપે, એમાંથી એકેય અમલમાં ન આવ્યા હોય તો મને વાંધો નથી. પણ આ પ્રશ્ન નહીં પૂછવા દેવાનો? મને ખબર છે કે એમ.ઓ.યુ. કઈ જાતના થાય છે. પ્રશ્નની શરૂઆત થાય તે વખતે રોકવામાં આવે તો પ્રશ્ન કેમ પૂછી શકાય? ૨૦૦૩માં કંઈ ન થયું હોય, ૨૦૦૫માં કંઈ ન થયું હોય, ૨૦૦૭માં કંઈ ન થયું હોય તો પણ મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : પૂરક પ્રશ્નની મર્યાદા હોય છે તે મર્યાદામાં રહીને તમે પ્રશ્ન પ્રછો. તમે ૩ વર્ષની વિગતો માગો તો મંત્રીશ્રી જવાબ ન આપી શકે એ તરફ તમારું ધ્યાન દોરે છે. આપણે પ્રશ્ન દાખલ કરતી વખતે પણ મર્યાદા રાખીએ છીએ અને ૩ વર્ષ અગાઉનો પ્રશ્ન હોય તો તેને અતારાંકિત કરીએ છીએ, એટલે દાખલ થયેલ પ્રશ્નમાંથી જે પ્રશ્ન ઉભો થાય તે તમે પૂછી શકો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રી પાસે જવાબ ન હોય તો ન આપે, મને વાંધો નથી. પણ મેં માહિતી માગી છે એક માહિતી એ છે, બીજી માહિતી એ છે કે....

**અધ્યક્ષશ્રી** : તમે શું માહિતી માગી છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં ૩ વર્ષની નથી માગી, આ માત્ર બે વર્ષ પહેલાનો પ્રશ્ન છે. ૨૦૦૭માં જે ગ્લોબલ સમિટ થઈ હતી તેમાંથી કેટલા મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાના એમ.ઓ.યુ. થયા હતા અને એમાંથી કેટલા ઉત્પાદનમાં ગયા તે માહિતી જોઈએ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ પ્રશ્ન ૨૦૦૯ પૂરતો સીમિત છે, તેથી એની મર્યાદામાં રહીને પ્રશ્ન પૂછો તો જ એનો જવાબ આપી શકશે. ૨૦૦૭-૨૦૦૮નો પ્રશ્ન પૂછો તો માનનીય મંત્રીશ્રી જવાબ ન આપે. આપે પ્રશ્ન પૂછવો હોય તો આ પ્રશ્નના પૂરક પ્રશ્નની મર્યાદામાં રહીને પ્રશ્ન પૂછો, પૂરક પ્રશ્ન પ્રશ્નની મર્યાદામાં હોય તો જ હું એલાઉ કરીશ. ૨૦૦૭નો પૂછો તો મારે ના જ પાડવી પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭માં એમની પાસે કંઈ નહિ હોય. એટલા માટે ૨૦૦૯ની માહિતી માગું છું. આ જે એમ.ઓ.યુ. થયા એ એમ.ઓ.યુ.ના ઈમ્પ્લીમેન્ટેશન કેટલા વર્ષની અંદર કરવાના છે એના માટે કોઈ શરત રાખી છે કે આટલા વર્ષમાં પૂરા કરવાના છે. આ એમ.ઓ.યુ. જે ઉદ્યોગપતિઓએ કર્યા છે એમની પાસેથી આ ઈમ્પ્લીમેન્ટેશન થાય એના માટેની કોઈ બાહેધરી લેવામાં આવી છે કે કેમ? કારણ કે આ કંઈ થવાનું નથી, ૨૦૦૫માં કંઈ ન થયું, ૨૦૦૭માં પણ કંઈ ન થયું (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે કંઈ પૂછયું અને વાત કરી કે ગુજરાતની અંદર ઊર્જા ક્ષેત્રે કંઈ થતું જ નથી એવા એમણે પોતાના વિચારો રજૂ કર્યા. જ્યારે બીજી બાજુ કેન્દ્ર સરકારે ગઈકાલે ગુજરાતને જેટકો કંપનીને ગોલ્ડ એવોર્ડ આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં ૨૦૦૭ની વાત કરી તો મને રોકવામાં આવ્યો

**અધ્યક્ષશ્રી** જ્યારે મંત્રીશ્રી કેન્દ્ર સરકારની કોઈ ટીકા કરતા હોય તો રોકુ તેથી માનનીય મંત્રીશ્રીને વિગત આપવા દો. મેં તમને અગાઉના વર્ષના પ્રશ્નો પૂછતા રોક્યા છે. માનનીય અર્જુનભાઈ, આપ અગાઉના વર્ષનો પ્રશ્ન પૂછતા હતા એટલા માટે રોક્યા છે જ્યારે મંત્રીશ્રી તો અહીંયા ફક્ત કેન્દ્ર સરકાર એટલું જ બોલ્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : એમ.ઓ.યુ. થયા છે એમાં વિગતવાર એનાલીસીસ કરવામાં આવે છે. પ્રાઇવેટ કંપનીઓને જમીનથી માંડીને ફયુઅલ સોર્સીસથી માંડીને બધી જ મદદ કરવામાં આવે છે. આ પ્રો એકટિવ પૉલિસીને કારણે ગુજરાત દેશમાં એનર્જી હબ બન્યું છે. આજની તારીખમાં દેશ અને વિદેશની અંદર તથા દેશની અંદર કેન્દ્રના મંત્રીશ્રીને પૂછો કે, કર્ણાટકના મંત્રીશ્રીને પૂછો કે આંધ્રના મંત્રીશ્રીને પૂછો કે મહારાષ્ટ્રના મંત્રીશ્રીને પૂછી શકો છો, છેલ્લા ત્રણ વર્ષની અંદર સાત સાત દિવસની ટીમ લઈને ગુજરાતમાં ઊર્જા વિભાગનો સંપૂર્ણ અભ્યાસ કરવા માટે આવે છે. મારે આનંદ સાથે કહેવું છે કે છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર પાસેથી ગુજરાતમાં સારામાં સારી એજન્સીઓને કારણે છેલ્લા બે વર્ષમાં ૧૪ એવોર્ડ અને ગઈકાલે એક એવોર્ડ એમ કુલ ૧૫ જેટલા એવોર્ડ ઊર્જા ક્ષેત્રે આપણને મળ્યા છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે.. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે પ્રશ્નો મંત્રીશ્રીને પૂછ્યા છે.

**અધ્યક્ષશ્રી** : એમ.ઓ.યુ.વાળી વાત તો કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એ પ્રશ્ન કર્યો હતો કે આ જે એમ.ઓ.યુ. થયા એ કેટલા વર્ષમાં ઈમ્પ્લીમેન્ટેશન થવાના છે એના માટે કોઈ બાહેધરી લેવામાં આવી છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આ જે એમ.ઓ.યુ. થયા છે એ ડિફરન્ટ ડિફરન્ટ કંપનીઓ દ્વારા થયા છે. ડિફરન્ટ ડિફરન્ટ ફયુઅલ દ્વારા થયા છે. કોઈમાં ઈમ્પોર્ટેટ કોલ તો કોઈમાં ગેસના થયા છે. એટલે ફયુઅલનું ટાઇમ થવું જોઈએ એ થયા પછી રાજય સરકાર સંપૂર્ણ મદદ કરે છે. એનો પિરિયડ છે એ એન્વાયરમેન્ટથી માંડીને કેન્દ્રમાંથી બધું લાવવું પડે છે. ફયુઅલ નક્કી થાય તો ત્રણ થી માંડીને પાંચ વર્ષમાં એમ.ઓ.યુ. કાર્યરત થતા હોય છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વાઈબ્રન્ટ સમિટમાં ઉર્જા અંગેના એમ.ઓ.યુ. થયા તેમાં કેટલી આંતરરાષ્ટ્રીય કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ ઇન્ટરનૅશનલ કંપનીઓએ આમાં ટાઈઅપ કર્યું છે અને તેમાં ખાસ કરીને જોવા જઈએ તો સોલરમાં અને વીન્ડ એનર્જીમાં યુ.એસ.એ., યુ.કે., ઇઝરાયલથી માંડીને અનેક કંપનીઓએ આની અંદર રસ બતાવ્યો છે. આપણે ત્યાં આ વખતે પહેલી વખત મોટી મોટી ઇન્ટરનૅશનલ કંપનીઝ કે જેની પાસે પોતાનો કોલ માઈન્સ છે. એ કોલ માઈન્સને તેમને વેલ્યુએડીશન કરવું છે એ વેલ્યુએડીશન માટે તેમણે ગુજરાતની ધરતી સ્વીકારી છે અને ગુજરાતના પૉર્ટ ઉપર ઈન્ડોનેશિયાથી કોલ લાવીને અહીં કન્વર્ટ કરવાનું એ લોકોએ નક્કી કર્યું છે. આવી એક કંપની છે જે સિંગાપોરની ૧૦ હજાર મેગાવોટની ઈમ્પોર્ટેડ કોલ બેઝ થર્મલ

પાવર યુનિવર્સલ ગેસ કંપની, તેમણે આખા કોસ્ટ લૅન્ડમાં ગુજરાતની ધરતી નક્કી કરી છે અને એ માત્રને માત્ર આપણી જે પ્રોએકટીવ જનરેશન પૉલિસીને આધારે આ કરવામાં આવ્યું છે.

**સચિવાલયમાં સેકશન અધિકારીની જગ્યાઓ**

*** ૬૩૨૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલયમાં સેકશન અધિકારી સંવર્ગની વર્ગ-૨ની મંજૂર થયેલ જગ્યા કેટલી છે,
૨. તેની સામે ભરાયેલી જગ્યા કેટલી છે,
૩. મંજૂર થયેલ કુલ જગ્યા સામે અનુસૂચિત જનજાતિની કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, અને
૪. આ જગ્યાઓ કેટ કેટલા સમયથી ખાલી છે અને આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) :

૧. તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલય સંવર્ગના સેકશન અધિકારીઓની જગ્યાઓનું સંખ્યાબળ ૪૬૨ છે.
૨. આ ૪૬૨ પૈકી ૩૮૦ જગ્યાઓ ભરેલી છે.
૩. ભરાયેલ ૩૮૦ જગ્યાઓ પૈકી અનુસૂચિત જનજાતિથી ભરવાપાત્ર સંખ્યા કરતાં પણ વધુ જગ્યાઓ ભરેલી છે. જેની સંખ્યા ૫૦ છે.
૪. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે માહિતી આપવામાં આવી છે એ બરાબર નહીં હોય એમ મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન ઉપર જાવ.

**શ્રી અશ્વિન કોટવાલ** : આમાં લખ્યું છે કે ૩૮૦ જગ્યાઓ ભરેલી છે. તે પૈકી અનુસૂચિત જનજાતિની ભરવાપાત્ર સંખ્યા કરતાં વધુ જગ્યાઓ ભરેલી છે. એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૫ ટકા રોટેશન પ્રમાણેનો અમલ થયો છે કે નહીં? કેટલી જગ્યાઓ ભરી છે અને કેટલી જગ્યાઓ ભરવાની છે અને બીજો પ્રશ્ન એ છે કે જે જગ્યાઓ ભરી છે તેમના નામોની યાદી અહીં માનનીય મંત્રીશ્રી રજૂ કરે અથવા તેમની પાસે ન હોય તો વિધાનસભાના મેજ ઉપર મૂકે. આ મારી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ મંજૂર થયેલ જગ્યાઓ ૪૬૨ છે. તેમાંથી ૩૮૦ જગ્યા છે એ આજે ભરેલી છે. તેમાં રૉસ્ટર પદ્ધતિ પ્રમાણે અનુસૂચિત જનજાતિની જે ટકાવારી છે એ ૧૫ ટકા છે. એટલે ૩૮૦ની દૃષ્ટિએ જૂઓ તો એ ૧૫ ટકા પ્રમાણે ૫૭ થવી જોઈએ. પરંતુ આપણો ૩૧-૭-૮૯નો ઠરાવ છે તેમાં રૉસ્ટર પદ્ધતિમાં ત્રણ પ્રકારથી ભરતી થાય છે. એક સીધી ભરતી થાય છે. બીજી ભરતી થાય છે એ બઢતીથી થાય છે. ત્રીજી ભરતી સ્પેશ્યલ સીલેકશનથી થાય છે. શરૂઆતમાં ભૂતકાળમાં ૨૫ ટકા ડાયરૅક્ટ હતી અને ૭૫ ટકા ભરતી બઢતીથી હતી. પછીથી ડાયરૅક્ટ ભરતીના બે ભાગ પાડ્યા, કેન્દ્ર સરકારે પણ કહ્યું એ પ્રમાણે સીધી ભરતીના ૧૫ ટકા અને સૅમી ડાયરૅક્ટના ૧૦ ટકા એટલે ૧૫ ટકા અને ૭૫ ટકા, એટલે સીધી ભરતીના આમાં ૩૬ લોકો છે. ભરતીમાં. બઢતી પામેલા ૨૯૬ લોકો કુલ છે. સૅમી ડાયરૅક્ટ ૪૮ છે. પરંતુ ૩૧-૭-૮૯ના ઠરાવ મુજબ સૅમી ડાયરૅક્ટની જે ભરતી થઈ હોય તેને આની અંદર ગણતરીમાં લેવાનું નથી. એવું નક્કી છે. આ ૧૯૮૯નો ઠરાવ છે. અમારા વખતનો નથી. ભૂતકાળનો થયેલો ઠરાવ છે એ આજે ચાલુ છે. એટલે જે આ બાકી રહ્યા એ ૩૬ સીધી ભરતી અને ૨૯૬ એ બઢતી એટલે કુલ ૨૩૨માંથી આપણે ૧૫ ટકા ગણીએ તો ૨૩૨ના ૧૫ ટકા લેખે ૪૯ લોકોની ભરતી થવી જોઈએ તેના બદલે ૫૦ લોકોની ભરતી થયેલ છે અને આ ૫૦ લોકોની જે ભરતી થઈ છે.એના નામ જોઈતા હશે તો હું ચોક્કસ આપીશ. આપ કહેશો તો ટેબલ ઉપર મૂકીશ અને તમે કહો તો તમને આપીશ. (અંતરાય) એ જ છે. તા.૩૧-૭-૮૯નો ઠરાવ છે. એ ઠરાવની અંદર કહ્યું છે કે, જેમાં ૨૫ ટકા ઓછી ભરતીનું પ્રમાણ હોય તો એને આમાં ન ગણવી. આ લિટિગેશનનો સવાલ છે અને અત્યારે હાઈકોર્ટમાં ૧૮૬૭૭/૫થી આ કેસ દાખલ થયેલ છે અને અત્યારે આ મેટર સબ જયુડિસ છે. સીધી ભરતીના હોય અને બઢતીના હોય એમાં સૅમી ડાયરૅક્ટ લેવાના નહીં એટલે આ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમણે જે ડાયરૅક્ટ ભરતી, પ્રમોશન અને સૅમી ડાયરૅક્ટ ભરતીની વાત કરી. એમાં ડાયરૅક્ટ ભરતી અને પ્રમોશનથી ભરતી કરવામાં આવે છે પણ સૅમી ડાયરૅક્ટથી ભરતી કરવામાં આવતી નથી અને એના નિયમો પણ બનાવવામાં આવ્યા નથી. એસ.સી. અને એસ.ટી. બન્નેમાં બનાવ્યા નથી. એસ.સી. અને એસ.ટી. બન્નેમાં તમે નિયમો બનાવ્યા હોય તો જાણ કરો અને ન બનાવ્યા હોય તો કયાં સુધીમાં બનાવવામાં આવશે? જેથી એસ.સી. અને એસ.ટી.ના કર્મચારીઓને અન્યાય ન થાય.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તમામ પ્રકારના ઠરાવો અને જી.આર. છે. આ કામગીરી જી.આર. પ્રમાણે જ થાય છે અને આની અંદર કોઈપણ કર્મચારી કે મંડળને એ એસ.સી.ને લગતા હોય કે એસ.ટી.ને લગતા હોય, કોઈપણ પ્રકારનું ધ્યાન દોરવા જેવું હોય, અન્યાય થયો હોય તો એસોસિએશનને લઈને આવશો તો મારા અધિકારી સાથે બેસીને પૂરેપૂરો સંતોષ આપે એવું કરીશું. નિયમ અને જી.આર. પ્રમાણે જે કાર્યવાહી ચાલે છે.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરકાર આદિવાસીઓની બહુ વાતો કરે છે.

**અધ્યક્ષશ્રી** : કોઈપણ રિમાર્કસ કર્યા વગર પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૭-૧૯૮૯નો ઠરાવ છે એ ઠરાવ સરકાર રદ કરીને આદિવાસીઓને લાભ આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારમાં આજે પણ આ ઠરાવ અમલમાં છે. એના અનુસાર આ ઠરાવ કરેલ છે. આપ પણ કેન્દ્ર સરકારમાં કહો, કેન્દ્ર સરકાર જે વાત સ્વીકારશે એ જ પ્રમાણે આપણે કરીશું. રૉસ્ટરમાં પણ એ પ્રમાણે ગુજરાત સરકારે કર્યું છે. એમાં નવીન કાંઈ અમે કરતા નથી. તા.૩૧-૭-૧૯૮૯નો ઠરાવ અત્યારે સબ જયુડિસ છે અને હાઈકોર્ટમાં પેન્ડીંગ છે.

**રાજય સરકારને ઊર્જા ક્ષેત્રે મળેલ એવોર્ડ**

***૫૪૩૯ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) ઊર્જા ક્ષેત્રે કામગીરી બદલ રાજય સરકારને ડિસેમ્બર-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્યમંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ઊર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજય સરકારને ડિસેમ્બર-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ - ૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર, ૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો**

| ક્રમ<br>૧ | એવોર્ડનું નામ<br>૨ | એવોર્ડ આપનાર<br>૩ | એવોર્ડ મેળવનાર<br>૪ |
|---|---|---|---|
| ૧. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ<br>(ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (સિલ્વર શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ |
| ૩. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ<br>(બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ઉત્તર ગુજરાત વીજ કંપની |
| ૪. | સ્ટેટ પાવર એવોર્ડ ફોર એક્સેલન્સ ઓફ સ્ટેટ ગવર્નમેન્ટ ઈન પાવર સેક્ટર અન્ડર કોર્પોરેટ એક્સેલન્સ (ઈન્ફ્રાલાઈન એક્સેલન્સ એવોર્ડ, ૨૦૦૭) | મીનીસ્ટ્રી ઓફ પાવર | રાજ્ય સરકાર |
| ૫. | બિનપરંપરાગત ઉર્જા ક્ષેત્રે બોક્ષ ટાઈપ સૂર્ય કૂકર યોજના માટે શ્રેષ્ઠ કામગીરી માટે (પ્રથમ ઈનામ) | કેન્દ્ર સરકારના નવીન અને નવીકરણીય ઊર્જા મંત્રાલય, નવી દિલ્હી | ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા |
| ૬. | મહત્તમ હાઈડ્રો ઉત્પાદન માટે<br>(બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઈ હાઈડ્રો) |
| ૭. | પાવર સેકટર રિફોર્મ્સ એન્ડ ઈનીશિયેટીવ્ઝ ઈન ગુજરાત સ્ટેટ (ઈન્ડીયા ટેક એક્સેલન્સ એવોર્ડ, ૨૦૦૭) | ઈન્ડીયા ટેક ફાઉન્ડેશન, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૮. | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૯. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ ગોલ્ડ શીલ્ડ | ગ્રીનટેક ફાઉન્ડેશન, નવી દિલ્હી | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ધુવારણ ગેસ બેઈઝ એકમ) |
| ૧૦. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ | ગ્રીનટેક ફાઉન્ડેશન, | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી |

| ક્રમ<br>૧ | એવોર્ડનું નામ<br>૨ | એવોર્ડ આપનાર<br>૩ | એવોર્ડ મેળવનાર<br>૪ |
|---|---|---|---|
| | સિલ્વર શીલ્ડ | નવી દિલ્હી | કોર્પોરેશન લી. (ઉત્રાણ ગેસ બેઈઝ એકમ) |
| ૧૧. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ એવોર્ડ<br>પ્રસંશાપાત્ર | ગ્રીનટેક ફાઉન્ડેશન,<br>નવી દિલ્હી | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ગાંધીનગર ટી.પી.એસ.) |
| ૧૨. | વીજ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે<br>(નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૧૩. | ઊર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિધ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૧૪. | અન્ય રાજ્યોની સરખામણીમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સોથી વધુ પવન ઉર્જાની ક્ષમતાનો ઉમેરો કરવા માટે (એવોર્ડ) | વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઓફ સસ્ટેનેબલ એનર્જી, પૂના | ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા |

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારને માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારને ૮૫ જેટલા એવોર્ડ મળ્યા છે. ગઈકાલે જે ઊર્જા ક્ષેત્રમાં પણ એવોર્ડ મળ્યો છે. ઊર્જા ક્ષેત્રે ગુજરાત સરકારને છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા એવોર્ડ મળ્યા છે અને એના કયાં કયાં કારણો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસના માનનીય સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે, યુ.પી.એ.ની કેન્દ્ર સરકારે મધ્ય ગુજરાત વીજ કંપની લી.ને દેશની સારામાં સારી ડિસ્ટ્રીબ્યુશન કંપની જાહેર કરી છે અને એને ગોલ્ડ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ડિસ્ટ્રીબ્યુશન સૅકટરની અંદર બ્રોન્ઝ મેડલ ઉત્તર ગુજરાત વીજ કંપનીને આપવામાં આવ્યો હતો. એટલે એનો અર્થ એ થાય કે, ત્રણમાંથી બે એવોર્ડ ડિસ્ટ્રીબ્યુશન સૅકટરના કેન્દ્ર સરકારે ગુજરાતને આપ્યા છે. એવી જ રીતે જીટકોને ટ્રાન્સમિશન સૅકટરમાં સિલ્વર મેડલ આપવામાં આવ્યો હતો. એવી જ રીતે નોન કન્વેન્શનલની અંદર પણ જેડાને સારામાં સારું પહેલું પ્રાઈઝ આપી અને આપણું ગૌરવ વધાર્યું છે. એવી જ રીતે હાઈડ્રોની અંદર પણ ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કૉર્પોરેશનને જનરેશનની અંદર બ્રોન્ઝ મેડલ મળ્યો છે અને ગુજરાતે ત્રીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આટલા પાંચ એવોર્ડ તો કેન્દ્ર દ્વારા ગુજરાતને મળ્યા છે અને ગઈકાલે જ મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના અધ્યક્ષસ્થાને જીટકો કંપનીને ગોલ્ડ મેડલ મળ્યો છે જે કેન્દ્ર સરકાર દ્વારા જ આપવામાં આવ્યો હતો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે કેન્દ્ર સરકાર તરફથી તટસ્થ નીતિથી ચાલવાને કારણે એવોર્ડો પ્રાપ્ત થતા હોય એમાં આપણે નંબર-વનની વાત કરનારા લોકો બે વર્ષમાં માત્ર એક ગોલ્ડ મેડલ મેળવી શકયા છીએ. સી.બી.ડી.ના કેટલા એવોર્ડ મેળ્યા છે એ મહત્વનું નથી. આ જે એવોર્ડ છે એમાં હું એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ભારત સરકારે જૂદાજૂદા રાજયોને કુલ કેટલા એવોર્ડ આપ્યા જેમાંથી આપણે માત્ર પાંચ મેળવ્યા છે?

**અધ્યક્ષશ્રી** : ભારત સરકારની વિગત તમારી પાસે ના હોય. તો તમે સીધી..

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ગુજરાતની જ માહિતીનું પૂછયું છે, એટલે જરૂર હશે તો હું મંગાવી લઈશ પણ હું ચોકકસપણે કહું કે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે દેશની અંદર એનર્જી સેકટરમાં કોઈને એવોર્ડ મળ્યા હોય, કેન્દ્ર સરકારના હોય કે એજન્સી હોય કે ગમે તે હોય એ ગુજરાતને મળ્યા છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં ગૃહમાં એવોર્ડની વાત થાય છે પણ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને નોર્થ ગુજરાત એમાં મધ્ય ગુજરાત થકી લાઈટ ડીસ્ટ્રીબ્યુશનમાં કેટલા એવોર્ડ મળ્યા? આજે પણ આઠ કલાક ગ્રામ્ય વિસ્તારમાં વીજળી મળતી નથી અને એવોર્ડની વાતમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત કે નોર્થ ગુજરાત તો મધ્ય ગુજરાતમાં આજે પણ આઠ કલાક વીજળી મળતી નથી તો આ ડીસ્ટ્રીબ્યુશન માટે મધ્ય ગુજરાતને કોઈ એવોર્ડ મળ્યો છે ખરો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને આનંદથી જણાવવું છે કે જયોતિ ગ્રામ યોજના જે ૨૪ કલાક વીજળી આપે છે અને જે આપણને ઈનિડયા ટેક એવોર્ડ મળ્યા એમાં જે નિષ્ણાતો આવી અને જોઈ ગયા એ નિષ્ણાતોની પેનલમાં જસ્ટીસ એમહમદી રીટાયર્ડ હતા, શ્રી વી. રંગનાથન ચીફ સેક્રેટરી ગર્વમેન્ટ ઓફ મહારાષ્ટ્ર, ડૉ. એમ. આર. શ્રીનિવાસન, ફોર્મલ મેમ્બર એનર્જી પ્લાનીંગ કમિશન, શ્રી એ. કે. બાસુ, ફોર્મલ ચેરમેન સી.ઈ.આર.સી. શ્રી શ્યામલ ઘોષ , ફોર્મલ સેક્રેટરી ટેલીકોમ, શ્રી આર. વી. શાહી, ફોર્મલ સેક્રેટરી પાવર ગવમેન્ટ ઓફ ઈન્ડીયા, શ્રી અનિલ બાજપાઈ, ફોર્મલ સેક્રેટરી, અર્બન ડેવલપમેંટ, શ્રી પી. પી. વોરા, ફોર્મલ

સી.એમ. ડી. શ્રી પી. કે. ચૌધરી મેનેજીંગ ડાયરેકટર, મારે એટલું કહેવું છે કે આ નિષ્ણાતો કહે છે કે ૨૪ કલાક વીજળી મળે છે અને ગુજરાત પહેલું રાજય છે. સારામાં સારું કામ ગુજરાતે કર્યુ છે. એ આ લોકો કહે છે સાહેબ અમે નથી કહેતા.

**આર.ટી.ઓ. કચેરી સુરતની આવક**

***૫૪૯૩ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી સુરતની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે?

**વાહનવ્યવહાર મંત્રીશ્રી :**

| | | |
|---|---|---|
| (૧) | વર્ષ | આવક ( રૂા. લાખમાં ) |
| | ૨૦૦૭ | ૧૦૮૯૫.૮૧ |
| | ૨૦૦૮ | ૧૧૪૫૯.૦૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે તા:૩૧-૨-૨૦૦૮ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી સુરતની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ અને જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છાપેલો જ છે. આવકમાં કોઈ ઘટાડો નથી થયો. આવકમાં વધારો થયો છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા એ જાણવું છે કે રાજયના મોટર વાહન ઈન્સ્પેકટર દીઠ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સરેરાશ આવક થયેલ છે?

**શ્રી અમિત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં ૭.૭૫ કરોડ, ૨૦૦૬-૦૭માં ૭.૮૦ કરોડ અને ૨૦૦૭-૦૮માં ૧૦.૨૧ કરોડ આવક મોટર વાહન ઈન્સ્પેકટર દીઠ થઈ છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોને સુવિધા મળે તે માટે રાજય સરકારે ક્યા કયા પગલાં લીધાં છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોને સુવિધા મળે એ માટે અનેક પ્રકારનાં પગલાં ભરવામાં આવ્યાં છે. હમણાં જ અમદાવાદ અને વડોદરામાં ડ્રાઈવરોની આંખોની નિ:શૂલ્ક તપાસ કરવાની અને ચશ્મા પૂરા પાડવાની સુવિધા કરી છે. બધી જ જગ્યાએ નાગરિકોના વેઈટીંગ રૂમ છે એ અદ્યતન કરવા માટે ગયા બજેટમાં જોગવાઈ કરી હતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આપ પણ (અંતરાય)

**શ્રી અમિત શાહ** : જગદીશભાઈ તમે પ્રશ્ન પૂછતા નથી અને કોઈ પૂછે એને શું કામ અટકાવો છો ભલામાણસ. (અંતરાય) આપે એલાઉ કર્યા એટલે જવાબ આપું છું. આપ કહો તો હું તો બેસી જાઉં.

**અધ્યક્ષશ્રી** : શ્રી વાંકાવાળાએ નાગરિકની સુવિધાનો જે પ્રશ્ન પૂછયો છે એ આવકના પ્રશ્નમાંથી ઉભો થતો નથી. પરંતુ એમણે આવકની સામે કહ્યું છે ને તો આવક જે આવે છે એની સામે કેટલી, એક નાનકડી વાત આપ કરી દો. કારણ કે આવકની જ વાતનો પ્રશ્ન છે. પૂરક પ્રશ્ન પણ એ જ હોવો જોઈએ અને એ દિશામાં જ વાંકાવાળા હોવા જોઈએ. એટલે નાગરિક સુવિધાનો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. નેકસ્ટ.

**આઈ.ટી. ક્ષેત્રે ડેટા સેન્ટરની સગવડ**

*** ૫૪૮૦શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે,

(૧) આઈ.ટી.ક્ષેત્રે ડેટા સેન્ટરની સગવડો વિકસાવવા માટે રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ અગત્યના પગલાંઓ લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) :**

(૧) અને (૨) :

હા, જી. ઈ-ગવર્નન્સ થકી રાજ્યના વહીવટને વધુ ગતિશીલ, કાર્યક્ષમ અને પારદર્શી બનાવી નાગરિક સેવાઓ ઝડપી રીતે પૂરી પાડવા માટે રાજ્ય સરકારે સ્ટેટ ડેટા સેન્ટર, ગાંધીનગર ખાતે સ્થાપેલ છે. આ ડેટા સેન્ટર દેશના અન્ય રાજ્યોની સરખામણીએ પ્રથમ હરોળનું છે. આ ડેટા સેન્ટરથી મોટાભાગની કચેરીઓ ગુજરાત સ્ટેટ વાઈડ એરીયા નેટવર્ક (GSWAN) કનેકટીવીટીથી જોડાયેલ છે. ઉપરાંત ઈ-ગવર્નન્સ થકી વિકેન્દ્રિત સેવાઓ નાગરિકોને પૂરી પાડવા રાજય સરકારે ક્ષેત્રીય કક્ષાએ રાજકોટ, વડોદરા અને મહેસાણા ખાતે મીની ડેટા સેન્ટર પણ સ્થાપેલ છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. દેશના અન્ય રાજ્યોની હરોળમાં ડેટા સેન્ટર સ્થાપવાની જે પહેલ કરી છે એ બદલ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે સ્ટેટ ડેટા સેન્ટર સ્થાપવા પાછળનો હેતુ શું છે અને એની પાછળ ખર્ચ કેટલો થશે અને એના લાભ શું શું હશે?

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે ડેટા સેન્ટર જે આપણે ગુજરાતમાં સ્થાપી ચૂક્યા છીએ. એની પાછળનો ઉદ્દેશ શું છે? માનનીય અધ્યક્ષશ્રી, Information Technology એ સાચા અર્થમાં દેશનું અને રાજ્યનું ભવિષ્ય છે. Pro-active good governance સ્થાપવું હશે તો ટેકનોલોજીનો ઉપયોગ એ છેવાડાના માનવી સુધી પહોંચે એ આપણે કરવું જ પડશે. Citizen centric delivery process within the Government હોય એના ભાગરૂપે ડેટા સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો એક મંત્ર છે કે ઈ-ગવર્નન્સ મીન્સ easy, effective and efficient governance અને એટલા જ માટે સરકારના વિવિધ વિભાગો ઈ-ગવર્નન્સથી સરકાર ટુ સરકાર, સરકાર ટુ નાગરિક અને સરકાર ટુ બીઝનેસ સુધી લઈ જવા transparency લાવવા અને એકત્રિત સ્વરૂપે પહોંચાડી શકાય એ માટે આ ડેટા સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી એ જાણવા માગે છે કે કુલ કેટલો ખર્ચ થશે? તો અત્યાર સુધી કુલ ૭.૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ પ્રોજેકટ ૬૪.૪૬ કરોડ ભારત સરકારને મોકલી આપ્યો એમાંથી ભારત સરકારે હાલ અત્યાર સુધી માત્ર ૪.૪૦ કરોડ રૂપિયા છુટા કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ જાણવા માગે છે કે આનાથી શું શું લાભ થશે? માનનીય અધ્યક્ષશ્રી, આનાથી અનેક લાભો થવાના છે. કારણ કે સરકારના બધાજ વિભાગો કોમ્પ્યુટરાઈઝ થઈ ગયા છે અને આ કોમ્પ્યુટરાઈઝ ડેટા અને એની bulk storage કરવી હોય, એનું management કરવું હોય, એની જાળવણી કરવી હોય તો આ ડેટા સેન્ટર ખૂબ જરૂરી થશે. એનો હમણાં જ ૨૩-૧-૨૦૦૯ નાં રોજ આપણે અનુભવ કરી ચૂકયા. માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ડેટા સેન્ટરના મારફતે આખા ગુજરાતમાં સુભાષચંદ્રની જયંતી નિમિત્તે હરિપુરા ખાતેથી ઈ-ગવર્નન્સનો આખો પ્રોજેકટ લોંચ થયો અને ૨૨૩ વેબસાઈટો દ્વારા નાગરિકોને જે માહિતી આપી શકાય એવી એક ગુજરાત portal નું લોચિંગ કરવામાં આવ્યું. ઘરે બેઠાં બેઠાં ગુજરાતનો નાગરિક આઈ.ટી.ના માધ્યમથી, ટેકનોલોજીના માધ્યમથી બધી સુવિધાઓ પ્રાપ્ત કરી શકશે. એ આ સૌથી મોટો લાભ થશે. એ ઉપરાંત લેન્ડ રેકર્ડ ઈન્ફરમેશન જોઈતી હોય, ડોકયમેન્ટેશનના રજિસ્ટ્રેશન, માનનીય મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત કાર્યક્રમ જે grievance redressal program છે એ, રેશનકાર્ડ કોમ્પ્યુટરાઈઝેશન, પ્રોપર્ટીકાર્ડ ઈન્ફરમેશન સિસ્ટમ, પે એન્ડ એકાઉન્ટ, ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના વેટ અને સૌથી વધારે જે ગવર્નમેન્ટની જે ઈન્ટર લિકીંગ સિસ્ટમ છે એ Integrated Workflow and Document Management System - IWDMS - એનો પણ આ ડેટા સ્ટોરેજ મારફતે લાભ થશે. સાચા અર્થમાં સ્વરાજમાંથી સુરાજ તરફ લઈ જવાની પહેલ આ ડેટા સેન્ટરના માધ્યમથી થવાની છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, એમણે એમના જવાબમાં કહ્યું કે, ૬૪ કરોડનો પ્રોજૅકટ કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યો છે તો એ ૬૪ કરોડમાંથી કેન્દ્ર સરકારનો ફાળો કેટલો અને રાજય સરકારનો ફાળો કેટલો ?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : મેં પહેલા જવાબમાં જ કહ્યું કે, કેન્દ્ર સરકારે માત્ર ૪.૪ કરોડ રિલિઝ કર્યા છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : પ્રોજૅકટમાં આજે કેટલી રકમ રિલિઝ કરી એ નહીં પણ ૬૪ કરોડના કુલ પ્રોજૅકટમાં કેન્દ્ર સરકાર કેટલો ફાળો આપવાની છે અને રાજય સરકાર કેટલું ભોગવવાની છે?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોજૅકટ જે છે એ મેં કહ્યું એ પ્રમાણે કેન્દ્ર સરકારના જ્યારે આ ઈન્ફર્મેશન ટૅક્નોલૉજીની શરૂઆત થઈ એ પહેલાં ગુજરાત સરકારે શરૂ કરી દીધેલો હતો અને એમાં ગુજરાત સરકારના ૭.૭૧નો ખર્ચ કરી ચૂક્યા છે કેન્દ્ર સરકારને આ પ્રોજૅકટ મોકલ્યા પછી પણ એમણે પહેલા ફેઝમાં માત્ર ૪.૪ કરોડ જ હજુ રિલિઝ કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ શાહ.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે કુલ પ્રોજૅકટ અત્યારે મૂક્યો છે એમાં રાજ્ય સરકારના કેટલા રહેશે અને કેન્દ્રના કેટલા એ તો મંત્રીશ્રી પાસે હોવું જ જોઈએ, કેન્દ્ર સરકારને તમે પ્રોજૅકટ મોકલ્યો છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષજી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પૂછે છે, આપણી અપેક્ષા એવી છે કે, આ એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે અને દેશમાં ગુજરાતે પહેલું ઈન્શીએટીવ લીધો છે આપણે ઈચ્છીએ કે બધે બધા કેન્દ્ર આપે, બધે બધા (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહીં પણ અત્યારે કેટલા આપ્યા ?

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : અત્યારે ચાર કરોડ જ આપ્યા છે, આપણે કહ્યું છે કે, આટલો સરસ પ્રોજૅકટ છે. (અંતરાય) માહિતી આપું છું. આપણે એમને કહ્યું કે, આ એક બહુ જ ઉમદા પ્રોજૅકટ છે, દેશમાં કયાંય શરૂ

થયો નથી. આપણે એમને કહ્યું કે, ૬૪ કરોડ રૂપિયા જેટલું ભારણ છે અને કેન્દ્ર સરકાર આમાં અમને અમારી સાથે અને આખે આખો પ્રોજૅકટ કેન્દ્ર સરકાર કરે અમે એને ઈમ્પલીમેન્ટ કરીશું પણ હજુ એ લોકો કોઈ નિર્ણય કરતા નથી, આ મથામણ કરી છે માંડ ચાર કરોડ આવ્યા છે, હવે આપનું કાંઈક ચાલે તો જરા જોજો.

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશ શાહ.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ઈ - ગર્વનન્સનો પ્રશ્ન પૂછ્યો છે એક તો સાહેબ ફરી એક વાર ઈ-ગર્વનન્સના ક્ષેત્રે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને બે દિવસ પહેલા પણ ગોલ્ડ એવોર્ડ નેશનલ...

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ તમે પ્રશ્ન ઉપર આવો.

**શ્રી રાકેશ શાહ** : જ્યારે આ જ્ઞાન વિજ્ઞાનની સદી ચાલે છે તો આ સદીમાં યુવા પેઢીને કોમ્પ્યુટરનો વધુ ઉપયોગ કરી શકે તે માટે શું આયોજન કર્યુ છે એ જાણવા માગું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય સભ્યશ્રીનો ખૂબ સરસ અને સમયને અનુરૂપ પ્રશ્ન છે ગ્લોબલાઈઝેશનના સમયમાં કોમ્પ્યુટર વગર ચાલવાનું જ નથી ત્યારે આજની આ યુવા પેઢી એ કોમ્પ્યુટર પ્રત્યે અભિરુચિ કેળવે એ માટેના કાર્યક્રમો સરકારે શરૂ કરી દીધા છે. થોડા દિવસો પહેલા જ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અમદાવાદ ખાતે ફલ્ડ આઈ.ટી. એક ખૂબ ઈનોવેટીવ કાર્યક્રમની શરૂઆત કરી છે જેમાં પહેલી વખત દેશભરમાં એક લાખ કોમ્પ્યુટરો એક સાથે વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું અને એમાં પણ લોક ભાગીદારીથી ખાસ મહત્ત્વનો વિષય એ છે કે, લોકોમાં આના પ્રત્યેની એટલી જાગૃતિ આવી ગઈ છે કે, દરેક રાજય સરકારોના બધા જ કાર્યક્રમો લોક ભાગીદારીથી થવા લાગ્યા છે. અને એટલા જ માટે ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બૅન્કના માધ્યમથી આ જ્ઞાન ક્રાંતિને આગળ ધપાવવા માટે ડેસ્ક ટોપ અને લેપ ટોપ એ વિદ્યાર્થીઓને મળે એટલા માટે ૨૫ ટકા ઓછી કિંમતે, જેટલી કિંમત હોય એના કરતાં ૨૫ ટકા ઓછી કિંમતે વિદ્યાર્થીઓને આપવામાં આવશે, ૭૦ ટકા જેટલી રકમ ઝીરો ટકા વ્યાજથી આપવામાં આવશે એનાથી યુવાનો પોતે કોમ્પયુટર વસાવી શકશે અને માત્ર કોમ્પ્યુટર એ શ્રીમંત લોકોનો વિષય જ નહીં બનીને રહે પણ ગરીબ અને મધ્યમવર્ગના લોકો પણ કોમ્પ્યુટર વસાવી શકશે એટલે યુવાનોમાં આ કોમ્પ્યુટર માટેની જાગૃતિ લાવવા માટે રાજય સરકાર ખૂબ સરસ કામગીરી કરી રહી છે એ ઉપરાંત ગુજરાત નૉલેજ સોસાયટીની રચના કરવામાં આવી છે, આઈ.ટી.ક્ષેત્રે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે યુવા પેઢી માટે

**અધ્યક્ષશ્રી** : બેન ટૂંકમાં જવાબ આપો કારણ કે, આપણે આગલા પ્રશ્નો પૂરા કરવાના છે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે પૂછવું છે.

**અધ્યક્ષશ્રી** : તમારે પૂછવું છે પણ પાંચ મિનિટની મર્યાદા રહેશે. તમારો જવાબ પૂરો થઈ ગયો ?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : સાહેબ યુવા પેઢી માટે હજુ ઘણું કરેલું છે અને વિદ્યાર્થીઓ માટે પણ હજુ તો કોમ્પ્યુટર ક્ષેત્રે ખૂબ કરવામાં આવ્યું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે યુવા પેઢી માટે શું કરવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : બહેન, ટૂંકમાં જવાબ આપો કારણકે આપણે આગલા પ્રશ્નો પૂરા કરવાના છે. (અંતરાય) બહેન, તમારો જવાબ પૂરો થઈ ગયો?

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, યુવા પેઢી માટે હજુ ઘણુ કરેલું છે અને વિદ્યાર્થીઓ માટે પણ કોમ્પ્યુટર ક્ષેત્રે ખૂબ કરવામાં આવ્યું છે.(અંતરાય) સાહેબ, એમણે પ્રશ્ન પૂછયો કે યુવા પેઢી કોમ્પ્યુટર જાગૃતિ માટે શું કરવામાં આવ્યું છે?

**અધ્યક્ષશ્રી** : બહેન, એક, બે, ત્રણની અંદર કહી દો. હું એમને ફરજ નહીં પાડી શકું કારણકે એમને પ્રશ્ન પૂછયો છે.(અંતરાય)અર્જુનભાઈ, સભ્યશ્રી રાકેશભાઈએ જે પ્રશ્ન પૂછયો છે એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. જે પ્રશ્ન નથી એલાઉ કરવા જેવો એમાં મેં ના જ પાડી છે. કિશોરભાઈનો પ્રશ્ન એલાઉ ના કર્યો પણ તમને હું કહું છું કે જે કંઈ તમારા મુદ્દા છે તેનો મુદ્દાસર જવાબ જલદી આપો.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે યુવાનોમાં કોમ્પ્યુટર પ્રત્યેની જાગૃતિ લાવવા માટે અને ખાસ કરીને આઈ.ટી. ક્ષેત્રમાં અત્યારે જે સ્કીલ્ડ મેન પાવર સપ્લાય કરવાનો છે એના માટે ગુજરાત નોલેજ સોસાયટીની રચના કરવામાં આવી છે. "કોલેજ ટુ કૅરિયર" કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. બીપીઓક્ષેત્રે માનવબળ પૂરું પાડવા માટે નાસ્કોમ એસેસમેન્ટ કોન્ફીડન્સ ટેસ્ટ દ્વારા ક્ષેત્ર નિષ્ણાત બનાવવાની કામગીરીનો કાર્યક્રમ પણ કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ત્રણ પ્રશ્નો છે. આ જે પ્રશ્નો છે ઈગવર્નન્સના એ આપણે જે ઈગવર્નન્સ છે એ નેશનલ ઈગવર્નન્સના પ્રોગ્રામના ભાગરૂપે છે કે કેમ? બીજો પ્રશ્ન, જે જીસ્વાન પ્રોજેકટ છે માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે અત્યાર સુધીમાં આપણને એક પૈસો પણ નથી મળ્યો પણ ડિપાર્ટમેન્ટે મને માહિતી આપી છે કે જીસ્વાન નેટવર્કમાં ૯૧કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા છે અને સોએ સો ટકા એના આપ્યા છે. આપ કહેતા હો તો હું રેકર્ડ ઉપર મૂકવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : બંધારણીય વ્યવસ્થામાં બેસવું પડે. તમે ખોટી માહિતી આપો છો.

**અધ્યક્ષશ્રી** :.ઓર્ડર..ઓર્ડર..આપ બેસી જાવ. પહેલી વસ્તુ એ છે અર્જૂનભાઈ, કે આપે પૂરક પ્રશ્નો એની અંદરથી જ પૂછવાના હતા. એક વસ્તુ એ છે કે આપની પાસે ગમે તે માહિતી હોય એ માહિતી તમને વિભાગે જ આપેલી માહિતી હોય તો પણ તમે મંત્રીશ્રીને પૂછી શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પૂછું છું. હજી તો માહિતી આપીને પ્રશ્ન પૂછું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં પણ કેન્દ્ર સરકારવાળી જે વાત આપે કહી એનો જવાબ ગૃહના નેતા આપને આપે છે. એક વસ્તુ એવી છે કે ગૃહના નેતા જવાબ આપે તો એમનો અધિકાર છે ઈન્ટરવીન થવાનો. ઈન્ટરવીન થવાનો ગૃહના નેતાનો અધિકાર છે અને એ અધિકાર પ્રમાણે ઊભા થયા છે. આ સભાગૃહના સભ્ય તરીકે આપણે સૌજન્યતાથી ગૃહના નેતા ઊભા થાય તો બધા બેસી જવું જોઈએ. વિરોધ પક્ષના નેતા ઊભા થાય તો હું બધાને બેસાડી દઉં છું. એમની વાત સાંભળી તો પણ આપના પ્રશ્નનો જવાબ આમાં આવી જશે (અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈનો સવાલ પૂરો થશે ત્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપશે એક જ મારે એમને કહેવું છે કે પાંચ મિનિટ પહેલાં જે ચર્ચા થઈ એ ડાટા સેન્ટર માટેની હતી. ડાટા સેન્ટર માટે ચાર કરોડ રૂપિયા મળ્યા છે એવું મેં કહયું છે. કાણી પાઈ મળી નથી એવું મેં કહ્યું નથી એ પ્રશ્ન જીસ્વાનનો હતો નહીં તમે જીસ્વાનના ૯૧કરોડની વાત કરો છો એની ચર્ચા પાંચ જ મિનિટમાં તમારું વિસ્મરણ થઈ જાય એવી અવસ્થામાં તમે પહોંચી ગયા છો એનું મને આશ્ચર્ય છે.

**અધ્યક્ષશ્રી** : આપનો પ્રશ્ન પૂરો કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેટ ડેટા સેન્ટર જે બનાવવામાં આવ્યું છે એમાં પણ ૧૮.૩૦કરોડ રૂપિયા સેન્ટ્રલ ગવર્મેન્ટે સોએ સો ટકા આપ્યા છે અને માનનીય મંત્રીશ્રી જે જે સબ્જેકટ બોલ્યા કોમ્પ્યુટરાઈઝેશન ઓફ લેન્ડ રેકોર્ડ એમાં પણ સોએ સો ટકા પૈસા ઈગવર્નન્સમાં કેન્દ્ર સરકારે આપ્યા છે અને છતાં પણ ઈગવર્નન્સનું ઉદઘાટન થયું ત્યારે માનીતા કરોડપતિ સુનિલ મિત્તલને બોલાવવામાં આવ્યા. કેન્દ્રના કપિલ સિબ્બલને બોલાવવામાં નહોતા આવ્યા.

**અધ્યક્ષશ્રી** : ફરીથી કહું છું કોને બોલાવવા, કોને ન બોલાવવા એ પ્રશ્નમાંથી પેદા થતો પ્રશ્ન નથી. સરકારનો અધિકાર છે અને સરકાર કોને બોલાવવા એ નકકી કરે. આપ આપના પ્રશ્નોની અંદર મર્યાદાની અંદર રહેશો તો જ હું એને એલાઉ કરીશ. પહેલા આપને ટુંકમાં જે પૂછવું હોય તે પૂછો. આર.ટી.આઈ. ની મળેલી માહિતી પ્રગટ કરવા માટે પ્રેસનોટ મોકલવાની એમને છૂટ છે. આ સભાગૃહને લગતો પ્રશ્ન હોય તો એ ચોક્કસ મૂકે અને બીજી એક વસ્તુ કહી દઉ શકિતસિંહજી કે હું આપને કહું કે આર.ટી.આઈ. ની માહિતી પ્રમાણે મંત્રીશ્રીએ જવાબ બરોબર ન આપ્યો હોય તો માહિતી અધિકાર સામેની આપ નોટિસ લઈને આવજો તો હું ઔચિત્ય ભંગ થતો હશે તો તેના ઉપર વિચારણા કરીશ, પણ આર.ટી.આઈ.માં માહિતી માગી છે, એટલે હું બોલી શકું, એ રીતનો ભાવ છે એ ખોટો ભાવ છે, કારણ કે આ પ્રશ્નમાંથી પેદા થતો પૂરક પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી મારો પ્રશ્ન છે. હું પ્રશ્ન ઉપર આવું છું. નેશનલ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ હેઠળ આપણા કેટલા પ્રોજૅકટ અત્યાર સુધીમાં મંજૂર થયા અને કેટલા કરોડ રૂપિયાના હતા? જી-સ્વાન પ્રોજૅકટ હેઠળ કેટલા રૂપિયાના પ્રોજૅકટ મંજૂર થયા? સ્ટેટ ડેટા સૅન્ટર છે, એના માટેના કેટલા પૈસા આપણને મળ્યા છે? કોમ્પ્યુટરાઈઝેશન ઑફ લૅન્ડ રેકર્ડના કેટલા પૈસા મળ્યા છે અને ટ્રેનિંગ માટે અને વિદ્યાવાહિની માટે કેટલા રૂપિયા મળ્યા છે, એની માહિતી આપના મારફત મેળવવા માગું છું. આ ઈ-ગવર્નન્સના પ્રોગ્રામની વાત કરું છું. કૉલેજમાં ચાલતા શિક્ષણની માહિતીનો મંત્રીશ્રી જવાબ આપતા હતા એની નહીં. આ પ્રશ્નનો પેટા પ્રશ્ન ઈ-ગવર્નન્સ હેઠળ જેટલા પેટા વિભાગ આવે છે એની માહિતી માગું છે. સ્ટેટ ડેટા સૅન્ટર માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એની અંદર કેટલા રૂપિયા મળ્યા? કેટલાનો પ્રોજૅકટ મંજૂર થયો? એની માહિતી રેકર્ડ ઉપર મૂકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, એક પ્રશ્નની અંદર ત્યાંથી પ્રશ્ન પૂછ્યો એને ડીસએલાઉ એટલા માટે કર્યો. આ જે પ્રશ્ન છે એમાં આઈ.ટી. ક્ષેત્રે ડેટા સૅન્ટરની સગવડો વિકસાવવા માટે રાજય સરકારે ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લીધેલ પગલાં એની અંદર આઈ.ટી. ના સમગ્ર પ્રોજૅકટ નીચે કેન્દ્ર સરકારે આપેલી મદદ હોય કે તે અંગેનો વિગત હોય તો જુદો પ્રશ્ન પૂછજો. નેકસ્ટ (અંતરાય) તમે તમારો પ્રશ્ન અહીથી જોઈ લો. આપ આપનો પૂરક પ્રશ્ન અહીથી જોઈ લો. આ મર્યાદામાં નથી આવતો. નેકસ્ટ (અંતરાય) તમે તમારો પ્રશ્ન જે પૂછ્યો છે તે ફરીથી જોઈ જજો એટલા માટે મારે નેકસ્ટ કહેવું પડ્યું. પૂરક પ્રશ્ન એની મર્યાદામાં આવતો હોત તો હું ચોક્કસ એલાઉ કરત. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક: ૭ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ.. (અંતરાય)

**(આ તબક્કે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા વોકઆઉટ કરી ગયા )**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૭ ---- માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ન પૂછયો.**

**અધ્યક્ષશ્રી** : તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૮ (અંતરાય) શ્રી શૈલેષભાઈ પરમાર...

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૮ ---- માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ન પૂછયો.**

**( આ તબક્કે વિરોધપક્ષના નેતા સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા )**

**અધ્યક્ષશ્રી** : તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૯ (અંતરાય) શ્રી ધનજીભાઈ સેંધાણી...

**કચ્છ જિલ્લામાં નવીન વીજ સબ સ્ટેશનો**

***૫૪૨૭ શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજયમાં કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે, અને

(૨) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા નવીન સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરાવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજયમાં કુલ ૬૦ (સાઈઠ) નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૪ (ચાર) નવા વીજ બસ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજયમાં કેટલા નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે? કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૦૮ ૦૯ દરમ્યાન કેટલા નવીન સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરાયેલ છે તે જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ૨૦૦૮-૦૯ ના સાલની અંદર ૪ સબ સ્ટેશનો ૨૨૦ કે.વી.નું એક ભુજમાં જે ઓલરેડી ચાલુ કરવામાં આવેલ છે અને ૬૬ કેવીના ૩ મુન્દ્રા, ભુજ અને અબડાસા આ ત્રણેય ૨૦૦૮-૦૯ ની અંદર ચાલુ કરવાનું આયોજન છે એ જ પ્રમાણે આવતા દિવસોની અંદર કચ્છની અંદર બીજા નવા ૪ સબસ્ટેશનો માંડવીની અંદર બે, તાલુકાની અંદર ૨ નખત્રાણાની અંદર ૧ અંજારની અંદર ૧ આવું ઇલેવન ફાઈવ યર પ્લાનની અંદરની અંદર આયોજન કરવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હાલ રાજયમાં કુલ કેટલા સબ સ્ટેશનો છે અને કચ્છ જિલ્લામાં કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કચ્છ જિલ્લામાં ૬૫ સબ સ્ટેશનો કાર્યરત છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxx)

**અધ્યક્ષશ્રી** : કોમેન્ટ વિના સીધેસીધો પ્રશ્ન પૂછો જયંતિભાઈ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કચ્છ જિલ્લામાં જે લટકતા વીજ વાયરો છે તેને * (xxxx)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ડીસએલાઉ કરું છું. પ્રશ્ન ફરીથી પૂછો, કોઈપણ જાતની કોમેન્ટ વિના પૂછો. જયંતિભાઈ પ્રશ્ન ચોકકસ પૂછો. સીધો પૂછો. પેલી વાત હું આ કાઢી નાંખું છું. આપ સીધો પ્રશ્ન પૂછો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં જૂના વીજ વાયરો બદલવા અંગે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું તે કયારે બદલાયા છે અને કયારે બદલવાનું પૂર્ણ થશે?

---

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બધા જૂના વાયરો તો બદલી નાંખ્યા છે પણ તેમના ધ્યાનમાં કોઈ જૂના વાયરો હોય તો અમે બદલી નાંખીશું.

**સૌર શકિતથી વીજ ઉત્પાદન**

***૫૪૬૦ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે..,

(૧) રાજય સરકારે સૌર શકિતથી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને માટે કોઈ નવી નીતિ અમલી બનાવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંતર્ગત કયા લાભ આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

**(૧)** હા.જી,

(૨) સમગ્ર વિશ્વના વાતાવરણમાં છેલ્લા કેટલાક વર્ષોથી મોટો ફેરફાર નોંધાયો છે. આ ગ્લોબલ વોર્મિંગને કારણે થતાં ભારે નુકસાનને ગુજરાતે આગોતરૂ પારખીને તે સંદર્ભે વિવિધ સંશોધન/અભ્યાસ હાથ ધર્યા છે. ખનીજ બળતણનો સતત ઘટતો જતો જથ્થો અને તેમાં થતાં જંગી ભાવવધારાએ વિશ્વ સમસ્તની અર્થવ્યવસ્થાને ખોરવી નાંખી છે.

આમ માત્ર ખનીજ બળતણને આધારે બેસી રહેવાને બદલે ગુજરાતે અન્ય બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાનો કાર્યારંભ તાજેતરમાં કરેલ છે અને તેથી જ ગુજરાત કે જયાં સૂર્ય, વર્ષના ૩૦૦ થી વધુ દિવસ પ્રકાશે છે તેનો લાભ લઈ સૂર્ય ઉર્જામાંથી પર્યાવરણીય રીતે સ્વચ્છ અને હરિત ઉર્જા ઉત્પન્ન કરવા માટેની સર્વને સાનુકૂળ નીતિ જાહેર કરી ગ્લોબલ વોર્મિંગના ગુણાંકમાં ઘટાડો કરવાની નેમ રાખી છે. તેમજ બિનપરંપરાગત ઉર્જાના અન્ય સ્ત્રોતો જેવા કે, પવન અને જૈવિક ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતિ જાહેર કરેલ છે.

ભારત સરકારે સમગ્ર દેશ માટે ૫૦ મે.વો.સુધીના સૂર્ય ઉર્જા પ્રોજેકટ માટેની નીતિ જાહેર કરેલ છે. તેની સામે ગુજરાતે માત્ર ગુજરાતની પ્રજાના હિતમાં ભારત સરકાર કરતાં ૧૦ ગણાં એટલે કે ૫૦૦ મે.વો.સુધીની ઉદાર અને ક્રાંતિકારી નીતિ જાહેર કરી છે.

સરકારે તાજેતરમાં જાહેર કરેલ સૌર ઉર્જા નીતિની શરતોને આધીન નીચે મુજબ લાભ આપવામાં આવશે.

૧. સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પાદન કરતાં એકમો, તે વીજળીનું ડીસ્ટ્રીબ્યુશન લાયસન્સીસને સૌર ફોટો વોલ્ટાઈ અને સૌર થર્મલ પધ્ધતિથી ઉત્પન્ન કરેલ વીજળી અનુક્રમે રૂા.૧૩ અને રૂા.૧૦ પ્રતિ યુનીટના દરે પ્રથમ ૧૨ વર્ષ સુધી અને ત્યારપછી ૧૩ વર્ષ સુધી રૂા.૩.૦૦ પ્રતિ યુનીટના દરે વેચાણથી આપી શકે અથવા નિયત વ્હીલીંગ ચાર્જ સાથે સ્વ વપરાશ માટે ઉપયોગ કરી શકે.

૨. સૌર ઉર્જાથી ઉત્પાદિન વીજ ઉત્પાદનને વીજ ડયુટીમાંથી માફી આપવામાં આવે છે.

૩. સૌર ઉર્જા દ્વારા સ્થાપિત કરેલ ક્ષમતાના ૫૦ ટકા સુધી ડિમાન્ડ કટમાંથી મુકિત આપવામાં આવે છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પરંપરાગત વીજ ઉત્પાદનની સરખામણીએ સોલરથી વીજ ઉત્પાદન થાય છે તેના શું ફાયદા છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સોલર પાવરના ખૂબ મોટા ફાયદા છે. પહેલો ફાયદો એ છે કે એમાં કોઈ ફયુઅલ વપરાતું નથી એટલે એનું રીકરીંગ કોસ્ટ, રેગ્યુલર કોસ્ટ ઓછો હોય છે. બીજું સોલર એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી હોય છે અને કોઈ કાર્બન ડાયોકસાઈડ જનરેટ કરતું નથી એટલે પર્યાવરણને ખૂબ મોટા લાભ છે. સૌથી વધારે અત્યારે વિષય ચાલી રહયો છે. અત્યારે જે સૌથી મોટો વિષય છે ગ્લોબલ વોર્મિંગનો તેમાં ગ્લોબલ વોર્મિંગને હેરેશ કરવા માટે જો કોઈ હોય તો એ સોલર અને વિન્ડ પાવર છે અને વધારાનું કે આના કારણે આપણે કાર્બન ક્રેડીટ અર્ન કરી શકાય તેવી પરિસ્થિતિ છે.

**સૌર શકિતથી વીજ ઉત્પાદન**

***૫૪૩૬શ્રી પંકજકુમાર વી. દેસાઈ(નડિયાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.,

(૧) રાજય સરકારે સૌર શકિતથી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકો માટે કોઈ નીતિ અમલી બનાવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંતર્ગત કયા લાભ આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) હા.જી,

(૨) સમગ્ર વિશ્વના વાતાવરણમાં છેલ્લા કેટલાક વર્ષોથી મોટો ફેરફાર નોંધાયો છે. આ ગ્લોબલ વોર્મિંગને કારણે થતાં ભારે નુકસાનને ગુજરાતે આગોતરૂ પારખીને તે સંદર્ભે વિવિધ સંશોધન/અભ્યાસ

હાથ ધર્યા છે. ખનીજ બળતણનો સતત ઘટતો જતો જથ્થો અને તેમાં થતાં જંગી ભાવવધારાએ વિશ્વ સમસ્તની અર્થવ્યવસ્થાને ખોરવી નાંખી છે.

આમ માત્ર ખનીજ બળતણને આધારે બેસી રહેવાને બદલે ગુજરાતે અન્ય બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાનો કાર્યારંભ તાજેતરમાં કરેલ છે અને તેથી જ ગુજરાત કે જયાં સૂર્ય, વર્ષના ૩૦૦ થી વધુ દિવસ પ્રકાશે છે તેનો લાભ લઈ સૂર્ય ઉર્જામાંથી પર્યાવરણીય રીતે સ્વચ્છ અને હરિત ઉર્જા ઉત્પન્ન કરવા માટેની સર્વને સાનુકૂળ નીતિ જાહેર કરી ગ્લોબલ વોર્મિંગના ગુણાંકમાં ઘટાડો કરવાની નેમ રાખી છે. તેમજ બિનપરંપરાગત ઉર્જાના અન્ય સ્ત્રોતો જેવા કે, પવન અને જૈવિક ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતિ જાહેર કરેલ છે.

ભારત સરકારે સમગ્ર દેશ માટે ૫૦ મે.વો.સુધીના સૂર્ય ઉર્જા પ્રોજેકટ માટેની નીતિ જાહેર કરેલ છે. તેની સામે ગુજરાતે માત્ર ગુજરાતની પ્રજાના હિતમાં ભારત સરકાર કરતાં ૧૦ ગણાં એટલે કે ૫૦૦ મે.વો.સુધીની ઉદાર અને ક્રાંતિકારી નીતિ જાહેર કરી છે.

સરકારે તાજેતરમાં જાહેર કરેલ સૌર ઉર્જા નીતિની શરતોને આધીન નીચે મુજબ લાભ આપવામાં આવશે.

૧. સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પાદન કરતાં એકમો, તે વીજળીનું ડીસ્ટ્રીબ્યુશન લાયસન્સીસને સૌર ફોટો વોલ્ટાઈ અને સૌર થર્મલ પધ્ધતિથી ઉત્પન્ન કરેલ વીજળી અનુક્રમે રૂા.૧૩ અને રૂા.૧૦ પ્રતિ યુનીટના દરે પ્રથમ ૧૨ વર્ષ સુધી અને ત્યારપછી ૧૩ વર્ષ સુધી રૂા.૩.૦૦ પ્રતિ યુનીટના દરે વેચાણથી આપી શકે અથવા નિયત વ્હીલીંગ ચાર્જ સાથે સ્વ વપરાશ માટે ઉપયોગ કરી શકે.

૨. સૌર ઉર્જાથી ઉત્પાદિન વીજ ઉત્પાદનને વીજ ડયુટીમાંથી માફી આપવામાં આવે છે.

૩. સૌર ઉર્જા દ્વારા સ્થાપિત કરેલ ક્ષમતાના ૫૦ ટકા સુધી ડિમાન્ડ કટમાંથી મુકિત આપવામાં આવે છે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સોલર પોલીસી શું છે તે હું જાણવા માગું છું?

**અધ્યક્ષશ્રી** : પોલીસી ઘણી લાંબી હોય તમે ટૂંકમાં સમજાવી દો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સોલર પોલીસી ખૂબ અગત્યની છે. દેશની અંદર પહેલી પહેલ કરી હોય તો ગુજરાતે કરી છે. સોલર પોલીસી કેન્દ્રએ કરી તેમાં પાંચ મેગાવોટ વીજળી સ્થાપવાનું આયોજન કર્યુ અને કુલ ૫૦ મેગાવોટ. આપણે ગુજરાતે ૫૦૦ મેગાવોટ. માત્ર ગુજરાતની અંદર આવતા દિવસોમાં આવે તે પ્રમાણેની સ્કીમ બહાર પાડી છે. ખૂબ ઈન્વેસ્ટ ફ્રેન્ડલી સ્કીમ કહેવાય આપણી સોલર પોલીસી. જો ૨૦૧૦ સુધીમાં પ્રોજેકટ કમીશન થાય તો સોલર ફોટોવોલ્ટાઈ પાવરમાં આપણે ૧૩ રૂપિયે આપીએ છીએ અને સોલર થર્મલ પાવરમાં આપણે ૧૨ રૂપિયે આપીએ છીએ. એટલે પહેલાં ૧૨ વર્ષના ૧૩ રૂપિયે યુનિટ અને ૧૦ રૂપિયે યુનિટ આપીશું. ૨૫ વર્ષ સુધી વીજળી ખરીદીશું તેમાં ત્રણ રૂપિયા પાછલા ૧૩ વર્ષથી ૨૫ મા વર્ષ સુધી ૩ રૂપિયે આપણે વીજળી ખરીદીશું. આની અંદર થર્ડ પાર્ટી સેલની મંજૂરી આપી છે. વ્હિલીંગ માત્ર બે ટકા રાખ્યા છે. ઈલેકટ્રીકસીટી ડયુટીમાંથી એકઝમશન આપ્યું છે અને ડિમાન્ડ કટમાંથી એકઝમશન આપ્યું છે. સોલર પોલીસીનું જે પ્રમાણે આપણે બહાર પાડી અને પોલીસીમાં જે એમ.ઓ.યુ. સાઈન થયા તેમાં ઈન્ટરનેશનલ કંપનીઓએ રસ બતાવ્યો અને યુ.એસ.એ., યુ.કે., ઈઝરાયલ, જેવા દેશોની કંપનીઓમાંથી સાત કંપનીઓ આ વખતે આપણી જોડે એમ.ઓ.યુ.માં ભાગ લીધો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સોલર પ્રોજેકટ કરે છે તેમાં પ્લેટની અંદર વપરાતો ફયુઝ, સેલ્સ હોય છે તે બહારથી ઈમ્પોર્ટ કરવામાં આવે છે તો તે સેલ્સનું પ્રોડકશન અહીં થાય તો તેની કોસ્ટ બિલકુલ ઘટી શકે તો આ દિશામાં કઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીએ આજ તો નહીં પણ ૨૦ વર્ષ પછી એનર્જીમાં શું પરિસ્થિતિ હશે તે ધ્યાનમાં રાખીને આ સોલર પોલીસી બનાવી છે. આજની તારીખમાં ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છ એમાં એટલી બધી આપણી પાસે જમીન છે કે એક ટકો પણ આપણે સોલર માટે વાપરીએ તો દસ હજાર મેગાવોટનું વીજળીનું ઉત્પાદન થાય એટલે આ પોલીસીની અંદર આપણે ખાસ ધ્યાન રાખ્યું છે કે જે આઈટેમો ઈમ્પોર્ટેડ થાય છે એની ટેકનોલોજી ગુજરાતની અંદર કેવી રીતે વહેલમાં વહેલી તકે ટ્રાન્સફર થાય એને આપણે આમાં પ્રાધાન્ય આપવાના છીએ બીજું કે આ પોલીસી કન્ટીન્યુસ રહેવાની છે એટલે આપણે જો આ ટેકનોલોજીને પ્રોત્સાહન આપીશું તો ચોક્કસપણે દેખાય કે સોલર એનર્જી ભવિષ્યનું વીજળી આપવા માટે સારામાં સારી સિસ્ટમ હશે. એટલે એ પ્રમાણેની ટેકનોલોજી માટે અત્યારે આપણે કોશીશ કરી રહ્યા છીએ અને યુ.એસ.એ., યુ.કે. અને ઈઝરાયલની કંપનીઓ જોડે એમ.ઓ.યુ. સાઈન કર્યા છે એ બધાને કહીએ છીએ કે તમે તમારું મેન્યુફેકચરીંગ બેઈઝ ગુજરાતની અંદર રાખો.

### આર. ટી. ઓ. કચેરી ભરૂચની આવક

**શ્રી *૫૪૮૭ દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આર. ટી. ઓ. કચેરી ભરૂચની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના શાં કારણો છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :-**

(૧)

| વર્ષ | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૩૧૭૬.૨૩ |
| ૨૦૦૮ | ૩૨૩૧.૪૩ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૧૪નો જવાબ મને મળી ગયો છે એનાથી સંતોષ છે.

### આર. ટી. ઓ. કચેરી વડોદરાની આવક

***૫૪૩૪ શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આર. ટી. ઓ. કચેરી વડોદરાની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના શાં કારણો છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૮૩૬૫.૬૫ |
| ૨૦૦૮ | ૮૮૬૧.૪૪ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૧૬નો જવાબ મને મળી ગયો છે એનાથી સંતોષ છે.

### બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓમાં નવીન જી.આઈ.ડી.સી. શરૂ કરવા અંગે

***૫૦૮૬ શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના બનાસકાંઠા જિલ્લાના કયા કયા તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે,

(૨) જે તાલુકામાં જી.આઈ.ડી.સી. શરૂ કરવાની થાય છે તે તાલુકામાં જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

**ઉદ્યોગ મંત્રીશ્રી :**

(૧), (૨) અને (૩) :

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ મુકામે જી.આઈ.ડી.સી.ને ઓકટોબર ૨૦૦૮માં ૭૫ હેકટર જમીન પ્રાપ્ત થયેલ છે. જયાં સ્થાનિક કાચામાલની ઉપલબ્ધિને આધારિત ઉદ્યોગો સ્થાપવા માટે જમીન ફાળવવાની કાર્યવાહી હાથ ઉપર છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, મારા બનાસકાંઠા જિલ્લાની અંદર નવી જી.આઈ.ડી.સી. બનાવવા માટે કયા કયા તાલુકામાં આયોજન કર્યું છે એનો મને સ્પષ્ટ જવાબ તાલુકાના નામ સાથે મળ્યો નથી તો એ જણાવવાની કૃપા કરે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જે સવાલ પૂછવામાં આવ્યો છે એ જગ્યા ગુજરાત ગ્રોથ સેન્ટર ડેવલપમેન્ટ કોરપોરેશને ૨૩-૧૨-૧૯૯૯એ ૭૫ હેકટર જમીન લીધી હતી અને ગુજરાત ગ્રોથ સેન્ટર ડેવલપમેન્ટ કોરપોરેશને સંપૂર્ણપણે એસેટ અને લાયાબીલીટીઝ જી.આઈ.ડી.સી.ને આપવામાં આવી હતી જે ૧૭-૧૦ની તારીખે કરવામાં આવી. એટલે તા.૧૭-૧૦ એ કર્યા પછી હવે જી.આઈ.ડી.સી. એ નક્કી કર્યું છે કે આ જેટલા પ્લોટ છે એ પ્લોટસ જે જે ઉદ્યોગકારોને જરૂરિયાત હોય એ પ્રમાણે આવતા સમયમાં વહેંચણી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય ધારાસભ્યશ્રીની પણ દરખાસ્ત આવી છે અને જી.આઈ.ડી.સી. આ બનાસકાંઠા જિલ્લાની અંદર વધારે જી.આઈ.ડી.સી. એસેટ થાય એના માટે સર્વે કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીની બે જગ્યાએ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ ધાનેરા અને ખીમતની દરખાસ્ત આવી છે અને એનું અત્યારે એકઝામીશન ચાલી રહ્યું છે. ડિસ્ટ્રીકટ કલેકટર પાસેથી સરકારી જમીન થરાદ ધીમા રોડ બાજુ આવેલી છે એની દરખાસ્ત મોકલી છે અને બીજું થરાદની અંદર ભુદાનપુર પાસે પણ જી.આઈ.ડી.સી.નો સર્વે કલેકટરશ્રીએ કરી અને મોકલી આપેલો છે.આ બધી માહિતીની અત્યારે ચકાસણી થઈ રહી છે. એવી જ રીતે ભાભર તાલુકામાં નીયર ભાભરનગર ત્યાં સરકારી જમીનની અવેબીલીટી છે અને એની અંદર પણ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટનું એકઝામીનેશન થઈ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ચિત્રાસાની ઈકબાલગઢ અને દાંતા આ ત્રણેયની સરકારી જમીનોનો અત્યારે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને આવતા દિવસોમાં આ જિલ્લામાં નાના મોટા ઉદ્યોગો વધારે કેવી રીતે આવે એનો સપૂર્ણપણે રાજય સરકાર પ્રયાસ કરશે. હમણા જે રીતે સોલરની વાત કરી તો સોલર માટે પણ આપણે બનાસકાંઠા જિલ્લામાં એક સ્પેસિફિક એરિયા આઈડેન્ટીફાઈ કરવાનો આપણે વિચાર કરી રહ્યા છીએ અને એનો પણ અભ્યાસ ચાલી રહ્યો છે કે જેથી સોલર પાર્ક માટે બનાસકાંઠા જિલ્લાની જે ખરાબાની જમીન હોય અને ખેતીમાં જેનો ઉપયોગ ન થતો હોય એ આપણે સોલર પાર્ક માટે જો વાપરી શકીએ તો આપણી કોસ્ટ પણ ઓછી આવે અને આવતા દિવસોમાં બનાસકાંઠા જિલ્લાને જી.આઈ.ડી.સી. દ્વારા અને નાના મોટા ઉદ્યોગો દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળે અને આ બેકવર્ડ તાલુકા છે એનો વિકાસ થાય એ પ્રમાણે રાજય સરકારનું આયોજન છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૨૨. માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્ય.(અંતરાય)

**ઉર્જાક્ષેત્રે રાજ્ય સરકારને એવોર્ડ**

* ૫૬૫૯ **ડૉ. નીમાબેન આચાર્ય** (અંજાર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઊર્જા ક્ષેત્રેની કામગીરી બદલ રાજ્ય સરકારને ડિસેમ્બર-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કેમ, અને

(૨)જો હા, તો તેની વિગતો શું છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) હા, જી.

(૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડિસેમ્બર-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

**ઊર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડિસેમ્બર-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો.**

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨ | મહત્તમ હાઈડ્રો ઉત્પાદન માટે (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઈ હાઈડ્રો) |
| ૩ | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪ | વીજ ક્ષેત્રે સર્વ શ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫ | ઊર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિદ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૬ | અન્ય રાજ્યોની સરખામણીમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સોથી વધુ પવન ઉર્જાની ક્ષમતાનો ઉમેરો કરવા માટે (એવોર્ડ) | વર્લ્ડ ઈન્સ્ટીટયુટ ઓફ સસ્ટેનેબલ એનર્જી, પુના | ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા |

-------------

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## હીરા વિકાસ બોર્ડને ફાળવેલ રકમ

૫૭૧૫**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્યના હીરા ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે હીરા વિકાસ બોર્ડને કેટ કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

સને ૧૯૯૦માં હીરા વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ હતી. પરંતુ તેની કામગીરી સંતોષકારક ન જણાતા અને બોર્ડની રચનાના ઉદ્દેશો પરીપૂર્ણ થયેલ ના હોવાના કારણોસર સરકારશ્રીએ તા. ૩૧-૩-૨૦૦૬થી હીરા વિકાસ બોર્ડને બંધ કરવાનો નિર્ણય લીધેલ હતો અને તેની સઘળી પ્રવૃત્તિઓ ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી મારફત કરવા નિર્ણય લીધેલ. આ પ્રવૃત્તિ માટે વર્ષ ૨૦૦૭-૦૮ નાણાકિય વર્ષમાં ૪૩૪ લાખ રૂપિયા કરેલ, અને ૨૦૦૮-૦૯ના નાણાકિય વર્ષમાં ૨૪૦૦ લાખ રૂપિયાની બજેટ જોગવાઈ છે. વધુમાં હીરા અને જેમ્સ એન્ડ જ્વેલરીના ઉદ્યોગને વિકસાવવાનો સરકારનો ધ્યેય છે અને સરકારશ્રીએ આને ફોકસ સેક્ટર તરીકે ગણેલ છે. તાજેતરમાં સરકારશ્રીએ સૂરત ખાતે ડિસેમ્બર-૨૦૦૮માં ""સ્પાર્કલ"" નામનું આંતરરાષ્ટ્રીય પરિષદ અને પ્રદર્શનનું આયોજન કરેલ જેને સારો પ્રતિસાદ સાંપડેલ હતો. આના પરિણામ સ્વરૂપે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૯માં જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં રૂપિયા ૯૦૦૦ કરોડના એમ.ઓ.યુ. થયેલ છે જેમાં એસ.ઈ.ઝેડ. અને ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ સ્થાપવાનો સમાવેશ થાય છે.

-------------

## રાજ્યમાં ચેતક કમાન્ડોની રચના

**૫૨/page>૪૭૩૬ શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં આતંકવાદી હુમલો થાય તો તાકીદે એકશન લેવા માટે ચેતક કમાન્ડો ફોર્સની રચના કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ચેતક કમાન્ડોની સંખ્યા કેટલી છે, અને

(૩) તે પૈકી કેટલા ચેતક કમાન્ડો રાજ્યના મહાનુભાવોની સલામતી માટે મૂકવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી. ત્રાસવાદી પ્રવૃત્તિઓ સામે વળતા પ્રહાર માટે, મલ્ટીપલ ડીઝાસ્ટર વેળાએ ત્વરિત પગલા માટે અને સુરક્ષા કવચ ધરાવતા વી.વી.આઈ.પી.ઓની સુરક્ષા માટે ચેતક કમાન્ડો યુનિટો કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં પોલીસ દળમાં ભરતી માટે યુવાશક્તિને જોડી પોલીસ બળને મજબૂત અને કાર્યક્ષમ બનાવવામાં આવી રહેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બન્ને યુનિટમાં કમાન્ડોની કુલ મંજૂર સંખ્યા ૧૫૪ છે.

(૩) ૨ પૈકી એક યુનિટ ટ્રેનીંગના ભાગરૂપે મહાનુભાવોની સુરક્ષા માટે મુકવામાં આવ્યા છે. આ યુનિટો રાજ્ય ઉપરાંત રાજ્ય બહારના અને રાષ્ટ્રીય કક્ષાના મહાનુભાવોની રાજ્યની મુલાકાત વેળા પણ સુરક્ષા માટે તેનાત રહેતા હોય છે.

## કલ્પસર પ્રભાગના પ્રોજેક્ટને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ

* ૫૧૩૯ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કલ્પસર પ્રભાગના પ્રોજેક્ટ માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૧૬૫.૯૨ લાખની ફાળવણી કરવામાં આવેલ. |
| (૨) આ પ્રોજેક્ટનો ખર્ચ કેટલો થયેલ છે, અને | (૨) કુલ ખર્ચ રૂા. ૨૯૧૭.૨૫ લાખ |
| (૩) કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે અને કઈ કઈ જગ્યાએ ખર્ચ પાડવામાં આવેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૧૬૫.૯૨ લાખનો ખર્ચ સર્વેક્ષણ-સંશોધન અને વિવિધ અભ્યાસો માટે થયેલ છે. |

-------------

## ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા વીજળીમાં ફ્યુઅલ કોસ્ટમાં વીજ ભાવ વધારો અંગે

૪૭૭૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા વીજળીમાં ફ્યુઅલ કોસ્ટ પેટે તેમજ અન્ય કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. જે કાયદા હેઠળ રચાયેલ સ્વાયત સંસ્થા છે. વાસ્તવમાં વીજદરો કે ફ્યુઅલ કોસ્ટ વધારવાની બાબતમાં રાજ્ય સરકારની કોઈ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

(૧) આયોગના તા. ૨૫-૬-૨૦૦૪ના આદેશથી આયોગે બળતણ ખર્ચ/વીજ ખરીદીના ભાવવધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસૂલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાનાં ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાના ખર્ચને પહોંચી વળવા ફ્યુઅલ સરચાર્જ, નામ. આયોગની ફોર્મ્યુલા મુજબ વસૂલ કરવામાં આવે છે.

(૨) કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં અને વર્ષ ૨૦૦૮-૦૯માં ડિસેમ્બર-૦૮ સુધીમાં અનુક્રમે રૂા. ૧૧૫ કરોડ અને રૂા. ૮૨૫ કરોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૩) કૃષિ સિવાયના વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપુર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ, એપ્રિલ-જુન ૨૦૦૮ અને જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૮ નાં બે ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુનનાં ક્વાર્ટર માટેનાં ૭૦ પેસા પ્રતિ યુનીટ પેકીની ૫૦% રકમ એટલે કે, ૩૫ પેસા પ્રતિ યુનીટ તેમજ જુલાઈ-સપ્ટેમ્બરનાં ક્વાર્ટર માટેનાં ફ્યુઅલ સરચાર્જનાં વધારાના પેકીની ૦૯ પેસા પ્રતિ યુનીટની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી

આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. આમ આ બંને ક્વાર્ટરમાં રાજ્ય સરકારે કુલ રૂા. ૩૪૬/- કરોડનો બોજો ભોગવેલ છે.

(૪) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અન્ય કોઈ ભાવ વધારો કરવામાં આવ્યો નથી. પણ નામ. પંચે મંજૂર કરેલ પધ્ધતિ પ્રમાણે રાજ્યમાંની વીજ વિતરણ કંપનીઓ, ફ્યુઅલ કોસ્ટ પેટે ફ્યુઅલ સરચાર્જ ગ્રાહકો પાસેથી વસૂલ કરે છે. જે નીચે મુજબ છે.

| સમયગાળો (ત્રિમાસિક) | જીયુવીએનએલ હસ્તકની કંપનીઓ (પેસા પ્રતિ યુનીટ) | ટોરેન્ટ પાવર લિ. (પેસા પ્રતિ યુનીટ) |
|---|---|---|
| જાન્યુ-માર્ચ-૨૦૦૮ | ૩૦ | ૧૨ |
| એપ્રિલ-જુન-૨૦૦૮ | ૬૫ | ૪૨ |
| જુલાઈ-સપ્ટે-૨૦૦૮ | ૭૫ | ૭૫ |
| ઓક્ટો-ડીસે.-૨૦૦૮ | ૯૧ | ૭૫ |

(૨) આ ભાવ વધારાના કારણે રાજ્ય સરકારને વિદ્યુત શુલ્ક પેટે કેટલી આવક વધવાનો અંદાજ છે ?

(૨) અંદાજે રૂા. ૧૯૨.૦૦ કરોડ.

-------------

## આણંદ જિલ્લામાં વીજચોરી

૪૯૪૬**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વીજચોરીના કેટલા કેસ નોંધવામાં આવ્યા,

(૧) ૨૩૭૩ કેસો

(૨) તે પેકી વીજચોરી કરનાર કેટલા ઈસમો સામે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) તે પેકી વીજચોરી કરનાર ઈસમો સામે સરકારે હાથ ધરેલ કાર્યવાહીની વિગતો.

| વીજચોરીના નોંધવામાં આવેલ કેસોની સંખ્યા | વીજચોરીના બીલ ભરપાઈ કરેલ ઈસમોની સંખ્યા | પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ ઈસમોની સંખ્યા | પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી ગતિમાં હોય તેવા કેસોની સંખ્યા |
|---|---|---|---|
| ૨૩૭૩ | ૨૧૫૮ | ૧૬૩ | ૫૨ |

(૩) ભવિષ્યમાં આવી વીજચોરી થતી અટકાવવા સરકારનું શું આયોજન છે ?

(૩) વીજચોરી અટકાવવા માટે નીચે મુજબનાં પગલાં લેવાનું આયોજન કરેલ છે.

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડના વિજીલન્સ વિભાગમાં ગુજરાત સરકાર દ્વારા સિનિયર આઈ.પી.એસ. અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) વડી કચેરી, વડોદરા મુકામે ૭૦ તપાસ ટુકડીઓ વીજ પ્રસ્થાપનની ચકાસણી માટે કાર્યરત છે.

(૩) વીજ વિતરણ કંપનીના પાંચ અલગ પોલીસ સ્ટેશન દરેક ઝોનલ ઓફિસ ખાતે ઉભા કરવામાં આવ્યા છે. જે વડોદરા, સુરત, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર

ખાતે કાર્યરત છે.
(૪) ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ના અમલીકરણ બાદ કલમ ૧૩૫ મુજબ વીજચોરીના ગુન્હાઓનો જલ્દીથી નિકાલ થાય તે માટે ખાસ અદાલતો વડોદરા, અમદાવાદ, સુરત, રાજકોટ અને ભાવનગર ખાતે ચાલુ કરવામાં આવેલ છે.
(૫) માસ ચેકીંગ ડ્રાઈવ પોલીસ રક્ષણ હેઠળ ગોઠવવામાં આવે છે.
(૬) જે વિસ્તારમાં ડાયરેક્ટ લંગર નાખી વીજચોરી થાય છે. ત્યાં થાંભલા ઉપરના ખુલ્લા વાયરો બદલી પીવીસી ઈસ્યુલેટડ અથવા એબીસી કેબલ નાંખવાની કાર્યવાહી ચાલુ છે.
(૭) જે વિસ્તારમાં વીજ ચોરીનું દુષણ છે. ત્યાં એલટી લાઈન ઘટાડી એચટી લાઈન વધારી ૫ કેવીએ, ૧૦ કેવીએ, ૧૬ કેવીએના ક્ષમતાવાળા નાના નાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાંસફોર્મર મુકવાની કાર્યવાહી ચાલુ છે.
(૮) વીજ ચેકીંગ ટુકડીઓને અદ્યતન સાધન સામગ્રી આપી પુરતો પોલીસ બંદોબસ્ત આપી માથાભારે વિસ્તારમાં સઘન વીજ ચેકીંગ કરાવવામાં આવે છે.
(૯) મોટા ઓદ્યોગિક ગ્રાહકોને ત્યાં ઈલેક્ટ્રોનિક મીટર મુકી તેનો લોડ પેટર્ન તેમજ વપરાશનું ઓન લાઈન મોનીટરીંગ કોર્પોરેટ ઓફીસ તેમજ ડીવીઝન ઓફીસમાં કરવામાં આવે છે. તેના આધારે વીજ ચોરી ઘટાડવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.
(૧૦) બધાજ વીજ સ્થાપનો ઉપર મીટર પેટી મુકી સીલ કરી જોડાણોને વીજચોરી મુક્ત બનાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

## વાયબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગપતિઓ પાછળ થયેલ ખર્ચ

૫૨૦૮**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સન ૨૦૦૬ થી ૨૦૦૮ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગપતિઓને આકર્ષવા વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૨) આ ઉદ્યોગપતિઓને ક્યા ક્યા પ્રકારની સગવડો આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : સન ૨૦૦૬ થી ૨૦૦૮ સુધીમાં ઉદ્યોગપતિઓને આકર્ષવા માટે રાજ્ય સરકાર તરફથી કોઈ ખર્ચ કરેલ નથી. પરંતુ રાજ્યમાં ઉદ્યોગોને આકર્ષવાનું ધ્યેય છે તે પરિપૂર્ણ કરવા રાજ્ય સરકારે લીધેલ વિવિધ પગલાંઓ પૈકી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

## પોલિસ ફોર્સમાં ભરતી

૫૭૦૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકારે પોલિસદળમાં કેટલી ભરતી કરેલ છે, અને

**જવાબ**

(૧) બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની ૧૬૫ જ્ગ્યાઓ બઢતીથી ભરેલ છે. એસ.આર.પી.એફ. માં ૩૫૪૭ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. ૫૮૩૭ પોલીસ લોકરક્ષકોની પસંદગી કરવામાં આવી છે અને નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે. છેલ્લા બે વર્ષથી પોલીસ ફોર્સમાં નોંધપાત્ર ખાલી જ્ગ્યાઓ ભરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

**પ્રશ્ન**

(૨) પોલિસદળની જ્ગ્યાની ભરતી અને પરીક્ષાના

**જવાબ**

(૨) બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરના

નિયમોમાં સરકારે ક્યા નવા સુધારા કરેલ છે, અને

ભરતી નિયમોના ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટેની લાયકાતમાં સુધારો કરી આસી.સબ ઈન્સ્પેક્ટર/ હેડ કોન્સ્ટેબલ તરીકેના પાંચ વર્ષના અનુભવને બદલે ત્રણ વર્ષનો કર્યો અને પરીક્ષામાં બેસવા માટેની વયમર્યાદા રદ કરેલ છે.

(૩) તેનો હેતુ શું છે ?

(૩) કર્મચારીઓને ખાસ સ્પર્ધાત્મક બઢતીની પર્યાપ્ત મળી રહે તથા પોલીસ દળમાં યુવા શક્તિ જોડાતા યુવાબળ વધે અને પોલીસ દળની કાર્યક્ષમતા વધે તે હેતુથી સુધારા કરેલ છે.

-------------

## નવી ઓદ્યોગિક નીતિ

૪૭૭૯**શ્રી રામસિંહભાઈ પરમાર (ઠાસરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે નવી ઓદ્યોગિક નીતિ છેલ્લે ક્યારે તેયાર કરી, અને

(૨) તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) સરકારે નવી ઓદ્યોગિક નીતિ જાન્યુઆરી, ૨૦૦૯ માં જાહેર કરેલ છે.

(૨) રાજ્યને સર્વાંગી સામાજિક અને આર્થિક વિકાસ ક્ષેત્રે વિશ્વભરમાં અગ્રેસર બનાવવાના નિર્ધાર સાથે ઘડવામાં આવેલ ઓદ્યોગિક નીતિ-૨૦૦૯ના મુખ્ય ઉદ્દેશો મૂડીરોકાણને પ્રોત્સાહન રોજગારીની તકો વધારવી અને રોજગારીની લાયકાતમાં પણ વધારો કરવો અને ગુણવત્તાના વેશ્વિક ઉચ્ચ ધોરણો અને ઉત્કૃષ્ટતા સાથે ""મેઈડ ઈન ગુજરાત"" બ્રાન્ડ નેઈમને સર્વગ્રાહી માન્યતા મળે તે છે.

આ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ઓદ્યોગિક નીતિમાં વિવિધ યોજનાઓ ઘડવા નિર્દેશ આપેલ છે. સાથોસાથ હાલ અમલી યોજનાઓમાં પણ આવશ્યક ફેરફાર કરવામાં આવશે. નવી ઓદ્યોગિક નીતિમાં માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, એન્વાયરોમેન્ટ પ્રોટેક્શન, ટેકનિકલ કોમ્પીટન્સ એન્ડ મેનપાવર, ટેક્ષટાઈલ એન્ડ એપરલ, ડાયમન્ડ એન્ડ જ્વેલરી, ગુણવતા પ્રમાણપત્ર, માર્કેટ પ્રમોશન એન્ડ ડેવલોપમેન્ટ, ટેક્નોલોજી અપગ્રેડેશન, રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ, ક્લસ્ટર ડેવલોપમેન્ટ, ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટસ, ઓદ્યોગિક પાર્ક, ટેકનિકલ, ટેક્ષટાઈલ, જાહેર થયેલા પછાત તાલુકામાં ઓદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિઓ ઉત્પન્ન કરવી, સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, ઓદ્યોગિક અને સામાજીક અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેગા અને ઈનોવેટીવ પ્રોજેકટ, એગ્રી બીઝનેશ, ફીશરીઝ, આઈ.ટી. સંબંધિત ઉદ્યોગો, બંદરોનો વિકાસ, બિનપરંપરાગત ઉર્જા, યુવાન અને મહિલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન, ઈન્વેસ્ટર ફેસીલીટેશન, ઈન્વેસ્ટર સપોર્ટ સીસ્ટમ, ઈન્ડસ્ટ્રીયલ ઝોન, ઈન્ડસ્ટ્રીયલ એરીયા, લેન્ડ બેંક, લોજીસ્ટીક પાર્ક વિગેરેના વિકાસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

**ખાનગી સંયુક્ત ભાગીદારીના બંદરો પર વારફેજ ચાર્જ લેવા બાબત**

૬૩૬૫**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બંદર નીતિ અન્વયે રાજ્ય સરકાર ધ્વારા ખાનગી/ભાગીદારીના બંદરો પર યાતાયાતનો વારફેજ ચાર્જ લેવાનું બંધ કરેલ છે કે આવા ખાનગી બંદર કે ક્નસેસનલ એગ્રીમેન્ટના બંદરોને મુળ કરારમાં ફેરફાર કરી સવલત આપી છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ફેરફારનાં કારણો શાં છે, અને

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી/ક્નસેસનલ/કપટીવ જેટી પર વારફેજ ચાર્જ અંગે વર્ષવાર બંદર દીઠ કેટ કેટલી રકમની આવક જમા થઈ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

ના જી,

બંદરો નીતિ અન્વયે, ગુજરાતના ખાનગી/ ભાગીદારી બંદર વિક્સાવવામાં આવે છે. જેના ઉપર કરાર મુજબ વોટરફ્રન્ટ રોયલ્ટી ચાર્જીસ લેવામાં આવે છે. બંદર નીતિના સફળ અમલીકરણ અન્વયે ગુજરાતના બંદરો ઉપર માલની હેરફેરનું પ્રમાણ ૧૯૯૯-૨૦૦૦ માં ૪૮.૮૦ મીલીયન ટનથી વધીને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૪૭.૬૦ મીલીયન ટન થયેલ છે. ખાનગી બંદરો પરથી થયેલ કાર્ગો હેરફેર વધીને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૪૨.૫૮ મીલીયન ટન થયેલ છે.

વર્ષ ૨૦૦૩-૦૪ થી વર્ષ ૨૦૦૫-૦૬ ના ત્રણ વર્ષમાં કુલ આશરે રૂા.૩૮૧ કરોડની આવક થયેલ. જેમાં ખાનગી જેટી પરથી આશરે રૂા.૭૮.૪૪ કરોડ, કેપ્ટીવ જેટી પરથી રૂા.૨૬૮.૭૮ કરોડ વાર્ફેજ તેમજ અન્ય આવક થયેલ. ખાનગી બંદરો પરથી રૂા.૩૩.૭૮ કરોડની વોટરફ્રન્ટ રોયલ્ટીની આવક થયેલ.

તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ૨૦૦૫-૦૬ થી ૨૦૦૭-૦૮ આ આવકમાં છેલ્લા ૩ વર્ષમાં વધારો થઈ કુલ આશરે રૂા.૬૩૫ કરોડની આવક થયેલ છે. જેમાં ખાનગી જેટી પરથી આશરે રૂા.૮૧ કરોડ, કેપ્ટીવ જેટી પરથી આશરે રૂા.૩૨૦ કરોડ વાર્ફેજ તેમજ અન્ય આવક થયેલ છે. ખાનગી બંદરોપરથી રૂા.૨૩૪ કરોડની વોટરફ્રન્ટ રોયલ્ટીની આવક થયેલ છે.

-------------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં બંદર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૫૪૪૯ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ વાયબ્રન્ટ સમિટ દરમ્યાન બંદર ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) આ એમ.ઓ.યુ. દ્વારા કેટલું મૂડી રોકાણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) અને (૨) :

વાયબ્રન્ટ ગુજરાતની પહેલની સફળતાના પ્રતિસાદ રૂપે ૨૦૦૯ સમીટમાં બંદર ક્ષેત્રે ૫૦ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. જેના દ્વારા ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનો અંદાજ છે જે પૈકી નવી ગ્રીન ફીલ્ડ બંદરોના વિકાસ, ખાનગી બંદરોનું વિસ્તૃતીકરણ, ખાનગી જેટીઓનો વિકાસ, શીપયાર્ડ SBM ઈન્સટોલેશન (પ્રવાહી કાર્ગોની ઝડપી પરિવહન માટે) રો-રો પેસેન્જર સર્વિસ, ક્રુઝ શીપ અને બીચ ફ્રંટ વિકાસ જેવા પ્રોજેકટનો સમાવેશ થાય છે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં પોલિસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનો**

૫૬૪૧ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) :માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પોલિસ કર્મચારીઓ માટે રહેણાંકનાં કેટલા મકાનો છે, અને

**જવાબ**

(૧) ૧૬૭૦

(૨) જો ખૂટતા હોય તો ખૂટતા મકાનો બનાવવા શું આયોજન કરેલ છે ?

(૨) ૩૧૬ આવાસોનું કામ પ્રગતિમાં છે તેમજ ૫૦ આવાસોનું કામ ટૂંક સમયમાં શરુ થનાર છે.

--------------

**ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા બાબત**

૪૭૭૧**શ્રી જોધાજી ઠાકોર (વાગદોડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ખેતીવાડી માટેની વીજ માંગને પહોંચી વળવા રાજ્ય સરકાર ધ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી શાં ભાવે વીજળી ખરીદવામાં આવી,

(૨) આ ખાનગી વીજ કંપનીઓનો પીકઅપ ભાવ શું છે, અને

(૩) યુનીટ દીઠ ભાવ શું છે ?

**જવાબ**

(૧) ખેતીવાડી તેમજ અન્ય હેતુઓ માટેની વીજ માંગને પહોંચી વળવા ખાનગી વીજ કંપનીઓ પાસેથી તા.૧-૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૦૮ દરમ્યાન ખરીદવામાં આવેલ વીજળીના ભાવની વિગતો પત્રક-અ માં દર્શાવેલ છે. (કોઈપણ સ્ત્રોત મારફતે મેળવાયેલ વિજળી ક્યા ચોક્કસ ગ્રાહકોને આપવામાં આવી, તે કહેવું શક્ય નથી.)

(૨) પીકઅપ ભાવ હોતો નથી.

(૩) પત્રક-અ ના કોલમ (૨) મુજબ.

**પ ત્ર ક - અ**

| કંપનીનું નામ | વિજળીનો ભાવ રૂ. (પ્રતિ યુનિટ) |
|---|---|
| એસ્સાર | ૩.૪૭ |
| જીપેક | ૫.૮૨ |
| નીજી વીજ ઉત્પાદકો | |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૨.૮૦ |
| અદાણી એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૨.૮૦ |
| આઈ.પી.સી.એલ. વડોદરા | ૪.૦૦ |
| હીન્ડાલકો | ૫.૧૯ |
| ગેલન્ટ મેટર લી. | ૨.૬૨ |
| ઝગડીયા કોપર લી. | ૫.૬૫ |
| વેલસ્પન ગુજરાત સ્ટલ્હ રોહરેન લી. | ૩.૪૯ |
| ભન્ડેર પાવર | ૪.૮૪ |
| વીજ વેચાણકારો | |
| ટાટા પાવર ટ્રેડીંગ લી. | ૯.૨૮ |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૭.૩૭ |
| લોન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪.૨૯ |
| અદાણી એન્ટરપ્રાઈઝ લી. | ૬.૪૮ |
| એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૬.૫૪ |
| જે.એસ.ડબલ્યુ. પીટીસી લી. | ૭.૧૩ |
| કલ્યાણી પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. | ૮.૪૧ |

-------------

**ક્સિાનોને ખેતી વિષયક વીજ જોડાણ**

૫૬૫૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્સિાનોના ખેતી વિષયક વીજ જોડાણને પૂરતા દબાણે વીજ પુરવઠા મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંતર્ગત ૩૧મી ડિસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી

**જવાબ**

(૧) હા, જી.

(૨) ક્સિાનોના ખેતી વિષયક વીજ જોડાણને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે એ માટે ""ખુશી""-

કરવામાં આવી ?

(Kishan Heet Urja Shakti Yojana-KHUSHY) કિસાન હિત ઉર્જા શક્તિ યોજના બનાવેલ છે. આ યોજના અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવામાં આવેલી છે.

| | |
|---|---|
| ""ખુશી"" (Kishan Heet Urja Shakti Yojana) કિસાન હિત ઉર્જા શક્તિ યોજના | ૧૦/૧૬/૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર લગાવ્યા |
| હયાત ખેતી વિષયક ફીડરો પર | ૩૫૮૫ |
| નવા ખેતી વિષયક વિજ જોડાણો પર | ૧૧૨૮૨ |
| કુલ : | ૧૪૮૬૭ |

--------------

## રાજ્યમાં નોટરીની જ્ગ્યાઓ

૫૬૭૩ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ):માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કેટલી જ્ગ્યાઓ છે,

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) નોટરીની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) રાજ્યમાં ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કુલ ૧૪૦૭ જ્ગ્યાઓ છે. જેમાં કેન્દ્ર સરકારના તા.૩-૯-૦૮ના જાહેરનામાથી મંજૂર થયેલ ૪૬૯ જ્ગ્યાઓનો સમાવેશ થાય છે.

(૨) ૮૮૮ જ્ગ્યાઓ.

(૩) ઉપરોક્ત ખાલી જ્ગ્યાઓ પેકી ૪૧૯ જ્ગ્યાઓ પર નિમણૂંકની કાર્યવાહી પૂર્ણ થવામાં છે અને બાકી રહેતી ૪૬૯ જ્ગ્યાઓ પણ ત્વરિત પણે ભરવાનો સરકારનો આશય છે.

--------------

## ટોરેન્ટ ઈલેક્ટ્રીસીટી કંપની માટે ભાવવધારો

૫૭૧૪ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશને ટોરન્ટ ઈલેક્ટ્રીસીટી કંપની માટે કેટલી વખત ભાવ વધારો મંજૂર કર્યો, ભાવ વધારાનો દર શો હતો,

**જવાબ**

(૧) ઈલેક્ટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની જોગવાઈ મુજબ વીજદરો વધારવા અંગેની બાબત આ એકટ હેઠળ સ્વાયત્ત રીતે રચાયેલ વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની છે. તેમાં સરકારની કોઈ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં નામ.ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કોઈ ભાવ વધારો મંજૂર કર્યો નથી. પણ તા.૩૧-૭-૨૦૦૭ના હુકમથી નક્કી કરેલ ફોર્મ્યુલા મુજબ ટોરેન્ટ પાવર લિ. દ્વારા ફ્યુઅલ સરચાર્જ ગ્રાહકો ઉપર નીચે પ્રમાણે લાગુ પડેલ છે.

| સમયગાળો | ફ્યુઅલ સરચાર્જ (પેસા પ્રતિ યુનિટ) |
|---|---|
| જાન્યુઆરી-૦૭ થી ડિસે-૦૭ | કોઈ ચાર્જ નથી |
| જાન્યુ-૦૮ થી માર્ચ-૦૮ | ૧૨ |
| એપ્રિલ-૦૮ થી જુન-૦૮ | ૪૨ |
| જુલાઈ-૦૮ થી સપ્ટે-૦૮ | ૭૫ |
| ઓકટોબર-૦૮ થી ડિસે-૦૮ | ૭૫ |

(૨) ભાવ વધારો મંજૂર કરવા માટે કારણો શાં હતા, અને

(૨) બળતણ ખર્ચ અને બળતણના પરિવહનના દરોમાં થતાં વધારા ઉપરાંત વીજ ખરીદીમાં થતાં ભાવ વધારાને કારણે નામ. વીજ નિયમન આયોગ દ્વારા નિયત થયેલ ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવામાં આવે છે.

(૩) હાલમાં પેટ્રોલ/ડિઝલના ભાવ ઘટાડયાના કારણે વિજળીના દરમાં ઘટાડો કરવા સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કેમ ?

(૩) વીજળીના દર નક્કી કરવાની બાબત નામ. વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. તેમ છતાં, બળતણ ખર્ચમાં થતાં વધારા-ઘટાડા મુજબ, નામ. આયોગની નિયત ફોર્મ્યુલા મુજબ, ફ્યુઅલ સરચાર્જમાં વધારો ઘટાડો થતો રહે છે.

-------------

## હીરા ઉદ્યોગમાં મંદી

૬૦૭૫ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં હીરા ઉદ્યોગમાં વ્યાપેલ મંદીને કારણે કેટલા રત્ન કલાકારો બેકાર બન્યા છે, અને

(૨) આ રત્ન કલાકારોને રોજગારી પૂરી પાડવા માટે રાજ્ય સરકારે શી વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સર્વેક્ષણ કરાવવામાં આવી રહેલ છે.

(૨) ૧. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત દ્વારા તા.૧૬-૧૨-૦૮ અને ૯-૧-૦૯ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા તા.૨૧-૧-૦૯ના રોજ સેમિનાર યોજી વૈકલ્પિક રોજગારની સમજણ આપવામાં આવી હતી.

૨. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગની શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અને પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ યોજનાના ૪૪૦૨ ફોર્મસનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૯૭ ફોર્મ ભરાઈને પરત મળતા ૭૦ કેસો બેંકોને લોન સહાય મંજૂરી અર્થે મોકલી આપવામાં આવેલ છે.

૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા તા.૨૮-૧-૦૯ ના રોજ માનવ કલ્યાણ યોજના હેઠળ ૫૮૩ રત્નકલાકારોને ફોર્મનું વિતરણ કરી ૫૧૩ અરજદારો પાસેથી ભરેલા ફોર્મ મેળવી સ્વરોજગારી માટેની ટુલકીટ મંજૂર કરવામાં આવેલ છે.

૪. પાવરલુમ સર્વિસ સેન્ટર, સુરત અને આઈ.ટી. આઈ. કતારગામ સુરત દ્વારા ટૂંકા ગાળાની તાલીમ આપવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા રત્નકલાકારોને તાલીમ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા ગુજરાત ડાયમંડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે ચાલતા જ્વેલરી ડીઝાઈન અંગેની તાલીમ વિના મૂલ્યે બેરોજગાર રત્નકલાકારોને મળે તે માટે આયોજન કરવામાં આવેલ છે.

૫. રત્ન કલાકારો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્યક્રમ હેઠળ રોજગારી કામોનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

-------------

## અમરેલી જિલ્લાના રાજુલાથી વેરાવળ સુધીની ગેસ પાઈપ લાઈન

૫૧૦૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના રાજુલાથી વેરાવળ સુધી ગેસ પાઈપ લાઈન નાંખવા અંગેનું સરકારનું આયોજન છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૧) જો હા, તો ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------------

## સોર શક્તિથી વીજ ઉત્પાદન

૫૪૫૯ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સોર શક્તિથી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકો માટે કોઈ નીતિ અમલી બનાવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે અંતર્ગત ક્યા લાભ આપવામાં આવશે ? | (૨) સમગ્ર વિશ્વના વાતાવરણમાં છેલ્લા કેટલાક વર્ષોથી મોટો ફેરફાર નોંધાયો છે. આ ગ્લોબલ વોર્મિંગને કારણે થતાં ભારે નુકશાનને ગુજરાતે આગોતરૂ પારખીને તે સંદર્ભે વિવિધ સંશોધન/અભ્યાસ હાથ ધર્યો છે. ખનીજ બળતણનો સતત ઘટતો જતો જથ્થો અને તેમાં થતાં જંગી ભાવવધારાએ વિશ્વ સમસ્તની અર્થવ્યવસ્થાને ખોરવી નાખી છે.<br>આમ, માત્ર ખનીજ બળતણને આધારે બેસી રહેવાને બદલે ગુજરાતે અન્ય બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાનો કાર્યારંભ તાજેતરમાં કરેલ છે. અને તેથી જ ગુજરાત કે જ્યાં સૂર્ય, વર્ષના ૩૦૦ થી વધુ દિવસ પ્રકાશે છે તેનો લાભ લઈ સૂર્ય ઉર્જામાંથી પર્યાવરણીય રીતે સ્વચ્છ અને હરિત ઉર્જા ઉત્પન્ન કરવા માટેની સર્વને સાનુકૂળ નીતી જાહેર કરી ગ્લોબલ વોર્મિંગના ગુણાંકમાં ઘટાડો કરવાની નેમ રાખી છે. તેમજ બિન પરંપરાગત ઉર્જાના અન્ય સ્રોતો જેવા કે પવન અને જૈવિક ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરવાની પ્રોત્સાહક નીતી જાહેર કરેલ છે.<br>ભારત સરકારે સમગ્ર દેશ માટે ૫૦ મે. વો. સુધીના સૂર્ય ઉર્જા પ્રોજેક્ટ માટેની નિતી જાહેર કરેલ છે. તેની સામે ગુજરાતે માત્ર ગુજરાતની પ્રજાના હિતમાં ભારત સરકાર કરતાં ૧૦ ગણો એટલે કે, ૫૦૦ મે. વો. સુધીની ઉદાર અને ક્રાતિકારી નીતી જાહેર કરી છે.<br>સરકારે તાજેતરમાં જાહેર કરેલ સોર ઉર્જા નીતીની શરતોને આધિન નીચે મુજબ લાભ આપવામાં આવશે.<br>(૧) સોર ઉર્જા દ્વારા વીજળી ઉત્પાદક કરતાં એકમો, તે વીજળીનું ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સીસને, સોર ફોટોવોલ્ટાઈ અને સોર થર્મલ પધ્ધતિથી ઉત્પન્ન કરેલ વીજળી અનુક્રમે રૂા. ૧૩ અને રૂા. ૧૦ પ્રતિ યુનિટના દરે પ્રથમ ૧૨ વર્ષ સુધી અને ત્યાર પછી ૧૩ વર્ષ સુધી રૂા. ૩.૦૦ પ્રતિ યુનિટના દરે વેચાણથી આપી શકે અથવા નિયત વ્હિલીંગ ચાર્જ સાથે સ્વ વપરાશ માટે ઉપયોગ કરી શકે.<br>(૨) સોર ઉર્જાથી ઉત્પાદિત વીજ ઉત્પાદનને વીજ ડ્યુટીમાંથી માફી આપવામાં આવે છે. |

(૩) સોર ઉર્જા દ્વારા સ્થાપિત કરેલ ક્ષમતાના ૫૦ ટકા સુધી ડિમાન્ડ કટમાંથી મુક્તિ આપવામાં આવે છે.

---------

## દેત્રોજ, માંડલ અને વિરમગામ તાલુકાની નર્મદા કેનાલમાં સિંચાઈનું પાણી

૫૧૮૬**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાના દેત્રોજ, માંડલ અને વિરમગામ તાલુકામાં નર્મદાની કેટલી બ્રાન્ચ કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવેલ છે, અને

(૨) આ પાણીનો ક્યા ક્યા ગામોને લાભ મળેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાની નીચે મુજબની ૪ બ્રાંચ કેનાલોમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવેલ છે.

૧. નરસિંગપુરા
૨. વિરમગામ-૧
૩. ખારાઘોડા
૪. વિરમગામ-૨

(૨) નીચે મુજબના ગામોને લાભ મળેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | શાખા નહેરનું નામ | લાભિત ગામોના નામ |
|---|---|---|---|
| ૧ | વિરમગામ | નરસિંગપુરા | ઓગણ, કરથલ, થોરીથંભા, વાસવેલિયા, વાસવા,જખવાડા, સોક્લી,હાંસલપુર, થોરીમુબારક, ખેંગારીયાવનથલ, જાલમપુર,ઘોડા સચાણા (૧૪ ગામો) |
| | | વિરમગામ-૧ | મેલજ, દેવપુરા, હિરાપુર, સરસાવડી, કાદીપુર (૫ ગામ) |
| | | વિરમગામ-૨ | શિવપુરા, ખુરડ, નદીયાણા,જાદવપુરા, નલાણા, ૫નાર, ભાવડા,કોક્તા, વિરમગામ (૯ ગામ) |
| ૨ | દેત્રોજ | વિરમગામ-૧ | અંગપુરા (૧ ગામ) |
| | | ખારાઘોડા | મોટી રંતાઈ, નાની રંતાઈ,બંટાઈ, ડાભસર, ગુંજાલા, ગમાનપુરા, ગીતાપુર, અથતપુરા, રૂદ્રાતલ, નદીસાળા, દેકાવાડ, ઉમેદપુરા, સિંહોર (૧૩ ગામ) |
| ૩ | માંડલ | ખારાઘોડા | કરસનપુરા, રીબડી, રખીયાણા, સોલગામ, નવાગામ, ઉકરડી, ઓંકડી, કડવાસણ ઢેડાસણા,નાના ઉભડા (૧૦ ગામો) |
| **કુલ : ૫૨ ગામ** | | | |

---------

**જૂનાગઢ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૫૬૪૫**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા નવીન વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે ? | જૂનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૫ (પાંચ) નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |

---------

**આર.ટી.ઓ. કચેરી ભરૂચની આવક**

**૫૪૮૫ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી ભરૂચની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૩૧૭૬.૨૩ |
| ૨૦૦૮ | ૩૨૩૧.૪૩ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

---------

**પોલીસ દળમાં ભરતી**

૫૬૫૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. પોલીસદળને અસરકારક બનાવવા તથા યુવાબળને જોડી કાર્યક્ષમ બનાવવા ભરતી નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવાનું આયોજન છે ? | (૨) બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની કુલ ૧૨૨૪ જ્ગ્યાઓ તથા લોકરક્ષક્ની કુલ ૮૨૮૭ જ્ગ્યાઓની ભરતી કરવાની કાર્યવાહી ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. |

---------

**ગુજરાતમાં દારૂબંધી**

**૫૨૦૧શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં દારૂબંધીનો સખત અમલ કરાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

રાજ્યમાં દારૂબંધી નો અમલ કરવા સરકાર કટીબધ્ધ છે અને તે સારૂ દારૂની પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર ઓચીંતી સફળ અને અસરકારક રેઈડો કરી કાયદા મુજબ દારૂની બદી સદંતર બંધ થાય તેવા પગલાં લેવા દરેક શહેર/જિલ્લા પોલીસને જાણ કરેલ છે.

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે અવારનવાર પરીપત્રો કરવામાં આવે છે. અને આવી પ્રવૃત્તિ જ્યાં વ્યાપક પ્રમાણમાં જણાય ત્યાંના જવાબદાર પોલીસ અમલદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ કડક પગલાં લેવામાં આવે છે.

અવારનવાર રેઈડોનું આયોજન કરી આ બદીને નેસ્ત

| | |
|---|---|
| | નાબુદ કરવાનું આયોજન છે. આવા ધંધામાં સંડોવાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા, તડીપાર અને પ્રોહી.-૯૩ ના કેસોની કાર્યવાહી વધુ વેગવંતી બનાવવા સુચનાઓ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.<br>પ્રોહી. ઝુંબેશ રાખી વધુમાં વધુ કેસો શોધી કાઢવા તથા પરપ્રાંતિય દારૂની હેરાફેરી ન થાય તે માટે નાકાબંધીના પોઈન્ટો ગોઠવી જતા-આવતાં શકમંદ વાહનો ચેક કરી આ બદી અટકાવવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

---------

**દાહોદ જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો**

૫૪૪૬ **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્નાં કેટલા મકાનો છે, અને | (૧) ૬૨૮ |
| (૨) ખૂટતા રહેણાંકો બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે, કે કેમ ? | (૨) સન ૨૦૦૮-૦૯ માટે કુલ ૭૦ મકાનોની અગ્રતા આપવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં પાઈપ લાઈનથી ગેસ આપવા બાબત**

૪૮૯૯ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પાઈપ લાઈનથી ગેસ આપવાની યોજના મંજુર કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લાના કેટલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારને તેનો લાભ મળશે, અને | (૨) પ્રથમ તબક્કે પંચમહાલ જીલ્લામાં હાલોલ નગરને લાભ મળશે બીજા તબક્કામાં કાલોલ તથા ગોધરાને આવરી લેવા આયોજન છે. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૩) હાલોલ નગરમાં મુખ્ય પાઈપ લાઈનનું કામ મહદઅંશે પૂર્ણ થયેલ છે જૂન ૨૦૦૯ સુધીમાં સમગ્ર હાલોલ નગરને ગેસ પુરવઠો મળી રહે તે માટેની કામગીરી ચાલુ છે. |

---------

**સરદાર સરોવર યોજના હેઠળ ડેમમાં આવેલું પાણી**

૫૬૩૨**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરદાર સરોવર યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ડેમમાં કેટલું પાણી આવેલ હતું, | (૧) સરદાર સરોવર યોજના હેઠળ વર્ષ-૨૦૦૭-૦૮ (જુલાઈ-૦૭ થી જુન-૦૮) દરમ્યાન ડેમમાં ૨૨.૨૯ મીલીયન એકર ફીટ (એમ.એ.એફ.) જેટલું પાણી આવેલ હતું તે પેકી ચોમાસા દરમ્યાન (જુલાઈ-૨૦૦૭થી ઓક્ટોબર-૦૭) ૧૫.૫૯ (એમ.એ.એફ.) પાણી આવેલ હતું. |
| (૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સન ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલું પાણી આવેલ છે, અને | (૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સન ૨૦૦૮-૦૯ (જુલાઈ-૦૮ થી ડીસેમ્બર-૦૮) દરમ્યાન ૭.૦૦ મીલીયન એકર ફીટ (એમ.એ.એફ.) જેટલું પાણી આવેલ છે. તે પેકી ચોમાસા દરમ્યાન (જુલાઈ-૨૦૦૮થી ઓક્ટોબર-૦૮) ૫.૧૪ (એમ.એ.એફ.) પાણી આવેલ હતું. |
| (૩) તે પેકી રાજ્યના કામે કેટલું પાણી આવ્યું ? | (૩) તે પેકી સન ૨૦૦૭-૦૮ દરમ્યાન ૧૬.૩૬ મીલીયન એકર ફીટ (એમ.એ.એફ.) તથા સન-૨૦૦૮-૦૯માં |

| | |
|---|---|
| | તારીખ ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ૫.૮૯ મીલીયન એકર ફીટ (એમ.એ.એફ.) પાણી ઉપયોગમાં લેવામાં આવ્યું છે. |

---------

**રાજકોટ જિલ્લાના ટંકારાની આજુબાજુની નદીઓમાંથી ખનીજ ચોરી**

૪૮૨૮ **શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના ટંકારાની આજુબાજુમાં આવેલ નદીઓમાંથી ખનીજ ચોરીની કેટલી ફરિયાદો મળી, અને | (૧) એક |
| (૨) મળેલ ફરિયાદ સામે સરકારે શાં પગલાં લીધાં અને કેટલી રોયલ્ટી વસૂલ કરી ? | (૨) ફરીયાદમાં તથ્ય જણાયેલ નથી. આથી રોયલ્ટી વસુલ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

---------

**ઔદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા**

૫૪૮૯**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર(પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સીટ સુધારવા માટે સી.આઈ.પી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૧૫૯.૧૪ કરોડ |

--------

**રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે મળેલ એવોર્ડ**

૫૪૩૮**શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉર્જા ક્ષેત્રે કામગીરી બદલ રાજ્ય સરકારને ડિસેમ્બર-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે. |

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર -૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો**

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (સિલ્વર શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ |
| ૩. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ઉત્તર ગુજરાત વીજ કંપની |
| ૪. | સ્ટેટ પાવર એવોર્ડ ફોર એક્સેલન્સ ઓફ સ્ટેટ ગવર્નમેન્ટ ઈન પાવર સેક્ટર અન્ડર કોર્પોરેટ એક્સેલન્સ (ઈન્ફ્રાલાઈન એક્સેલન્સ એવોર્ડ, | મીનીસ્ટ્રી ઓફ પાવર | રાજ્ય સરકાર |

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| | ૨૦૦૭) | | |
| ૫. | બિનપરંપરાગત ઉર્જા ક્ષેત્રે બોક્ષ ટાઈપ સૂર્ય કૂકર યોજના માટે શ્રેષ્ઠ કામગીરી માટે (પ્રથમ ઈનામ) | કેન્દ્ર સરકારના નવીન અને નવીકરણીય ઊર્જા મંત્રાલય, નવી દિલ્હી | ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા |
| ૬. | મહત્તમ હાઈડ્રો ઉત્પાદન માટે (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (ઉકાઈ હાઈડ્રો) |
| ૭. | પાવર સેક્ટર રિફોર્મ્સ એન્ડ ઈનીશિયેટીવ્ઝ ઈન ગુજરાત સ્ટેટ (ઈન્ડીયા ટેક એક્સેલન્સ એવોર્ડ, ૨૦૦૭) | ઈન્ડીયા ટેક ફાઉન્ડેશન, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૮. | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૯. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ ગોલ્ડ શીલ્ડ | ગ્રીનટેક ફાઉન્ડેશન, નવી દિલ્હી | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (ધુવારણ ગેસ બેઈઝ એકમ) |
| ૧૦. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ સિલ્વર શીલ્ડ | ગ્રીનટેક ફાઉન્ડેશન, નવી દિલ્હી | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (ઉત્રાણ ગેસ બેઈઝ એકમ) |
| ૧૧. | ગ્રીનટેક એન્વાયરમેન્ટ એવોર્ડ પ્રસંશાપાત્ર | ગ્રીનટેક ફાઉન્ડેશન, નવી દિલ્હી | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (ગાંધીનગર ટી.પી.એસ.) |
| ૧૨. | વીજ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૧૩. | ઊર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિધ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૧૪. | અન્ય રાજ્યોની સરખામણીમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સોથી વધુ પવન ઉર્જાની ક્ષમતાનો ઉમેરો કરવા માટે (એવોર્ડ) | વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઓફ સસ્ટેનેબલ એનર્જી, પૂના | ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા |

-------------

**ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા**

૫૪૯૯ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સ્તર સુધારવા માટે સી.આઈ.વી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૧૫૯.૧૪ કરોડ |

---------

**આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણ**

૬૨૩૫ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ આણંદ | (૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ આણંદ |

જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા વિજ જોડાણ આપેલ છે,

જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| બોરસદ | ૨૭૪૨ |
| તારાપુર | ૫૧૩ |
| સોજીત્રા | ૫૨૪ |
| ઉમરેઠ | ૧૫૫૨ |
| આણંદ | ૧૭૧૩ |
| પેટલાદ | ૧૦૯૦ |
| ખંભાત | ૨૧૭૨ |
| આંક્લાવ | ૨૨૪૯ |
| કુલ : | ૧૨૫૫૫ |

(૨) તે અન્વયે કેટલા જોડાણ આપવાના બાકી છે, અને

(૩) તે વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૨) અને (૩) તે અન્વયે તમામ વીજ જોડાણ રીલીઝ કરવામાં આવ્યા છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કલ્પસર પ્રોજેક્ટ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૬૩૯૭**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર પ્રોજેક્ટ માટે સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંની તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે, અને

(૩) વપરાયેલ ગ્રાન્ટનો ખર્ચ ક્યા ક્યા હેડે પાડવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૬-૦૭ રૂા. ૧૨૮.૩૦ લાખ
વર્ષ -૨૦૦૭-૦૮ રૂા. ૧૬૫.૯૨ લાખ

(૨) વર્ષ-૨૦૦૬-૦૭માં રૂા. ૧૨૮.૩૦ લાખ
વર્ષ -૨૦૦૭-૦૮માં રૂા. ૧૬૫.૯૨ લાખ

(૩) વપરાયેલ ગ્રાન્ટનો ખર્ચ નીચે પ્રમાણેના હેડે પાડવામાં આવ્યો છે.

મુખ્ય સદર- ૨૭૦૦ મોટી સિંચાઈ
પેટા મુખ્ય સદર ૮૦-સામાન્ય
ગોણ સદર -૦૦૫, મોજણી અને શોધ તપાસ
પેટા સદર-૧૧ મોજણી અને શોધ તપાસ

---------

**નેનો કાર પ્રોજેક્ટની મંજૂરી અને સુવિધા**

૬૧૨૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાતા કંપનીના નેનો પ્રોજેક્ટને રાજ્ય સરકાર ધ્વારા મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ ઉદ્યોગ ધ્વારા કેટલું મૂડી રોકાણ થવાનું છે, અને

(૩) રાજ્ય સરકાર ધ્વારા આ ઉદ્યોગને કેવા પ્રકારની સગવડ અને સહાય આપવા નિર્ણય લેવાયેલ છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તાતા કંપનીના નેનો પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) લગભગ રૂા. ૨,૯૦૦ કરોડ ટાટા મોટર્સ દ્વારા રોકવામાં આવશે. તે ઉપરાંત લગભગ રૂા. ૧૦૦૦ કરોડ વેન્ડરો દ્વારા ઈન્વેસ્ટમેન્ટ થશે.

(૩) રાજ્ય સરકારે તા. ૭-૧૧-૨૦૦૮ અને તા. ૧-૧-૨૦૦૯ના ઠરાવથી ટાટા કંપનીને સગવડ-સહાય આપવા નક્કી કરેલ છે. સરકારે આ કંપનીને બજાર ભાવે રૂા. ૪૦૦,૬૫,૩૦,૦૦૦/-માં જમીન ફાળવેલ છે. આ જમીનની કિંમત કબ્જો લીધા તારીખથી બે વર્ષ બાદ ૮ વર્ષમાં ૮ ટકા ના ચક્રવૃધ્ધિ વ્યાજ સહ વસુલ લેવાનો નિર્ણય થયેલ છે.

---------

**રાજ્યની વીજ કંપનીને ઊર્જા ક્ષેત્રે એવોર્ડ**

૫૬૭૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યની કોઈ વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ઠ કામગીરી બદલ તા. ૩૧મી ડિસે. ૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કંપનીને મળેલ છે ? | (૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે. |

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર -૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો**

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
| --- | --- | --- | --- |
| ૧. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨. | મહત્તમ હાઈડ્રો ઉત્પાદન માટે (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (ઉકાઈ હાઈડ્રો) |
| ૩. | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪. | વીજ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫. | ઊર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિધ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |

-------------

**ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા**

૬૮/page>૫૪૯૦**શ્રી આર. સી. પટેલ (જલાલપોર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સ્તર સુધારવા માટે સી.આઈ.વી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૧૫૯.૧૪ કરોડ |

--------

### આઈ. ટી. ક્ષેત્રે ડેટા સેન્ટરની સગવડ

૫૪૭૬**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આઈ.ટી. ક્ષેત્રે ડેટા સેન્ટરની સગવડો વિકસાવવા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ અગત્યના પગલાંઓ લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨)

હા, જી. ઈ-ગવર્નન્સ થકી રાજ્યના વહીવટને વધુ ગતિશીલ, કાર્યક્ષમ અને પારદર્શી બનાવી નાગરિકલક્ષી સેવાઓ ઝડપી રીતે પૂરા પાડવા માટે રાજ્ય સરકારે સ્ટેટ ડેટા સેન્ટર ગાંધીનગર ખાતે સ્થાપેલ છે. આ ડેટા સેન્ટર દેશના અન્ય રાજ્યોની સરખામણીએ પ્રથમ હરોળનું છે. આ ડેટા સેન્ટરથી મોટાભાગની ક્ચેરીઓ ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (GSWAN) ક્નેકટીવીટીથી જોડાયેલ છે. ઉપરાંત ઈ-ગવર્નન્સ થકી વિકેન્દ્રીત સેવાઓ નાગરિકોને પુરી પાડવા રાજ્ય સરકારે ક્ષેત્રીય ક્ક્ષાએ રાજકોટ, વડોદરા અને મહેસાણા ખાતે મીની ટેટા સેન્ટર પણ સ્થાપેલ છે.

### બાયસેગ સંસ્થા શિક્ષણ ક્ષેત્રે યોગદાન

૫૪૭૧ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાઈસેગ સંસ્થા (ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેર્સ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક) શિક્ષણક્ષેત્રે કોઈ યોગદાન આપે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અંદાજીત કેટલી સંસ્થાઓએ આવા શૈક્ષણિક કાર્યક્રમનો લાભ લીધેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ૨૩ જેટલી સંસ્થાઓએ આવા શૈક્ષણિક કાર્યક્રમનો લાભ લીધેલ છે.

------------

### ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનું આધુનિકરણ

૫૭૦૨**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણ માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેક્નોલોજીઓ ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે. તે વિશિષ્ટ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે.

(૧) ગો-માંસનું સ્થળ પરીક્ષણ માટેની તમામ સાધનોથી સુસજ્જ આધુનિક મોબાઈલવાન.

(૨) ટેલી ફોરેન્સીક ગુન્હા સ્થળની તપાસ માટેની અધ્યતન પધ્ધતિ

(૩) બુલેટ પરની સીગ્નેચરના ડેટા બેઝ (બુલેટ ટ્રેક) ફાયર આર્મ્સની તપાસ માટેની અદ્યતન ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમ

(૪) બ્રેઈન ઈલેકટ્રીક્લ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ

(૫) ગુન્હા સ્થળ પર તપાસ માટેની ૨૪ ક્લાક્ની તત્કાળ સેવાઓ પુરી પાડવા માટે અદ્યતન ફરતી જીલ્લા પ્રયોગશાળા

(૬) નાર્કો. એનાલીસીસ ઓપરેશન થીયેટર
(૭) ઓડીયો-વીડીયો સાથે ઓથેન્ટીકેશન સીસ્ટમ
(૮) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ વીથ ઓન લાઈન ફેસેલીટી
(૯) દારૂબંધીના કેસોમાં લોહીના નમૂનાની તપાસ માટે ગેસ ક્રોમેટોગ્રાફી આધુનિક કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિ
(૧૦) વોઈસ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ
(૧૧) બનાવટી ચલણી નોટો તપાસવા માટે ડોક્યુસેન્ટર તથા વીડીયો સ્પેકટ્રલ કંમ્પેરેટર (૫૦૦૦ મોડેલ)
(૧૨) સીસ્ટમ ફોર એનાલીસીસ ઓફ ફીઝીકલી ડેમેજડ હાર્ડ ડ્રાઈવ (આટા, સાટા, એસસીએસઆઈ)
(૧૩) સાયબર ક્રાઈમ ઉકેલવા માટેની અદ્યતન સાયબર ક્રાઈમ ડીટેકશન લેબોરેટરી
(૧૪) મોબાઈલ ટેલીફોનના સીમ કાર્ડના પરીક્ષણ માટે અદ્યતન ડૉ. એક્સ.આર.વા. સીસ્ટમ
(૧૫) ડી.એન.એ. ફીંગર પ્રિન્ટીંગ માટેની અદ્યતન લેબોરેટરી
(૧૬) શંકાસ્પદ વ્યક્તિની શોધ માટેની સસ્પેકટ ડીટેકશન સીસ્ટમ

રાજ્યની આ એફ.એસ.એલને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે?

(૨) વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના (વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં) પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ નીચે દર્શાવેલ રકમના અદ્યતન સાધનોની ખરીદી કરવામાં આવેલ છે.

| વર્ષ | ખરીદેલ સાધન-સામગ્રીનો ખર્ચ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૭,૧૬,૬૨,૮૦૦/- |
| ૨૦૦૭-૦૮ | રૂા. ૮,૦૦,૧૮,૭૬૩/- |
| ૨૦૦૮-૦૯ તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ | રૂા. ૨,૫૮,૪૫,૦૦૦/- |
| **સરવાળો** | **રૂા. ૧૭,૭૩,૨૬,૫૬૩/-** |

------------

## દાહોદ જિલ્લામાં ચોરી, ધાડ અને લૂંટના ગુનાઓ

૬૦૨૧ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ચોરી, લૂંટ અને ધાડના કેટલા ગુનાઓ નોંધાયા, અને

**જવાબ**

(૧)

| | તાલુકાનું | ચોરી | લૂંટ | ધાડ |
|---|---|---|---|---|
| (૧) | દાહોદ | ૯૬ | ૨૭ | ૦૬ |
| (૨) | ગરબાડા | ૦૫ | ૦૬ | ૦૨ |
| (૩) | ધાનપુર | ૦૪ | ૦૧ | ૦૫ |
| (૪) | દેવગઢબારીય | ૧૬ | ૦૫ | - |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | લીમખેડા | ૦૮ | ૦૪ | ૧૦ |
| (૬) | ઝાલોદ | ૩૧ | ૦૭ | ૦૬ |
| (૭) | ફતેહપુરા | ૦૭ | ૦૪ | ૦૫ |

(૨) આ ગુનાઓમાંથી કેટલા ગુનાઓમાં કેટલા ગુનેગારો પકડાયા?

(૨) ૮૮ કેસોમાં ૨૨૬ આરોપીઓ પકડાયા છે.

------------

## ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા

૫૪૯૧**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સીટ સુધારવા માટે સી.આઈ.વી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી?

(૨) રૂ. ૧૫૯.૧૪ કરોડ

------------

## બિન પરંપરાગત વીજ ઉત્પાદન કરવા માંગતા એકમોને રાહત બાબત

૫૬૫૬**શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બિન પરંપરાગત રીતે વીજ ઉત્પાદન કરવા માગતા એકમોને રાજ્ય સરકાર કોઈ રાહત આપે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ કઈ?

(૨) બિનપરંપરાગત રીતે પવન અને સોર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા માંગતા એકમોને સરકારની નીતિની શરતોને આધિન નીચે દર્શાવ્યા મુજબની રાહતો આપવામાં આવે છે.

૧. પવન ઊર્જાદ્વારા વીજ ઉત્પાદન કરતાં એકમો, તે વીજળીનું ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સીસને રૂા. ૩.૫૦ પ્રતિ યુનીટના દરે વેચાણથી આપી શકે અથવા નિયત વ્હિલીંગ ચાર્જ સાથે સ્વ વપરાશ માટે ઉપયોગ કરી શકે.

૨. સોર ઊર્જા દ્વારા વીજળી ઉત્પાદન કરતાં એકમો, તે વીજળીનું ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સીસને સોર ફોટોવોલ્ટાઈ અને સોર થર્મલ પધ્ધતિથી ઉત્પન્ન કરેલ વીજળી અનુક્રમે રૂા. ૧૩ અને રૂા. ૧૦ પ્રતિ યુનીટના દરે પ્રથમ ૧૨ વર્ષ સુધી અને ત્યાર પછી ૧૩ વર્ષ સુધી રૂા. ૩.૦૦ પ્રતિ યુનીટના દરે વેચાણથી આપી શકે અથવા નિયત વ્હિલીંગ ચાર્જ સાથે સ્વ વપરાશ માટે ઉપયોગ કરી શકે.

૩. પવન ઊર્જા અને સોર ઊર્જાથી ઉત્પાદિત વીજ ઉત્પાદનને વીજ ડયુટીમાંથી માફી આપવામાં આવે છે.

૪. પવન ઊર્જા અને સોર ઊર્જા દ્વારા સ્થાપિત કરેલ ક્ષમતાના અનુક્રમે ૩૦% અને ૫૦% સુધી ડિમાન્ડ કટમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૫. પવન ઊર્જાના પ્રોજેકટ સ્થાપના માટે સરકારી ખરાબાની જમીનની ફાળવણી પ્રતિ હેકટર વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- ના ભાડા પેટે ફાળવણી કરવામાં આવે છે.

------------

### કપડવંજ તાલુકાના દાણા ગામના ખેડૂતોની જમીનનું સંપાદન

૬૨૪૧**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના મોજે દાણા ગામના કેટલા ખેડૂતોની જમીન નર્મદા યોજનાની વાસણા દાંપટ શાખા માટે સંપાદન કરવામાં આવી છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા ખેડૂતોને વળતર પેટે કેટલા નાણાં ચૂકવવામાં આવ્યા છે,

(૩) જો વળતર ન ચૂકવવામાં આવ્યું હોય તો તેના શા કારણો છે, અને

(૪) વળતર કેટલા સમયમાં ચૂકવી આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૭(સત્તર) ખેડૂત ખાતેદારોની જમીન સંપાદન કરવામાં આવેલ છે.

(૨) ૧૭(સત્તર) ખેડૂત ખાતેદારોને વળતર પેટે રૂા. ૭,૪૪,૫૬૭ ચુકવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ભરૂચ જિલ્લામાં રજિસ્ટર થયેલા ગુનાઓ

૬૦૪૨**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ગુનાઓ રજિસ્ટર થયેલા છે,

(૨) આ ગુનાઓ પૈકી ઝઘડીયા તાલુકામાં ખૂની હુમલાઓના કેટલા ગુનાઓ દાખલ થયા છે, અને

(૩) આ ગુનાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કેટલાની બાકી છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | રજીસ્ટર થયેલ ગુના |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૬૯૯ |
| ૨ | આમોદ | ૭૩ |
| ૩ | વાગરા | ૧૧૬ |
| ૪ | જંબુસર | ૨૦૦ |
| ૫ | અંકલેશ્વર | ૬૦૨ |
| ૬ | હાંસોટ | ૬૮ |
| ૭ | વાલીયા | ૧૪૦ |
| ૮ | ઝઘડીયા | ૨૬૭ |
| | કુલ... | ૨૧૬૫ |

(૨) ઝઘડીયા તાલુકામાં ખૂનના ૬ ગુનાઓ દાખલ થયા છે.

(૩) ૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે અને એક આરોપીની ધરપકડ બાકી છે.

------------

### વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉર્જા ક્ષેત્રે એમ.ઓ.યુ.

૫૪૨૮**શ્રી રાજસિંહ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૯ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે ઉત્પાદન વધારવા માટેના કુલ કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) કુલ કેટલી રકમનું મૂડી રોકાણ થયું, અને

(૩) તે દ્વારા કેટલું વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તાજેતરમાં ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે કુલ ૯૯ (નવ્વાણું) એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે. જેના થકી રૂા. ૩,૧૩,૧૪૪/- કરોડના અંદાજીત રોકાણથી ૫૧,૬૪૮ મેગાવોટ વીજ મુડી રોકાણથી ૫૧,૬૪૮ મેગાવોટ વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે.

------------

### રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા વિસ્તાર

૫૪૬૬**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તાજેતરમાં ભુકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા શું આયોજન કરવામાં આવેલ

**જવાબ**

રાજ્યમાં ભુકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા

છે?

(૧) ૨૨ સિસ્મોલોજીકલ વેધશાળાઓ
(૨) ૪૦ સ્ટ્રોંગમોશન એસેલરોગ્રાફ (એસ.એમ.એ.)
૫૬૨૮**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને | (૧) ૧૧૩૨ |
| (૨) જો ખૂટતા હોય તો તે અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ૨૨૯ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. |

**હોમગાર્ડઝના જવાનોને દૈનિક ભથ્થામાં વધારો**

૫૬૪૦ **શ્રી મહેન્દ્રભાઈ મશરુ (જુનાગઢ) : માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હોમગાર્ડઝના જવાનોને તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ દૈનિક ભથ્થું કેટલું આપવામાં આવે છે, અને<br>(૨) આ દૈનિક ભથ્થાંની રકમમાં કોઈ વધારો કરવાનું ૨૦૦૮-૦૯ના વર્ષમાં આયોજન છે કે કેમ ? | (૧) અને (૨)<br>કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના પુરક દળ તરીકે હોમગાર્ડઝ જવાનોની કામગીરી ખૂબ જ પ્રસંશનીય છે. આ બાબતને ધ્યાને રાખી તાજેતરમાં તા. ૧-૧-૨૦૦૯થી અમલમાં આવે તે રીતે હોમગાર્ડઝ દળના જવાનોને આપવામાં આવતા દૈનિક ફરજ ભથ્થાના દરમાં રૂા. ૫૦/-થી વધારીને રૂા. ૮૦ કરવામાં આવેલ છે.<br>૮ કિ. મી. ની બહાર ફરજ સોંપવામાં આવે ત્યારે ૧૨ કલાકથી વધુ રોકાણ માટે રૂા. ૫૫/- દૈનિક ભથ્થું અને ખરેખર ચૂકવેલ વાહન ભાડાનો ખર્ચ ચુકવવામાં આવે છે. |

---------

**બાઈસેગ સંસ્થા શિક્ષણ ક્ષેત્રે યોગદાન**

૫૪૭૮**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાઈસેગ સંસ્થા (ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેર્સ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક) શિક્ષણ ક્ષેત્રે કોઈ યોગદાન આપે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સન ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અંદાજીત કેટલી સંસ્થાઓએ આવા કાર્યક્રમનો લાભ લીધેલ છે ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ૨૩ જેટલી સંસ્થાઓએ આવા કાર્યક્રમનો લાભ લીધેલ છે. |

---------

**ગુજરાત વાહન વ્યવહાર સેવાના સ્ક્રેપ ટાયરો**

૬૨૩૧**શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત વાહન વ્યવહાર સેવા (જી.ટી.એસ.) ગાંધીનગર ખાતે તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ કેટલા જુના ટાયરો સ્ક્રેપ તરીકે પડેલા છે, અને | (૧) ૧૧૧૨. |
| (૨) આ સ્ક્રેપ ટાયરના નિકાલ માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? | (૨) ગૃહ વિભાગના તા. ૯-૭-૮૧ના ઠરાવ ક્રમાંકઃ- જીટીએસ/૨૬૭૯/રાજ/૨/ઈ-૨ મુજબ સ્ક્રેપ ટાયરના નિકાલ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે. |

------------

**સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારીની જગ્યાઓ**

૬૩૨૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી સંવર્ગની વર્ગ-૩ની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે, | (૧) ૧૩૫૧. |
| (૨) તેની સામે ભરાયેલ જગ્યા કેટલી છે, | (૨) ૧૨૩૭. |
| (૩) મંજૂર થયેલ કુલ જગ્યા સામે અનુસૂચિત જનજાતિની કેટલી જગ્યા ભરાયેલ છે, અને કેટલી જગ્યા | (૩) ૧૫૯ જગ્યાઓ અને ૨૭. |

ખાલી છે,

(૪) આ જગ્યાઓ કેટ કેટલા સમયથી ખાલી છે, અને

(૫) અનુસૂચિત જનજાતિની ખાલી અનામત જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

(૪) અનામતની જોગવાઈ ખાલી જગ્યાઓને લાગુ પડતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

------------

**ટાટા કંપની દ્વારા નેનો કારના પ્રોજેક્ટ**

**૫૭૧૭ શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નેનો કારના પ્રોજેક્ટમાં ટાટા કંપની પ્રથમ ફેઝમાં કેટલું રોકાણ કરશે,

(૨) આ પ્રોજેક્ટને સિંગુરથી ગુજરાત લાવવાના ખર્ચને પણ પ્રોજેક્ટ ખર્ચ તરીકે ગણવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૩) આ રોકાણના સંદર્ભમાં ટાટા કંપનીને સીધી કે આડકતરી કઈ કઈ રાહતો તા. ૩૧-૧-૦૯ સુધીમાં આપવામાં આવી છે?

**જવાબ**

(૧) લગભગ રૂા. ૨,૯૦૦ કરોડ ટાટા મોટર્સ દ્વારા રોકવામાં આવશે. તે ઉપરાંત લગભગ રૂા.૧૦૦૦ કરોડ વેન્ડર ઈન્વેસ્ટમેન્ટ થશે.

(૨) હા.

(૩) રાજ્ય સરકારે તા ૧-૧-૨૦૦૯ના ઠરાવ તેમજ તા ૭-૧૧-૨૦૦૮ના ઠરાવ થી ટાટા કંપનીને રાહતો આપવા નક્કી કરેલ છે. પરંતુ તા. ૩૧-૧-૨૦૦૯ સુધી જમીન અને તે લગતી રાહત સિવાય કોઈ રાહત આપવામાં આવેલ નથી.

----------

**વિજ કંપનીઓ દ્વારા વિજ ગ્રાહકોના બિલમાં ફ્યુઅલ એડ્જસ્ટમેન્ટ ચાર્જની વસુલાત**

**૪૭૩૭ શ્રી શૈલેષભાઈ પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની વિજ કંપનીઓ ગ્રાહકોના બીલમાં ફ્યુઅલ એડ્જસ્ટમેન્ટ ચાર્જ વસુલ કરે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજ બીલમાં યુનીટ દીઠ કેટલો ચાર્જ વસુલ કરાયો તે દર્શાવવામાં આવતું નથી. તે અંગે રાજ્ય સરકાર દ્વારા ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. આયોગના તા.૨૫/૦૬/૨૦૦૪ના આદેશથી આયોગે બળતણ ખર્ચ/વીજ ખરીદીનાં ભાવ વધારાને કારણે થતા વધારાના ખર્ચને વસૂલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ

(૩) ક્યારથી વિજ બીલમાં યુનીટ દીઠ ફ્યુઅલ એડ્જસ્ટમેન્ટ ચાર્જ દર્શાવીને બીલો આપવામાં આવશે?

બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાનાં ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા થતો ભાવ વધારો તેમજ આ બળતણોનાં પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતા વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવા પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા ફ્યુઅલ સરચાર્જ, આયોગની ફોર્મ્યુલા મુજબ વસૂલ કરવામાં આવે છે. ફ્યુઅલ સરચાર્જને કારણે થતો કોઈ પણ વધારો કૃષિ વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી. વાસ્તવમાં રાજ્ય સરકાર કૃષિ વીજ વપરાશનાં ફ્યુઅલ સરચાર્જનું ભારણ વીજ કંપનીઓને સબસીડી આપીને પોતે ભોગવે છે. નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્ય સરકારે આ અંગે રૂા. ૧૧૫.૦૦ કરોડ તેમજ વર્ષ ૨૦૦૮-૦૯માં ડિસે-૦૮ સુધીમાં રૂા. ૮૬૧.૨૫ કરોડની સબસીડી ચૂકવેલ છે.

વધુમાં, કૃષિ સિવાયના વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ સામાન્ય રીતે જે તે ગ્રાહકોના વીજ બીલમાં દર્શાવીને વસૂલ કરવામાં આવે છે. પરંતુ, એપ્રિલ-જુન ૨૦૦૮ અને જુલાઈ -સપ્ટેમ્બર ૨૦૦૮નાં બે ક્વાર્ટરમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ અસામાન્ય વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, એપ્રિલ-જુનનાં ક્વાર્ટર માટેનાં ૭૦ પેસા પ્રતિ યુનીટ પેકીની ૫૦ ટકા રકમ એટલે કે, ૩૫ પેસા પ્રતિ યુનિટ તેમજ જુલાઈ-સપ્ટેમ્બરનાં ક્વાર્ટર માટેનાં ફ્યુઅલ સરચાર્જનાં વધારા પેકીની ૦૯ પેસા પ્રતિ યુનીટની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી આપીને રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે, આ બંને ક્વાર્ટરમાં રાજ્ય સરકારે અનુક્રમે રૂા. ૨૭૫.૦૦ કરોડ તથા રૂા.૭૧.૦૦ કરોડની સબસીડી ચૂકવેલ છે.

નામ. વીજ નિયમન આયોગનાં તા.૨૫/૦૬/૨૦૦૪નાં આદેશ મુજબ ઓક્ટો-૨૦૦૪થી ગ્રાહકોને આપવામાં આવતા વીજ બીલોમાં ફ્યુઅલ સરચાર્જ દર્શાવવામાં આવે છે.

------------

## કચ્છ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

૫૬૬૬**શ્રી ધનજીભાઈ સેંઘાણી(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે?

**જવાબ**

કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૪(ચાર) નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

------------

## કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે તજજ્ઞોની નિમણૂંક

૫૧૪૦**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે રાજ્ય સરકારે કેટલા તજજ્ઞોની નિમણૂક કરેલ છે અને તેઓની નિમણૂંકોની કાર્ય પ્રણાલી શું છે, અને

(૨) તેઓને વ્યક્તિદીઠ કેટલું વેતન કઈ કઈ રીતે આપવામાં આવે છે?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય કક્ષાના ૫૧ તજજ્ઞોની પેનલમાં નિમણૂંક તેઓની લાયકાત અને અનુભવના આધારે જુથ ""એ"", ""બી"" અને ""સી""માં કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞોની સેવા કામની જરૂરીયાત મુજબ મેળવવામાં આવે છે. જે માટે તેઓને દૈનિક ધોરણે કન્સલ્ટન્સી ફી નીચે દર્શાવ્યા મુજબ

ચુકવવામાં આવે છે.
જુથ-એ- રૂા. ૪૦૦૦ પ્રતિ દિવસ
જુથ-બી- રૂા. ૩૦૦૦ પ્રતિ દિવસ
જુથ-સી- રૂા. ૨૦૦૦ પ્રતિ દિવસ

-----------

**આર.ટી.ઓ. કચેરી રાજપીપળાની આવક**

૫૫૦૦ **શ્રી હર્ષદભાઈ વસાવા(રાજપીપળા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી રાજપીપળાની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વર્ષ / આવક (રૂા. લાખમાં)<br>૨૦૦૭ — ૩૦૮.૮૨<br>૨૦૦૮ — ૩૩૮.૨૬ |
| (૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

----------

**મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીમંડળના મંત્રીશ્રીઓના ટેલિફોન બિલોનો ખર્ચ**

૪૭૭૮**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૦૮માં તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં માનનીય મુખ્ય મંત્રી સહિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓના નિવાસસ્થાન અને કાર્યાલયના ટેલીફોન બીલ પાછળ કેટલો ખર્ચ થયો? | રૂા. ૬૪,૧૮,૩૧૯. |

----------

**આણંદ જિલ્લાના ખંભાત બંદરનો વિકાસ**

૬૨૪૮**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખંભાતને બંદર તરીકે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા, | (૧) ખંભાત બંદરને વિકસાવવા ટેક્નોઈકોનોમીક ફીઝીબીલીટી રીપોર્ટ તેયાર કરાવી, ખાનગી મૂડી રોકાણકારો પાસેથી બીડ મંગાવી, વિકાસકાર કંપનીની પસંદગી કરી. ઈરાદાપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) બંદર વિકાસને ધ્યાનમાં લઈ ખંભાત બંદરના વિકાસ માટે સરકાર દ્વારા કોઈ સંસ્થા સાથે વાયબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે કે કેમ, અને | (૨) ના જી |
| (૩) જો હા, તો કેટલા કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**પોલીસ દળમાં ભરતી**

૫૬૬૦**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ દળને વધુ મજબૂત બનાવવા માટે જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને | (૧) અને (૨) પોલીસમાં યુવાદળને જોડવા ભરતી નિયમો સુધારીને પોલીસ દળની જ્ગ્યાઓ ભરવા ત્વરિત પગલાં લેવામાં આવેલ છે. વર્ષ-૨૦૦૭ સુધીમાં |

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીની ભરતી કરવામાં આવી?

પગલાં લેવામાં આવેલ છે. વર્ષ-૨૦૦૭ સુધીમાં બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૧૮૪ અને લોકરક્ષકની ૩૦૦૦ જગ્યાઓ ભરવામાં આવી છે. વર્ષ-૨૦૦૮માં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૩૪૯ અને એસ.આર.પી લોકરક્ષકની ૩૫૪૭ જગ્યાઓ ભરવામાં આવી છે. પોલીસ લોકરક્ષકની ૫૮૩૭ જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે હવે નિમણૂંકો આપવામાં આવી રહી છે.

----------

## ગુજરાતમાં હીરા ઉદ્યોગ

૫૨૪૪ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હીરા ઉદ્યોગમાં મંદીના કારણે હીરા ઉદ્યોગ ભાંગી પડ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો હીરા ઉદ્યોગ ભાંગી પડવાને કારણે કેટલા હીરાઘસુઓ બેકાર બન્યા, અને

(૩) હીરાઘસુઓને સહાય પૂરી પાડવા માટે સરકારે શું આયોજન કર્યુ. ?

**જવાબ**

(૧) અને (૨) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સર્વેક્ષણ કરાવવામાં આવી રહેલ છે.

(૩) ૧. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત દ્વારા તા. ૧૬-૧૨-૦૮ અને ૯/૧/૦૯ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા તા.૨૧-૧-૦૯ ના રોજ સેમિનાર યોજી વૈકલ્પિક રોજગારની સમજણ આપવામાં આવી હતી.

૨. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગની શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અને પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ યોજનાના ૪૪૦૨ ફોર્મસનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૯૭ ફોર્મ ભરાઇને પરત મળતા ૭૦ કેસો બેંકોને લોન સહાય મંજૂરી અર્થે મોકલી આપવાં આવેલ છે.

૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા તા. ૨૮-૧-૦૯ના રોજ માનવ કલ્યાણ યોજના હેઠળ ૫૮૩ રત્નકલાકારોને ફોર્મનું વિતરણ કરી ૫૧૩ અરજદારો પાસેથી ભરેલા ફોર્મ મેળવી સ્વરોજગારી માટેની ટુલકીટ મંજૂર કરવામાં આવેલ છે.

૪. પાવરલુમ સર્વિસ સેન્ટર, સુરત અને આઇ.ટી.આઇ. કતારગામ સુરત દ્વારા ટુંકા ગાળાની તાલીમ આપવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા તાલીમ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા ગુજરાત ડાયમંડ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે ચાલતા જ્વેલરી ડીઝાઇન અંગેની તાલીમ વિના મૂલ્યે બેરોજગાર રત્નકલાકારોને મળે તે માટે આયોજન કરવામાં આવેલ છે.

૫. રત્ન કલાકારોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્યક્રમ હેઠળ રોજગારી કામોનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

----------

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં કેડરવાઈઝ જગ્યાનું ખાલી મહેકમ

૫૦૮૮**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર કુલ કેટલી જગ્યાનું મહેકમ ખાલી છે, | (૧) પોલીસ ઇન્સ્પેક્ટર - ૦૧<br>પોલીસ સબ ઇન્સ્પેક્ટર - ૧૪<br>આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર - ૦૯<br>હેડ કોન્સ્ટેબલ - ૨૩<br>પોલીસ કોન્સ્ટેબલ - ૧૫૭<br>લોકરક્ષક - ૭૭ |
| (૨) આ જગ્યાઓ ભરવા માટે જિલ્લામાંથી કોઈ દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ,<br>(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ દરખાસ્ત ક્યા સ્ટેજે છે, અને<br>(૪) તે ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ? | (૨), (૩) અને (૪) તાજેતરમાં રાજ્ય કક્ષાએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે ૫૮૩૭ લોકરક્ષક (પોલીસ) અને ૩૫૪૭ લોકરક્ષક (SRP) ઉમેદવારોની ભરતી માટે પસંદગી કરેલ છે અને તેઓને નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે. |

----------

## મંત્રીમંડળના સભ્યો દ્વારા હેલીકોપ્ટર તથા પ્લેનનો ઉપયોગ

૪૭૮૦**શ્રી રામસિંહભાઈ પરમાર (ઠાસરા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧/૧/૨૦૦૮ થી તા. ૩૧/૧૨/૨૦૦૮ સુધીમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી, મહેસૂલ મંત્રીશ્રી અને રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી દ્વારા રાજ્ય સરકારના હેલીકોપ્ટર તથા પ્લેનમાં કેટ કેટલી વખત ઉડ્ડયન કર્યુ, | (૧) ૬૨ (બાસઠ) વખત. |
| (૨) આ ઉડ્ડયન પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૩૦,૯૩,૦૩૭/- (અંકે રૂપિયા ત્રીસ લાખ ત્રાણું હજાર સાડત્રીસ પુરા). |
| (૩) આ હેલીકોપ્ટર તેમજ પ્લેનની મરામત પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૨૫,૪૪,૧૫૨/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ ચુંમ્માલીસ હજાર એક્સો બાવ્વન પુરા). |

## નર્મદા યોજના અન્વયે કચ્છ જિલ્લામાં ખેતી માટેનું પાણી

૬૩૬૬**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાનું પાણી ખેતી માટે કચ્છ જિલ્લામાં પહોંચાડવાની કામગીરીમાં વિલંબ થયો છે તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જો હા, તો વિલંબના શા કારણો છે, | (૧) અને (૨) હા જી.<br>નહેર જે વિસ્તારમાંથી પસાર થાય છે તે વિસ્તાર ઘુડખર અભયારણ્ય તથા અનામત જંગલ વિસ્તાર હોવાથી પસાર થતી નહેર માટે અનુક્રમે સુપ્રિમકોર્ટની પર્યાવરણ માટેની સમિતિની તથા ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની મંજુરી હજુ સુધી નહીં મળી શકવાથી વિલંબ થયેલ છે. |

## અમદાવાદ શહેરમાં પાસાના કાયદા હેઠળના કેસો

૬૦૭૬**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧/૧૨/૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાના કાયદા હેઠળ કેટલા લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે, | (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાના કાયદા હેઠળ ૧૧૬૩ લોકોની સામે કેસો કરવામાં આવ્યા છે. |
| (૨) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવેલ છે, | (૨) ૧૧૦૩ લોકોની ધરપકડ કરવામાં આવેલ છે. |
| (૩) ધરપકડ કરાયેલ લોકો પૈકી કેટલાની સામે અગાઉથી પોલીસ કેસ ચાલુ હોય તેવા કેટલા લોકો છે, અને | (૩) ધરપકડ કરાયેલ તમામ ૧૧૦૩ લોકોની સામે અગાઉથી પોલીસ કેસ ચાલુ હતા. |
| (૪) આ ધરપકડોમાંથી પાસાના બોર્ડ તરફથી કેટલાની ધરપકડો માન્ય રાખવામાં આવી છે, અને | (૪) આ ધરપકડોમાંથી પાસાના બોર્ડ તરફથી ૭૧૯ લોકોની ધરપકડો માન્ય રાખવામાં આવી છે. |
| (૫) કેટલાને બોર્ડે મુક્ત કરવાની ભલામણ કરી છે ? | (૫)**૩૭૬ લોકોને બોર્ડે મુક્ત કરવાની ભલામણ કરી છે.** |

**અમદાવાદ જિલ્લામાં નવા સબસ્ટેશનો**

**૫૪૫૬શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| અમદાવાદ જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ કેટલા નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે ? | અમદાવાદ જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ બે (૨) નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. |

----------

**આદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા**

૫૪૯૨ **શ્રી ઈશ્વરસિંહ પટેલ** (અંકલેશ્વર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સ્તર સુધારવા માટે સી.આઈ.વી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૧૫૯.૧૪ કરોડ. |

----------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થયેલા એમ.ઓ.યુ.**

૫૪૨૬**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલી વાયબ્રન્ટ સમીટ ક્યારે ક્યારે થઈ, | (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯ એમ કુલ ચાર સમીટ થઇ. |
| (૨) ઉક્ત સમીટ પૈકી અગાઉની સમીટમાં એમ.ઓ.યુ. ર્ક્યા હોય તેવા કેટલા ઉદ્યોગકારોએ સને ૨૦૦૯ની સમીટમાં કેટલી રકમના એમ.ઓ.યુ. ર્ક્યા, અને | (૨) અગાઉની સમીટમાં એમ.ઓ.યુ. ર્ક્યા હોય તેવા ૮૫ ઉદ્યોગકારોએ સને ૨૦૦૯ની સમીટમાં રૂા. ૧૯૯૦૭૪ કરોડની રકમના એમ.ઓ.યુ. ર્ક્યા. |
| (૩) આગાઉની સમીટમાં તેમણે કરેલા એમ.ઓ.યુ. પૈકીના કેટલી રકમના કેટલા પ્રોજેક્ટ તેમણે તા. ૩૧/૧/૨૦૦૯ સુધીમાં રાજ્યમાં શરૂ ર્ક્યા ? | (૩) તા. ૩૧-૧-૨૦૦૯ સુધીમાં અગાઉની સમીટમાં તેમણે કરેલા એમ.ઓ.યુ. પૈકીના રૂા. ૧૪૮૧૬૬ કરોડની રકમના ૧૧૮ પ્રોજેક્ટો તેમણે રાજ્યમાં શરૂ ર્ક્યા. જે અમલીકરણના વિવિધ તબક્કે છે. |

----------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના**

**૫૬૭૦ શ્રી ફતેસિંહ વ. ચોહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તાજેતરમાં રાજ્યમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવા નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી.<br>ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બની ગયેલ છે. આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દ્દષ્ટિએ પણ ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાંતો તેયાર કરવાની ખૂબ મોટી જરૂરીયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઇ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તેયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્વની પહેલ કરેલ છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સીક સાયન્સ ઉપરાંત બિહેવરીયલ સાયન્સને લગતા કોર્ષો તેમજ ડોકટરલ તથા પોસ્ટ ડોકટરલ ડીગ્રી માટેના સંશોધનોની કાર્યવાહી મુખ્યત્વે હાથ ધરવામાં આવશે. |

(૨) જો, હા, તો ઉક્ત યુનિવર્સિટીની સ્થાપના ક્યારે કરવામાં આવશે ?

(૨) આ યુનિવર્સિટી આવતા શૈક્ષણિક વર્ષથી કાર્યરત કરવામાં આવશે.

----------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં બંદર ક્ષેત્રે એમ.ઓ.યુ.**

૫૪૪૫ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ વાયબ્રન્ટ ગુજરાત સમીટ દરમ્યાન બંદર ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત એમ.ઓ.યુ. દ્વારા કેટલું મૂડીરોકાણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાતની પહેલની સફળતાના પ્રતિસાદ રૂપે ૨૦૦૯ સમીટમાં બંદર ક્ષેત્રે ૫૦ એમઓયુ કરવામાં આવ્યા જેના દ્વારા ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનો અંદાજ છે જે પૈકી નવા ગ્રીન ફીલ્ડ બંદરોના વિકાસ, ખાનગી બંદરોનું વિસ્તૃતીકરણ, ખાનગી જેટીઓનો વિકાસ, શીપયાર્ડ, SBM ઇન્સટોલેશન (પ્રવાહી કાર્ગોની ઝડપી પરિવહન માટે) રો-રો પેસેન્જર સર્વીસ ક્રુઝ શીપ અને બીચ ફ્રંટ વિકાસ જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

----------

**ધ્રાંગધ્રા તાલુકાના પોલીસ મથક વાવડી ગામે ખેત મજૂરનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ**

૬૨૪૬**શ્રી હરિલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં ધ્રાંગધ્રા તાલુકાના પોલીસ મથકમાં વાવડી ગામે ખેત મજુરોનું કામ કરતા આદિવાસી ઇસમની અટકાયત કરવામાં આવી હતી, તે વાત સાચી છે, | (૧) હા જી, તા. ૨૧/૧૨/૦૮ ના રોજ. |
| (૨) જો હા, તો તેઓ પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન મૃત્યુ પામેલ હતા તે વાત સાચી છે, | (૨) હા જી. |
| (૩) જો ના, તો કેવા કારણોસર તેમનું મૃત્યુ થયેલ હતું, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) આવું મૃત્યુ પોલીસ કસ્ટડીમાં થવા પાછળ કોણ જવાબદાર છે ? | (૪) આ અંગે ધ્રાંગધ્રા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ દ્વારા જ્યુડીશીયલ ઇન્કવાયરી ચાલુમાં છે. |

---------

**આર. ટી. ઓ. કચેરી સુરતની આવક**

૫૪૯૪**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી સુરતની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઈ, | (૧) વર્ષ — આવક (રૂા. લાખમાં)<br>૨૦૦૭ — ૧૦૮૯૫.૮૧<br>૨૦૦૮ — ૧૧૪૫૯.૦૦ |
| (૨) આવકમાં ઘટાડો થયો છે કે કેમ, અને | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધા**

૫૪૯૮**શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓદ્યોગિક વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાનું સીટ સુધારવા માટે સી.આઇ.વી. યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) રૂા. ૧૫૯.૧૪ કરોડ |

---------

**મહાનગરોમાં ખાનગી ટ્રાન્સપોર્ટ**

૫૬૯૫**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલા મહાનગરોમાં ""ખાનગી"" ટ્રાન્સપોર્ટ સીસ્ટમને મંજૂરી આપી છે ? | ૪ (ચાર) |

---------

**આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ચોરી, ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના નોંધાયેલ કેસો**

૬૨૩૬ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલા પોલીસ સ્ટેશનો દીઠ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ચોરી, ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા કેસો નોંધાયેલા છે, અને

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોને પકડવામાં આવ્યા, અને કેટલા નાસતા ફરે છે ?

**જવાબ**

(૧) પત્રક : ૧ મુજબ

(૨) **સને ૨૦૦૭-૦૮**

| **ગુનાનું નામ** | **ગુન્હેગારો પકડવામાં આવ્યા** | **ગુન્હેગારો નાસતા ફરતા** |
|---|---|---|
| ચોરી | ૪૭૧ | ૬ |
| ખૂન | ૪૩ | ૨ |
| લૂંટ | ૪૯ | ૨ |
| ધાડ | ૩૬ | ૨ |
| બળાત્કાર | ૧૯ | ૨ |

**સને ૨૦૦૮-૦૯ (તા. ૩૧/૧૨/૦૮ સુધીના)**

| | | |
|---|---|---|
| ચોરી | ૧૭૫ | - |
| ખૂન | ૪૮ | - |
| લૂંટ | ૧૬ | - |
| ધાડ | ૨૭ | ૬ |
| બળાત્કાર | ૮ | - |

ન પકડાયેલ ગુન્હેગારોને પકડી પાડવા માટે નામદાર કોર્ટમાંથી સીઆરપીસી. કલમ ૭૦ હેઠળ વોરંટ મેળવી ખાનગી તથા વિશ્વાસુ બાતમીદારોથી ગુન્હેગારોની ભાળ મેળવવાના ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવે છે. દ ૅરના માણસો, નજીકના સગા સંબંધિઓ તેમજ હેતુમિત્રોની કડક તપાસ, વોચ ગોઠવી સંભવીત સ્થળો ઉપર આકસ્મીક અને છુપી રેઇડ કરી આરોપીઓને પકડવાના પ્રયાસો કરવામાં આવે છે.

**પત્રક - ૧**

**આણંદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ચોરી, ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેસો પોલીસ સ્ટેશનવાર નોંધાયેલ છે.**

| અ.નં. | પો.સ્ટે. | સને ૨૦૦૭-૦૮ | | | | | સને ૨૦૦૮-૦૯ તા. ૩૧/૧૨/૦૮ સુધીના | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચોરી | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર |
| ૧ | આણંદ ટાઉન | ૨૯૭ | ૪ | ૩ | - | ૪ | ૯૯ | ૩ | ૨ | - | - |
| ૨ | આણંદ રૂરલ | ૪૫ | ૫ | ૪ | ૧ | - | ૧૭ | ૧ | - | - | ૧ |
| ૩ | વિદ્યાનગર | ૭૦ | ૩ | ૨ | - | - | ૫૨ | ૩ | ૧ | - | - |
| ૪ | વાસદ | ૪૦ | ૧ | ૫ | ૨ | - | ૧૭ | ૧ | ૧ | ૨ | ૧ |

| અ.નં. | પો.સ્ટે. | સને ૨૦૦૭-૦૮ | | | | | સને ૨૦૦૮-૦૯ તા. ૩૧/૧૨/૦૮ સુધીના | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચોરી | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ચોરી | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર |
| ૫ | ખંભોળજ | ૧૨ | ૨ | - | ૨ | - | ૬ | ૧ | - | - | - |
| ૬ | ઉમરેઠ | ૧૭ | ૩ | ૧ | - | ૨ | ૫ | - | ૧ | - | ૧ |
| ૭ | મહિલા પો.સ્ટે. | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮ | પેટલાદ ટાઉન | ૨૫ | - | ૧ | - | - | ૧૦ | ૨ | - | - | - |
| ૯ | બોરસદ | ૩૫ | ૩ | ૨ | ૧ | ૧ | ૩૭ | ૧ | - | - | - |
| ૧૦ | પેટલાદ રૂરલ | ૫ | - | ૧ | ૧ | ૧ | ૭ | ૧ | - | - | - |
| ૧૧ | મહેળાવ | ૧૦ | ૧ | ૧ | - | - | ૩ | - | - | - | - |
| ૧૨ | ભાદરણ | ૧૩ | ૧ | ૨ | ૧ | - | ૮ | - | ૧ | ૨ | ૧ |
| ૧૩ | આંક્લાવ | ૧૯ | ૩ | - | ૨ | ૧ | ૧૨ | ૨ | ૨ | - | ૧ |
| ૧૪ | ખંભાત સીટી | ૩૧ | - | ૧ | - | ૧ | ૧૩ | ૧ | - | ૧ | - |
| ૧૫ | ખંભાત રૂરલ | ૧૭ | ૩ | - | - | - | ૧૯ | ૨ | - | - | - |
| ૧૬ | વિરસદ | ૧૨ | ૨ | - | - | ૧ | ૬ | ૧ | - | - | ૧ |
| ૧૭ | સોજીત્રા | ૯ | ૧ | - | ૨ | - | ૭ | ૧ | - | - | ૧ |
| ૧૮ | તારાપુર | ૧૮ | ૨ | - | ૧ | ૧ | ૧૦ | ૨ | ૩ | ૧ | - |

---------

**કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે તજજ્ઞોની નિમણૂંક**

૬૩૯૮**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે કેટલાં તજજ્ઞો નિમવામાં આવેલ છે,

(૨) નિમાયેલા તજજ્ઞોને શું વેતન આપવામાં આવે છે,

(૩) વેતન સિવાય કોઇ વધારાની સવલતો આપવામાં આવે છે કે કેમ, અને

(૪) જો હા, તો કઇ કઇ સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) પેનલ ઉપર ૫૧ (એકાવન) તજજ્ઞો રાખેલ છે.

(૨) દૈનિક ધોરણે કન્સલ્ટન્સી ફી નીચે દર્શાવ્યા મુજબ ચુકવવામાં આવે છે.

જુથ એ - રૂા. ૪૦૦૦ પ્રતિ દિવસ
જુથ બી - રૂા. ૩૦૦૦ પ્રતિ દિવસ
જુથ સી - રૂા. ૨૦૦૦ પ્રતિ દિવસ

(૩) હા, જી.

(૪) તજજ્ઞોના રહેઠાણના સ્થળથી કલ્પસર યોજનાના કામના સ્થળે આવવા જવાની મુસાફરી તેમજ રહેઠાણ-ભોજનની સવલત પૂરી પાડવામાં આવે છે.

---------

**હીરા ઉદ્યોગ બચાવવા માટેનું પેકેજ**

૬૧૨૨**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હીરા ઉદ્યોગની મંદીને ધ્યાનમાં લઇ હીરાના ઉદ્યોગને બચાવવા માટે સરકાર કોઇ સહાય પેકેજ આપવા માંગે છે કે નહી, અને

(૨) જો હા, તો આવું પેકેજ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) હીરા ઉદ્યોગનું મહત્વ ધ્યાને લઇ રાજ્ય સરકારે જાહેર કરેલ ઓદ્યોગિક નિતિ ૨૦૦૯માં જેમ્સ અને જ્વેલરી સેટકરને વિશેષ સ્થાન આપવામાં આવેલ છે.

---------

**ઝાલોદ તાલુકાના સંજેલી આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં ફેરવવા બાબત**

૬૦૨૨**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સંજેલી આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં ફેરવવાની માંગણી ચાલુ છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) દાહોદ જિલ્લાના સંજેલી આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં ફેરવવાની રજુઆત પરત્વે વિચારણા ગતીમાં છે. આ અંગે પોલીસ

(૨) જો હા, તો આ બાબતે સરકાર શું કરવા માગે છે ?

મહાનિર્દેશકશ્રીના અભિપ્રાય ઉપરાંત સંબંધિત વિસ્તારના ગુનાનું પ્રમાણ, વસ્તી અને પોલીસ સ્ટેશનની જરૂરિયાત માટેના પાસાંઓ ચકાસણી હેઠળ છે. ચકાસણી બાદ યોગ્ય નિર્ણય લઇ શકાશે.

---------

**રાજ્યમાં નોટરીની મંજૂર થયેલી જગ્યાઓ**

૫૭૦૧**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કેટલી જગાઓ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) નોટરીની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કુલ ૧૪૦૭ જગ્યાઓ છે જેમાં કેન્દ્ર સરકારના તા. ૩-૯-૦૮ના જાહેરનામાંથી મંજૂર થયેલ ૪૬૯ જગ્યાઓનો સમાવેશ થાય છે.

(૨) ૮૮૮ જગ્યાઓ

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ પૈકી ૪૧૯ જગ્યાઓ પર નિમણૂકની કાર્યવાહી પૂર્ણ થવામાં છે અને બાકી રહેતી ૪૬૯ જગ્યાઓ પણ ત્વરિત પણે ભરવાનો સરકારનો આશય છે.

---------

**ખેડા જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં વીજ કનેક્શનો**

૬૨૩૮**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં ખેડા જિલ્લામાં તાલુકા દીઠ કેટલાં ઝુંપડપટ્ટી વીજકરણ યોજના હેઠળ માંગેલા ઘરવપરાશનાં વીજ જોડાણો તા. ૩૧ જાન્યુ. ૨૦૦૯ સુધી આપવાનાં બાકી છે આ વીજ જોડાણો કેટલા સમયમાં પૂરેપૂરાં આપી દેવાનું આયોજન છે ?

**જવાબ**

વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં ખેડા જિલ્લામાં ઝુંપડા વીજકરણ યોજના હેઠળ તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૯ સુધીમાં આપવાના બાકી વીજ જોડાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં બાકી અરજીઓ |
|---|---|
| બાલાસિનોર | ૪૪૭ |
| કપડવંજ | ૩૩૮૬ |
| કઠલાલ | ૩૮૮૪ |
| ખેડા | ૭૨૪ |
| મહુધા | ૨૧૩૬ |
| માતર | ૫૮૧ |
| મહેમદાવાદ | ૫૧૨૦ |
| નડીયાદ | ૨૨૭૭ |
| ઠાસરા | ૧૭૧૧ |
| વીરપુર | ૪૯ |
| **કુલ :** | **૨૦૩૧૫** |

આ તમામ વીજ જોડાણો આગામી વર્ષ ૨૦૦૯-૧૦માં પૂરેપુરા આપી દેવાનું આયોજન છે.

----------

**અદાણી જુથ પાસેથી વીજળી ખરીદવા અંગે**

૬૯૫૧**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે અદાણી જુથ પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કુલ કેટલી વીજળી શા ભાવે ખરીદી ?

**જવાબ**

રાજ્ય સરકારે અદાણી જુથ પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં ખરીદેલી વીજળી અંગેની માહિતી નીચે મુજબ છે.

| ૨૦૦૬ | | ૨૦૦૭ | | ૨૦૦૮ | |
|---|---|---|---|---|---|
| મીલીયન યુનીટ | દર પ્રતિ યુનીટ (રૂ.) | મીલીયન યુનીટ | દર પ્રતિ યુનીટ (રૂ.) | મીલીયન યુનીટ | દર પ્રતિ યુનીટ (રૂ.) |
| ૫૬૭ | ૫.૦૪ | ૩૭૬ | ૫.૩૦ | ૬૩૯ | ૬.૧૧ |

-----------

**પવન ઉર્જા ધ્વારા વીજ ઉત્પાદન**

૫૬૪૪**શ્રી રાજસિંહ જોટવા (સોમનાથ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા ધ્વારા વીજ ઉત્પાદન મેળવવા સારું કેટલા મેગાવોટ ક્ષમતાના પ્લાન્ટ કાર્યરત છે, અને | (૧) ૧૩૫૬.૧૯૫ મે.વો. ક્ષમતાના પ્લાન્ટ કાર્યરત છે. |
| (૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન આ ક્ષમતામાં કેટલો વધારો કરવાનું આયોજન છે ? | (૨) ૫૦૦ મે.વો. જેટલો વધારો થવાની શક્યતા છે. |

-----------

**જામનગર જિલ્લામાં વીજચોરીના કેસો**

૬૦૦૩**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વીજચોરીના કેટલા કેસો નોંધાયેલ છે, અને | (૧) ૧૦૫૪૬ |
| (૨) આ કેસો પેકી કેટલા ખેડૂતો સામે ફોજદારી કેસો કરવામાં આવેલ છે ? | (૨) ૧૫૫ |

------------

**રાજ્યની જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા**

૫૭૧૦ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા)** : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જેલોમાં કેદીઓના વધારે પડતા પ્રમાણની સમસ્યા દૂર કરવા સરકારે ૨૦૦૮-૦૯ના વર્ષમાં કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) જેલ સુધારણા યોજના હેઠળ બંધાઇ રહેલ નવી જેલોના બાંધકામ પૂરા કરવા રૂ. ૨૫૩.૦૦ લાખ આયોજન હેઠળ અને રૂ. ૭૬૧.૦૦ લાખ આયોજન બહાર મળી કુલ રૂ. ૧૦૧૪.૦૦ લાખ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવામાં આવેલ છે. અને તે પેકી અમદાવાદ ખાતે સ્રી બેરેક, અમદાવાદ અંડરટ્રાયલ જેલ, રાજકોટ અંડરટ્રાયલ જેલ, અમરેલી સબ જેલ, લાજપોર મધ્યસ્થ જેલનું બાંધકામ ચાલુ છે. આ ઉપરાંત દાહોદ સબ જેલ, પાટણ સબ જેલ અને ગળપાદર સબ જેલના બાંધકામ માટે કુલ રૂ. ૩૧૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ ગાંધીનગરના હવાલે મુકવામાં આવેલ છે અને કામ પ્રગતિમાં છે. આ તમામ જેલોનું બાંધકામ પૂર્ણ થતાં હાલમાં જેલોમાં પ્રવર્તી રહેલ ઓવર ક્રાઉડીંગ સમસ્યા દૂર થઇ જશે. |

----------

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના તાલીમ વર્ગ

૫૭૦૭**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી ખાતે વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮ માં કેટલા તાલીમ વર્ગો યોજવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલા તાલીમાર્થીઓને ક્યા વિષયની તાલીમ આપી ?

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં દેશભરના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાંતો ભાગ લે છે. સને ૨૦૦૭ના વર્ષમાં કુલ-૧૩ તથા સને ૨૦૦૮ના વર્ષમાં કુલ-૧૧ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ.

(૨) કેલેન્ડર વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮માં અનુક્રમે ૨૬૩૪ તથા ૨૬૫૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ નીચેના વિષયો પર આપવામાં આવેલ છે. (૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ (૨) એક્સ્પ્લોઝીવ એન્ડ પોસ્ટ બ્લાસ્ટ ઇન્વેસ્ટીગેશન (૩) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન આઇન્ડેન્ટીફીકેશન ઓફ ટુલ માર્ક, ટાયર માર્ક (૪) લીગલ પ્રોસીઝર એન્ડ એનાલીટીકલ એસ્પેક્ટ ઓફ નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્ટન્સ (૫) પ્રીવેન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઇમ (૬) ક્રાઇમસીન ઇન્વેસ્ટીગેશન ટ્રેનીંગ (૭) ઇન્વેસ્ટીગેશન ઓફ ક્રાઇમ અગેન્સટ વુમન (૮) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન નારકોટીક્સ ડ્રગ્સ આઇન્ડેન્ટીફીકેશન (૯) કોર્ષ ઇન સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન (૧૦) મેથડ ઓફ ડીઝીટલ ફોરેન્સીક (૧૧) મોડર્ન ટ્રેન્ડ ઇન ફોરેન્સીક બેલેસ્ટીક (૧૨) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ક્રાઇમ (૧૩) ઇમેર્જીંગ ટેક્નીક્સ ઇન ફોરેન્સીક સાયકોલોજી.

----------

## અંકલેશ્વર અને પાનોલી જી.આઇ.ડી.સી. ખાતેના ઓદ્યોગિક એકમો બંધ થવા બાબત

૪૯૬૮**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને પાનોલી જી.આઇ.ડી.સી. ખાતે ઓદ્યોગિક એકમોએ સરકારી સબસીડી તથા સુવિધાઓ મેળવેલ છે તે પેકી ક્યા ક્યા ઓદ્યોગિક એકમો બંધ હાલતમાં છે, અને

(૨) આ ઓદ્યોગિક એકમો બંધ થવા પાછળના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ અંકલેશ્વર અને પાનોલી ઓદ્યોગિક વસાહત ખાતે જે ઓદ્યોગિક એકમોએ સરકારી સબસીડી મેળવેલ છે તે પેકી કોઇ ઓદ્યોગિક એકમો બંધ હાલતમાં નથી.

(૨) લાગુ પડતુ નથી.

----------

## રાજ્યમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના

૫૬૩૬**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં તાજેતરમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવા નિર્ણય કરેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બની ગયેલ છે. આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા

નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દૃષ્ટિએ પણ ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાંતો તેયાર કરવાની ખૂબ મોટી જરૂરીયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઇ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તેયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્વની પહેલ કરેલ છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સીક સાયન્સ ઉપરાંત બિહેવરીયલ સાન્યસને લગતા કોર્ષો તેમજ ડોકટરલ તથા પોસ્ટ ડોકટરલ ડીગ્રી માટેના સંશોધનોની કાર્યવાહી મુખ્યત્વે હાથ ધરવામાં આવશે.

(૨) જો હા, તો સરકાર આ યુનિવર્સિટી ક્યારે શરૂ કરવા માંગે છે, અને

(૩) તેમાં ક્યા ક્યા કોર્સ ચલાવવાનું આયોજન છે?

(૨) આ યુનિવર્સિટી આવતા શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવશે.

(૩) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં નીચે મુજબના કોર્ષો ચલાવવાનું આયોજન છે.

| અ.નં. | કોર્ષનું નામ | સમયગાળો |
|---|---|---|
| ૧. | એમ.એસ.સી. (ફોરેન્સીક સાયન્સ) | ૨ (બે) વર્ષ |
| ૨. | એમ.ફીલ (ફોરેન્સીક સાયકોલોજી) | ૨ (બે) વર્ષ |
| ૩. | એમ.ફીલ (બિહેવીયરલ સાયન્સ) | ૨ (બે) વર્ષ |
| ૪. | પી.જી. ડીપ્લોમા (કોમ્પ્યુટર ફોરેન્સીક્સ) | ૧ (એક) વર્ષ |
| ૫. | પી.જી. ડીપ્લોમા (ફોરેન્સીક સાયન્સ) | ૧ (એક) વર્ષ |

------------

**ગ્લોબલ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ દરમ્યાન ઉર્જા ઉત્પાદન**

૫૬૨૭**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્લોબલ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન વધારવા માટેના કુલ કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) કુલ કેટલી રકમનું મૂડી રોકાણ થશે, અને

(૩) તે ધ્વારા કેટલું વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

તા. ૦૧-૦૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન વધારવા એક પણ એમ.ઓ.યુ. કરવામાં આવેલ નથી. પરંતુ ગ્લોબલ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ માં ૯૯ (નવ્વાણું) એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેના થકી રૂ. ૩,૧૩,૧૪૪/- કરોડના મૂડી રોકાણથી ૫૧,૬૪૮ મેગાવોટ વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે.

-----------

**સન-૨૦૦૯ વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમ્યાન બંદર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૬૮૩૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ દરમ્યાન બંદર ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨)

વાયબ્રન્ટ ગુજરાતની પહેલની સફળતાના પ્રતિસાદ રૂપે ૨૦૦૯ સમીટમાં બંદર ક્ષેત્રે ૫૦ એમઓયુ કરવામાં

(૨) એમ.ઓ.યુ. દ્વારા કેટલું મૂડી રોકાણ આવવાની સંભાવાના છે ?

આવ્યા જેના દ્વારા ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનો અંદાજ છે જે પૈકી નવા ગ્રીન ફીલ્ડ બંદરોના વિકાસ, ખાનગી બંદરોનું વિસ્તૃતીકરણ, ખાનગી જેટીઓનો વિકાસ, શીપયાર્ડ, SBM ઇન્સ્ટોલેશન (પ્રવાહી કાર્ગોની ઝડપી પરિવહન માટે) રો-રો પેસેન્જર સર્વીસ, ક્રુઝ શીપ અને બીચ ફ્રંટ વિકાસ જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

-----------

**વિડીયો કોન્ફરન્સીંગ ધ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગે**

૫૭૦૯**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ વિડીયો કોન્ફરન્સીંગ ધ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને

(૨) આ સુવિધાના કારણે શો લાભ થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વિડીયો કોન્ફરન્સીંગ ધ્વારા નીચે મુજબ કેદીઓને રજુ કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૦૭ માં | ૫૨૭૫ |
| (૨) | વર્ષ ૨૦૦૮ માં | ૫૧૩૭ |

(૨) વિડીયો કોન્ફરસીંગની સુવિધાના કારણે કાચા કામના કેદીઓને રીમાન્ડ એક્ષ્ટેન્શન અર્થે ભોતિક રીતે કોર્ટમાં રજુ કરવાના રહેતા ન હોઇ, પોલીસ એસ્કોર્ટ અને વાહનોના ખર્ચમાં બચત થાય છે. પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાની અને અનધિકૃત સવલતો ભોગવવાની બાબત નિયંત્રિત બને છે. કેદીઓના માનવીય ગોરવની વધુ સારી જાળવણી શક્ય બને છે.

------------

**નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી વસૂલાત કરવાની રકમ**

૪૮૩૦**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કેટ કેટલી રકમની વસુલાત કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી તારીખ ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નીચેની વિગતે રૂા.૩૧૯૮.૩૩ કરોડની રકમ વસુલાત કરવાની બાકી રહે છે. જેમાં રૂા.૨૯૦૭.૪૯ કરોડની રકમ વિવાદીત છે અને રૂા.૨૯૦.૮૪ કરોડની રકમ બિન વિવાદીત છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદીત રકમ | બિન વિવાદીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૯૧૧.૫૮ | ૧૭૭૪.૪૨ | ૧૩૭.૧૬ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૦૪૭.૩૨ | ૮૪૦.૫૨ | ૨૦૬.૮૦ |
| ૩ | રાજસ્થાન | ૨૩૯.૪૩ | ૨૯૨.૫૫ | (-)૫૩.૧૨ |
| | કુલઃ- | ૩૧૯૮.૩૩ | ૨૯૦૭.૪૯ | ૨૯૦.૮૪ |

(૨) આ રકમની વસુલાત કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પત્રથી નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઇઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજુઆતો કરવામાં આવેલ તદ્ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ધ્વારા નિયમિતપણે દર માસના અંતે સંબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે. વધુમાં સચિવશ્રી (નાણાં), મુખ્ય સચિવશ્રી ધ્વારા પણ આ અંગે પત્રો લખી જરૂરી રજુઆતો કરવામાં આવેલ છે.

-------------

## રાજ્યમાં કેડરવાઇઝ પોલીસ દળ

૫૦૭૩**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં સંવર્ગવાર કુલ કેટલી સંખ્યાનું પોલીસ દળ છે,

(૨) તે પૈકી કેટલા લોકરક્ષક કે સહાયકો છે, અને તેમને ઉક્ત સ્થિતિએ હાલમાં કેટલો પગાર ચૂકવવામાં આવે છે, અને

(૩) લોકરક્ષક અને સહાયકોનો પગાર વધારવાની યોજના સરકારની વિચારણા હેઠળ છે કે કેમ ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| પોલીસ ઇન્સ્પેક્ટર | - ૯૦૮ |
| પોલીસ સબ ઇન્સ્પેક્ટર | - ૨૩૦૨ |
| આસી. સબ ઇન્સ્પેક્ટર | - ૭૪૪૬ |
| હેડ કોન્સ્ટેબલ | - ૧૦૭૧૨ |
| પોલીસ કોન્સ્ટેબલ/લોક રક્ષક | - ૩૮૫૬૪ |

(૨) લોકરક્ષક- ૮૮૩૭ અને સહાયક પોલીસ સબ ઇન્સ્પેક્ટર- ૧૮૪ છે. લોકરક્ષકને રૂા.૨૫૦૦/- અને સહાયક પોલીસ સબ ઇન્સ્પેક્ટરને રૂા.૪૫૦૦/- ફીક્સ પગાર ચૂકવવામાં આવે છે.

(૩) હાલ કોઇ નિર્ણય લેવાયેલ નથી.

-----------

## જુનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો

૫૬૬૧**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ, જુનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેઠાણના કેટલા મકાનો છે, અને

(૨) ખૂટતા મકાનો બાંધવાનું શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૬૭૦.

(૨) ૩૧૬ આવાસોનું કામ પ્રગતિમાં છે તેમજ ૫૦ આવાસોનું કામ ટુંક સમયમાં શરૂ થનાર છે.

----------

## આણંદ જિલ્લામાં ખેતી માટેના વીજ જોડાણ

**૫૨૦૫શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા તાલુકામાંથી કેટલા ખેડૂતોએ ખેતી માટે વીજજોડાણ આપવાની માંગણી કરેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોએ ખેતી હેતુ વીજજોડાણની કરેલ માંગણીની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | ખેતી હેતુ વીજજોડાણ માટે નોંધાયેલ અરજીઓ. |
|---|---|
| આણંદ | ૧૭૩ |
| બોરસદ | ૧૪૭ |
| પેટલાદ | ૧૦૬ |
| ખંભાત | ૮૧ |
| સોજીત્રા | ૧૭ |
| તારાપુર | ૧૭ |
| આંકલાવ | ૧૦૨ |
| ઉમરેઠ | ૭૧ |
| **કુલ :-** | **૭૧૪** |

(૨) તે પેકી કેટલા જોડાણ આપવામાં આવ્યા, અને કેટલા બાકી છે, અને

(૨) સામાન્ય યોજના હેઠળ અરજીઓની નોંધણીની તારીખથી અગ્રતા ક્રમ મુજબ કામગીરી થતી હોય છે. ઉક્ત વીજજોડાણની કામગીરી બાકી છે. પ્રસ્તુત સમય દરમિયાન અગાઉના વર્ષોમાં નોંધાયેલ ૧૬૯ અરજદારોના વીજજોડાણની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૩) બાકી જોડાણો રહેવાના કારણો શાં છે, અને બાકી જોડાણો ક્યાં સુધી સરકાર આપવા માગે છે ?

(૩) સામાન્ય યોજના હેઠળ અરજીઓની નોંધણીની તારીખના અગ્રતા ક્રમ મુજબ કામગીરી થતી હોય છે. નાણાંકીય જોગવાઇ, વીજ ઉત્પાદન, વીજમાંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ તથા વીજતંત્ર પર પડનાર બોજાને લક્ષમાં વઇ પ્રતિવર્ષ પડતર અરજીઓના સપ્રમાણ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. આ તમામ પાસાઓને લક્ષમાં લઇ બાકી વીજજોડાણોની કામગીરી હાથ ધરાશે.

----------

## અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો

**૫૬૭૧શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેઠાણના કેટલા મકાનો છે, અને

**જવાબ**

(૧) ૫૧૫.

(૨) જો ખૂટતા મકાનો બાંધવાનું સરકારશ્રીનું શું આયોજન કરેલ છે ?

(૨) ૩૦૧ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે તેમજ પચ્ચીસ આવાસોનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થનાર છે.

-----------

## ગાંધીનગરમાં નેશનલ લો. યુનિવર્સિટીની સ્થાપના

**૫૬૮૨શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)ગાંધીનગરમાં નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઇ અને તેના અદ્યતન બિલ્ડિંગ માટે ક્યા સ્થાને જમીનની ફાળવણી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના તારીખ ૧૭ જુલાઇ, ૨૦૦૪ના રોજ કરવામાં આવેલ છે. અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે સર્વે નં.૨૪૨, મુ. કોબા, તા.જી. ગાંધીનગર ખાતે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨)આ યુનિવર્સિટીનાં નવા મકાનનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

## વાયબ્રન્ટ સમિટ દરમ્યાન બંદરો ક્ષેત્રે એમ.ઓ.યુ.

૫૬૩૧**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સન ૨૦૦૯ વાયબ્રન્ટ સમિટ દરમ્યાન બંદર ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત એમ.ઓ.યુ. ધ્વારા કેટલું મૂડીરોકાણ આવવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાતની પહેલની સફળતાના પ્રતિસાદ રૂપે ૨૦૦૯ સમિટમાં બંદર ક્ષેત્રે ૫૦ એમઓયુ કરવામાં આવ્યા જેના ધ્વારા ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનો અંદાજ છે જે પૈકી નવા ગ્રીન ફીલ્ડ બંદરોના વિકાસ, ખાનગી બંદરોનું વિસ્તૃતિકરણ, ખાનગી જેટીઓનો વિકાસ, શીપયાર્ડ, SBM ઇન્સ્ટોલેશન (પ્રવાહી કાર્ગોની ઝડપી પરિવહન માટે) રો-રો પેસેન્જર સર્વીસ, ક્રુઝ શીપ અને બીચ ફ્રંટ વિકાસ જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

------------

## સાંધ્ય કોર્ટની રચના

૫૭૦૦**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સાંધ્ય કોર્ટોની રચના ક્યારથી કરવામાં આવી, અને

(૨) તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સાંધ્ય કોર્ટના માધ્યમથી છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૪-૧૧-૨૦૦૬.

(૨) ૪૬૧૦૦૬૮ કેસો.

-----------

## વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જર વાહનો

* ૫૧૩૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગેરકાયદેસર રીતે પેસેન્જર વહન કરતાં વાહનો પકડાયા, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | ગેરકાયદેસર રીતે પેસેન્જર વહન કરતાં પકડેલ વાહનો | | |
|---|---|---|---|---|
| | | વા.વ્ય.કમિ.ની કચેરી | પોલીસ વિભાગ | કુલ |
| (૧) | વડોદરા | ૯૬૭ | ૪૭૫૭ | ૫૭૨૪ |
| (૨) | કરજણ | ૨૧૯ | ૫૩૮ | ૭૫૭ |
| (૩) | પાદરા | ૨૦૨ | ૧૯૩ | ૩૯૫ |
| (૪) | ડભોઇ | ૩૦૦ | ૨૨૫ | ૫૨૫ |
| (૫) | સંખેડા | ૧૦૦ | ૨૩૫ | ૩૩૫ |
| (૬) | પાવીજેતપુર | ૮૮ | ૬૦૨ | ૬૯૦ |
| (૭) | છોટાઉદેપુર | ૩૦૦ | ૬૫ | ૩૬૫ |
| (૮) | કંવાટ | ૬૭ | ૨૪૦ | ૩૦૭ |
| (૯) | નસવાડી | ૪૩ | ૧૮૬ | ૨૨૯ |
| (૧૦) | સાવલી | ૨૩૩ | ૨૩૨ | ૪૬૫ |
| (૧૧) | શિનોર | ૧૦૪ | ૩૫૦ | ૪૫૪ |
| (૧૨) | વાઘોડીયા | ૧૬૫ | ૫૨૦ | ૬૮૫ |
| | | | **કુલ :-** | **૧૦૯૩૧** |

**પ્રશ્ન**

(૨) આવા કેટલા વાહનોના માલિકો પર કેસ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૨)

| અ.નં. | તાલુકો | ગેરકાયદેસર રીતે વહન કરતાં વાહનોના માલિકો પર કરેલ કેસો | | |
|---|---|---|---|---|
| | | વા.વ્ય.કમિ.ની કચેરી | પોલીસ વિભાગ | કુલ |
| (૧) | વડોદરા | ૯૬૭ | ૪૧૫૬ | ૫૧૨૩ |
| (૨) | કરજણ | ૨૧૯ | - | ૨૧૯ |
| (૩) | પાદરા | ૨૦૨ | ૮૨ | ૨૮૪ |
| (૪) | ડભોઇ | ૩૦૦ | - | ૩૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | સંખેડા | ૧૦૦ | ૧૫૫ | ૨૫૫ |
| (૬) | પાવીજેતપુર | ૮૮ | - | ૮૮ |
| (૭) | છોટાઉદેપુર | ૩૦૦ | ૬ | ૩૦૬ |
| (૮) | કંવાટ | ૬૭ | ૧૨૩ | ૧૯૦ |
| (૯) | નસવાડી | ૪૩ | - | ૪૩ |
| (૧૦) | સાવલી | ૨૩૩ | ૨૨ | ૨૫૫ |
| (૧૧) | શિનોર | ૧૦૪ | ૧૦૦ | ૨૦૪ |
| (૧૨) | વાઘોડીયા | ૧૬૫ | - | ૧૬૫ |
| | | | કુલ :- | ૭૪૩૨ |

------------

**રાધનપુર પોલીસ સ્ટેશનમાં પી.આઇ.ની નિમણૂક**

૫૪૨૪**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર રાધનપુર પોલીસ સ્ટેશનને પોલીસ સબ ઇન્સ્પેક્ટરમાંથી પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાનું બનાવવા માંગે છે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં પોલીસ ઇન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જ્ગ્યા ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

----------

**માઈક્રો ઈરીગેશન અંતર્ગત વિજ કનેક્શન માટેની અરજીઓ**

૬૧૪૫**ડૉ. કનુભાઈ કલસરીય(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં કુલ કેટલા ખેડૂતોની માઈક્રો ઈરીગેશન અંતર્ગત વિજ કનેકશન મેળવવા માટે અરજીઓ આવી,

(૨) એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરી વિજ કનેકશન આપવામાં આવ્યા, અને

(૩) બાકીની અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૧૪૪ અરજીઓ આવી.

(૨) એમાંથી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની શરતો પૂર્ણ કરેલ ૩૮૮ અરજીઓ મંજૂર થયેલ તે પૈકી ૨૩૯ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૩) શરતો પૂર્ણ થયેલ બાકીની ૧૪૯ અરજીઓ પૈકી ૪નાં કામ પૂર્ણ થયેલ છે જેનો અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેથી તેમજ સીસ્ટમ ઈન્સ્ટોલ થયેથી જોડાણો ચાલુ કરવામાં આવશે. નાણાં ભરપાઈ થયેલ ૫૨ (બાવન) અરજીઓના કામો માર્ચ ૨૦૦૯નાં અંતે પૂર્ણ કરવામાં આવશે. બાકીનાં ૯૩ અરજદારોને અંદાજપત્રનાં નાણાં ભરપાઈ થયેથી તથા સીસ્ટમ ઈન્સ્ટોલ થયેથી વીજ જોડાણો આપવામાં આવશે. જ્યારે બાકી રહેતી તમામ ૭૫૬ અરજીઓનો ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની શરતો પૂર્ણ થયેથી નિકાલ કરવામાં આવશે.

-----------

**સને ૨૦૦૭માં ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટમાં થયેલ એમ.ઓ.યુ.**

૪૭૭૪**શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ની ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટમાં કેટલા, કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલા પ્રોજેક્ટ શરૂ થયા અને,

**જવાબ**

(૧) સને ૨૦૦૭ની ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટમાં કુલ ૩૬૩ એમઓયુ (૪૫૪ પ્રોજેક્ટ) રૂા. ૪૬૧૮૩૫ કરોડના સૂચિત મૂડી રોકાણ સાથે થયા હતા.

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ૮૬ પ્રોજેક્ટો શરૂ થયા

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં સને ૨૦૦૭ની સમીટમાં થયેલ એમ.ઓ.યુ. અને મૂડીરોકાણ પેકી કેટલી સિધ્ધિ પ્રાપ્ત થઈ છે ?

(૩) સને ૨૦૦૭ના સમીટમાંના જે ૮૬ પ્રોજેકટો કમીશન્ડ થયા છે તેમાં સૂચિત મૂડી રોકાણ રૂ. ૭૦૪૬૯ કરોડ સામે તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં મૂડી રોકાણ રૂ. ૪૭૫૫૦ કરોડ થયેલ છે. ઉપરાંત અમલીકરણ હેઠળના ૨૧૪ પ્રોજેકટોમાં એમઓયુ વખતનું સૂચિત મૂડી રોકાણ રૂ. ૧૯૪૧૦૬ કરોડ છે. આમ તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ૪૫૪ પ્રોજેકટો સામે ૩૦૦ પ્રોજેક્ટ પ્રમાણે સિધ્ધિ ૬૬.૦૭ ટકા ગણી શકાય

-----------

## બાઈસેગ સંસ્થા એજ્યુકેશન સેટેલાઈટનો ઉપયોગ

૫૪૯૭**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા(વડોદરા શહેર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાઈસેગ સંસ્થા (ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેર્સ એપ્લીકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટીક) એજ્યુકેશન સેટેલાઈટનો ઉપયોગ કઈ કઈ પ્રવૃત્તિઓ અને કોના માટે કરે છે, અને

(૨) તેના ઉપયોગનો વ્યાપ વધારવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) બાયસેગ સંસ્થા એજ્યુસેટ સેટેલાઈટનો ઉપયોગ રાજ્યના જુદા જુદા વિભાગો દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમો તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતા દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણ માટે કરવામાં આવે છે.

(૨) એજ્યુકેશન સેટેલાઈટ કોમ્યુનીકેશનની સગવડનો ઉપયોગ વધારવા માટે બાયસેગ સંસ્થા દ્વારા :-

૧) સને ૨૦૦૦ના વર્ષમાં એક્સ્ટેન્ડેડ સી બેન્ડની એક ચેનલ શરૂ કરવામાં આવેલ ત્યારબાદ,
૨) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેયુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ તથા સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં બીજી વધારાની કેયુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ છે.
૩) રાજ્ય સરકારના શૈક્ષણિક વિભાગો / સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ વધુમાં વધુ શૈક્ષણિક કાર્યક્રમો યોજવા માટે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.
૪) આવા પ્રસારણની સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.
૫) પ્રસારણના રીસીવીંગ કેન્દ્રોની સંખ્યા વધારવા માટે જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવે છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા નહેરનું કામ

૬૦૦૮**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું કામ પૂર્ણ થતાં સુરેન્દ્રનગર જિલ્લાને કેટલા હેકટર સિંચાઈનો લાભ મળશે,

(૨) જે પેકી ચોટીલા અને સાયલા તાલુકાનો કેટલો વિસ્તાર હશે, અને

(૩) આ કામના કારણે આ બે તાલુકામાં કેટલા કિલોમીટર કેનાલ બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાનું કામ પૂર્ણ થતાં સુરેન્દ્રનગર જિલ્લાની ૩,૫૦,૬૫૨ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે.

(૨) ચોટીલા અને સાયલા તાલુકાઓનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**બાલાસિનોર અને વિરપુર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે વીજળીકરણના કામો**

૪૭૪૦**શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે કેટલા ગામ-પરાનાં વિજળીકરણનાં કામ પુર્ણ થયા,

(૨) ઉક્ત યોજના હેઠળ કુલ કેટલા ગામોના ગામ-પરાનાં વિજળીકરણના કામો બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના તમામ ૧૦૦ ગામ-પરાઓ તેમજ વિરપુર તાલુકાના તમામ ૧૩૮ ગામ-પરાઓને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કલ્પસર પ્રોજેકટના અભ્યાસ માટે તજજ્ઞોની નિમણુંક**

૬૦૬૪**શ્રી મોહંમદજાવેદ પીરજાદા(વાંકાનેર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેકટના અભ્યાસ માટે કેટલા તજજ્ઞો નિમવામાં આવેલ છે,

(૨) નિમાયેલા તજજ્ઞોને શું વેતન આપવામાં આવે છે,

(૩) વેતન સિવાય કોઈ વધારાની સવલતો આપવામાં આવે છે કે કેમ, અને

(૪) જો હા, તો કઈ કઈ સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) પેનલ ઉપર ૫૧ તજજ્ઞો રાખેલ છે.

(૨) દૈનિક ધોરણે કન્સલ્ટન્સી ફી નીચે દર્શાવ્યા મુજબ ચૂકવવામાં આવે છે.

| | |
|---|---|
| જુથ--એ | રૂ. ૪૦૦૦ પ્રતિ દિવસ |
| જુથ--બી | રૂ. ૩૦૦૦ પ્રતિ દિવસ |
| જુથ--સી | રૂ. ૨૦૦૦ પ્રતિ દિવસ |

(૩) હા, જી.

(૪) તજજ્ઞોના રહેઠાણના સ્થળથી કલ્પસર યોજનાના કામના સ્થળે આવવા જવાની મુસાફરી તેમજ રહેઠાણ-ભોજનની સવલત પૂરી પાડવામાં આવે છે.

-----------

**પી. સી. પી આઈ.આર વિસ્તારમાં ઉદ્યોગો**

૫૬૭૯**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં પી. સી. પી. આઈ. આર. વિસ્તારમાં ક્યા પ્રકારના ઉદ્યોગો આવવાની શક્યતા છે ?

**જવાબ**

મુખ્યત્વે પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ આધારિત ઉદ્યોગો આવવાની શક્યતા છે.

-----------

**રાજ્યની વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે એવોર્ડ**

૫૬૫૮**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની કોઈ વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

પરિશિષ્ટ-૧

ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર ૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧ | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨ | મહત્તમ હાઈડ્રો ઉત્પાદન માટે (બ્રોન્ઝ શિલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઈ હાઈડ્રો) |
| ૩ | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮ જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪ | વીજ ક્ષેત્રે સર્વ શ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫ | ઉર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિધ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |

-----------

**ગાંધીનગરમાં નેશનલ લો. યુનિવર્સિટીની સ્થાપના**

૫૬૨૯**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરમાં નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઈ અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે ક્યા સ્થાને જમીનની ફાળવણી કરવામાં આવી છે, અને

(૨) આ યુનિવર્સિટીના નવા મકાનનું બાંધકામ ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના તા. ૧૭ જુલાઈ, ૨૦૦૪ના રોજ કરવામાં આવેલ છે. અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે સર્વે નં. ૨૪૨ મુ. કોબા, તા.જી. ગાંધીનગર ખાતે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) જેમ બને તેમ જલ્દી.

-----------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના ગામો**

૫૦૪૮ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ પંચમહાલ જિલ્લાનાં ખાનપુર તાલુકાના કેટલા ગામોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) જ્યોતિગ્રામ યોજના હેઠળ ઉપરોક્ત તાલુકાના કોઈ ગામ વંચિત છે, અને

(૩) જો હા, તો આવા ગામોને ક્યાં સુધીમાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) સેન્સસ ૨૦૦૧ મુજબના ખાનપુર તાલુકાનાં કુલ ૮૬ ગામોમાંથી પરંપરાગત વીજળીકરણ થયેલ ૮૫ ગામોને બે વર્ષ અગાઉ જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જ્યારે પૂંજેલાવ ગામનું વીજળીકરણ સોર ઉર્જાથી કરવામાં આવેલ છે.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખાણ ખનીજની રોયલ્ટી**

૪૮૬૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ખાણ ખનીજની રોયલ્ટી પેટે સરકારને કેટલી રકમ મળી, અને

(૨) ખાણ, ખનીજની થતી વ્યાપક ચોરીઓ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૩૬૩૪૩.૧૯ લાખ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૨૮૧૮૦.૫૪ લાખ (ડિસેમ્બર-૨૦૦૮ સુધીમાં) રોયલ્ટી ભરેલ છે.

(૨) રાજ્યમાં ખનીજોની થતી ચોરીઓ અટકાવવા નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

૧ ખનીજોનું ગેરધોરણે થતું ખોદકામ, વહન અને સંગ્રહ અટકાવવા ગુજરાત મીનરલ ((પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૦૫ અમલમાં મુકેલ છે.

૨. રાજ્યમાં થતી ખનિજોની બિનઅધિકૃત પ્રવૃત્તિની આમ નાગરિકો દ્વારા માહિતી મળી રહે તે માટે કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરીમાં કચેરી સમય દરમ્યાન ફોન પર ફરિયાદો નોંધવા કંટ્રોલ રૂમ તા. ૧-૮-૦૮થી ઉભો કરેલ છે. તા. ૩૧-૧-૦૯ સુધીમાં ૯૩ ફરિયાદો મળેલ અને તમામ ફરિયાદોની તપાસ હાથ ધરી કુલ રૂા. ૨૩.૮૨ લાખની દંડનીય ખનિજ કિંમત વસુલ કરેલ છે અને ૧ પોલીસ કેસ કરેલ છે.

૩. ખાતાની ગુજરાત મીનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીમાં રોયલ્ટી ઇવેઝનના કેસો શોધી કાઢવા એક સેલની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચાર્ટડ એકાઉન્ટન્ટની પેનલ નક્કી કરી મોટા પટ્ટેદારોના લીઝોના ભૌતિક ચકાસણી તથા રેકર્ડ ચકાસણી કરાવી રોયલ્ટી ઇવેઝનની બિન અધિકૃત પ્રવૃત્તિ રોકવા કાર્યવાહી કરેલ છે.

૪. ખાતાની ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા જીલ્લા કક્ષાની ટુકડીઓ બનાવી આકસ્મિક સઘન ચેકીંગ કરી વર્ષ ૨૦૦૭-૦૮માં ૭૬૩૫ કેસો કરી રૂા. ૧૪૮૮.૪૧ લાખ અને ૨૦૦૮-૦૯ (ડિસે.-૦૮ સુધીમાં) ૬૧૪૩ કેસો કરી રૂા. ૧૦૧૮.૧૨ લાખની વસુલાત કરેલ છે.

૫. બિન અધિકૃત ખાણકામ પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ કરવા ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્ય કક્ષાની અને કલેકટરશ્રી કક્ષાની ટાસ્ક ફોર્સ કમિટિઓની રચના પણ કરવામાં આવેલ છે.

---------

## ધોળકા બ્લોકમાંથી ઓઇલ મળવા અંગે

૪૭૩૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.- તા.૧૮/૩/૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૬૮૪ (અગ્રતા ક્રમ-૧૫૬)ના અનુસંધાને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોળકા બ્લોકમાંથી ૬૦૦ બેરલ ઓઇલનું ઉત્પાદન થાય છે જે વધારી પ્રતિદિન ૩૦૦૦ બેરલ કરવાની દરખાસ્ત રાજ્ય સરકારે ડાયરેકટર જનરલ હાઇડ્રોકાર્બન પાસે ક્યારે મોકલી , અને | (૧) જૂન-૨૦૦૮ |
| (૨) તેનું શું પરિણામ આવ્યું ? | (૨) ૧૫૦૦ બેરલ્સ પ્રતિ દિન તેલ ઉત્પાદનની મંજૂરી આપવામાં આવી. |

-----------

## આર.ટી.ઓ. કચેરી આણંદની આવક

૫૪૮૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી આણંદની છેલ્લા બે વર્ષની આવક કેટલી થઇ, અને | (૧) | <u>વર્ષ</u> | <u>આવક (રૂા. લાખમાં)</u> |
| | | ૨૦૦૭ | ૨૨૭૫.૩૭ |
| | | ૨૦૦૮ | ૨૩૮૮.૧૮ |
| (૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેની વિગતો અને કારણો શાં છે ? | (૨) | આવકમાં ઘટાડો થયેલ નથી. | |

**ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના**

૫૭૦૫**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે તાજેતરમાં રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવા નિર્ણય કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો સરકાર આ યુનિવર્સિટી ક્યારે શરૂ કરવા માંગે છે, અને

(૩) તેમાં ક્યા ક્યા કોર્સ ચલાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બની ગયેલ છે. આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરિયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દ્રષ્ટિએ પણ ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાંતો તૈયાર કરવાની ખૂબ મોટી જરૂરિયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઇ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તૈયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્વની પહેલ કરેલ છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સ ઉપરાંત બિહેવરીયલ સાયન્સને લગતા કોર્ષો તેમજ ડોકટરલ તથા પોસ્ટ ડોકટરલ ડિગ્રી માટેના સંશોધનોની કાર્યવાહી મુખ્યત્વે હાથ ધરવામાં આવશે.

(૨) આ યુનિવર્સિટી આવતા શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવશે.

(૩) ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં નીચે મુજબના કોર્ષો ચલાવવાનું આયોજન છે.

| અ.નં. | કોર્ષનું નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | એમ.એસ.સી.(ફોરેન્સીક સાયન્સ) | ૨(બે)વર્ષ |
| ૨ | એમ.ફીલ(ફોરેન્સીક સાયકોલોજી) | ૨(બે)વર્ષ |
| ૩ | એમ.ફીલ(બીહેવીયરલ સાયન્સ) | ૨(બે)વર્ષ |
| ૪ | પી.જી.ડિપ્લોમા(કોમ્પ્યુટર ફોરેન્સીક) | ૧(એક)વર્ષ |
| ૫ | પી.જી.ડિપ્લોમા(ફોરેન્સીક સાયન્સ) | ૧(એક)વર્ષ |

------------

**બંદરોની ક્ષમતા વધારવાનું આયોજન**

૫૬૮૪**શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના બંદરો પર વર્ષ ૨૦૧૨-૧૩ સુધીમાં કેટલી ક્ષમતા વધારવાનું આયોજન છે ?

**જવાબ**

વાર્ષિક ૩૨૫ મીલીયન ટન કાર્ગો હેન્ડલીંગની ક્ષમતા વધારવાનું આયોજન છે.

------------

**કોમી તોફાનોના કેસો રીઓપન**

૬૨૩૩**શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુપ્રિમ કોર્ટના આદેશથી ગુજરાત સરકારે કોમી તોફાનોના કેટલા કેસો તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રીઓપન કર્યા,

(૨) તે પૈકીના કેટલા કેસોમાં કેટલા આરોપીઓ સામે ચાર્જશીટ મુક્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોની તપાસ પૂરી કરી અને કેટલા કેસોની તપાસ બાકી છે ?

**જવાબ**

(૧) ૧૯૫૮ કેસો

(૨) ૦૯૩ કેસ
૮૧૦ આરોપીઓ

(૩) ૯૩ તપાસ પૂરી થયેલ કેસો
૧૫ તપાસ હેઠળના કેસો
૧૮૫૦ કેસોમાં હજુ ""એ"" સમરી ચાલુ છે.

----------

**સચિવાલયમાં ઉપસચિવની જગ્યાઓ**

૬૩૨૪**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ સચિવાલયમાં ઉપસચિવ સંવર્ગની વર્ગ-૧ની મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે, | (૧) કુલ-૧૪૪ |
| (૨) તેની સામે ભરાયેલ જગ્યા કેટલી છે, | (૨) ૧૨૪ |
| (૩) મંજૂર થયેલ જગ્યા સામે અનુસૂચિત જન જાતિની કેટલી જગ્યા ભરાયેલ છે, અને કેટલી જગ્યા ખાલી છે, | (૩) ૩૧ જગાઓ અનુસૂચિત જનજાતિના અધિકારીઓથી ભરાયેલ છે, અને તેમને ફાળે આવતી એક પણ જગા ખાલી નથી. |
| (૪) આ જગ્યાઓ કેટકેટલા સમયથી ખાલી છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) અનુસૂચિત જનજાતિની ખાલી, અનામત જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અમદાવાદ શહેરમાં પાઇપ લાઇન દ્વારા ગેસ આપવાની યોજના**

* ૪૭૩૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં પાઇપ લાઇન દ્વારા ઘેર દ ોર ગેસ આપવાની યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં અમદાવાદ શહેરના ક્યા ક્યા વિસ્તારોમાં ગેસ પૂરો પાડવામાં આવ્યો, અને | (૧) મણીનગર, ઇસનપુર, ઘોડાસર, વાસણા, પાલડી, નવરંગપુરા, ગાંધીગ્રામ, નારણપુરા સ્ટેડીયમ, ઘાટલોડીયા, નવા વાડજ, રાણીપ, બોડકદેવ, થલતેજ, જોધપુર, વેજલપુર, વસ્ત્રાપુર તથા મેમનગર વિસ્તારો. |
| (૨) સાબરમતી, વાડજ તેમજ અન્ય વિસ્તારોમાં આવી કાર્યવાહી કેટલા સમયમાં શરૂ કરી પાઇપ લાઇન દ્વારા ગેસ આપવામાં આવશે ? | (૨) વર્ષ ૨૦૦૯-૧૦ના અંત સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને વીજ કનેક્શન**

૫૦૮૯**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાણીના તળ ઉંડા જવાથી ખેડૂતોના સિંચાઇના બોર નિષ્ફળ થઇ ગયેલ છે, તે હકીકત સાચી છે, | (૧) રાજ્યમાં ભૂગર્ભ જળની સપાટીમાં થતા ફેરફારની મોજણી દર વર્ષે કરવામાં આવે છે. આ મોજણી પ્રમાણે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ની સરખામણીમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટી ઉંડી ગયેલ નથી. |
| (૨) જો હા તો ૫૦૦ મીટરથી વધારે ઉંડાણ ધરાવતા બોરને નવિન કનેક્શન માટે મંજૂરી આપવામાં આવે છે કે કેમ, | (૨) સરકારશ્રીના ભૂગર્ભ જળ ખેંચવાના પ્રવર્તમાન નિયમોનુસાર બનાસકાંઠા જિલ્લાના દાંતા સિવાયના તાલુકાઓ, ઓવર એક્ષ્પ્લોઇટેડ, ક્રીટીકલ અને ખારાશવાળા તાલુકાઓ હોઇ નવિન પાતાળકૂવાઓ માટે નવિન વિજ જોડાણ માટે મંજૂરી આપવામાં આવતી નથી. જ્યારે દાંતા તાલુકો સેમી ક્રીટીકલ કેટેગરીમાં હોવાથી ત્યાં નવિન પાતાળકુવા માટે નવિન વિજ જોડાણ પર કોઇ નિયંત્રણ નથી. |
| (૩) જો ખેડૂત તેની જુની જગ્યાવાળું કનેકશન રદ કરાવી બીજા ખેતરમાં બોર બનાવવા કે સિંચાઇ સારૂ નવિન કનેકશન માંગે તો તેને જૂના કનેકશન સામે નવિન ટ્રાન્સફર કનેકશન ગણી સરકાર કનેકશન આપવા માંગે છે કે કેમ, અને | (૩) જો ખેડૂત તેની જુની જગ્યાવાળું કનેકશન અપૂરતા પાણી પૂરવઠાના કારણે રદ કરાવી બીજા ખેતરમાં બોર બનાવી સિંચાઇ સારૂ નવીન કનેકશન માંગે તો વિજ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ ડાર્કઝોન વિસ્તારમાં નવીન જગ્યાએ તેના માલિક/કાયદેસરના વારસદારને પુનઃ જોડાણ હયાત વીજ જોડાણથી ૫૦૦ મીટરની ત્રિજ્યામાં સ્થળફેરની |

મંજુરી આપવામાં આવે છે. ડાર્કઝોન સિવાયના વિસ્તારમાં આવી મંજૂરી જોડાણ જે જીલ્લામાં/વર્તુળ ક્ચેરીમાં આવતું હોય તેના તાબા હેઠળના વિસ્તારના બીજા ગામે થઇ શકે છે.

(૪) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં મૂકવાનું સરકારનું આયોજન છે ?

(૪) ક્રમ-૩ મુજબ યોજના અમલમાં છે જ.

----------

**ખારાઘોડા બ્રાન્ચના વિસ્તારને સિંચાઇનો લાભ**

૫૪૬૪**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખારાઘોડા બ્રાન્ચમાં નર્મદા નહેરનું પાણી ક્યારે વહેવડાવવામાં આવશે, અને | (૧) ખારાઘોડા શાખા નહેરની કુલ ૪૩.૮૦ કી.મી. લંબાઇ પૈકી ૩૮ કી.મી. સુધીમાં તા. ૬-૧૧-૨૦૦૮થી પાણી વહેવડાવવાનું શરૂ કરવામાં આવેલ છે. બાકીની લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ કરી ડિસેમ્બર-૨૦૦૯માં પાણી વહેવડાવવાનું આયોજન છે. |
| (૨) આનાથી કુલ કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૨) આનાથી ૩૪૦૪૨ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

-----------

**રાજ્યમાં થયેલ બોમ્બ ધડાકામાં થયેલા મૃત્યુ**

૫૭૦૪**શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યમાં થયેલ બોમ્બ ધડાકાઓમાં કેટલા ઇસમોના મૃત્યુ થયેલ છે, | (૧) ૫૭ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે. |
| (૨) કેટલા ઘવાયા છે, અને | (૨) ૨૭૬ ઘવાયા છે અને |
| (૩) કેટલા શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે? | (૩) ૮૩ શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે. |

----------

**સુરત, અમદાવાદ, રાજકોટ જિલ્લામાં ખુન, લૂંટ, ચોરી, બળાત્કાર અને આત્મહત્યાના બનાવો**

૬૧૨૪**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત, અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં અને શહેરમાં તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ખુન, લૂંટ, બળાત્કાર, ચોરી અને આત્મહત્યાના કુલ કેટલા બનાવો બન્યા છે,

(૧)

| અ.નં. | હેડ | બનાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખૂન | ૬૮૮ |
| ૨ | લૂંટ | ૧૩૮૨ |
| ૩ | બળાત્કાર | ૨૫૨ |
| ૪ | ચોરી | ૨૦૭૭૨ |
| ૫ | આત્મહત્યા | ૩૦૬૨ |

(૨) તે પૈકી કેટલા આરોપીને પકડવામાં આવેલા, અને

(૨)

| અ.નં. | હેડ | પકડાયેલા આરોપી |
|---|---|---|
| ૧ | ખૂન | ૧૬૩૧ |
| ૨ | લૂંટ | ૧૫૪૪ |
| ૩ | બળાત્કાર | ૩૮૫ |
| ૪ | ચોરી | ૯૦૭૬ |
| ૫ | આત્મહત્યા | - |

(૩) કેટલા આરોપી પકડવાના બાકી છે ?

(૩)

| અ.નં. | હેડ | આરોપી પકડવાના બાકી |
|---|---|---|
| ૧ | ખૂન | ૮૦ |
| ૨ | લૂંટ | ૩૪ |
| ૩ | બળાત્કાર | ૨૦ |
| ૪ | ચોરી | ૨૪૭ |
| ૫ | આત્મહત્યા | - |

ન પકડાયેલ આરોપીઓને પકડી પાડવા માટે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ હેઠળ વોરંટ મેળવી ખાનગી તથા વિશ્વાસુ બાતમીદારોથી

આરોપી અંગેની ભાળ મેળવવાના ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. ઘરના માણસો, નજીકના સગા સબંધીઓ તેમજ હેતુમિત્રોની કડક તપાસ, વોચ ગોઠવી સંભવીત સ્થળો ઉપર આકસ્મિક અને છુપી રેઇડ કરી તેમજ આરોપીઓને લગતી સચોટ માહિતી પ્રસિધ્ધ કરી તેમજ ઇનામો જાહેર કરી આરોપીઓને પકડવાના પ્રયાસો/પગલાંઓ લેવામાં આવે છે.

------------

**દાહોદ જિલ્લાનું પોલીસ સ્ટેશનવાર મંજૂર થયેલ મહેકમ**

૬૦૨૩**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાનું પોલીસ સ્ટેશનવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) આ પેકી હાલમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે ?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક *મુજબ

મુદ્દા નંબર : ૧ સંદર્ભેની માહિતી : જિ. દાહોદ.

પત્રક-૧*

| અ. નં. | પો. સ્ટે. | મંજૂર | | | | | | | | ખાલી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનાર્મ | | | | | આર્મ | | | અનાર્મ | | | | | આર્મ | | |
| | | PI | PSI | ASI | HC | PC | ASI | HC | PC | PI | PSI | ASI | HC | PC | ASI | HC | PC |
| ૧ | સુખસર | - | ૧ | ૬ | ૪ | ૨૧ | ૧ | ૧ | ૬ | - | - | -૧ | -૧ | -૧૫ | -૧ | -૧ | -૨ |
| ૨ | ફતેપુરા | - | ૧ | ૮ | ૪ | ૧૩ | ૧ | ૧ | ૩ | - | - | -૩ | -૧ | -૮ | -૧ | -૧ | -૨ |
| ૩ | દા. રુરલ | - | ૨ | ૯ | ૭ | ૨૯ | ૧ | ૧ | ૮ | - | - | -૧ | -૩ | -૧૨- | -૧ | - | -૪ |
| ૪ | ધાનપુર | - | ૧ | ૮ | ૪ | ૧૪ | ૧ | - | ૫ | - | - | -૨ | +૨ | -૬ | -૧ | +૧ | +૩ |
| ૫ | દા. ટાઉન | - | ૩ | ૧૨ | ૧૮ | ૬૬ | ૨ | ૩ | ૨૯ | - | - | -૧ | -૪ | -૩૭ | -૨ | -૩ | -૨૦ |
| ૬ | ઝાલોદ | - | ૧ | ૯ | ૬ | ૨૪ | ૧ | ૩ | ૧૪ | - | - | -૩ | +૩ | -૮ | +૧ | - | +૨ |
| ૭ | લીમખેડા | - | ૧ | ૯ | ૮ | ૨૩ | ૧ | ૩ | ૧૫ | - | - | -૩ | -૧ | -૫ | +૨ | - | -૧ |
| ૮ | દે. બારીયા | - | ૧ | ૮ | ૮ | ૨૫ | ૨ | ૪ | ૨૧ | - | - | -૨ | - | -૫ | - | -૨ | -૩ |
| ૯ | ગરબાડા | - | ૧ | ૮ | ૪ | ૧૬ | ૧ | ૧ | ૩ | - | +૧ | -૧ | +૨ | -૬ | -૧ | - | +૧ |
| ૧૦ | લીમડી | - | ૧ | ૮ | ૪ | ૧૭ | ૧ | - | ૩ | - | - | +૨ | -૨ | -૮ | - | - | - |
| ૧૧ | રણધીકપુર | - | ૧ | ૬ | ૪ | ૨૧ | ૧ | ૧ | ૬ | - | - | - | - | - | - | - | - |
| ૧૨ | હે. ક્વા | - | ૪ | ૧૩ | ૩૦ | ૧૩૮ | ૧૧ | ૩૪ | ૧૭૦ | - | - | +૬ | -૨૨ | -૧૧૦ | -૧ | -૧૬ | -૮૪ |
| | | ૫ | ૨૩ | ૧૦૪ | ૧૦૧ | ૪૦૭ | ૨૪ | ૫૨ | ૨૮૩ | -૧ | - | -૯ | -૨૭ | -૨૨૦ | -૫ | -૨૨ | -૧૧૦ |

------------

**કઠલાલ અને કપડવંજ તાલુકામાં ૧૫ મીટરથી વધુ વીજ જોડાણ**

૬૨૩૯**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કઠલાલ અને કપડવંજ તાલુકામાં ૧૫ મીટરથી વધુ વીજ જોડાણો ધરાવતાં કેટલાં પેટાપરા વિસ્તારને તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ સુધીમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ જોડવામાં આવેલ નથી, અને

(૨) આ પેટાપરા વિસ્તારને કેટલા સમયમાં આ યોજનાનો લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લાના કઠલાલ અને કપડવંજ તાલુકામાં ૧૫થી વધુ વીજ જોડાણો ધરાવતા એકપણ પેટાપરા વિસ્તારને ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ સુધીમાં જ્યાતિગ્રામ યોજના હેઠળ જોડવાના બાકી રહેતા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં ચોરી, લૂંટ, ધાડ અને મારામારીના બનાવો**

૬૦૦૫**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: ાાનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકાના પોલીસ સ્ટેશનોમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોરી, લૂંટ, ધાડ અને મારામારીના કુલ કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા,

(૨)આ ગુનાઓ અંગે કેટલા ગુનેગારો પકડાયા, અને

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકાના પોલીસ સ્ટેશનોમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોરીના ૮૩, લૂંટના ૦૬, ધાડ ૦૫ અને મારામારીના ૮૦ ગુના નોંધાયેલ છે.

(૨) આ ગુનાઓ અંગે ચોરીના ૮૮, લૂંટના ૧૩, ધાડના

૩૯ અને મારામારીના ૧૬૯ ગુનેગારો પકડાયા છે.

(૩) આ પેકી ક્રોસ ફરિયાદો થઇ હોય તેવા કેટલા કેસો છે ?

(૩) આ પેકી ક્રોસ ફરિયાદો થઇ હોય તેવા ૦૬ કેસો છે.

----------

**કૃષિ ક્ષેત્રે વીજળી**

* ૬૮૪૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના કૃષિ ક્ષેત્રે વીજળી વાપરતા કિસાનો માટે તેમની હયાત મોટરો બદલાવવા કોઇ યોજના અમલી બનાવેલ છે, અને

(૧) હા.જી. રાજ્યનાં કૃષિ ક્ષેત્રે વીજળી વાપરતા કિસાનો માટે તેમની હયાત મોટરો બદલાવવા તા. ૧૬-૦૭-૨૦૦૮નાં ઠરાવથી ""ઉર્જા સંરક્ષણ યોજના હેઠળ ખેતીવાડી વીજ ગ્રાહકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા (એનર્જી એફીસીયન્ટ) પંપ સેટ્સ બેસાડવાની યોજના"" અમલી બનાવેલી છે.

(૨) જો હા, તો ક્યા ક્યા તાલુકામાં અમલી છે ?

(૨) આ યોજના પ્રાયોગિક ધોરણે સુરેન્દ્રનગર જિલ્લાનાં હળવદ, બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજ, મહેસાણા જિલ્લાનાં વિજાપુર, ગાંધીનગર જિલ્લાનાં માણસા તથા અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાઓમાં શરુ કરવામાં આવેલ છે.

----------

**વિજકંપનીઓ દ્વારા વીજ ગ્રાહકોને અપાતા મીટરોનું ભાડું લેવા બાબત**

૪૮૩૨**શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઇલેક્ટ્રીસીટીના નિયમો અન્વયે રાજ્યમાં વિજ કંપનીઓ ધ્વારા વિજ ગ્રાહકોને અપાતા મીટરોનું ભાડું દર માસે રૂ. ૧૦-૦૦ લેવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૧) ગુજરાત વીજ નિયમન પંચના જાહેરનામા અનુસાર રાજ્યમાં વીજ કંપનીઓ દ્વારા સીંગલ ફેઇઝ વીજ ગ્રાહકોને અપાતા મીટરોનું ભાડુ દર માસે રૂા. ૧૦/- લેવામાં આવે છે. વીજ ગ્રાહક વીજ કંપનીઓના નિયમ મુજબ પોતાના ખર્ચે મીટર લાવી વીજ સ્થાપન પર બેસાડે તો મીટર ભાડુ લેવામાં આવતું નથી.

(૨) જો હા, તો આ ભાડું કેટલા સમય સુધી લેવાનું હોય છે, અને

(૨) જ્યાં સુધી વીજ ગ્રાહકનું વીજ જોડાણ કાયમી ધોરણે બંધ ન થાય ત્યાં સુધી અથવા વેકલ્પિક જોગવાઇ અનુસાર વીજ કંપનીઓના નિયમ મુજબ વીજ ગ્રાહક પોતાના ખર્ચે મીટર લાવી વીજ સ્થાપન પર મીટર બેસાડે ત્યાં સુધી ભાડુ લેવામાં આવે છે.

(૩) વિજ કંપનીઓ ધ્વારા જથ્થા બંધ ભાવે મીટરો ખરીદાતા હોઇ મીટરની કિંમત કરતા અનેકગણું ભાડું ગ્રાહકો પાસેથી વસૂલ થતું હોય છે ત્યારે આ મીટર ભાડા બાબતે વધુ રક્મ વસૂલ ન થાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં કે લેવા ધારે છે ?

(૩) વીજ જોડાણનું મીટર ભાડુ ગુજરાત વીજ નિયમન પંચના જાહેરનામા અનુસાર રાજ્યમાં વીજ કંપનીઓ દ્વારા લેવામાં આવે છે. વીજ ધારા ૨૦૦૩ મુજબ મીટર ભાડુ નક્કી કરવાની સત્તા ગુજરાત વીજ નિયમન પંચના કાર્યક્ષેત્રમાં આવે છે.

----------

**મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારોની આવાસ યોજના**

૫૦૭૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારોની આવાસ યોજના હેઠળ જિલ્લાવાર કેટલા આવાસો બનાવવાનું આયોજન થયેલ છે,

(૧) રાજ્યના મીઠા ઉત્પાદિત આઠ જિલ્લાઓમાં નીચે મુજબ ૩૦૫૮ આવાસો બનાવવાનું આયોજન થયેલ છે.

| જિલ્લો | આવાસોની સંખ્યા |
|---|---|
| કચ્છ | ૭૧૭ |
| રાજકોટ | ૫૪૦ |
| સુરેન્દ્રનગર | ૨૧૭ |
| અમરેલી | ૨૧ |
| ભરૂચ | ૭૧૧ |
| ભાવનગર | ૩૬૩ |
| પાટણ | ૨૯૫ |
| વલસાડ | ૧૯૪ |
| **કુલ..** | **૩૦૫૮** |

(૨) એક આવાસ માટેનો કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે,

(૨) રૂા. ૬૦,૦૦૦/-

(૩) આ આવાસો બાંધવા પાછળ કેટલો ખર્ચ થશે, અને

(૩) રૂા. ૧૮૩૪.૮૦ લાખ

(૪) તે અન્વયે કેન્દ્ર - રાજ્ય અને લાભાર્થીનો કેટલો હિસ્સો નક્કી કરેલ છે ?

(૪) સદરહુ યોજનામાં પ્રતિ આવાસ રૂા. ૫૦,૦૦૦/- ના ૯૦ ટકા લેખે રૂા. ૪૫,૦૦૦/-કેન્દ્ર સરકારનો ફાળો અને ૧૦ ટકા લેખે રૂા. ૫,૦૦૦/- રાજ્ય સરકારનો ફાળો નક્કી કરવામાં આવેલ છે, જ્યારે પ્રતિ આવાસ દીઠ સેનીટરીના ખર્ચ માટે રૂા. ૧૦,૦૦૦/- રાજ્ય સરકાર ભોગવે છે. આ યોજનામાં લાભાર્થી પાસેથી કોઇ ફાળો લેવામાં આવતો નથી.

## અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકા

૫૬૮૭ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાજેતરમાં અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકાઓમાં સીમીની સંડોવણી છે એ હકીકત સાચી છે ?

**જવાબ**

હા જી, તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાઓના કેસોમાં થયેલ પોલીસ તપાસ દરમિયાન આરોપીઓએ પોતે સ્વીકારેલ છે કે તેઓ સીમીના કાર્યકરો છે.

ઉપરાંત બોમ્બ ધડાકાઓના ગુનાઓની તપાસ દરમિયાન પોલીસને જે પુરાવાઓ ઉપલબ્ધ થયા છે, તેના પરથી પણ સ્પષ્ટ થાય છે કે તેઓ સીમી સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

તમામ આરોપીઓના ઇતિહાસ જોતાં તેઓ સીમી સંસ્થા સાથે સંકળાયેલા છે, તેવું સ્પષ્ટ થાય છે.

----------

## વડોદરા જિલ્લાના તાલુકાની કોર્ટો

* ૪૭૭૫ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી કોર્ટ કાર્યરત છે, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | | કોર્ટની સંખ્યા |
|---|---|---|
| (૧) | વડોદરા શહેર | ૪૬ |
| (૨) | છોટાઉદેપુર | ૦૩ |
| (૩) | પાદરા | ૦૨ |
| (૪) | ડભોઇ | ૦૧ |
| (૫) | સાવલી | ૦૧ |
| (૬) | કરજણ | ૦૧ |
| (૭) | સિનોર | ૦૧ |
| (૮) | સંખેડા | ૦૨ |
| (૯) | જેતપુર-પાવી | ૦૧ |
| | | **૫૮** |

(૨) તે પેકી કેટકેટલી કોર્ટને પોતાનું મકાન નથી?

(૨) જેતપુર પાવી સીવીલ કોર્ટ

## દરિયાઇ સુરક્ષા માટે કેન્દ્ર સરકારની સહાય

૪૭૪૧**શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં દરિયાઇ સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમની સહાય ફાળવવામાં આવી, અને | (૧) કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૮ કરોડ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ ફાળવેલ રકમ પેકી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકારે દરિયાઇ સુરક્ષા માટે ક્યા ક્યા પ્રકારના પગલાં લઇ કેટલી રકમનો ખર્ચ કર્યો ? | (૨) ભારત સરકારે ફાળવેલ રકમમાંથી<br>(૧) ૧૦ કોસ્ટલ પોલીસ સ્ટેશન કાર્યરત કરેલ છે. કોસ્ટલ પોલીસ સ્ટેશન માટે વાહનો, ફર્નિચર અને સંદેશાવ્યવહારના સાધનોની ખરીદી કરેલ છે.<br>(૨) ૬ કોસ્ટલ પોલીસ સ્ટેશનના નવા મકાનનું બાંધકામ પૂર્ણ કરેલ છે. આઉટ પોસ્ટ તથા ચેક પોસ્ટના બાંધકામો ગતિમાં છે. જે સ્થળે પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ અને ચેક પોસ્ટના બાંધકામ કરેલ છે કે કરવાના છે તેની જમીન રાજ્ય સરકારે વિના મુલ્યે ફાળવેલ છે.<br>(૩) રાજ્ય સરકારે ૧૦ પોલીસ સ્ટેશન માટે કુલ-૩૭૩ નવી જ્ગ્યાઓ ઉભી કરેલ છે. જેનો મહેકમ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. |

-----------

## રાજ્યમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ

૫૬૯૮**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર ધ્વારા રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઉભી કરવામાં આવી ? | દશ. |

----------

## પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં નોંધાયેલ જામીનપાત્ર ગુનાઓ

૫૦૪૯**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં જામીન પાત્ર કુલ કેટલા ગુનાઓ રજીસ્ટર થયા, | (૧) <u>લુણાવાડા તાલુકો</u><br>૬૦૭ | <u>ખાનપુર તાલુકો</u><br>૧૫૦ |

| | | | |
|---|---|---|---|
| (૨) આ જામીનપાત્ર ગુનેગારો પૈકી કેટલાને જામીન ઉપર છોડવામાં આવ્યા, | (૨) | ૧૦૯ | ૦૨ |
| (૩) જામીનપાત્ર ગુનેગારો જામીન ઉપર છોડ્યા ના હોય તેવા કેટલા ગુનેગારો છે, અને | (૩) | ૪૯૬ | ૧૮૦ |
| (૪) તેવા ગુનેગારોને જામીન ઉપર ન છોડવાના શાં કારણો છે ? | (૪) જામીન ન રજુ થવાથી. | | |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ સમિટની જાહેરાતો અને હોર્ડીંગ્સ પાછળનો ખર્ચ**

૪૭૭૦**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ સમીટની જાહેરાતો અને હોર્ડીંગ્સ પાછળ કેટ કેટલો ખર્ચ, ક્યા હેડ નીચે પાડવામાં આવ્યો, અને<br>(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ની જાહેરાતો અને હોડીંગ્સ પાછળ અનુક્રમે રૂા. ૬,૯૧,૧૦,૬૩૦/- અને ૪૮,૬૫,૭૫૭/- મળી અંદાજિત કુલ ખર્ચ રૂા. ૭,૩૯,૭૬,૩૮૭.૦૦ (અનઓડિટેડ) થવાની ધારણા છે. આ માટેનો કુલ ખર્ચ આ સમીટ માટે ફાળવાયેલ બજેટ તથા ગુજરાત સરકારના માહિતી ખાતા અંતર્ગત પાડવામાં આવનાર છે. |

----------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## મરીન નેશનલ પાર્કમાં વગર મંજૂરીએ કરેલ બ્લાસ્ટ અંગે

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે સંબંધે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં ઓખા નજીકના દરિયામાં સ્ટીમરનો ભંગાર કાઢવા કોન્ટ્રાકટરે વગર મંજૂરીએ બ્લાસ્ટ કરતાં મરીન નેશનલ પાર્કમાં વિહાર કરતી ૧૦૦ જેટલી ડોલ્ફીન અને અલભ્ય કાચબાઓના મૃત્યુ થયાં છે, જે વાઈલ્ડ લાઈફ એકટની જોગવાઈઓ મુજબ ગુનાહિત કૃત્ય છે. આ રીતે દરિયામાં વિહરતી અલભ્ય જાતિઓનો નાશ થવાથી આમજનતા અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે દુ:ખની લાગણી ફેલાઈ છે ત્યારે આવા અલભ્ય પ્રાણીઓના આ રીતે થતાં મૃત્યુ અટકાવવા અને વગર મંજૂરીએ કરાતા બ્લાસ્ટ અટકાવવા તથા આ માટેના જવાબદારો સામે સખ્તાઈથી પગલાં લેવા સરકારે લીધેલાં કે લેવા ધારેલ પગલાં."

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ઓખા નજીકના દરિયા વિસ્તારમાં ડૂબેલા એક વહાણનો ભંગાર કાઢવા માટે બ્લાસ્ટ કર્યાનું અને તેનાથી સમુદ્રી જીવ મર્યાના સમાચાર મળ્યા જે બનાવની વિગત નીચે પ્રમાણે છે:

આ વહાણ નોરૂ ચાંકથી અંદાજે ૪.૮૦ નૉટીકલ માઇલ, ભૈદર ટાપુથી અંદાજે ૬ નૉટીકલ માઇલ અને પગારીફથી ૩.૬ નૉટીકલ માઇલ અંતરે ફસાયેલું છે. આ વહાણનો ભંગાર કાઢવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા તારીખ ૭-૧૨-૨૦૦૭ના રોજ શ્રી લાલજી દેવજી વાંદરીયા, રહેવાસી- પોરબંદરને ઇજારો આપવામાં આવેલ. આ કામગીરી માટે બંદર અધિકારીશ્રી, ઓખા, ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ૧૫ જેટલી શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં શરત નંબર- ૧૦ પ્રમાણે આ કામગીરીમાં પર્યાવરણને કોઈ જાતનું નુકસાન ન થાય તેની તકેદારી ઇજારદારે લેવાની રહેશે અને તે માટે ઇજારદારે પર્યાવરણ ખાતાની મંજૂરી પોતાના ખર્ચે મેળવવાની રહેશે એમ જણાવેલ છે.

બ્લાસ્ટથી સમુદ્રીજીવના મૃત્યુના સમાચાર મળતાં તે વિગતોની તપાસ કરતા તે વિસ્તારમાં અજાડ ટાપુ ઉપર ૧ ડોલ્ફીન અને ૨ દરિયાઇ કાચબાઓ મૃત અવસ્થામાં મળી આવેલ અને ભૈદર ટાપુ ઉપર ૧ દરિયાઇ કાચબો મૃત અવસ્થામાં મળેલ. માછીમારોનો સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે, ૪ ડોલ્ફીન માછલી અને ૨૦ થી ૨૫ દરિયાઇ કાચબાઓ તેઓએ મૃત અવસ્થામાં જોયેલા હતા. સમુદ્રી વિસ્તારમાં પાણીની સતત હેરફેર ચાલતી હોઈ આ મૃત પ્રાણીઓની શોધખોળ કરવામાં મુશ્કેલી પડી રહેલ છે. સદર બનાવના સંદર્ભમાં મરીન નેશનલ પાર્ક અને સેન્ચ્યુરી વિસ્તાર નજીક આવેલો હોઈ આ વિસ્તારમાં વન વિભાગની વન્ય પ્રાણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ અને પર્યાવરણ વિભાગની મંજૂરી મેળવ્યા વગર ઇજારદાર દ્વારા કામગીરી કરવામાં આવેલ છે. વગર પરવાનગીની આ કામગીરી સબબ જેમાં બ્લાસ્ટીંગ પણ સામેલ છે તે માટે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમના દ્વારા સદરહુ ડૂબેલા વહાણમાંથી જે ભંગાર મેળવેલ છે, તેને અટકાવી દેવામાં આવેલ છે તેમજ તેમને આગળની રેક રિમુવલ (ભંગાર કાઢવાની) કાર્યવાહી તાત્કાલિક અસરથી બંધ કરી દેવા માટે સૂચના આપવામાં આવેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું નિવેદન જોઈ ગયો છું એમાં મારે એક બે પ્રશ્ન કરવા છે. ઓખા નજીકના દરિયાની અંદર જે વહાણ ડૂબી ગયેલું એ કેટલા વર્ષ પહેલાં ડૂબેલું અને એનો જે કોન્ટ્રાક્ટ અપાયો એ જે શરતોને આધીન રહીને કોન્ટ્રાક્ટ અપાયેલો એમાં કોઈ શરતોનો ભંગ થયેલો છે કે કેમ? જો કોઈ શરતનો ભંગ થયેલો હોય તો એ કોન્ટ્રાક્ટ રદ કરીને એના ઉપર કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૫ વર્ષ પહેલાં આ વહાણ ડૂબ્યું હતું, જે વખતે આ વહાણ તોડવાનો ઇજારો એમને સોંપાયો છે એ વખતે પંદર જેટલી શરતો મૂકવામાં આવેલી હતી અને એ શરતોનું એમને પાલન કરવાનું હતું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે એ પંદરે પંદર શરતોનું પાલન થયેલું છે કે કેમ અને એમાં કોઈ શરતનો ભંગ થયેલો હોય તો એનો કોન્ટ્રાકટ રદ કરીને એના ઉપર કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં પંદર શરતમાં એક શરત જે પર્યાવરણને લગતી હતી કે આ કામગીરીમાં પર્યાવરણને કોઈપણ જાતનું નુકસાન ન થાય તેની તકેદારી ઠેકેદારે લેવાની રહેશે અને તે માટે

જરૂરી મંજૂરી પર્યાવરણ ખાતાની પોતાના ખર્ચે લેવાની હતી આ શરતનું પાલન ઠેકેદારે નથી કર્યુ અને એટલા માટે પર્યાવરણ વિભાગે મેરીટાઈમ બોર્ડને જણાવ્યું છે કે આ ઠેકેદારનો પરવાનો રદ કરવો જોઈએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય શું પગલાં લેવાયા એનો કોન્ટ્રાકટ રદ કરીને એના ઉપર કોઈ ગુનો દાખલ કરવા માગો છો કે કેમ? છેલ્લો પ્રશ્ન એ જાણવા માગું છું કે, તપાસ કરતાં સરકારી તંત્રે એમ કહ્યું કે, એક ડોલ્ફીન અને બે દરિયાઇ કાચબાઓના મૃત્યુ થયાં છે. એટલે આપણું સરકારી તંત્ર એમ કહે છે તો સામે માછીમારો પાસેથી જે માહિતી લેવામાં આવી એમની પાસે જે માહિતી છે એ એમ કહે છે કે ડોલ્ફીન માછલીઓ ચાર મૃત્યુ પામેલી છે અને દરિયાઇ કાચબા આશરે ૨૦ થી ૨૫ જેટલા મૃત્યુ પામ્યા છે તો ખરેખર આમાં હકીકત શું છે? આપણા સરકારી તંત્રે જે માહિતી આપી છે એ સાચી છે કે માછીમારોએ જે માહિતી આપી છે એ સાચી છે એ બાબતે આપનું શું કહેવું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ**:માનનીય અધ્યક્ષશ્રી, કસૂરવાર સામે મરીન વન્ય જીવ મૃત્યુ અન્વયે વન્ય પ્રાણી સંરક્ષણ, ૧૯૭૨ની કલમ નીચે જે જોગવાઈ છે એ હેઠળ ગુન્હો નોંધાવેલો છે અને ઇજારદાર જે લાલજીભાઈ વાંદરિયા છે પછી એનો કુલમુખત્યાર છે અને સ્થાનિક એજન્ટ હારૂન તથા બ્લાસ્ટ કરનાર અતુલ જમનાદાસ સોમૈયા છે એ તમામની સામે આ ગુન્હાઓ નોંધાવેલા છે. અને એમણે જે કહ્યું કે, માછીમારે જે માહિતી આપી છે પરંતુ ભરતીમાં કિનારા ઉપર એક ડોલ્ફીન અને ત્રણ જેટલા કાચબાઓ મળી આવેલ છે તેના આધારે આપણને ખબર પડી છે અને માછીમાર ભાઈઓએ એવું સ્ટેટમેન્ટ કર્યુ છે કે, ચાર ડોલ્ફીન અમે જોઈ છે અને ૨૫ કાચબા જોયા છે. એ રીતે માછીમાર ભાઈઓના સ્ટેટમેન્ટ છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર મરીન રાષ્ટ્રીય અભયારણ્ય ક્યારે અને કેટલા વિસ્તારમાં જાહેર થયું છે અને જે જગ્યાએ બ્લાસ્ટ થયો છે તે અજાડ ટાપુ ઓખાથી નજીક છે. તે અજાડ ટાપુ અને કાળુભાર ટાપુ તેમાં ભૂતકાળમાં આ સ્થળનો દાણચોરી માટે બહુ ઉપયોગ થયો છે એટલે ૪૫ વર્ષ જૂનું વહાણ છે તેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તો હકીકતે આ જૂનું છે અને આ બ્લાસ્ટ થયો છે તે બ્લાસ્ટ ઈજારદાર દ્વારા થયો છે કે શું ? અને આની ઉચ્ચ કક્ષાએ તપાસ કરવા માગે છે કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારનું જહાજ જે છે તે પગારીફથી ૩.૭ નૉટીકલ માઈલ એટલે કે સાડા ચાર કિલોમીટર પગારીફથી ૧૩.૨૦ એટલે કે ૧૬.૫૦ કિલોમીટર નોરૂ બેટથી ૪.૮૦ નૉટીકલ એટલે ૬ કિલોમીટર અને ભૌદર ભારુથી ૬ નૉટીકલ એટલે સાડા સાત કિલોમીટર અંદર આવેલું છે અને આ બ્લાસ્ટ કરવાથી ડોલ્ફીન મૃત્યુ પામી છે એવું તારણ આવે છે, તપાસ ચાલુ છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ના બને તેને માટે સરકાર કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના જે તમામ પોર્ટ અધિકારીઓ છે, ગુજરાત મૅરી ટાઈમ બોર્ડ છે, કંડલા પૉર્ટ ટ્રસ્ટ અને દરિયાકાંઠાના સંબંધિત જિલ્લા કલેકટરોને આ બાબતે તકેદારીના પગલાં લેવા માટે સૂચના અપાઈ ગયેલી છે.

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ ગૃહના અવમાનનો મુદ્દો

### નામદાર રાજયપાલશ્રીના પ્રવચન દરમિયાન થયેલ દેખાવો અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું અને ગૃહનું ગઈકાલની કાર્યવાહી વખતે માનનીય રાજયપાલશ્રી જ્યારે સભાગૃહને સંબોધિત કરતા હતા તે વખતે (અંતરાય) મેં મંજૂરી લીધી છે માનનીય અધ્યક્ષશ્રીની.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે તેમને કઈ રીતે પરવાનગી આપી છે તે જાણવાનો અમારો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહની આવી પરંપરા રહી છે અને ૨૦૦૧ની અંદર પણ આ જાતનો બનાવ બન્યો હતો ત્યારે બીજા દિવસે તે વખતના માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને તે રીતે જ લોકસભાની અંદર પણ પ્રૅસિડન્ટના પ્રવચન વખતે અવમાન થાય ત્યાર પછી બીજા જ દિવસે તે જાતનો પ્રસ્તાવ ઉભો કરી શકાય છે અને એવી રીતે આ વાત મંત્રીશ્રી  કરે છે અને મેં તેમને પરવાનગી આપી છે. આપ પણ તેમાં ભાગ લઈ શકો છો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે ગૃહના બધા સભ્યોએ જે દ્રશ્ય આ ગૃહની અંદર જોયું તે દ્રશ્ય ક્યારેક જ આ ગૃહના અનુભવી સભ્યોએ જોયું હોય એવા પ્રકારનું હતું. આ ગૃહની પરંપરામાં, લોકશાહીમાં અને ગૃહના નિયમોમાં જેને શ્રદ્ધા હોય એવા કોઈ સભ્યશ્રી આ પ્રકારનું કામ ના કરી શકે એ પ્રકારના દ્રશ્યો માનનીય અધ્યક્ષશ્રી કાલે આપણી નજર સમક્ષ ઉપસ્થિત થયાં છે. આ ગૃહના લાંબા ઈતિહાસમાં ફકત એક જ વખત એવું બન્યું છે માનનીય અધ્યક્ષશ્રી કે જ્યારે રાજ્યપાલ સાહેબ પ્રવચન કરતાં હોય તે વખતે કોઈ વસ્તુઓ

અથવા બેનરો પ્રદર્શિત કરી વિરોધ થયો હોય ઘણી વખત ટોકા ટોકી નુકચેતીથી આવું સાંભળવામાં આવતું હોય છે તે પણ બેઠા બેઠા પરંતુ બેનરો હાથમાં લઈ પ્રદર્શન કરવું એવું જવલ્લે જ બન્યું છે, એક જ વાર બન્યું છે પૂછે છે એટલે કહું છું તે વખતે પણ કોંગ્રેસ પાર્ટીએ જ કર્યુ હતું. અને ૨૦૦૧માં કર્યુ હતું. તેમણે પૂછ્યું એટલે કહું છું.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ પ્લીઝ, (અંતરાય) આ એક ગંભીર પ્રકારની ચર્ચા આપણે કરી રહ્યા છીએ મારી સૌ સભ્યોને વિનંતી છે કે, આપને પણ પૂરતી તક મળશે આપ વચ્ચે બોલ્યા વિના તેને ચોક્કસ કહી શકશો. આ બાજુના બધાને પણ કહું છું કે જેમણે ચર્ચામાં ભાગ લેવો હોય તેને હું ચર્ચામાં ભાગ લેવા દઈશ પરંતુ બેઠા બેઠા કોઈ કેમેન્ટ ના કરે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એક જ વખત આવી ઘટના બની છે અને તે વખતે પણ તત્કાલીન અધ્યક્ષશ્રીએ આની બાબતમાં નિર્ણયો કરેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલ મહોદય આ રાજયના બંધારણીય વડા હોતા હોય છે અને તે જ્યારે ગૃહની અંદર આવે છે તે વખતે બંધારણના આર્ટિકલ ૧૮૮ મુજબ તેમણે જે શપથ લીધા છે. બંધારણ મુજબ કાર્યવાહી કરવાના. એ બંધારણના આર્ટિકલ ૧૭૬ મુજબ આપણને સંબોધવા આવતા હોય છે અને એ વખતે આપણે બધા સભ્યોએ બંધારણ મુજબ કાર્યવાહી કરવાના શપથ લીધા છે. જયારે રાજયપાલ મહોદય આ ગૃહમાં એમની બંધારણીય જવાબદારીનું નિર્વહન કરતા હોય, એ વખતે એની અંદર ટોકાટોક કરવું, બેનરો લઈ ઉભા થઈ જવું, પ્રદર્શન કરવા એ રાજયપાલ મહોદયની અવમાનના છે. એ રાજયપાલ મહોદય પણ વયોવૃદ્ધ ગાંધીયન અને આખું જીવન પવિત્રતાપૂર્વક જેમણે દેશની સેવા કરી છે, એવા વ્યકિતની અવમાનના કરી છે. એ ઘટનાને આ ગૃહ ખરેખર હળવાશથી લઈ શકે નહીં. આપણે ઉજ્જવળ પરંપરાની વાત કરીએ, આપણે સંસદીય પ્રણાલિકાની વાત કરીએ, આપણે ગૃહની અંદર દરેક વાતમાં સંસદીય પ્રણાલિકા જળવાઈ રહે એના આગ્રહશીલ રહીએ અને પછી આપણે જ પ્રણાલિકાઓને તોડવાનું કામ કરીએ અને બંધારણીય ઓથોરિટીનું અવમાનનું કામ કરીએ અને ગૃહની શિસ્ત અને પ્રજાનો આપણા પ્રત્યેનો વિશ્વાસ તૂટે એ પ્રકારની કાર્યવાહી કરીએ. આ બે વાતની વચ્ચે મેળ ખાતો નથી.

ગઈકાલે જે સભ્યશ્રીઓએ અહીંયા રાજયપાલ મહોદયના પ્રવચન વખતે પ્રદર્શન કર્યા, બેનરો બતાવ્યા એ બધા જ સભ્યશ્રીઓને આપ નેઈમ કરવાની એટલા માટે અનુમતિ આપો, કારણ કે રાજકીય વાતો કરવાનો, રાજકીય વિષય મૂકવાનો, રાજકીય રીતે હિસાબ-કિતાબ કરવાના અનેક પ્રસંગો ગૃહમાં આવતા હોય છે. પરંતુ જયારે રાજયપાલ મહોદય પ્રવચન કરતા હોય એ વખતે વર્ષોથી આ ગૃહમાં પક્ષાપક્ષીથી પર રહીને બધાએ શાંતિપૂર્વક સાંભળ્યા છે અને રાજયપાલશ્રીના ગયા પછી આભાર પ્રસ્તાવ વખતે પ્રવચન બાબતમાં બન્ને પક્ષોને જે કહેવું હોય તે કહેવાની છૂટ હોય છે. એટલા માટે જ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવની પ્રણાલિકા નિયમોની અંદર જોગવાઈ કરવામાં આવી છે. પ્રણાલિકા એવી છે કે રાજકીય વાત જે કરવી હોય પ્રવચન ઉપર, એ જયારે આભાર પ્રસ્તાવ આવે ત્યારે પક્ષ-વિપક્ષ બન્ને પોતપોતાની રીતે મૂકતા હોય છે. એટલે મારી આપશ્રીને વિનંતી છે કે આપ જે સભ્યશ્રીઓએ કાલે દેખાવો કર્યા છે, બેનરો બતાવ્યા છે, એમને નેઈમ કરવાની મંજૂરી આપો.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે તેને હું ટેકો આપું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે વાત લઈને આવ્યા છે તે અતિ ગંભીર પ્રકારની બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં સભ્યશ્રીઓએ કઈ રીતે વર્તન કરવું, એ માટેના નીતિ નિયમો પાળવા એટલા માટે જરૂરી છે કે આપણે સમગ્ર ગુજરાતની પ્રજાનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. આપણે જે પ્રકારનું વર્તન કરીએ છીએ એ વર્તન ગુજરાતની પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણને ગરિમા આપે તેવું હોવું જોઈએ. એટલા માટે જયારે કોઈ સભ્યશ્રી જયારે કોઈ પ્રશ્ન પૂછવા ઉભા થાય ત્યારે પણ સીધા મંત્રીશ્રી સાથે વાત નહીં કરતા શિરસ્તો એ છે કે પ્રશ્ન આપને ઉદ્દેશીને કરવામાં આવે છે. એમના અવલોકનો પણ આપને ઉદ્દેશીને કરવામાં આવે છે. આ પ્રકારની ગૃહની ગરિમા જયારે જાળવવાની હોય, ત્યારે જે પ્રશ્ન માનનીય અમિતભાઈએ ઉપસ્થિત કર્યો છે એની ગંભીરતા બાબતમાં હું કેટલાક અવલોકનો ટાંકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોલ અને શકધર એ પાર્લામેન્ટરી પ્રોસીજર અને તેને સંલગ્ન બાબતો માટેનો એક ખૂબ જ વિશ્વસનીય અને આખરી દસ્તાવેજ ગણી શકાય તેવું પુસ્તક છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પુસ્તકના પાના ૨૭૭ ઉપર Conduct of members ને લગતી જે બાબત કહી છે, એમાં Rules to be observed by members while present in the house. એને લગતી બાબતમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના તરફ હું અત્યંત નમ્રતાપૂર્વક આપનું ધ્યાન દોરવા માગું છું. એ પુસ્તકમાં પાના ૨૭૮ ઉપર કહેવામાં આવ્યું છે કે Besides in keeping with parliamentery convention and attiquate members are forebidden (intruption) I will come to that. ગુજરાતીમાં પણ હું કહું છું, પણ પહેલા હું જે આ quote કરું છું એ અંગ્રેજીમાં લખ્યું છે, એટલે મારી મર્યાદા એને quote કરવાની છે, એટલા પૂરતું quote કરું છું. Besides in keeping with Parliamentery convention and etiquette, members are forebidden to enter the chamber with a coat hanging on the arm, to place their hats on the desk in the House, To

carry walking sticks in the chamber unless permitted by the speaker under such ecxeptional cercumstences as old age or physical informiy, To moke in the chember, to say Jai hind or Vande mataram anything of this kind in the House. to raise slogans in the house, to display flags or emblems on their seats in the House, To bring a tape recorder in to the House or play it there, to stand in the gang-way and talk to other members, to produce exibits, Sir, I repeat, to produce exibits during debate or to make demonstration in the House. સર, આ બધી જ બાબતોની સાથોસાથ એ કહેવામાં આવ્યું છે કે to distribute within the precincts of lthe Parliament House,any literature, questionnaires or pamphlets, etc. not connected with the business of the House unless permission permission has been obtained from the Speaker in writing in advance. એટલે કોઈને આ ગૃહમાં કોઈ કારણસર ઈજા થઈ હોય અને લાકડીના ટેકે ચાલીને લાકડીના સાથે આવવાનું હોય તો પણ માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી વિના આવી શકાતું નથી અને તે સંજોગોમાં જે બંધારણીય રીતે વડા છે એવા માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના સમયે જે પ્રકારના બેનર્સ બતાવવામાં આવે અને એના માટે અગાઉ જે નિર્ણય અપાયા છે એ કેટલા કડકાઈપૂર્વક અપાયા છે એની તરફ આપશ્રીનું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના પાના નંબર ૧૩૪ ઉપર માનનીય અધ્યક્ષીએ ૨૧૧ મા પેરેગ્રાફમાં આપેલ નિર્ણય તરફ ધ્યાન દોરવા માગું છું. આ નિર્ણયમાં એવું કહેવામાં આવ્યું છે કે:-

" સભાગૃહમાં કોઈપણ વસ્તુનું પ્રદર્શન કરી શકાય નહીં. તા. ૧૮ મી માર્ચ, ૧૯૭૧ ના રોજ રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી બાલાશંકર જોષીએ તેમના પ્રવચનને અંતે 'એન્ટી વિનમ સિરમનો બલ્બ' માનનીય અધ્યક્ષશ્રીને બતાવ્યો હતો ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો:-

"સભાગૃહનો એક રિવાજ છે કે કોઈપણ જાતના "આર્ટિકલનું" આપણે એકિઝબીશન કરી શકતા નથી. માનનીય સભ્યશ્રી જરૂર આ પદાર્થો લાગતાવળગતા મંત્રીશ્રીને બારોબાર મોકલી શકે છે અને તેને લગતા પ્રશ્નો પણ પૂછી શકે છે અને એ અંગે ચર્ચા પણ કરી શકે છે."

ત્યારપછી પેરા ૨૧૨ માં કહેવામાં આવ્યું છે કે "તા. ૧૭ મી ડિસેમ્બર, ૧૯૬૩ ના રોજ ગોળની અછત અંગેની ચર્ચામાં ભાગ લેતાં સભ્યશ્રી બ્રહ્મકુમાર ભટ્ટે તેમના મંતવ્યના સમર્થનમાં ગોળના નમૂના ગૃહ સમક્ષ રજૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો:-

"Shri Brahmakumar, no exhibits are allowed to be produced in the House."

પેરા નંબર ૨૧૩ પણ આને સમર્થન કરે છે. એમાં એમ કહેવામાં આવ્યું છે કે "તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૬૩ ના રોજ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન વિધાનસભા સભ્ય શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ ગુજરાત ગવર્નમેન્ટના સિકકાવાળું પોલીસ ખાતાને આપવામાં આવેલું સ્ટેમ્પ પેડ ખોલીને સભાગૃહમાં રજૂ કર્યુ ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો:- "ના, એ રજૂ ન કરી શકાય." This cannot be exhibited or produced in the House.

એ જ રીતે પાના નંબર ૧૩૫ ઉપર પેરેગ્રાફ ૨૧૪ માં તા. ૧ લી સપ્ટેમ્બર, ૧૯૬૪ ના રોજ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ ઉપરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી રણજીતરશાય ગં. શાસ્ત્રીએ પીળી ખાંડનો નમૂનો રજૂ કર્યો તે વખતે પણ માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપેલ છે કે "સભાગૃહ સમક્ષ આવી રીતે એકિઝીબીશન ના કરી શકાય."

એ જ રીતે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨ ના પાના નંબર ૪૬-૪૭ તરફ આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું. એમાં તો એટલે સુધી કહેવાયું છે કે "કાયમી ધોરણે પહેરતા ના હોય એવા કોઈપણ પોશાકને પહેરીને આવવું એને પણ પ્રદર્શન ગણવામાં આવ્યું છે".

એની સાથે સાથે કોઈપણ પ્રકારના અન્ય ડેમોન્સ્ટ્રેશન અંગે પણ પાના નંબર ૧૦૫ ઉપર પેરા ૯૧ માં સ્પષ્ટ વાત માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયમા નોંધાઈ છે કે:-

" માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો એ કરતી વખતે એમણે જે પત્રનો ઉલ્લેખ કર્યો છે તેમાં પહેલી વાત કોલરની આવે છે. એમણે પોતાના પત્રમાં લખ્યું છે અને એમના પ્રવચનમાં વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું છે કે કલેકટરે ફરિયાદ નોંધાવી છે અને એમાં એ નોંધાવ્યું છે કે તેમની પાસેથી માઈક ખેંચી લીધું, ટેબલ કલોથ ખેંચ્યું અને ધક્કો માર્યો. ધક્કો મારતી વખતે ગમે તે રીતે ધક્કો મારે (અહીં મુખ્યમંત્રીશ્રીએ બાજુમાં બેઠેલા મંત્રીશ્રી વિજયદાસજી મહંતનો કોલર પકડીને બતાવ્યું કે કેવી રીતે ધક્કો મારી શકાય) હું મહંત સાહેબને ધક્કો મારતો નથી, પણ ડેમોન્સ્ટ્રેશન આપી રહ્યો છું. તો તે વખતે માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું કે આ સભાગૃહમાં ડેમોન્સ્ટ્રેશન કે દેખાવ કરી શકાતા નથી.જયારે અહીં તો ગૃહની ગરિમાનો ભંગ કર્યો છે, અને આ રીતે ગૃહની ગરિમાનો ભંગ પણ એવા પ્રસંગે કર્યો છે કે જયારે બંધારણીય વડા તરીકે માનનીય રાજયપાલશ્રી આ ગૃહને સંબોધન કરવા પધારે અને તે સમયે બેનર લઈને ઉભા

થઈ જવું, અને ગૃહમાં તે પ્રદર્શિત કરવા, ત્યાર પછી વિધાનસભાના પરિસરમાં જ સૂત્રોચ્ચાર કરતા કરતા ફરવું, આ બધી બાબતો પ્રસ્થાપિત સંસદીય પ્રણાલિની વિરૂદ્ધ છે. અત્યાર સુધીમાં માનનીય અધ્યક્ષશ્રીઓના જે નિર્ણયો આવ્યા છે તે નિર્ણયોની પણ વિરૂદ્ધ છે. અને કોલ એન્ડ શકધરમાં સભાગૃહમાં પાળવાના થતા નિયમો અને વર્તણૂક અંગેની જે વાત એમનાં પુસ્તકમા કરવામાં આવી છે તેની સાથે પણ સુસંગત નથી. અને આ બધા કારણોસર માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે અતિ ગંભીર પ્રકારનો મુદ્દો છે અને આ ગૃહની ગરિમા, આવનારા સમયમાં આ ગૃહમાં કઈ રીતે દરેક સભ્યશ્રીઓ વર્તન કરશે તે અંગેના ધારા ધોરણો, અને આ ગૃહમાં જયારે કાયદાઓ ઘડાતા હોય અને આ ગૃહમાંથી કાયદા ઘડાઈ અને આ રાજયમાં તેની અમલવારી થવાની વાત હોય, ત્યારે આ ગૃહના સભ્યશ્રીઓ દ્વારા ગૃહની ગરિમા ન જળવાય, અને એ ગરિમાને બાજુ પર મૂકી અને રાજયપાલશ્રી જયારે ઉપસ્થિત હોય ત્યારે આ પ્રકારનું પ્રદર્શન કરે તે યોગ્ય નથી. તેથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને અનુમોદન આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા હું આપનું ધ્યાન સંસદીય પ્રણાલિ અને કાર્યરીતી પુસ્તકના પાના નંબર ૨૧૮ તરફ દોરું છું. સંબોધન પ્રસંગે સભ્યો દ્વારા અણછાજતા બનાવો, eight line from the top, તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૭૩ના રોજ રાજયપાલશ્રીએ સંબોધન કરવાનું શરૂ કર્યુ તે પહેલા વિરોધી જૂથના નેતાએ ઉભા થઈ અને ટૂંકુ નિવેદન કર્યુ, અને રાજયપાલશ્રીને સરકારે તૈયાર કરેલ સંબોધન નહીં પરંતુ પ્રજાનું સંબોધન ગૃહ સમક્ષ વાંચવા વિનંતી કરી હતી. તે સમયે વ્યાસ પીઠ ઉપર જઈ અને રાજયપાલે પ્રજાનું સંબોધન આપ્યું હતું. રાજયપાલશ્રીના સંબોધન પછી જયારે વિધાનસભાની બેઠક મળી ત્યારે એક સભ્યશ્રીએ આ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. અને વિરોધી જૂથના નેતાના વર્તનથી ગૃહનો તિરસ્કાર થયો છે કે કેમ તે મુદ્દો ઉભો કર્યો હતો. This is very relevant, પરંતુ આ અંગે વિરોધી જૂથના નેતા સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. Your honour may kindly note this. તા. ૨૨-૧-૧૯૬૮, હું આપના મારફત સત્તાધારી પક્ષને જૂની પ્રણાલિના મુદ્દાઓની નોંધ કરવા વિનંતી કરું છું. કોઈ યાવતચંદ્રો દિવાકર નથી. ભૂતકાળમાં ૨/૩ બહુમતિ વાળા પક્ષની સરકાર હતી. અને વિરોધપક્ષનું કેવું વર્તન હતું તે પ્રસંગની નોંધ લેવા માટે વિનંતી કરું છું. તા. ૨૨-૧-૧૯૬૮ના રોજ રાજયપાલશ્રી સંબોધન કરવાની શરૂઆત કરે તે પહેલા બે સભ્યો સિવાય વિરોધપક્ષના બધા જ સભ્યો, ઉપાધ્યક્ષ સહિતના સભ્યોએ સભાત્યાગ કર્યો. જો કે આ સમયે પણ કોઈ સભ્યની સામે કોઈ પણ પગલાં લેવામાં આવ્યા નહોતા. You may kindly note Sir, તા. ૫-૨-૧૯૮૮, રાજયપાલે એમના સંબોધનનો થોડો ભાગ વાંચ્યો, મારે આપના મારફત ધ્યાન દોરવું છે, અત્યારે જે પહેલી લાઈનમાં બેઠેલા છે તે પહેલી લાઈનના સભ્યશ્રીઓ તે વખતે અહીં બેઠા હતા. રફાળેશ્વરનો મુદ્દો હતો, કોંગ્રેસ પાસે જબ્બરજસ્ત બહુમતિ હતી. એમને કદાચ સ્મરણમાં ન આવતું હોય તો યાદ કરવામાં આવે. આ ગૃહમાં આ સમયે બેઠલા સભ્યો મારી આંખ સામે અત્યારે મને દેખાય છે. એજ સભ્યો હતા જે આજે સત્તામાં બેઠા છે. તા. ૫-૨-૮૮ના રોજ માનનીય રાજયપાલશ્રીએ તેમના સંબોધનનો થોડો ભાગ વાચ્યો ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ અને બીજા સભ્યોએ ઊભા થઈને રાજકોટ જિલ્લામાં આવેલા રફાળેશ્વર ઢોરવાડામાં કહેવાતી અનિયમિતતા અને દક્ષિણ ગુજરાતમાં કહેવાતા ગેરકાયદેસર કાપવામાં આવેલા વૃક્ષો અંગે સમિતિની રચના કરવા અંગે સૂત્રો પોકારવાનું શરૂ કર્યુ અને તોફાની દેખાવો કર્યા હતા. These are not my words. It is written by the authority. ઓથોરિટી છે એ કહે છે. વિરોધપક્ષના સભ્યોએ ઘણા લાંબા સમય સુધી સંબોધનમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતા, આપની સ્મૃતિમાં તો હશે કે એ વખતે અહીંયા કોણ કોણ હતા, મારા સદ્દનસીબે કે અત્યારે * (xxxx)

**અધ્યક્ષશ્રી** :માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આપ જાણો છો કે કોઈપણ ઉલ્લેખો અધ્યક્ષશ્રીને લક્ષમાં રાખીને ન કરી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I will control myself. I will not utter a word about it.

**અધ્યક્ષશ્રી** : આપને કહું કે આપ તો સંસદીય પ્રણાલિકાને જાણો છો, કોઈપણ વાત અધ્યક્ષશ્રીને સંબોધીને કહી શકાય પરંતુ અધ્યક્ષશ્રી ઉદ્દેશીને ન કરી શકાય, સંબોધીને કહી શકાય. પરંતુ ઉલ્લેખની અંદર લાવવાની વાત પ્રણાલિકાની અંદર કરતા નથી તેથી તેઓએ કરેલા ઉલ્લેખો હું રદ કરું છું. આપને સમર્થનની અંદર જે રજૂ કરવું હોય તે રીતે રજૂ કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ સભાગૃહમાં આપને નહિ પરંતુ આપની મારફત આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે જે માનનીય સભ્યશ્રીઓ તે વખતે અહીંયા બેઠા હતા એ જ સભ્યશ્રીઓ આજે ત્યાં બેઠા છે. આ હું નથી કહેતો પરંતુ આ સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ લખેલુ પુસ્તક જે મેં બજારમાંથી નથી ખરીદ કર્યુ, મારા અભ્યાસ માટે આપના મારફત આ વિધાનસભા સચિવાલયે આપેલ પુસ્તકમાંથી હું આ વાંચું છું. આઈ વીલ કન્ટિન્યુ. તોફાની દેખાવો કર્યા હતા, વિરોધપક્ષના સભ્યોએ ઘણા લાંબા સમય સુધી સંબોધનમાં ખલેલ પહોંચાડવાનું

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો કાર્યવાહીમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ચાલુ રાખતા રાજયપાલશ્રીએ જાહેર કર્યુ કે તેમનું સંબોધન વાચી લીધેલું ગણવામાં આવે છે. જો કે આ અંગે કોઈપણ સભ્યશ્રી સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. It was taken as read. તોફાનો થયા એટલું નહિ ઘણા લાંબા સમય સુધી ચાલુ રહ્યા. આજે સત્તામાં બેઠેલો પક્ષ તે દિવસે અહીંયા હતો. તે દિવસે અમને ત્યાં બેઠેલા હોવા છતાં બે તૃતિયાસ જેટલી બહુમતિ હોવા છતાં કયારેય આવો પ્રસ્તાવ નથી લાવ્યા. એ પણ હું નથી કહેતો આ પુસ્તક કહે છે. તે સમયે કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. આ જ પુસ્તકના પાના નંબર ૧૯૩ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું, પાર્લામેન્ટમાં શું પરિસ્થિતિ થાય છે. Yesterday who was in the Chair. અધ્યક્ષશ્રીની ખુરશીમાં ગઈકાલે કોણ હતું, માનનીય રાજયપાલશ્રી હતા એ આદેશ આપી શકે, લોકસભાની એ પ્રણાલિકાઓ છે કે રાષ્ટ્રપતિશ્રી આદેશ આપે એ બહાર જવાનું પણ કહે શિક્ષા કરે પરંતુ બીજા દિવસે પ્રસ્તાવ લાવવાની ચેષ્ટા ભૂતકાળના અનેક બનાવોમાં અને જેમાનો સૌથી ગંભીર બનાવ જે આજે સત્તામાં બેઠેલો પક્ષ અહીંયા બેઠો હતો અને અહીંયા બેઠેલો પક્ષ ત્યાં બેઠો હતા ત્યારે બન્યો હતો. એવો અતિ ગંભીર બનાવ, એવો તોફાની બનાવ અને જેમાં સતત લાંબા સમય સુધી ખલેલ પહોંચાડવાથી માનનીય રાજયપાલશ્રીએ પોતાનું પ્રવચન વાચી લીધેલું ગણવામાં આવે એવું જાહેર કરવું પડ્યું ત્યારે પણ એમની સામે કોઈ પગલાં લેવાયા નહોતા એ વાત તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તક એકના પાના નંબર ૧૯૩ This is Constitutional authority. અહીંયા આવીને જ્યારે બેસતા હોય છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપતિનું સંબોધન બંધારણની કલમ ૨૭-(૧) અનુસાર દરેક સામાન્ય ચૂંટણી પછી પાર્લામેન્ટના પહેલાં સત્રની શરૂઆતમાં અને દરેક વર્ષના પહેલાં સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ પાર્લામેન્ટમાં એકત્ર થયેલા બન્ને ગૃહોને સંબોધન કરે છે અને પાર્લામેન્ટ બોલાવવા માટેના કારણો જણાવે છે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંભળવા માટે લોકસભા અને રાજયસભાના સભ્યોના એકત્રિત થવાના કારણે બન્ને ગૃહોની સંયુક્ત બેઠક અથવા લોસકભાની બેઠક અથવા રાજયસભાની બેઠક એમ ગણવામાં આવતી નથી. જ્યારે રાષ્ટ્રપતિ બંધારણની તે કલમ નીચે બન્ને ગૃહોને સંબોધન કરે છે. ત્યારે તેઓ પાર્લામેન્ટના અંગ તરીકે કામ કરે છે. I will pause here for a moment, sir. ગઈ કાલે અહીંયા આપની ચેરમાં કોણ હતું? H.E.Governor. એ કાલે બેઠા હતા. જેમ લોકસભામાં પ્રૅસિડેન્ટ ઑફ ઈન્ડિયા બેસે છે. એમનો એ અધિકાર હતો, નહીં કે આપનો. એકાદી વખત આપણે કંઈક કર્યું પણ ગુજરાતના ઈતિહાસમાં ૨૦૦૦ સુધીનો એક પણ દાખલો બતાવવામાં આવે. વર્ષો સુધી સત્તામાં રહ્યા છીએ. એક દાખલો બતાવવામાં આવે. મેં અહીં અનેક દાખલા બતાવ્યા કે વિરોધમાં રહેલા લોકોએ રાષ્ટ્રપતિશ્રીનું પ્રવચન નથી થવા દીધું. ગવર્નર સાહેબનું પ્રવચન નથી થવા દીધું. તેની સામે કોઈ પગલાં લેવાયાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, I will read further (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને જો ઇચ્છા જ હશે તો હું અહીંયા સડેલા ઘઉંના ડબલાઓ લાવ્યા, ફેંકાયા, રાષ્ટ્રપતિના પ્રવચન વખતે શું શું થયું, બધું મારે વાંચવાનું હોય તો હું એક કલાક સુધી બોલી શકીશ. I would like to save the time of this Honourable House. પ્રદર્શન, પ્રદર્શન. જ્યારે રાષ્ટ્રપતિ બંધારણની તે કલમ નીચે બન્ને ગૃહોને સંબોધન કરે છે ત્યારે તેઓ પાર્લામેન્ટના અંગ તરીકે કામ કરે છે. ગઈ કાલે ગવર્નર સાહેબ એ આપણી વિધાનસભાનું અંગ હતા અને સંબોધન પૂરું થાય ત્યાં સુધી તેઓ તે કાર્યવાહીના ચાર્જમાં હોય છે. This may kindly be noted, sir. એ ગઈ કાલે ચાર્જમાં હતા. જો તેઓ કાર્યવાહીના ચાર્જમાં હોય છે છતાં તેઓ રાજ્યસભાના સભાપતિ કે લોકસભાના અધ્યક્ષ કે બીજા કોઈ વ્યકિતને તે બેઠકનું સ્થાન સંભાળે છે તેમ કહી શકાય નહીં, છતાં સભ્યો રાષ્ટ્રપતિના નિયંત્રણમાં છે તેમ ગણાય છે. You may kindly note this. કોના નિયંત્રણમાં હતા? ગઈ કાલે અમે, H.E. Governor of Gujarat ના નિયંત્રણમાં હતા. તેમ હું નથી કહેતો, આ પુસ્તક કહે છે. જે પુસ્તક ગુજરાતની વિધાનસભાએ નિષ્ણાત દ્વારા લખાયા પછી મારા અભ્યાસ માટે આપ્યું છે. તેઓ સભ્યોને વ્યવસ્થા જાળવવા માટે આદેશ આપી શકે છે. કોણ ડાયરેકશન આપે, ગઈ કાલે H.E.ને લાગ્યું હોત કે આ પ્રદર્શનો છે. અમને આદેશ આપી શક્યા હોત. જો કોઈ સભ્ય બોલવા માટે ઉભા થાય અથવા કોઈ દેખાવો કરે અને બીજી કોઈ રીતે બેઠકમાં ખલેલ પહોંચાડે તો તેવા સભ્યોને બેઠક છોડી જવા માટેનો આદેશ પણ આપી શકે છે. સાહેબ, રાષ્ટ્રપતિશ્રી અને ગવર્નર સાહેબને આ તમામ સત્તાઓ હોય છે. Are we superior to Him? Are we superior to H.E.? આપણે એમ કહેવા માગીએ છીએ, આજે પ્રસ્તાવ લાવીને? તો ભાઈ, અપમાનની વાત કરનારાઓને એ વિચારવું પડે કે અપમાન તો આજે આપણે કરવા તૈયાર થયા છીએ કે ગઈ કાલે તેમણે નહોતું કર્યું, તમારી ઉપરવટ જઈને અમારે આ પ્રસ્તાવ લાવીને કરવું છે. આ ગવર્નર સાહેબનું અપમાન છે. એ અપમાન નહોતું કારણ કે એવું તો વારંવાર આ ગૃહમાં થયું છે અને માનનીય ગવર્નર સાહેબના સંબોધનમાં થયેલી ખલેલમાં ૨૦૦૦ પહેલાં કયારેય કોઈ પણ દિવસે કયારેય સરકાર આવો પ્રસ્તાવ લઈને આવી હોય એવો એક પણ દાખલો નથી

બીજી કોઈ રીતે બેઠકમાં ખલેલ પહોંચાડે તો તેવા સભ્યોને બેઠક છોડી દેવા માટેનો આદેશ આપી શકે છે. રાષ્ટ્રપતિશ્રી જરૂર પડે તો કોઈપણ સભ્યને બળ વાપરીને ગૃહમાંથી બહાર કાઢી મૂકવા માટે સલામતી અધિકારીઓ કે જેઓ મધ્યસ્થ ખંડમાં હાજર હોય છે તેમની મદદ લઈ શકે છે. ત્યારબાદ તેવા સભ્ય જે ગૃહના સભ્ય હોય તેમને ગૃહમાંથી દૂર કરવા માટેની કાર્યવાહી રાષ્ટ્રપતિશ્રી અથવા ગવર્નર સાહેબ કરે છે.

સાહેબ, ગઈકાલે શું થયું? અમે પ્રજાના પ્રતિનિધિઓ છીએ. ભૂતકાળના અનેક દાખલાઓ છે. એ પ્રદર્શનના કહો તો પ્રદર્શનના દાખલા છે, ખલેલના પણ દાખલાઓ છે, સૂત્રોચ્ચારના પણ દાખલાઓ છે અને રાષ્ટ્રપતિશ્રી અને રાજયપાલશ્રીએ Take as read કરાવ્યાના પણ દાખલાઓ છે. ૨૦૦૦ પહેલાંનો એવો એક પણ પ્રસંગ બતાવો, કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે અહીંથી તોફાનો થયાના દાખલાઓ છે, ગવર્નર સાહેબને ખલેલ પહોંચાડી હોય તો પણ વિપક્ષને નેઈમ કરવાની ચેષ્ટા આજ સુધીના ઈતિહાસમાં નથી થઈ અને આજે જો ચેષ્ટા થશે તો લોકશાહી માટે આથી કોઈ કલંકિત દિવસ બીજો કોઈ નહીં હોઈ શકે અને આવતા દિવસોમાં કાળા અક્ષરે આ વસ્તુ લખાશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માઈકો તોડયા હતા એ યાદ છેને?

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ ચર્ચાને આગળ ચાલવા દો, આપને બોલવું હશે તો તક આપીશ. (અંતરાય) જગદીશભાઈ, આપણે કોણે કેટલા માઈક તોડયા એનો હિસાબ નથી મૂકવો. આજની ચર્ચા જે મુદ્દા ઉપર થાય છે એના ઉપર ચાલવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક પ્રથા પડી ગઈ છે. જયારે આ સરકાર કોઈ ખોટું કરે અને એની કોઈ ટીકા કરે તો અ..હો..હો..હો... આખા ગુજરાતનું અપમાન, આ ગુજરાતનો વિરોધી માણસ આવી ગયો. મિત્રો, આ ગુજરાતનો વિરોધી છે. અરે સાહેબ, તમે ખોટું કરો છો અને તમને ખોટું કહીએ એટલે ગુજરાત ખોટું છે...

**અધ્યક્ષશ્રી :** આ જે ચર્ચાનો મુદ્દો છે એના ઉપર જ વાત કરો. જાહેર સભા માટે તૈયાર કર્યું હોય એ અહીંયાં ન બોલશો, આ બહારની વાત છે, બહાર કહેશો. આપ મુદ્દા ઉપર રહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત છોડીને અહીં જે વાત થઈ છે એ કહેવા માગું છું. મારો સંદર્ભ એટલો હતો કે, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ H.E. ગવર્નર ઓફ ગુજરાત માટે બહુ જ સ્પષ્ટ વાત છે. શું ગવર્નર સાહેબ કાલે એમના આત્માના અવાજ પ્રમાણે બોલવાના હતા? રાજય સરકારે લખી દીધેલું પ્રવચન વાંચવાના હતા.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એક મુદ્દો ઉપસ્થિત કર્યો કે, શું ગવર્નર સાહેબ પોતાના આત્માના અવાજ પ્રમાણે બોલવાના હતા? આ વાત રેકર્ડ ઉપર એટલા માટે ન રહેવી જોઈએ કે, ગવર્નર સાહેબનું પ્રવચન કેવી રીતે થાય, કયા નિયમો હેઠળ થાય અને ગવર્નર સાહેબ પ્રવચન કરે. આ બધી જ વાતોની બહુ સ્પષ્ટ રીતે નિયમોમાં જોગવાઈ કરેલી પ્રક્રિયા પ્રમાણે થાય છે અને ગવર્નર સાહેબ આત્માના અવાજ પ્રમાણે વાંચવાના હતા? એવો ઉલ્લેખ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ન કરી શકે. એટલે આ વાત રેકર્ડ ઉપરથી કાઢી નાખવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણમાં લખેલી આ વાત છે કે ગવર્નરશ્રી કે રાષ્ટ્રપતિશ્રીએ સરકાર જે લખીને આપે એ વાંચવાનું હોય છે. It is written in the constitution. આપે વાંચવાનું હોય છે. કોણે કયું પ્રવચન વાંચવાનું છે? He is not supposed to read.

**અધ્યક્ષશ્રી** : પ્રવચનનો એમનો બંધારણીય અધિકાર છે અને સરકારનો પણ એ અધિકાર છે કે એ પ્રવચન તૈયાર કરે. એટલે આપને હું કહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વાંધો નથી. એ એમનો બંધારણીય અધિકાર પૂરો કરે છે. આપે લખીને આપવાનું અને એમણે વાંચવાનું હોય છે. હું એ વાત ઉપરથી જ આપ ખોટી રીતે રજૂઆત ન કરો કે, ગવર્નર સાહેબનું અપમાન, અમે ઈચ્છતા હતા કે, પ્રજાકીય પ્રશ્નો રિફલેકટ થવા જોઈએ અને ગવર્નર સાહેબને સરકારની લેખિત વાતની સામે પડઘો પાડતા હતા ત્યારે પ્રજાની વાતની પડઘો પાડવાનો પ્રયત્ન ભૂતકાળમાં સાચા કે ખોટા કોણ હતા, કોણ નહીં હું નથી પડતો, ભૂતકાળમાં આ વિધાનસભાના ગૃહમાં અનેક વખત વિરોધપક્ષે આ જ ભૂમિકા ભજવી છે. સત્તા પક્ષે કોંગ્રેસ હતું કોઈ પગલાં નથી લીધાં, આજે આ પગલાં ન લેવાવાં જોઈએ એ પ્રણાલિકાઓનું અપમાન હશે એટલી જ મારી વાત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વિધાનસભા છે એ પોતાની પ્રણાલિકાઓ, ભારતની સંસદની પ્રણાલિકાઓ અને ઈંગ્લેન્ડના હાઉસ ઑફ કોમન્સની પ્રણાલિકાઓ, માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રણાલિકાઓ પ્રમાણે ચાલે છે. માનનીય સંસદીય મંત્રીશ્રી જ્યારે રજૂઆત કરતા હતા ત્યારે એમણે કહ્યું કે અહીંયા બેનરોનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ હાઉસમાં પણ ભૂતકાળમાં બેનરોના પ્રદર્શનો થયા છે. ગવર્નરના એડ્રેસ વખતે અને ભારતની સંસદની અંદર પણ જૂદા જૂદા પ્રદર્શનો થયા છે. અને છતાં એ પ્રણાલિકાઓ એવી છે કે એ વખતે પગલાં લેવાયા નથી. હું તો ભારતની સંસદની પ્રણાલિકાની વાત કરીશ કે ત્યાં તો સામાન્ય જે ડીસ્ટ્રપ્શન થાય એમાં પગલા લેવાની પ્રણાલિકા નથી. એટલું જ નહીં ગંભીર પ્રકારના દેખાવો થાય, આયોજીત પ્રકારના દેખાવો થાય, છતાં પણ પગલાં નથી લેવાયા. હું ગયા વર્ષની એક ઘટનાની યાદ આપને અપાવવા માગું છું, આપના મારફત મારા મિત્રોને પણ યાદ અપાવવા માગુ છું કે ભારતની સંસદની અંદર વિશ્વાસના મતની ચર્ચા ચાલતી હતી

**અધ્યક્ષશ્રી** : આઈ ઓબ્જેકટ, આપ આજના આ મુદ્દા ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું મુદ્દા ઉપર નહીં સમર્થનમાં બોલું છું.

**અધ્યક્ષશ્રી** : આપને કહું કે આપ ભારતની લોકસભાની ઘટનાઓનું વર્ણન અહીંયા નહીં કરી શકો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય જયનારાયણભાઈ જેટલા સ્કોપની બહાર ગયા છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના, ના , અર્જુનભાઈ જે દિશામાં જાય છે એ દિશા.. ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી શરૂઆત છે. મને બોલવા દેવાનું (અંતરાય) હું શરૂઆત જ કરું છું.

**અધ્યક્ષશ્રી** : તમે બોલી જાવ પછી મારે કાઢી નાખવાનું, તમે જે દિશામાં જાવ છો એ દિશા યોગ્ય નથી. આપે વાત કરી લોકસભાની મેં સ્વીકારી, જયનારાયણભાઈએ લોકસભાના જે અવતરણો, કોલ અને શકધરમાંથી ટાંકયા છે. આપ પણ કહી શકો છો પણ મારું જે કહેવું છે કે લોકસભાની બનેલી ઘટનાઓની વાત અહીં ના થાય એ મારે આપને કહેવું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈ પ્રસંગને ટાંકતો નથી. અને હું કોઈના નામ પણ આપતો નથી પણ એક ઘટના કોઈપણ સંદર્ભ વગર આપુ છું.* (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : ફરીથી આઈ ઓબ્જેકટ, હું કાઢી નાખું છું. આપની વાતને કાઢી નાખુ છું આપ બેસી જાવ. આપે મુદ્દા ઉપ્ર જવાત કરવી હોય તો આપ કરો. નહીં તો હું બેસાડી દઉ છું. કારણ કે આ મુદ્દો આની અંદર લાગતો જ નથી. હું માનનીય અર્જુનભાઈ આપને કહેવા માગુ છું કે પ્લીઝ તમે અગત્યનો મુદ્દો પ્રૅસિડેન્ટના પ્રવચન વખતે આ ઘટના નથી બની. આજે આપણે ચર્ચા કરીએ છીએ કે લોકસભાની ઘટનાની ચર્ચા કરવી હોય તો પ્રૅસિડન્ટના બનાવ વખતની કોઈ ઘટના હોય અને એનો તમે દાખલો આપતા હોવ અને એના પગલા ન લેવાયા હોય તો આપ ચોક્કસ કહી શકો છો. લોકસભાના આટલા વર્ષોની અંદર બનેલી બધી ઘટનાઓને આપણે કહીએ તો લોકસભાની વાત કરવાનો આપણો મર્યાદિત અધિકાર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, લોકસભામાં રાષ્ટ્રપતિનું પ્રવચન હોય કે ગુજરાતની અંદર રાજયપાલનું પ્રવચન હોય એમાં એકેય વખતે પગલાં લેવાયા નથી, હું તો એનાથી આગળ જઈને કહું કે સામાન્ય કાર્યવાહી થઈ હોય અને એ કાર્યવાહી દરમિયાન જે આવી ઘટનાઓ બની હતી એના ઉપર પણ પગલાં નહોતા લેવાયા, આ ગૃહની અંદર પણ એવી ઘટનાઓ બની છે કે રાજ્યપાલના પ્રવચનની કોપી એમના હાથમાંથી લઈ અને તોડી નાખવામાં આવી છે અને છતાં કયારેય એ પ્રકારના પગલાં નથી લેવાયા અને એનાથી આગળ અહીંયા તો પોતાની જગ્યા ઉપર બેસી અને સભ્યશ્રીઓએ પોતાનો વિરોધ નોંધાવ્યો છે અને નહીં ફાડી નાખવામાં આવી છે આપ રૅકૉર્ડ ચેક કરો.

**અધ્યક્ષશ્રી** : તારીખ સાથે વાત કરશો તો હું રેકોર્ડ ચેક કરી શકીશ. એમને એમ નહિ, નહિ, તારીખ સાથે વાત કરશો, incident સાથે વાત કરશો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ ૨૦ વર્ષની અંદર એવું બનેલું નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, વજુભાઈએ તો કશું યાદ રાખવું નથી.

**શ્રી વજુભાઈ વાળા** : અહીંયા મંત્રી હતા એના હાથમાંથી લઈને ફાડેલું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મુખ્યમંત્રીના હાથમાંથી કોણે ફાડ્યું હતું એ તો બધાને ખબર છે, પણ રાજ્યપાલશ્રીના હાથમાંથી લઈને નકલ ફાડી નાખવામાં આવી છે અને છતાં માનનીય અધ્યક્ષશ્રી, એમની સામે પગલા નથી લેવાયા. આજે જ્યારે બે મિનિટનું disruption થયું અને એમાં રાજ્યપાલશ્રીએ પ્રવચન હતું એ "taken as read" કર્યુ અને એમાં જે પ્રણાલીકા છે જે mandate છે એ તો એવો છે કે ચેર ઉપર માનનીય ગવર્નરશ્રી બિરાજતા હતા, એમણે આપને સૂચના આપી હોય માનનીય અધ્યક્ષશ્રીને કે જે જે ઘટનાઓ બની છે એ ઘટનામાં જે બનાવ બન્યો છે એમાં નિયમો હેઠળ કોઈ કાર્યવાહી કરો, અથવા તો એમણે સૂચના આપીને ગયા હોય તો મને કોઈ વાંધો નથી પણ suo-motu જેમાં એ દિવસે માનનીય અધ્યક્ષશ્રીની ચેર ઉપર માનનીય ગવર્નરશ્રી હતા અને H.E. is supposed to take action એમણે જો કાંઈ એકશન લેવાના હોય તો જુદી વાત છે આ તો માનનીય સંસદીય મંત્રીશ્રીને આજે એમ લાગ્યું કે મારે નેઈમ કરાવવા છે અને એટલા માટે આજે બીજા દિવસે ઠરાવ લઈ આવે અને જે વખતે ચેર ઉપર બેઠાં હોય એમની સાથે કોઈ ચર્ચા કર્યા વગર, કોઈ mandate લીધા વગર લઈ આવે એ વાજબી નથી. એ બાબતે માનનીય ગવર્નરશ્રી સાથે એમનો mandate લેવો જોઈએ. પરંપરાઓ જોવી જોઈએ અને એના પછી આ પ્રકારની ચર્ચામાં આપણો ગૃહનો સમય એ પછી જ એની અંદર આપણે વાપરી શકીએ

**શ્રી અમિત શાહ** : હા, એટલા માટે કે તમે જે વાત કરી છે એમાંથી એક નાનકડી સ્પષ્ટતા કરવા માટે જ ઊભો થયો છું. હું સંસદીય પ્રણાલીઓ અને કાર્યરીતિનું પુસ્તક-૧ અને એનું પાન નંબર ૧૯૩ વાંચું છું, એની અંદર માનનીય સભ્યશ્રીએ જે મુદ્દો ઊભો કર્યો એની બહુ સ્પષ્ટ ચોખવટ થયેલી છે.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

"રાજ્યસભાના સભાપતિ કે લોકસભાના અધ્યક્ષ કે બીજી કોઈ પણ વ્યકિત બેઠકનું પ્રમુખસ્થાન જ્યારે રાજ્યસભાના સભાપતિ અથવા તો રાષ્ટ્રપતિ બેઠા હોય ત્યારે એનું પ્રમુખસ્થાન સંભાળે છે તેમ કહી શકાય નહિ. " અને ત્યારબાદ એના છેલ્લા પેરામાં - " કોઈ દેખાવો થાય તો ઓર્ડર કરવાના અધિકાર માનનીય રાજ્યપાલશ્રીને છે જ. પરંતુ ત્યારબાદ તેવા સભ્ય જે ગૃહના સભ્ય હોય તે ગૃહ તેમની સામે જરૂરી પગલાં લઈ શકે છે." એટલે આ ગૃહનો અધિકાર અબાધિત છે. પ્રણાલિકાઓ..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એક દાખલો હોય બતાવો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા એ રીતે વાત કરે છે કે સત્તામાંથી ગયા બાદ ગૃહ જાણે બંધ થઈ ગયું હોય. ૨૦૦૦ પછીનો હોય કે ૨૦૦૦ પહેલાનો ગૃહનો દાખલો, ગૃહનો દાખલો હોય છે. ગૃહની પરંપરાઓ, ગૃહની પરંપરાઓ હોય છે અને ગૃહની પરંપરાઓ નથી એવું ના કહી શકાય અને આ જ રીતે પગલા ભરી આ ગૃહની અંદર જ આ રીતે સભ્યોને નેઈમ કરી એમની ઉપર પગલા ભરવાની ઘટના થઈ છે અને એ પરંપરાઓમાં ઉમેરવી જ પડે. માનનીય વિરોધપક્ષના નેતા એમ કહે કે ૨૦૦૦ પછીની પરંપરાએ પરંપરા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એવું ના થાય. આ તો પ્રજાના નિર્ણય હોય છે. કોણે પરંપરાઓ નક્કી કરવાની એ પ્રજાએ નક્કી કરવાનું હોય છે આપણે નક્કી નથી કરી શકતા. ૨૦૦૦ પહેલાની ઘટના સાહેબ પરંપરા ગણાય અને ૨૦૦૦ પછીની ઘટના પરંપરા ના ગણાય. હું તો માનનીય અધ્યક્ષશ્રી, આ કઈ રીતે પરંપરાઓની વ્યાખ્યા થાય છે એની જોડે સંમત નથી. આ નિયમો પ્રમાણેનો જ મારો પ્રસ્તાવ છે અને પરંપરા પણ છે એટલે આપ સ્વીકારો એવી મારી વિનંતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાઓ એ પરંપરાઓ જ ગણાય અને પરંપરાઓ નહિ તોડવી જોઈએ. મારી પણ આપની વાત સાથે સંપૂર્ણ સંમતિ છે. ૨૦૦૦ સુધીના મેં તમને ૬૮ થી લઈને અનેક દાખલોઓ બતાવ્યાં. એક સરખી પરંપરા કે ગવર્નર સાહેબના પ્રવચનમાં વારંવાર ખલેલો, દેખાવો થયા. "taken as read" કર્યુ. એક પણ વખત પગલા નહિ લેવાયા. આપ સત્તામાં આવ્યા પછી પરંપરા તોડી છે અને એ તોડેલી પરંપરાને પરંપરા ના કહેવાય. ચાલી આવતી પરંપરાને જાળવવી પડે આટલી જ મારી વાત છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir, The issue at debate is what is the rule, what is the law He is trying to quote the precedence. માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાઓ તોડવાની અને જાળવવાની વાતો માત્રને માત્ર મર્યાદિત રીતે પોતાને અનુકૂળ આવે તે રીતે એનો ઉલ્લેખ ન કરી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાઓ તો એ પણ છે કે, જ્યારે કોઈપણ રાજકીય પક્ષની આંતરિક બાબત હોય અને એ રાજકીય પક્ષ એ આંતરિક બાબતનો નિવેડો લાવવા માટે સક્ષમ હોય, જ્યારે એ રાજકીય પક્ષની આ વિધાનસભાના ફ્લોર ઉપર બહુમતી સાબિત થઈ શકે તેમ હોય તેવે સમયે એ પરંપરાઓને બાજુ પર મૂકીને ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ, આપની આ વાત ( અંતરાય) એક મિનિટ (અંતરાય) માનનીય જયનારાયણભાઈ આપ પાસે હું આશા રાખતો હતો કે આપ ડીબેટના આ ભાગની અંદર વાત કરો કે પ્રૅસિડન્ટ અથવા તો રાજયપાલશ્રીની પરંપરાઓ જે એમણે કહી એના અંગે કહેવું હોય, બાકીની વાત આપણે બીજે દિવસે કરવી જોઈએ. આ વાત irrelevant છે અને હવે કાંઈ આ મુદ્દા ઉપર પરંપરાની વાત એમણે જે કહી એના ઉપર કાંઈ કહેવું હોય તો કહો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : Sir I was only trying to say, કે પરંપરા એક ભાગ છે, કાયદો બીજો ભાગ છે. સાહેબ સો માણસોમાંથી નવ્વાણું માણસ રોડની જમણી બાજુથી સાયકલ લઈને પસાર થઈ જાય અને સોમા માણસને પોલીસ પકડે તો નવ્વાણું પસાર થઈ ગયા છે માટે સોમો માણસ નિર્દોષ સાબિત થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે જોગવાઈ છે તે જોગવાઈ તો ગૃહના જે સભ્ય હોય ત્યારબાદ તેમની સામે પગલા લઈ શકાય તે જોગવાઈ છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રણાલિકાઓના આધાર પર કાયદાનું અર્થઘટન કરવાનું રાખ્યું છે. અમારી વાત કાયદાનું અર્થઘટન કાયદાની જોગવાઈઓ મુજબ કરવાનું છે. કાયદાની જોગવાઈઓનું અર્થઘ ટન પ્રણાલિકાઓ મુજબ ન થઈ શકે, કાયદાની જોગવાઈનું અર્થઘટન કાયદાની જોગવાઈઓ મુજબ જ થઈ શકે માનનીય અધ્યક્ષશ્રી, તેટલી વાત મારે કહેવી હતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, વિરોધપક્ષના નેતાશ્રીને, શ્રી અર્જુનભાઈને, શ્રી જયનારાયણભાઈને આ વિષય ઉપર મેં સાંભળ્યા. આપણે સૌ સંસદીય લોકશાહીને વરેલા છીએ, આપણે સૌ બંધારણને વરેલા છીએ, આપણે સૌએ સાથે મળીને એક આદર્શ પ્રણાલિકા અને પરંપરાઓની દિશામાં જવું છે એ નિર્ણય માનનીય શકિતસિંહજી આપના પ્રવચનમાંથી પ્રેરણા લઈ અને મેં બારમી વિધાનસભામાં અધ્યક્ષ બન્યો ત્યારે કરી હતી અને આપે તે વખતે પણ કહ્યું હતું કે, આપણે એક નવી પરંપરાઓ, એક આદર્શ પરંપરાઓ તરફ જવું છે. આ આદર્શ પરંપરાઓની દિશાની અંદર ગઈકાલની ઘટનાઓને આપણે વાજબી ઠેરવવા માટે અગાઉની થયેલી ઘટનાઓને જો આપણે કહીએ તો કોઈ ખૂનનો ગુનો બન્યો હોય અને એવા ખૂનના ગુનાની અંદર અગાઉના ખૂનના ગુનાઓમાં કોઈ સજા ન થઈ હોય એવી દલીલો કોઈ વિદ્વત વકીલ કરે એવી દલીલો આપ કરો એ હું કયારેય એવી દલીલો આપ કરો (અંતરાય) મારી વાત સાંભળો, એવી દલીલો આપ કરો તે હું માનતો નથી. હું તો એ માનું છું કે, આપ (અંતરાય) હું આપને ચોપડીઓ વાંચી છે, હું વાંચીને કહું, કઈ દિશા તરફ

આપણે જવું છે ? આપણે સૌથી પહેલા લોકસભાની વાત કરી, હું લોકસભાનું એક પુસ્તક C. K. Jain લખ્યું છે. SGs Monograph Series - ૨ અને એની અંદર Code of Condust for Legislators during Presidents Address. શું હોઈ શકે એની વાત કરી છે, બીજી કોઈ આજે વાત નથી. અગાઉની ઘટનાઓ કેવી બની હતી, લોકસભામાં કેવી રીતે બની હતી, આપ જે લોકસભાની ચર્ચા કરવા માગતા હતા પણ અહીંયા શું કહ્યું છે.

Quote:

(i) When the President addresses either House of Parliament or both Houses of Parliament assembled together under article ૮૬ or article ૮૭ of the Constitution, he delivers his Address in his capacity as the head of the State and as part of Parliament and in pursuance of his constitutional duty. It is as much a constitutional obligation on the part of the members to listen to the Presidents Address with solemnity, dignity and decorum.

આ વાત પાર્લામેન્ટે કહી છે. ગઈકાલે આ ત્રણેય વસ્તુ સચવાઈ નથી એનો આપણે સ્વીકાર કરવો જોઈએ અને એનો સ્વીકાર કરતા આપણે એમ કહીએ કે આ પ્રવચન એ આત્માનો અવાજ નહોતો એ પણ બંધારણની વાત નથી. આપણે સૌ બંધારણની મર્યાદાની અંદર રહયા છીએ. બંધારણ પ્રમાણે આ સભાગૃહની અંદર બેઠા છીએ. મારા માટે આ પક્ષ કે આ પક્ષએ સવાલ નથી. જે કોઈ પક્ષ સત્તા ઉપર હોય ત્યારે એ પક્ષની સરકાર એ રાજયપાલશ્રીનું પ્રવચન કરે અને એટલા માટે તે વખતે સભ્યોએ કેવી રીતે રહેવું એ કહયું છે અને સેકન્ડ પાર્ટની અંદર

**Quote:**

(ii) Any action on the part of a member or any other person which mars

**(unquote)**

**શ્રી શક્તિસિંહ હ.ગોહિલ**:Point of Information, sir. (interruption) Point of information can be raised at any time. It is my prerogative and privilege. I would like to know from the Hon'ble Speaker whether this book is approved by the Assembly to consider as authentic book, If yes, when. The book which I have quoted is given by this Assembly as an authentic book. The book which is refered by your Honour is not given to us as a book authorised by you, sir. So I would like to know whether this book is authorised by this Assembly, can be quoted as an authentic book, if yes, when.

**અધ્યક્ષશ્રી** : હું જે પુસ્તક કહું છું એ પુસ્તક પાર્લામેન્ટે પ્રગટ કર્યું છે. આપણી પાસે કોઈપણ પુસ્તક જયારે હોય ત્યારે જો પાર્લામેન્ટનું ઓથેન્ટીક પુસ્તક હોય (અંતરાય)નહીં, નહીં, હું એ જ કહું છું કે એ પુસ્તક ઉપરાંત આજે હું આજે જે પુસ્તક કવોટ કરું છું એ પાર્લામેન્ટે પ્રગટ કરેલું અને એના સેક્રેટરી જનરલે લખેલું સી. કે. જૈન એ એના સેક્રેટરી જનરલ હતા એટલે હું કોઈ પાર્લામેન્ટરીયન નિષ્ણાતની વાત નથી કરતો હું જે અત્યારે વાત કરું છું એ પાર્લામેન્ટના જ ડોકયુમેન્ટસ ઉપરની વાત કરું છું અને એ પુસ્તક હું તમને આપવા તૈયાર છું. તમારી પાસે એક લો બુક હોય કે એક લો રિપોર્ટ હોય પણ આ પુસ્તક ઓથેન્ટીક છે. આપણી લાયબ્રેરીમાં મુકાયેલું છે આપ પણ આ પુસ્તક મંગાવી શકયા હોત આપણી લાયબ્રેરીમાંથી.

(ii) Any action on the part of a member or any other person which mars in any form or manner the dignity or solemnity of the occasion of the President's Address or creates disturbances shall be tantamount to an act of discourtesy and disrespect to the President as well as contempt of the House."

એટલે ગઈકાલે બનેલી ઘટના આ અવતરણના આધારે એ રાજયપાલશ્રીનું અવમાન છે એ હું પણ સ્વીકારું છું. રાજયપાલશ્રીનું અવમાન છે જ. રાજયપાલશ્રીનું અવમાન થયા પછી આજે એના સમર્થનની અંદર આપણે એના સમર્થક અવતરણો કાઢીએ તો પછી આપણે જે પરંપરા તરફ જવું છે એ પરંપરા તરફની મારી ચિંતા એ સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે એ નથી. મારી ચિંતા એ છે કે સંસદીય બાબતોના મંત્રીનો પ્રસ્તાવ એ ચિંતા નથી. મારી ચિંતા આવનારા દિવસો માટે, આવનારી પેઢી માટે આપણે સંસદીય પ્રણાલિકા, સંસદીય જીવન અને સંસદીય સંસ્કાર કેવા પ્રસ્થાપિત કરવા માગીએ છીએ એ મારી ચિંતા છે અને આપણા સૌની એ ચિંતા છે. આ ગૃહની એ જ ચિંતા છે. આ જ જો આપણા ગૃહની ચિંતા હોય અને આપે પાછું સ્વીકાર્યું છે કે આવું ૨૦૦૦માં બન્યું છે. એ સ્વીકારી લીધું છે એટલે ૨૦૦૦માં સજા થઈ છે એ પણ વાત થઈ છે. હું આપને એ

પણ કહું કે છઠ્ઠા સત્રની અંદર જે આપ કહો છો એ જ પુસ્તક" લોકશાહીના ધબકારા પુરવણી-૩" એની અંદર નામદાર_______________ રાજયપાલશ્રીના પ્રવચન દરમિયાન વિક્ષેપ, ચડ્ડીઓ, ટોપીઓ વગેરે ફેંકવાના અનુસંધાનમાં સસ્પેન્શન કર્યું હતું. ગવર્નર સ્પીચમાં બન્યું છે. ૨૩-૨-૨૦૦૦નો પ્રશ્નોત્તરી કાળ પૂરો થયા બાદ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ સભાગૃહ સમક્ષ એવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે. સત્રના પ્રારંભિક દિવસે તા. ૨૧-૨-૨૦૦૦ ના રોજ નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચન દરમ્યાન વિપક્ષી સભ્યોએ ભારે સૂત્રોચ્ચાર કરીને વિક્ષેપ પેદા કર્યો હતો. આર.એસ.એસ. ની ચડ્ડીઓ, ટોપીઓ નામદાર રાજ્યપાલ તરફ ફેકવામાં આવી હતી. બૅનરો અને પ્લે કાર્ડનું પ્રદર્શન વિપક્ષો દ્વારા કરીને રાજયના બંધારણીય વડાને તેમની ફરજો બજાવતા રોકવામાં આવ્યા હતા અને આ રીતે સભાગૃહનું અવમાન સંબંધિત વિપક્ષોએ કરેલ અવમાનના અનુસંધાનમાં જે સભ્યોએ સૂત્રોચ્ચાર કરેલ તેમને બે દિવસ માટે, બૅનરો બતાવીને પ્રદર્શન કરેલ હતું તેમને ૩ દિવસ માટે અને બાકીનાઓએ ચડ્ડીઓ ફેકી હતી એમને એક અઠવાડિયા માટે ગૃહમાંથી સસ્પૅન્ડ કરવામાં આવ્યા હતા.(અંતરાય) સસ્પૅન્ડ કર્યા ત્યાં સુધીનું જ છે. મેં પૂરું વાંચ્યું છે. પછી બીજું ૬૮ થાય છે. શક્તિસિંહજી હું આપની પાસેથી શીખ્યો છું, જે સમર્થનના પેરા હોય એ સારી રીતે આપ વાંચો છો. હું એવું નહિ કરું. હું તમને કહું છું કે તમે મને જ્યારે કહ્યું કે આગળ વાંચો, ત્યારે મેં કહ્યું કે મને જે રિલેવન્ટ લાગે છે અને કહેવા જેવું લાગે છે તે હું કહી શકું. તમે મને કહી પણ ન શકો. મારે આ સભાગૃહના સભ્યોને કહેવું છે કે આપણે સૌ એ દિશા તરફ જવું છે, જે દિશા દેશને ગુજરાત બતાવી શકે. આપણે એ દિશા તરફ જવું છે કે જેમાં સંસદીય સંસ્કાર, સંસદીય જીવન આપણે દેખાડી શકીએ, એ માટે હંમેશા આપણે જ્યારે ઉદાહરણ ટાંકતા હોઈએ, ત્યારે સંસ્કારિતાના ઉદાહરણ ટાંકીએ છીએ અને એ ટાંકીને આપણે કહીએ છીએ મને લાગે છે કે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે અને આ સભાગૃહની અંદર આપણે જે દિશા ૧૨માં વિધાનસભામાં અપનાવવી છે, એટલે પાછળની વિધાનસભામાં પણ આપણે એવા ઉદાહરણો લેવા જોઈએ કે જે ઉદાહરણો આપણી દિશાને નક્કી કરતા હોય. સંસદીય સંસ્કારને બતાવતા હોય, સંસદીય જીવનને બતાવતા હોય, સંસદીય દિશાને બતાવતા હોય એવા ઉદાહરણો લઈએ અને આ દિશા તરફ આગળ જઈએ. તો જ મને લાગે છે કે આનંદ થાય. ગઈકાલની ઘટના કહીશ કે સંસદીય બાબતોના નિષ્ણાંત તરીકે સંસદીય બાબતોની પરંપરાના હંમેશા આગ્રહ રાખનારા આ વસ્તુ થવી જ જોઈએ એવું કહેનારા મિત્રોને મારે કહેવું છે કે આપણે સભાગૃહની અંદર એક આક્ષેપાત્મક એક શબ્દ બોલ્યા હોઈએ છીએ ને તો એક શબ્દ પાછો ખેંચાવડાવીએ છીએ. ગઈકાલના બૅનરોની અંદર આપણે જે શબ્દ વાપર્યા હતા એમાં આક્ષેપાત્મક હતા આ સભાગૃહના નિયમોની અંદર કોઈપણ પાર્લામેન્ટરી પ્રૅક્ટિસની અંદર વિશ્વના કોઈપણ દેશની અંદર કોઈપણ જગ્યાએ આક્ષેપાત્મક ઉચ્ચારણ હોય, આક્ષેપાત્મક પ્રદર્શન અને આક્ષેપાત્મક દેખાવો એ સ્વીકાર્ય નથી અને એવા દેખાવો માટે આપણે સૌએ કાં તો સભાગૃહની ક્ષમા માગવી જોઈએ અથવા તો આપણે એ માટે જે કઈ વાત લાવ્યા છીએ એને ખેલદિલીથી સ્વીકારવી જોઈએ. આજે આપના પ્રવચનની અંદર ખેલદીલી બતાવી હોત તો આનંદ થાત કે આ બાબતો સંસદીય છે.

ત્રીજી વાત કે રાજ્યપાલશ્રી જ સજા કરી શકે, પ્રૅસિડેન્ટ સજા કરી શકે એ એમને મળેલી બંધારણીય સત્તા છે, પણ સભાગૃહને પણ એ બંધારણીય સત્તા છે કે બીજા દિવસે એ વાત કરી શકાય. લોકસભાની અંદર ૧૯૭૧ માં આવી ઘટના બની ત્યારે એ અંગેની સમિતિ રચાઈ હતી અને સમિતિએ પણ સજા કરી હતી. એટલા માટે કહું છું કે આજે આ જે પ્રસ્તાવ લાવ્યા છે એ લોકશાહીની અંદર સંસદીય પ્રણાલિકા પ્રમાણે બંધારણે આપેલી અને આ ગૃહને મળેલી સત્તાઓના આધારે અને બંધારણના આધારે આપણને મળેલી સંસદીય પાર્લામેન્ટરીની જે સિસ્ટમ છે, તે જાળવવાની જવાબદારીને ટકાવવા માટે આ રૂલિંગ આપું છું અને મને લાગે છે કે આપણું આ રૂલિંગ એ રાજયની અંદર આપણી દિશા એ આવનારા દિવસોની અંદર દિશા બને એ દિશાની અંદર જ મેં મારું મંતવ્ય આપ્યું છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ મૂકું છું કે સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ, શ્રી મણીભાઈ પટેલ, શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા, શ્રી ગ્યાશુદ્દીન શેખ, ડો. અનિલભાઈ જોષીયારા, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી અમીતભાઈ ચાવડા, શ્રી નિરંજનભાઈ પટેલ, શ્રી જોધાજી ઠાકોર, શ્રી પ્રભુભાઈ વસાવા, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, શ્રી રામસિંહ પરમાર, શ્રી દેવજીભાઈ ફતેપરા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ અને શ્રી પરંજયાદિત્યસિંહ પરમાર આટલા સભ્યશ્રીઓને સત્રની સમાપ્તિ સુધી ગૃહની કાર્યવાહીમાંથી બાકાત કરવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવને ટેકો આપું છું.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવમાં જે સભ્યશ્રીઓના નામો સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મૂકયા છે તેમને નેઈમ કરું છું અને પ્રસ્તાવ મત માટે મૂકું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ વટહુકમ**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૦૯નો ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ અન્વયેની તા. ૭-૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીટીએચ-૨૦૦૯-૧-પીટીએલ-૧૦-૨૦૦૬-૧૩૬૪-બી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, બારમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છુ.

**અનુમતિ મળેલા વિધયેકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**આ તબકકે સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી તેવા સૂત્રોચ્ચાર કરતા વેલમાં ધસી આવ્યા**

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહને બહાર લઈ જાઓ. ખુમાનસિંહને બહાર લઈ જાઓ. જે સભ્યશ્રી વેલમાં આવે તેને બહાર લઈ જાઓ.

**આ તબકકે સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કર્યો**

**આ તબકકે સભ્ય શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા વેલમાં ઘસી આવ્યા**

**અધ્યક્ષશ્રી** : બહેન આપ સીધા બહાર નીકળી જાઓ, બહેનને બહાર જવા દો. બહેન બહાર જાય છે.

**આ તબકકે કોંગ્રસના સભ્યશ્રી પ્રભુભાઈ વસાવા, દેવજીભાઈ ફતેપરાએ ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી નહીં ચલેગી જેવો સૂત્રોચ્ચાર કરતા વેલમાં ધસી આવ્યા અને સભાત્યાગ કરી ગયા.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિલમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક રવિવાર તા.૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ રાત્રે ૮.૩૦ વાગે સર્કિટ હાઉસમાં ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ સભાગૃહમાં હાથ ધરવાના સરકારી વિધેયકો અને સરકારી કામકાજ સંબંધમાં વિચારણા કરીને નીચે મુજબની ભલામણો કરી છે.

મંગળવાર તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૦૯ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ અને બાકી રહેલ નીચે જણાવેલ સરકારી વિધેયકો તા.૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવા અને તે પર વિચારણા પૂરી કરવી.

(૧) ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૦૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક

**આ તબકકે કોંગ્રસના સભ્યશ્રી અશ્વિભાઈ કોટવાલ, પુનાભાઈ ગામીતે ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી નહીં ચલેગી જેવો સૂત્રોચ્ચાર કરતા વેલમાં ઘસી આવ્યા અને સભાત્યાગ કરી ગયા.**

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૩ સન ૨૦૦૯નું ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયક,

૨. શુક્રવાર તા.૨૭-૨-૨૦૦૯ના રોજ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૦૯નું ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયક ચર્ચા માટે હાથ ધરવું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો**

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો અહેવાલની રજૂઆત**

**શ્રી કાળુભાઈ વીરાણી** (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો**

**અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેની સમિતિનો અહેવાલ**

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૨મી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો**

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પાંચમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખનો પ્રસ્તાવ**

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

## ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેનું પૂરક પત્રક સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

**પૂરક પત્રક રજૂ કરવમાં આવ્યું**

## અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા ઉભો થયો છું

આદરણીય અધ્યક્ષશ્રી, આપણી સૌની ગુણવંતી ગુજરાત ભૂમિના પ્રતિનિધિ તરીકે આ સન્માનનીય ગૃહ સમક્ષ ફરી એકવાર અંદાજપત્ર રજૂ કરવાની મને જે તક મળી છે, તે માટે હું આપ સૌનો આભારી છું.

**(માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન કરી રહ્યા હતા તે દરમિયાન વિરોધ પક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)**

મારા માટે આ ગૌરવની ક્ષણ છે. સાચું કહું તો આપણને સૌને એ વાતનું ગૌરવ હોવું જોઈએ કે આપણે ઈતિહાસ રચાઈ રહ્યો છે તે સમયના સાક્ષી છીએ. આ ભવ્ય ઈતિહાસ છે ગુજરાતના અભૂતપૂર્વ ખમીરનો અને વિકાસનો. માનનીય મુખ્યમંત્રીશ્રીના કુશળ અને દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતની પ્રજાએ તમામ પડકારો, વિઘ્નો, હતાશાઓને મ્હાત કરીને તમામ ક્ષેત્રે અભૂતર્પવ સિદ્ધિઓ હાંસલ કરી છે, જેની નોંધ માત્ર ભારતમાં જ નહીં, વિશ્વમાં પણ લેવાઈ છે.

ભારતનું બંધારણ સંઘીય પ્રકારનું છે જેમાં આર્થિક માળખું કેન્દ્ર અને રાજયને જોડનારૂં હોય છે. કેન્દ્રની નીતિઓ અને યોજનાઓનો અભ્યાસ કરીને તેને અનુરૂપ આયોજન કરવામાં આવે તે રાજય માટે ઉપકારક બને છે. આ વખતે કેન્દ્ર સરકારનું રેગ્યુલર બજેટ આવવાનું નથી પરંતુ માત્ર લેખાનુદાન થવાનું હોઈ, તથા નવું બજેટ નવી રચાનાર સરકાર રજૂ કરનાર હોઈ આ તબકકે એની નીતિ-રીતિ સંબંધમાં પણ માત્ર અનુમાન જ થઈ શકે. કેન્દ્ર સરકારના આયોજનો અને યોજનાઓ પ્રત્યે બારીકાઈથી નજર રાખવાની ગુજરાત જેવા વિકસિત રાજયને જરૂર હોય છે. આ સંજોગોમાં કેન્દ્રમાં નવી રચાનાર સરકાર નવું બજેટ રજૂ કરે ત્યાં સુધી રાહ જોઈને જ ગુજરાતનું બજેટ તૈયાર કરવું જોઈએ એવા સ્પષ્ટ ખ્યાલ સાથે અમે લેખાનુદાન લઈને આવ્યા છીએ.

અર્થતંત્રના સતત નકારાત્મક વલણોની વચ્ચે ગુજરાતે ધબકતા અર્થતંત્રનો અહેસાસ કરાવીને ગુજરાતની શકિતઓનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો છે. વિશ્વના અન્ય દેશોની જેમ ભારત પણ મંદીના અભૂતપૂર્વ દોરમાંથી પસાર થઈ રહ્યું છે. આવા નબળા, નકારાત્મક અને ચારેય તરફથી આવી રહેલ સંકટોથી ઘેરાયેલ આર્થિક પરિસ્થિતિઓની વચ્ચે ગુજરાતે પોતાની આગવી વ્યૂહરચના અને નીતિ-રીતિની મદદથી રાજયને એક ધમધમતો આર્થિક પ્રવૃત્તિઓનો ટાપુ બનાવી દીધો છે. ગુજરાતના વિકાસનું મોડેલ સફળતાની દરેક કસોટીમાંથી સાંગોપાંગ પાર ઉતર્યું છે.

દશમી પંચવર્ષીય યોજનાનો આર્થિક વિકાસદરનો દેશનો લક્ષ્યાંક ૮% હતો, તેની સામે દેશે ૭.૮% સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે, જયારે ગુજરાતે દશમી પંચવર્ષીય યોજનાના ૧૦.૨% ના લક્ષ્યાંક સામે ૧૦.૮૬% સિદ્ધિ મેળવેલ

છે. એ જ રીતે અગિયારમી પંચવર્ષીય યોજનામાં દેશનો આર્થિક વિકાસદરનો લક્ષ્યાંક ૯% છે, જયારે ગુજરાતના આર્થિક વિકાસદરનો લક્ષ્યાંક ૧૧.૨% રાખવામાં આવેલ છે, જે ગુજરાતના આર્થિક વિકાસનું સૂચક છે. અગિયારમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષઃ ૨૦૦૭-૦૮ માં સમગ્ર દેશે ૯% આર્થિક વિકાસ દર હાંસલ કરેલ છે, તેની સામે ગુજરાતે ૧૨.૭૯% નો ધરખમ આર્થિક વિકાસ દર હાંસલ કરેલ છે. આમ દેશના વિકાસદર ઉપરાંત દેશના તમામ રાજયોના વિકાસદરમાં ગુજરાત અગ્રેસર છે અને દેશનો જે પણ વિકાસદર હાંસલ થયેલ છે, તેમાં પણ ગુજરાતનો સિંહફાળો છે. ગુજરાતની આ અભૂતપૂર્વ સિદ્ધિને લીધે આવા મંદીના વાતાવરણમાં પણ આપણો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

આ ધમધમતા અર્થતંત્રનો સૌથી વધુ ફાયદો સામાન્ય માનવીને રોજગારીરૂપે મળવો જોઈએ અને એમાં પણ ગુજરાતે અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. દેશમાં પ્રાપ્ત થયેલ રોજગારીના દરમાં ૫૦ ટકાથી વધુ યોગદાન ગુજરાતનું છે. વર્ષ ૨૦૦૭ માં એક લાખ એકાણું હજાર અને વર્ષ ૨૦૦૮ માં બે લાખ છવ્વીસ હજાર યુવાનોને રોજગારી પૂરી પાડી છે. ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા પ્રકાશિત થતા અહેવાલ અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રોજગારી ક્ષેત્રે પ્રથમ સ્થાને રહેલ છે અને સમગ્ર ભારતમાં જે રોજગારી અપાય છે તેમાં ૫૫% હિસ્સો માત્ર ગુજરાતનો છે. ગુજરાતના ઝડપી ઔદ્યોગિક વિકાસ માટેનું એક મહત્વનું કારણ એ છે કે ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે શાંતિ અને સુમેળભર્યું વાતાવરણ છે અને આવું વાતાવરણ જાળવવામાં ગુજરાત રાજય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

એકવીસમી સદી ભારતની સદી બને એ પ્રત્યેક દેશવાસીઓની અને પ્રત્યેક સરકારની ઈચ્છા છે જેમાંથી કેન્દ્ર સરકાર પણ બાકાત નથી. પરંતુ કમનસીબી એ છે કે આજે હયુમન ડેવલમેન્ટ ઈન્ડેક્ષમાં દુનિયામાં ભારત **૧૩૨**માં નંબરે ઉભું છે. આ પરિસ્થિતિને પલટવા માટે નકકર દિશાના પ્રયત્નો આઝાદી બાદ તરત થવા જોઈતા હતા જે વર્ષો સુધી ન થયા. પરંતુ કોઈ આમાં પહેલ કરશે તેની પ્રતિક્ષામાં ગુજરાત ન રહી શકે. ગુજરાત સરકારે સામાન્ય સામાન્ય માનવીના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન લાવવાનું અભિયાન ઉપાડયું છે. **શુદ્ધ હવા, પાણી અને ખોરાક, શિક્ષણ, આરોગ્ય અને આવાસ આ બાબતોને આપણે પ્રાથમિકતા આપી છે** અને આજે જયારે લેખાનુદાન માટે આવ્યા છીએ, ત્યારે પણ વધુ વિશ્વાસથી આ દિશામાં અમે આગળ વધવા માગીએ છીએ. વનબંધુ કલ્યાણ યોજના હોય, સાગરખેડુ યોજના હોય કે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હોય એનાં સુફળ મળવાના શરૂ થયાં છે.

ગુજરાત અગાઉ વ્યાપારિક રાજય તરીકેની ઓળખાણ ધરાવતું હતું, ધીર-ધીરે ઔદ્યોગિક રાજય તરીકે એણે વિકાસ કર્યો. પરંતુ માત્ર ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે જ ગુજરાત આગળ વધ્યું નથી, કૃષિ અને પ્રવાસન જેવા ક્ષેત્રમાં પણ ગુજરાતે નકકર ભૂમિકા અદા કરીને તેમાં સફળતા હાંસલ કરી છે. નબળા વર્ગોના ખેડૂતોને ખાસ પ્રાધાન્ય આપીને કૃષિ, બાગાયત અને પશુપાલનના ક્ષેત્રે અનન્ય સિદ્ધિઓ હાંસલ કરેલ છે. આપણા દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ **જળસંચય, જળસિંચન અને અત્યાધુનિક વૈજ્ઞાનિક ખેતી** એ ત્રણેનો સમન્વય કરીને છેલ્લા પાંચ વર્ષથી કૃષિ મહોત્સવ દ્વારા ગુજરાતને કૃષિ વિકાસના ક્ષેત્રે અગ્રેસર બનાવેલ છે. એના પરિણામ સ્વરૂપ રાજયનું કૃષિ પેદાશોનું ઉત્પાદન વર્ષઃ ૨૦૦૭-૦૮ માં ૪૮.૦૭૦ કરોડ થયું છે. જે ખૂબજ નોંધપાત્ર સિદ્ધિ ગણાય. આ ઉપરાંત પરંપરાગત પાણીની અછત ધરાવતા આપણા રાજયમાં ડ્રીપ અને સ્પ્રિંકલર ઈરીગેશન પદ્ધતિ માટે સરકારી સહાય અને જનઆંદોલનનો સુભગ સમન્વય કરી બીજી હરિયાળી ક્રાંતિની શરૂઆત કરી છે. એના પરિણામે ૧૪ ટકા કૃષિ વિકાસદર ધરાવતું દેશનું એકમાત્ર રાજય ગુજરાત બન્યું છે.

એક સમય હતો કે જયારે ગુજરાતમાં વાપીથી અંકલેશ્વર ગોલ્ડન કોરીડોરના આધારે રાજયના ઔદ્યોગિક વિકાસની ઓળખ કરાવીને તેનો એક શોકેસ તરીકે ઉપયોગ કરતા હતા. રાજયમાં છૂટાછવાયા ઔદ્યોગિક એકમો હતા. આવા તબકકેથી ગુજરાતે તેની વિકાસયાત્રા શરૂ કરી અને ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના માધ્યમથી ઈન્સ્ટ્રીયલ એસ્ટેટ્સ સ્થાપીને ઔદ્યોગિક વિકાસમાં સારો એવો વિકાસ હાંસલ કર્યો. એમાંથી આગળ વધીને રાજયે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન (SEZ) સ્થાપવાની ઝડપભેર કાર્યવાહી કરી અને આજે ૬૦ જેટલા (SEZ) ને મંજૂરી આપવામાં આવેલ છે. **જોતજોતામાં ગુજરાત દેશનું પહેલું એવું રાજય બન્યું કે જે હવે સ્પેશ્યલ ઈનવેસ્ટમેન્ટ રીજીયન (SIR) સ્થાપીને ઔદ્યોગિક ક્ષેત્રે મોટી હરણફાળ ભરી રહયું છે.** જેઓ વિકાસને માપી શકે છે, એ સ્પષ્ટ તફાવત જોઈ શકે છે કે કયાં છૂટાછવાયાં નાનાંમોટાં કારખાનાં અને કયાં હજારો એકરમાં ધમધમતાં કારખાનાઓની હારમાળ.

માળખાકીય સુવિધાઓમાં, રાષ્ટ્રીય ધોરીમાર્ગોની સ્થિતિ સુધારવામાં કેન્દ્ર સરકાર તરફથી પણ ગુજરાતને જોઈએ તેવો ન્યાય નથી મળ્યો. ગુજરાતને નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પણ નથી મળ્યા તેમછતાં ગુજરાત એની વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે ઝડપભેર પોતાનાથી બનતા પ્રયત્નો કરી રહ્યુ છે. જેના ભાગરૂપે જંગલોમાં રહેતા આદિવાસીઓના ઝૂપડા સુધી રસ્તાઓ લઈ જવાનું એક સાહસપૂર્ણ કદમ ઉઠાવવાની વિચારણા કરી છે. આને લીધે આઝાદીના ૬૦ વર્ષોથી રસ્તા માટે પડપતા આદિવાસીઓ એના ગામના પાદર સુધી રસ્તો પહોંચવાને લીધે વિકાસની યાત્રામાં ભાગીદાર બની શકશે. રાજયના ઝડપી સર્વાંગી વિકાસ માટે ગામથી નેશનલ હાઈવે સુધીના રસ્તાઓનું જોડાણ જરૂરી છે. આ કામગીરીને સરકારે અગ્રામતા આપી છે. ભારે ચોમાસામાં ટાપુ બની જતા

ગામોને બારમાસી રસ્તાનું જોડાણ આપવાની કામગીરી શરૂ થઈ છે. જયાં વાહનોની અવર-જવર વધી છે તેવા રસ્તાઓનું અપગ્રેડશન કરી ચાર માર્ગીય અને છ માર્ગીય રસ્તાઓ બનાવવાની કામગીરી શરૂ કરી છે.

પાણી પીવાનું હોય કે સિંચાઈનું, જળનું જીવનમાં અનેરૂં મહત્વ છે. એક કરતાં વધુ રાજયોની સિંચાઈની યોજનાઓને રાષ્ટ્રીય યોજનાઓમાં સ્થાન મળ્યું. પરંતુ કોઈને કોઈ અગ્રમ્ય કારણોસર નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજનાનો દરજજો આપવાથી વંચિત રાખવામાં આવી. રાષ્ટ્રના વિકાસમાં આગળ ધપવા માટે મહારાષ્ટ્ર અને કેન્દ્ર સરકાર જો સક્રીય અને સકારાત્મક સહકાર આપે તો નર્મદા યોજનાનું અધૂરૂં કામ વધુ ઝડપથી પૂર્ણ થઈ શકે અને તેનો લાભ સમગ્ર દેશને મળી શકે. ગુજરાતનો ખેડૂત નર્મદા યોજના થકી ગુજરાતને નંદનવન બનાવવા થનગની રહ્યો છે. આપણે આશા રાખીએ કે આવનારા દિવસોમાં ગુજરાતનું આ સપનું સાકાર કરવામાં કોઈ આડે નહિ આવે.

હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ (માનવ વિકાસ સૂયકાંક) ઉંચો લઈ જવા માટે આરોગ્ય અને તબીબી સેવાઓ ક્ષેત્રે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થવી જરૂરી છે. બાળક, માતા અને યુવાનો સમાજનો મહત્વનો હિસ્સો છે. તેમના સુનિશ્ચિત ભાવિ માટે વિવિધ આરોગ્ય વિષયક યોજનાઓ અમલકમાં મૂકી છે. ગત વર્ષ ૨૦૦૮માં "નિરોગી બાળ" વર્ષની સફળતાના પગલે રાજયમાં આ વર્ષે "બાલસખા યોજના" અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના થકી સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ અને ખાનગી બાળરોગ નિષ્ણાતો દ્વારા બીપીએલ કાર્ડ ધરાવતા કુટુંબોના નવજાત શિશુઓને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડીને બાળ મૃત્યુદર ઘટાડવાનું મહત્વનું પગલું ભર્યું છે. ચિરંજીવી યોજનાને કારણે સંસ્થાકીય પ્રસુતિ દરમાં ૫૪.૭ ટકાથી ૮૦ ટકા સુધીનો વધારો થયો છે. એટલું જ નહીં, શહેરી વિસ્તારોમાં આ દર ૯૫ ટકાએ પહોંચ્યો છે. આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતાં પરિવારોની અઢી લાખ સગર્ભા મહિલાઓની હોસ્પીટલમાં સુરક્ષિત થઈ શકી છે.

આકસ્મિક તબીબી સેવાઓ નાગરિકોને ઉપલબ્ધ થાય તે માટે ઈમરજન્સી મેડિકલ સર્વિસીઝ એકટ ઘ ડવામાં આવ્યો છે. રાજયમાં આવી આકસ્મિક તબીબી સેવાઓ આપતી ૪૦૦ જેટલી "૧૦૮ એમ્બ્યુલન્સ વાન" અને મોટી સંખ્યામાં ટ્રોમા કેર યુનિટસ કાર્યરત કરવામાં આવ્યાં છે, જેના દ્વારા ૩ લાખ ઉપરાંત કેસોમાં વર્ષ ૨૦૦૮ દરમ્યાન આકસ્મિક તબીબી સેવાઓ આપવામાં આવી છે. આ પૈકી "૧૦૮ એમ્બ્યુલન્સ વાન" દ્વારા૧૩ હજાર જેટલાં પ્રસુતિના કેસોમાં પ્રસૂતા માતાને દવાખાના સુધી પહોંચાડવામાં આવી છે.

એવી જ મહત્વની બાબત છે ઉર્જા. ગુજરાત કે જેની પાસે હાઈડ્રો પ્રોજેકટની સંભાવના નથી, ફકત કોલસા જેવું બળતણ એ જ આધાર છે જે પ્રાપ્ત કરવા અનેક કઠીનાઈઓ વેઠવી પડે છે. આવા વિકટ સંજોગોની વચ્ચે પણ દેશને ઉર્જાના સંકટમાંથી બચાવવા માટે ગુજરાતે આગેવાની લીધી છે અને માત્ર ગુજરાતના જ નહિ, સમગ્ર પશ્ચિમ ભારતને ઉર્જા સંકટમાંથી બહાર લાવવા નોંધપાત્ર યોગદાન આપીને ગુજરાત અગ્રેસર રહી મહત્વનું પ્રદાન કરી રહ્યું છે. રાષ્ટ્રના માથાદીઠ વીજ-વપરાશ ૬૯૦ યુનિટની સામે ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ ૧,૪૨૪ યુનિટ છે, છતાં ગુજરાત તેની મળવાપાત્ર ૧૦,૪૧૭ મેગાવોટની સ્થાપિત વીજક્ષમતાથી પોતાની જરૂરીયાત સરળતાથી પૂરી કરે છે. ગુજરાતમાં ઉદ્યોગોમાં કે શહેરોમાં વીજકાપ મૂકવાની જરૂરિયાત ઊભી થતી નથી. રાજયના વીજળીથી જોડાયેલ તમામ ગામોમાં જયોતિગ્રામ યોજના હેઠળ વીજળી નિયમિત પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, બિનપરંપરાગત ઊર્જાના ક્ષેત્રે સૂર્યશકિત અને પવનશકિતથી ઊર્જા પ્રાપ્ત કરવા અંગેની નીતિ તાજેતરમાં જ ઘડીને આ ક્ષેત્રમાં વધુ મૂડીરોકાણ આકર્ષવામાં સફળતા મળી છે.

ગુજરાત વિકાસ પણ ઈચ્છે છે, સાથોસાથ પ્રકૃતિ સાથે સમન્વય પણ ઈચછે છે. પ્રકૃતિ સાથેનો સંઘર્ષ એ અમારા વિકાસનો માર્ગ નથી અને તેથી ગુજરાતે ગ્લોબલ વોર્મિંગ સામે બાથ ભીડી છે અને ગ્રીન મેવમેન્ટને રાજયાશ્રય આપ્યો છે. દેશમાં ચેર (મેંગ્રોવ)નો વિસ્તાર ઘટી રહ્યો છે ત્યારે ગુજરાતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ૯૩૫ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ચેર વનસ્પતિનું વાવેતર કરેલ છે, જે દેશમાં બીજા નંબરે છે. ગત વર્ષે કાર્બન ક્રેડીટ મેળવવામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રગણય રાજયોની હરોળમાં આવી ગયેલ છે. પર્યાવરણ જાળવણીના ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. અત્યાર સુધીમાં ૨૫ જેટલા કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૮ જેટલી ટેકનિકલી સેફ હેઝાર્ડસ વેસ્ટ ડીસ્પોઝલ સાઈટસ ગુજરાતે બનાવી દીધેલ છે જેની કેટલાક રાજયોમાં શરૂઆત પણ નથી થઈ. આવનારા દિવસોમાં ગુજરાતની આ પહેલ દુનિયાના દેશોનું ધ્યાન આકર્ષે એવો અમારો વિશ્વાસ છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : વૈશ્વિક મંદીના માહોલમાં પણ **૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ., ૪૬ દેશોની હાજરી, ૬૦૦ ઉપરાંત વિદેશના પ્રતિનિધિઓ અને કુલ વીસ હજાર જેટલા ડેલીગેટ આશા અને ઉમંગ સાથે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈનવેસ્ટર સમીટ, ૨૦૦૯ના સાક્ષી બન્યા. ૮,૫૦૦ જેટલા સમજૂતી કરારો** દ્વારા વિવિધ

ક્ષેત્રોમાં થનાર મૂડીરોકાણથી **પચીસ લાખ કરતાં વધુ નવયુવાનો માટે રોજગારીની** તક ઊભી થઈ છે. ઉદ્યોગ અને અર્થકારણની નાડ પારખનારાઓ ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવવા માટે થનગને છે, જેના મૂળમાં ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા, આંતરિક શકિતઓ તથા ઝડપી અને પારદર્શક વહીવટ ધરાવતું નેતૃત્વ છે. ગુજરાતના આર્ષદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ગુજરાતમાં મૂડી રોકાણકારોને ખેંચી લાવવાની વ્યૂહરચના આની પાછળની મહત્વની તાકાત છે. આ તાકાત છે **લો રિસ્ક લો કોસ્ટ એન્ડ હાઈ એફીસીયન્સી એન્ડ ધેટ ઈઝ ગુડ ગવર્નન્સ** જેણે આ ચમત્કાર સર્જ્યો છે. મંદીના વાતાવરણમાં ગુજરાતની આ ઘટનાએ દેશમાં એક નવી આશાનો સંચાર કર્યો છે. ટાટા ગ્રુપની **નેનો કારના** પ્રોજેકટને ગુજરાતમાં ખેંચી લાવવામાં આ તાકાત જ કામ કરી ગઈ છે. ગ્લોબલાઈઝેશનના જમાનામાં અર્થકારણમાં આયાત અને નિકાસનું મહત્વ વધતું જાય છે. આયાત-નિકાસ એ આખોય વિષય ભારત સરકારનો છે, આપણે આશા રાખીએ કે કેન્દ્ર સરકારની ભવિષ્યની નીતિઓ આયાત-નિકાસના વ્યવસાયને રક્ષણ આપવા માટે કામયાબ નીવડશે. આ મુજબ થશે તો ગુજરાત જેવું રાજય દેશના વિકાસમાં આર્થિક બાબતે આગળ આવીને હજુ વધુ યોગદાન આપશે.

મહેસૂલી કામગીરીના ક્ષેત્રે અનેક સુધારા કરીને સરળીકરણ કરવામાં આવ્યું છે. પાવર ઓફ એટર્નીનું ફરજિયાત રજિસ્ટ્રેશન, નવી જંત્રીનું અમલીકરણ, બિનખેતીની પરવાનગીની પ્રક્રિયામાં સરળીકરણ, ફાઈનલ પ્લોટ પ્રમાણે મૂલ્યાંકન, પ્રમોલગેશન, તુમારોનો ઝડપી નિકાલ, હકકપત્રકમાં ફેરફાર નોંધો, નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા જેવી બાબતોમાં સુધારા થવાથી ઘણી રાહત થઈ છે.

ગુજરાત સરકારે ઉદ્યોગોને અનુરૂપ અભ્યાસક્રમો, ટેકનિકલ સંસ્થાઓ અને નવી યુનિવર્સિટીઓ શરૂ કરી છે. ટેકનિકલ શિક્ષણના ક્ષેત્રે ગુજરાતને અગ્રામ હરોળમાં લઈ જવા માટે ઈન્ડીયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોનીની શરૂઆત કરી છે.

પ્રાથમિક શિક્ષણથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી કન્યા કેળવણીને ઉત્તેજન આપવું, ડ્રોપઆઉટ રેટમાં ઘરખમ દ ટાડો, આરોગ્યની તમામ સેવાઓ ઉપલબ્ધ કરાવવી, ગુણવત્તાયુકત શિક્ષણની પ્રાપ્તિ માટે ધ્યાન કેન્દ્રિત કરવું, રોજગારી માટે તાલીમ આપવી જેવા અનેક કાર્યક્રમો હાથ ધરાયા છે.

વૈશ્વિકરણના આ યુગમાં ટેકનોલોજી સાથે કદમ મિલાવીને ચાલવાનું દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ ગુજરાતને સાંપડયું છે. છેવાડામાં છેવાડાના ગામડામાં રહેતો માણસ વિશ્વ સાથે જોડાય, ખેડૂતને એના ઉત્પાદનનો ભાવ જાણવા મળે, બાળકોને શિક્ષણ અને નાગરિકોને તેને જરૂરી પ્રમાણપત્રો અને સેવાઓ પોતાના ગામમાં જ ઉપલબધ થાય તેવી બ્રોડબેન્ડ કનેકટીવીટીથી ૧૩,૬૯૩ ગામોને જોડવાની ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના બારડોલી તાલુકાના ઐતિહાસિક એવા હરિપૂરા ગામેથી ત્રેવીસમી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિના દિવસે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતની પ્રજાને સમર્પિત કરીને ગુજરાતને વિકસિત દેશોની હરોળમાં લાવી મૂકયું છે. ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના " Close User Group" માં દુનિયામાં પ્રથમ છે અને ઈન્ટરનેટ કનેકટીવીટી અંતર્ગત એશિયાનું સૌથી મોટું V-SAT નેટવર્ક છે.

ગુજરાતની સ્થાપનાની સુવર્ણ જયંતી તરફ આપણે આગળ વધી રહ્યા છીએ, ત્યારે પહેલી મે, ૨૦૦૮ના રોજ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીરી ડૉ. જીવરાજ મહેતાના જન્મસ્થળ અમરેલી મુકામેથી શરૂ થયેલી **સુવર્ણ જયંતી સંકલ્પ યાત્રા** આજે એક સ્વયંભૂ લોકજુવાળ બની ચૂકી છે. જાનયુઆરીના અંત સુધીમાં ૧૬૦ કરતાં વધુ નગરોમાં પહોંચેલ આ યાત્રાને ગુજરાતની પ્રજાએ લોકોત્સવમાં પરિવર્તિત કરી છે. સાડાપાંચ કરોડ ગુજરાતીઓ પોતાના વિશિષ્ટ સંકલ્પ થકી ગુજરાતની સુવર્ણજયંતીને અનોખી ભેટ આપી ગુજરાતને સર્વોચ્ચ સ્થાને સ્થાપિત કરવા કટિબદ્ધ બને તેવું માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન આજે એક વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ રહેલું જોવા મળે છે.

અનુસૂચિત જાતિ, જનજાતિ તેમજ વિકસતી જાતિના કલ્યાણની યોજનાઓ થકી આ નાગરિકોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખી શિક્ષણ માટે શિષ્યવૃત્તિ, કન્યાઓને સાયકલ સહાય, ડૉ. આંબેડકર અને પંડિત દીનદયાળ આવાસ યોજનાઓ જેવી વિવિધ યોજનાઓ થકી મકાન સહાય, કુંવરબાઈના મામેરા જેવી યોજના થકી લગ્ન સહાય તેમજ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રાજય સરકાર દ્વારા ઉદાર સહાય આપવાની યોજનાઓ અમલમાં છે.

ગુજરાતની ૩૭% કરતાં વધુ જનસંખ્યા શહેરોમાં વસે છે. રાજય સરકારે શહેરોના વિકાસને અગ્રિમતા અને પ્રાધાન્ય આપ્યું છે અને એના ભાગરૂપે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના, બાજપાઈ નગર વિકાસ યોજના, નિર્મળ ગુજરાત યોજના, અમૃતધારા યોજના અને JnNURM યોજના, આ બધી યોજનાઓને સંકલિત કરી તમામ શહેરોનો સર્વાંગી વિકાસ એ પ્ર(ારનું વૈજ્ઞાનિક રીતે આયોજન કરવામાં આવ્યું છે. રાજયના શહેરોમાં પ્રથમવાર જનમાર્ગ (BRTS) નું પણ આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં રોજગારીના ક્ષેત્રે, ઔદ્યોગિક વિકાસના કે કૃષિ વિકાસના ક્ષેત્રે દરેક દ્રષ્ટિએ ગુજરાતનો વિકાસ અદ્વિતીય રહયો છે. આ સિવાય રાજય સરકારે સુરક્ષા અને આંતરિક સલામતીને પણ પૂરતું પ્રાધાન્ય આપ્યું છે. પરિણામે અમદાવાદમાં થયેલા બોમ્બ વિસ્ફોટની કમનસીબ ઘટનાના માસ્ટર માઈન્ડ સૂત્રધારો સહિતના બધા જ ષડયંત્રકારોને વીસ દિવસની ટૂંકી સમયમર્યાદામાં ગુજરાત પોલીસે ઝડપી લઈ સમગ્ર દેશની અંદર વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું છે. મુંબઈ પરના આતંકવાદી હુમલા પછી રાજય સરકારે કોસ્ટલ સિકયોરીટી માટે પણ પહેલ

કરી એક **ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ સિક્યોરીટી પ્લાન** તૈયાર કરી ભારત સરકારને મોકલી આપ્યો છે, જે અમલમાં આવ્યા પછી આપણો તટ પ્રદેશ પણ વધુ સુરક્ષિત થશે.

કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ / અધિકારીઓ માટે છઠ્ઠા પગારપંચનો સ્વીકાર કરેલ છે, રાજય સરકારે પણ છઠ્ઠા પગારપંચનો મહદ અંશે સ્વીકાર કરેલ છે, જેને લીધે રાજયને આશરે રૂ.૩,૦૦૦ કરોડનો આવર્તક બોજ પડશે અને પગાર તફાવતનો આશરે રૂ.૫,૪૦૦ કરોડનો બોજ પડશે.

રાજય સરકારના વર્ષ ૨૦૦૭-૦૮ના હિસાબો, વર્ષ ૨૦૦૮-૦૯ ના સુધારેલ અંદાજો અને વર્ષ ૨૦૦૯-૧૦ માટે લેખાનુદાનના અંદાજ મુજબ નીચે પ્રમાણેની એકંદર ખાદ્ય-પુરાંત દર્શાવે છે. આ ત્રણેય બાબતોના પત્રકો આ સાથે રજૂ કરેલ છે.

**૨૦૦૭-૦૮ નો હિસાબ**

હવે હું ૨૦૦૭-૦૮ ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ-દેવડના કારણે રૂપિયા ૧૫૧૭.૯૪ કરોડની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૦૭-૦૮ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ-દેવડના કારણે રૂપ્યા ૧૧૩.૬૪ કરોડની પુરાંત દર્શાવે છે.

**(રૂપિયા કરોડમાં)**

| | | ૨૦૦૭-૦૮ના સુધારેલા અંદાજ | | ૨૦૦૭-૦૮ના હિસાબ | |
|---|---|---|---|---|---|
| (૧) | એકિત્રત ફંડ | | | | |
| | મહેસૂલ આવક | | ૩,૪૯,૭૯.૨૦ | | ૩,૫૬,૮૯.૮૫ |
| | મહેસૂલ ખર્ચ | | ૩,૨૬,૩૯.૫૬ | | ૩,૩૫,૩૯.૫૧ |
| | મહેસૂલ હિસાબ પર ખાદ્ય/પુરાંત | (+) | ૨૩,૩૯.૬૪ | (+) | ૨૧,૫૦.૩૪ |
| | મૂડીની આવક | | ૮૮,૮૦.૭૨ | | ૮૯,૧૯.૫૭ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૯૫,૦૨.૪૨ | | ૯૧,૬૪.૦૭ |
| | મૂડી હિસાબ પર ખાદ્ય/પુરાંત | (-) | ૬,૨૧.૭૦ | (-) | ૨,૪૪.૫૦ |
| | એકિત્રત ફંડ (ચોખ્ખું) | (+) | ૧૭,૧૭.૯૪ | (+) | ૧૯,૦૫.૮૪ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | | -- | (-) | ૭.૪૪ |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) | ૨,૦૦.૦૦ | (-) | ૧૭,૮૪.૭૬ |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+)** | **૧૫,૧૭.૯૪** | **(+)** | **૧,૧૩.૬૪** |

**૨૦૦૮-૦૯ ના સુધારેલ અંદાજ**

૨૦૦૮-૦૯ ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે ખાદ્ય રૂપિયા ૮૭૬.૨૦ કરોડની થવાની ધારણા હતી, પરંતુ સુધારેલા અંદાજમાં ચોખ્ખી લેવડ દેવડના કારણે ખાદ્ય રૂપિયા ૨૫૮૩.૮૬ કરોડ થવાની ધારણા છે.

**(રૂપિયા કરોડમાં)**

| | | ૨૦૦૮-૦૮ના સુધારેલા અંદાજ | | ૨૦૦૭-૦૮ના હિસાબ | |
|---|---|---|---|---|---|
| (૧) | એકિત્રત ફંડ | | | | |
| | મહેસૂલ આવક | | ૩,૮૨,૭૮.૧૨ | | ૩,૯૬,૮૩.૫૩ |
| | મહુસૂલ ખર્ચ | | ૩,૮૨,૨૫.૭૩ | | ૩,૯૪,૧૪.૯૭ |
| | મહુસૂલ હિસાબ પર ખાદ્ય/પુરાંત | (+) | ૫૨.૩૯ | (+) | ૨,૬૮.૫૬ |
| | મૂડીની આવક | | ૧,૦૭,૦૫.૮૭ | | ૧,૦૫,૫૫.૭૮ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૧,૧૨,૨૯.૪૬ | | ૧,૩૪,૦૮.૨૦ |
| | મૂડી હિસાબ પર ખાદ્ય/પુરાંત | (-) | ૫,૨૩.૫૯ | (-) | ૨૮,૫૨.૪૨ |

| | | | |
|---|---|---|---|
| | એકિત્રત ફંડ (ચોખ્ખું) | (-) ૪,૭૧.૨૦ | (-) ૨૫,૮૩.૮૬ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું) | -- | -- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) ૪,૦૫.૦૦ | -- |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૮,૭૬.૨૦** | **(+) ૨૫,૮૩.૮૬** |

**૨૦૦૯-૧૦ નો અંદાજ**

સને ૨૦૦૯-૧૦ ના અંદાજ નીચે પ્રમાણે રૂપિયા ૧૫૩.૩૬ કરોડની પુરાંત દર્શાવે છે.

**(રૂપિયા કરોડમાં)**

| | | | |
|---|---|---|---|
| | | **૨૦૦૮-૦૮ના સુધારેલા અંદાજ** | |
| (૧) | એકિત્રત ફંડ | | |
| | મહેસૂલ આવક | | ૪,૨૦,૭૩.૬૮ |
| | મહેસૂલ ખર્ચ | | ૪,૨૦,૧૬.૪૨ |
| | મહેસૂલ હિસાબ પર ખાદ્ય/પુરાંત | (+) | ૫૭.૨૬ |
| | મૂડીની આવક | | ૧,૧૪,૭૩.૦૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૧,૦૯,૮૦.૯૨ |
| | મૂડી હિસાબ પર ખાદ્ય/પુરાંત | (+) | ૪,૯૨.૧૦ |
| | એકિત્રત ફંડ (ચોખ્ખું) | (+) | ૫,૪૯.૩૬ |
| (૨) | અમકસ્મિક ફંડ (ચોખ્ખું) | | -- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (-) | ૩,૯૬.૦૦ |
| | **સરવાળો : ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+)** | **૧,૫૩.૩૬** |

આ વર્ષ માટેની માંગણીઓ વિચારવા માટે પૂરતો સમય ન હોવાથી ૩૧ મી જુલાઈ, ૨૦૦૯ સુધીના ચાર મહિનાની મુદત માટે લેખાનુદાનની દરખાસ્ત માનનીય સભાગૃહ સમક્ષ હવે પછી રજૂ કરીશ. જયારે ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ થશે ત્યારે આખા વર્ષ માટેની માંગણીઓની ચર્ચા કરવાની ગૃહને તક મળશે.

માનનીય સભાગૃહ સમક્ષ હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૪૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અઘ્યક્ષશ્રી આદેશાનુસાર ગુરૂ વાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**માઘ ૩૦, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ખંભાત શહેર ખાતે શ્રમયોગીઓને થતો સીલીકોસીસનો રોગ અટકાવવા અંગે**

*** ૬૧૮૬ શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ખંભાત શહેરમાં અકીક ઉદ્યોગમાં કામ કરતા શ્રમયોગીઓને થતો સીલીકોસીસનો રોગ અટકાવવા સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

ખંભાત શહેરમાં અકીક ઉદ્યોગમાં કામ કરતાં શ્રમયોગીઓને થતો સીલીકોસીસ રોગ અટકાવવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. અકીક ગ્રાઈન્ડીંગ અને પોલીસીંગ પ્રક્રિયા વેટ પ્રોસેસ (પાણીના સ્પ્રે)થી કરવામાં આવે છે.
૨. જ્યાં વેટ પ્રોસેસનો ઉપયોગ કરવામાં આવતો નથી ત્યાં લોકલ એકઝોસ્ટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.
૩. અકીક ઉદ્યોગમાં કામ કરતા શ્રમયોગીઓની સીલીકોસીસ બાબતે સમયાંતરે દાક્તરી તપાસ કરવામાં આવે છે. આ તપાસ દરમિયાન કોઈ શ્રમયોગીને સીલીકોસીસ થયાનું જણાયેલ નથી.
૪. શ્રમયોગીઓને શ્વાસમાં સીલીંકાના રજકણ ન જાય તે માટે માસ્ક આપવામાં આવે છે.
૫. નોંધાયેલ ૧૪ કારખાનાઓ પૈકી ૧૦ કારખાનાઓમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓકયુપેશનલ હેલ્થ દ્વારા વિકસાવેલ ડસ્ટ એકઝોસ્ટ સિસ્ટમના મશીનો સરકારશ્રી દ્વારા બેસાડી આપવામાં આવેલ છે.
૬. સીલીકોસીસ રોગની જાણકારી માટે અને શ્રમયોગીઓમાં જાગૃતિ આવે તે માટે "સીલીકોસીસ અને તેને અટકાવવાના ઉપાયો "બુકલૅટ" વિતરણ કરવામાં આવે છે.
૭. બે કારખાનાઓમાં અકીકના રજકણો એકઠા કરવા માટે ડસ્ટ કલેકશન સિસ્ટમ નહિ લગાડવા માટેના અદાલતોમાં કેસો કરવામાં આવેલ છે.
૮. એન.જી.ઓની મદદથી સીલીકોસીસ અંગે જાગૃતિ લાવવા સમયાંતરે આરોગ્ય મેળાઓ યોજવામાં આવે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખા વિશ્વમાં અકીક ઉદ્યોગ ફક્ત ખંભાતમાં જ ચાલે છે. આ ઉદ્યોગમાં અકીક ઘસવાનું કામ કરતા કારીગરોને સીલીકોસીસના રોગથી બચાવવા માટે હાઈકોર્ટે નિદેર્શો આપ્યા છે. સરકારે પણ પગલાં લીધા છે તો કેવા પગલાં લીધા છે એની વિગતો આપવા વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ જે ધંધાનો પ્રકાર છે એમાં અકીક ઉદ્યોગની અંદર જે કારીગરો હોય છે એમાં ડાયમંડ હોય કે હીરા કે જે હોય તે એનું ગ્રાઈન્ડીંગ કરે એના કારણે આ ગ્રાઈન્ડીંગમાંથી જે રજકણો ઉડે છે એના કારણે એક સીલીકોસીસ નામનો અસાધ્ય રોગ પેદા થાય છે. આમાં એના રજકણો કારીગર ઘસતો હોય એના શ્વાસ મારફતે એના ફેફસામાં ન જાય એના માટે થઈને ખાસ પ્રકારની પદ્ધતિ જે ગ્રાઈન્ડીંગ કરતાં હોય એ ડ્રાય પદ્ધતિથી કરે એના બદલે વેટ પ્રોસેસથી કરે જેના કારણે એ રજકણો ઊડવાને બદલે પાણીમાં ચોટી જાય અને કારીગરના શ્વાસમાં ન જાય. બીજી વાત એ છે કે આ પ્રોસેસની અંદર એના ડસ્ટ માસ્ક આપવામાં આવે છે એ પહેરવાના લીધે એ રજકણો એના શ્વાસની અંદર ન જાય. આ સીલીકોસીસ એવા પ્રકારનો રોગ થાય છે કે એમાં એક માન્યુટ .૦૩ માઈક્રોન વાળા જે નાકની ચીકાશ હોય એમાં ચોટી જાય છે. દસ માઈક્રોન છે એ ફેફસામાં જાય તો ફેફસાની અંદર રહેલા વ્હાઇટ સેલ રેસીસ્ટ કરે છે. પરંતુ એ વ્હાઇટ સેલ નિર્જીવ પડ હોવાથી બહાર કાઢી શકતું નથી મારી શકતું નથી એના કારણે એના ફેફસામાં આ કણો ચોટી જાય છે એના લીધે એ માણસ શ્વાસ લઈ શકતો નથી અને એના લીધે એના ફેફસા નકામા થઈ જતાં હોય છે. આમાં બે પ્રકારના રોગ થતાં હોય છે એક સીલીકોસીસ અને બીજો સીલીકોસીસ ટી.બી. થાય છે. આ ન થાય એના માટે રાજય સરકારે જે કંઈ ફૅક્ટરી એકટ છે એ સામાન્ય રીતે દસ કરતાં વધારે માણસો કામ કરતાં હોય એને લાગુ પડતો હોય છે.

આમાં ખાસ પ્રકારનો કાયદો કરીને દસમાંથી આપણે પાંચ વ્યકિતઓને લાગુ પડે તેવું કર્યુ છે અને તેથી આગળ વધીને કોઈપણ ફૅક્ટરીમાં એક કારીગર કામ કરતો હોય તો એને ફૅક્ટરી એકટ લાગુ પડે છે. કામ કરતા કારીગરોને આ રોગ લાગુ ન પડે એના માટે થઈને રાજય સરકાર પણ મદદ કરે છે અને કેન્દ્રમાંથી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓકયુપેશનલ હેલ્થ પણ આમાં મદદ કરે છે એ સિવાય પણ બીજી સ્વાયત્ત સંસ્થાઓ પણ મદદ કરે છે. સવાલ એ છે કે ફૅક્ટરી એકટ નીચે જે કારખાના રજીસ્ટ્રર થતા હોય એના માટે રાજય સરકાર તકેદારીના પગલાં લે છે અને સાથે સાથે એના માથે પગલાં પણ લે પરંતુ મોટા ભાગે આ ઉદ્યોગ ગૃહ ઉદ્યોગની અંદર ચાલે છે માલિક પોતાના ઘરની અંદર આ ઉદ્યોગ કરતો હોય છે એટલે આપણે એની સામે વિશેષ પગલાં લઈ શકતા નથી. પરંતુ આમાં નવી પ્રોસેસ આવી કે જે અકીક ઘસે એના રજકણો ઓછા ઊડે તેથી કારીગરોને આ રોગથી કાયમી મુકિત મળે એના માટે પૂરતા પગલાં લીધા છે. માનનીય સભ્યશ્રી આ વિસ્તારના છે એમનું કોઈ સૂચન હશે તો રાજય સરકાર એની અંદર વિચારણા કરીને સીલીકોસીસનો ભોગ કોઈ ન બને એના માટે પૂરતી તકેદારી રાખશે માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં જે ફૅક્ટરી એકટ નીચે કવર કરે છે તેમાં કોઈ આવો રોગ લાગુ પડ્યો નથી. દર વર્ષે બધાનું હેલ્થ ચૅકીંગ થાય છે અને જેને રોગ થયો હોય તો સારવાર લેવાય છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષ થયા આવો રોગ કોઈને લાગુ થયો નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માહિતી માગવા માગું છું કે ખંભાતમાં ૩૯૭ મકાન જર્જરિત છે. ઝૂંપડપટ્ટી છે તેમાં આવા કારીગરો કામ કરતા હોય છે. જો ફૅક્ટરી એકટ લાગુ કરવામાં આવશે તો આ લોકો પોતાના ધંધા-રોજગાર બંધ કરી દેશે. પરંતુ એક નવી હેમરી નીકળી છે, ડાયમન્ડ હેમરી, તે થોડી મોંઘી છે. એ તેમને આપવામાં આવે તો ઓછામાં ઓછા રજકણો ઉડે તેમ છે અને ફૅક્ટરી એકટ આટલા નાના માણસો ઉપર ન લગાડો, કારણ કે ૨૦,૦૦૦ લોકો તેમાંથી રોજી-રોટી મેળવે છે. પાંચ લોકો ઉપર ફૅક્ટરી એકટ લગાડશો તો બધા કારખાના જ બંધ થઈ જશે, તો મારી વિનંતી છે કે બીજાં કોઈ પગલાં ભરીને આ લોકોને જીવન રક્ષણ આપવું જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સીલીકોસીસ ન થાય તે માટે થઈને રાજય સરકાર જેટલા જરૂર પડશે એટલા ચોક્કસ પગલાં લેશે. આપણી જે મર્યાદા છે તેમાં ફૅક્ટરી એકટ નીચે કવર થતાં હોય એ બધાંને કરીએ છીએ. સવાલ એ છે કે ફૅક્ટરી એકટ સિવાય જે બાકીના ઈન્ડીવીડયુઅલ લોકો છે તેના માટે થઈને પણ રાજય સરકાર પોતાના અધિકારી મારફત તેને સમજણ આપીને અને જરૂર પડે તો તેને કેવા પ્રકારની સરાણ વાપરવી કે જેના કારણે સીલીકોસીસ ડાયોક્સાઈડના રજકણો ઉડે નહીં તેના માટે થઈને જે કંઈ કાર્યવાહી કરવાની જરૂર પડે તે રાજય સરકાર ચોક્કસ આ કાર્યવાહી કરશે.

## અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

*** ૬૨૦૦ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગાર કચેરી દ્વારા અમદાવાદ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**શ્રમ અને રોજગાર મંત્રી:**

(૧) ૩૯.

(૨) ૭૦૫૩.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સ્વરોજગાર શિબિરોના કારણે આપણે ઘણા બધાને રોજગારી આપી શક્યા છીએ. તો આ યોજના શું છે અને આ શિબિરો થાય છે તેમાં કેટલા લોકોની લોન મંજૂર થઈ છે અને જો જ્ઞાતિવાઈઝ પૃથ્થકરણ હોય તો તેની પણ માહિતી આપશો.

**શ્રી વજુભાઈ વાળા** : આ સ્વરોજગાર શિબિરો છે એટલે ગુજરાત રાજયમાં જે જુદા જુદા ખાતાઓની યોજનાઓ છે એ યોજનાઓ મારફત જે સેલ્ફ એમ્પ્લોઈડ સૅકટર છે. સ્વરોજગારી, પોતે કામ કરીને કંઈકને કંઈક કરી શકે એવા લોકોને લોન આપવા માટેની આ યોજના છે અને આ યોજનામાં સ્વરોજગાર શિબિર દર વખતે યોજવામાં આવે છે. જુદા જુદા તાલુકામાં યોજાય છે અને સ્વરોજગાર શિબિરોમાં જેટલા લોકો આવે છે એ તમામ લોકોને જુદી જુદી યોજનાઓની સમજણ આપવામાં આવે છે. તેમાં બેંકેબલ યોજનાઓ હોય છે. બીજું, પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ હોય છે. પછી ત્રીજું, નબળા વર્ગો માટે પૂરક રોજી માટે થઈને સાધનો એ માનવ કલ્યાણ યોજના નીચે અપાય છે. મહિલા માટે મહિલા આર્થિક વિકાસ નિગમ મારફત અપાય છે. વિકલાંગ ઉમેદવારો માટે થઈને ખાસ જવાબદારી જે ગુજરાત લઘુમતી વિકાસ નિગમ મારફત અપાય છે. ગુજરાત લઘુમતી વિકાસ નિગમ પણ આપે છે અને અનુસૂચિત જાતિ વિકાસ નિગમ પણ આમાં લોન આપે છે. અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમને માટે પણ આ લોન મળે છે. આ લોન આપવા માટે થઈને માર્ગદર્શન આપવા, સમજણ આપવા, ફૉર્મ ભરાવવા, તેની પદ્ધતિ કઈ છે એ બધું કહેવા માટે થઈને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી પણ અધિકારી આવે છે. રોજગાર વિનિમય કચેરીમાંથી અધિકારી આવીને સમજણ આપે છે. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ

નિગમના અધિકારીઓ પણ આવે છે. અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમના અધિકારીઓ આવે છે. મહિલા આર્થિક વિકાસ નિગમના અધિકારીઓ આવે છે અને વોકેશનલ રીહેબીલીટેશન સૅન્ટર ફૉર ફીઝીકલ હેન્ડીકેપ એટલે ફીઝીકલ હેન્ડીકેપ હોય તેને માટે પણ આ બધા લોકો આવે છે. સામાન્ય રીતે જે સરકારી નોકરી માટે થઈને ઉંમર વટાવી ચૂક્યા હોય, એને સરકારી નોકરીમાં હવે રોજગારી મળવાની નથી. એવા લોકોને પણ આની અંદર આપણે  સમાવેશ કરીએ છીએ. જ્યારે અમદાવાદ જિલ્લામાં ૩૧-૧૨-૦૮ સુધીમાં ૩૯ જે શિબિરો યોજી હતી, તેમાંથી ૭૦૫૩ હાજર હતા. અમે બોલાવ્યા હતા ૧૭૫૫૩ લોકોને, તેમાંથી ૭૦૫૩ લોકો હાજર રહ્યા અને ૪૧૨૨ લોકોએ લોનના ફૉર્મ ભર્યા અને ૧૯૧૫ લોકોને લોન મળી. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે, જ્ઞાતિવાઈઝ કેટલા લોકોને લોન મળી?. આપણે જ્ઞાતિ પ્રમાણે નથી આપતા. અનુસૂચિત જાતિના ૫૦૧, અનુસૂચિત જનજાતિના ૧૪ અને બક્ષીપંચના ૪૬૧ લોકોને અને અન્ય ૯૩૯ લોકોને લોન મળી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, હમણાં જે ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ ૨૦૦૯ થઈ. જેની અંદર બાર લાખ કરોડના એમ.ઓ.યુ. કરીને ૮૫૦૦ જેટલા ઉદ્યોગકારોએ ઉદ્યોગ સ્થાપવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી. એના કારણે ૨૫ લાખની રોજગારીનું નિર્માણ થવાનું છે. એવા સંજોગોમાં એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ દ્વારા સ્વરોજગારી માટેની શિબિરો થાય છે એમાં પરંપરાગત સિલેબસ છે. એ સિલેબસના ઢાંચામાં સુધારો કરીને નવા પ્રકારની સ્કિલ ડેવલપ થાય એવા પ્રકારનું આયોજન છે કે કેમ? અને બીજું ગુજરાત એ દેશમાં રોજગારી આપવાની દૃષ્ટિએ એમ્પ્લોયમેન્ટ એકસચેન્જમાં કયા ક્રમે છે અને એના પછી આવતું બીજું રાજય છે એના તરફથી કેટલી રોજગારીનું નિર્માણ કરવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે મારા પ્રવચનની અંદર મેં કહ્યું હતું કે, સમસ્ત હિંદુસ્તાનની અંદર એમ્પ્લોયમેન્ટ એકસચેન્જની અંદર નોંધાયેલ લોકો છે એમાંથી સૌથી વધારેમાં વધારે લોકોને રોજગારી આપનાર ગુજરાત રાજય છે. જે છેલ્લા સાત વર્ષથી પ્રથમ છે. છેલ્લા બે વર્ષનું નથી આવ્યું. પણ ૨૦૦૬માં ૧,૭૬,૦૦૦ લોકોને આખા હિંદુસ્તાનમાંથી રોજગારી આપવામાં આવી હતી. એમાંથી આપણે ૯૯૦૦૦ લોકોને રોજગારી આપી હતી. એટલે કે, ૫૭ ટકા લોકો આપણા રાજયના હતા. ૨૦૦૭માં ૧,૯૯,૦૦૦ લોકોને રોજગારી આપવામાં આવી હતી. આખા હિંદુસ્તાનમાં ૩,૦૦,૦૦૦ લાખ લોકોને આપવામાં આવી હોય તો પણ ૬૦ ટકા તો આપણા છે. ૨૦૦૮માં ૨,૨૫,૦૦૦ ઉપરાંત લોકોને રોજગારી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછયું છે કે, વાઈબ્રન્ટ ગુજરાતમાં ૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે. જેનાથી નવા ઉદ્યોગોની સ્થાપના થશે એમાં કુશળ કારીગરો, અર્ધ કુશળ કારીગરો અને અકુશળ કારીગરોને રોજગારી આપવા માટે થઈને એના ઉદ્યોગકારોને બોલાવીને ભરતી મેળા કરવામાં આવશે. કોઈ ઉદ્યોગ વિશેષ પ્રકારનો હોય તો આવા ઉદ્યોગો માટે જોઈતા કારીગરોનું નિર્માણ કરવા માટે આઈ.ટી.આઈ. મારફત એના સ્પેશિયલ કોર્સ કરાવીશું અને એમાં જે કુશળ કારીગરો હોય અને એને જે પ્રકારના લોકો જોઈતા હોય એ ભરતી કરશે અને એ રીતે વધુ રોજગારીનું નિર્માણ થશે. આ રીતે રાજય સરકાર કોશિશ કરશે. ૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે અને એમાં જેવા પ્રકારના કારીગરો અને અર્ધ કારીગરો જોઈતા હશે એ નિર્માણ કરવા માટે આઈ.ટી.આઈ. મારફત આ કામ પૂરું કરી શકીશું.

-----------

**અધ્યક્ષશ્રી** : મારી રજા લઈને ગયા છે.

**યોગાની તાલીમ અંગે**

*** ૫૭૨૨ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય રમતગમત યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભારતના પ્રાચીન યોગને પરંપરાગત ઉજાગર કરવા માટે તથા તેના પ્રચાર અને પ્રસિદ્ધિ માટે સરકારશ્રી તરફથી તાજેતરમાં શાં પ્રયત્નો કરવામાં આવે છે, અને

(૨) યોગની તાલીમ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ?

**રમતગમત યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી :-**

(૧) પ્રાચીન યોગને પરંપરાગત ઉજાગર કરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના પ્રયત્નો કરવામાં આવેલા છે.

(૧) જિલ્લાઓમાં ૫૦ યોગ કેન્દ્રો તથા તાલુકાઓમાં ૨૫ યોગ કેન્દ્રો મળી કુલ ૭૫ યોગ કેન્દ્રો કાર્યરત છે.

(૨) ૧૫ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓ માટે દરેક જિલ્લામાં અને અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ૧૬ જિલ્લાઓમાં તથા અનુસૂચિત જનજાતિ વિસ્તાર ધરાવતા ૧૨ જિલ્લાઓમાં ૭ દિવસ માટે યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવે છે.

(૩) સરકાર માન્ય શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૪ વર્ષ, ૧૭ વર્ષ અને ૧૯ વર્ષની વય મર્યાદા ધરાવતા વિદ્યાર્થીઓ માટે યોગાસન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

(૨) યોગાસનની તાલીમ માટે નિષ્ણાત યોગાચાર્યની રાહબરી હેઠળ યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવે છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે યોગાસનોની તાલીમ માટે નિષ્ણાત યોગાચાર્યની વાત કરી છે. તો આ માટેનું રાજય સરકારનું શું આયોજન છે? અને બીજો મારે પ્રશ્ન એ છે કે યોગની તાલીમમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે કોઈ ખાસ વ્યવસ્થા રાજય સરકાર તરફથી કરવામાં આવી છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે રમતગમતની સાથે યોગની પ્રવૃત્તિનો પ્રચાર અને પ્રસાર થાય તે માટે યોગ તાલીમ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો, યોગાસનની તાલીમ માટે યોગ્ય માળખું ઘડી કાઢવા લકુલીશ વિદ્યાલય ભાવનગર સાથે એમ.ઓ.યુ. કરીને તાલીમનું માળખું અને તાલીમનો અભ્યાસક્રમ તથા યોગ પ્રશિક્ષકોની લાયકાત નક્કી કરી છે. યોગ પ્રશિક્ષક માટે માન્ય સંસ્થાના જે ડિપ્લોમા ઇન યોગા એ શૈક્ષણિક લાયકાત નક્કી કરી છે અને આ રીતનો કોર્સ ભાવનગર, મહેમદાવાદ, પાટણ, કાયાવરોહણ, અમદાવાદ ખાતે થાય છે. જે યોગ્ય શિક્ષકોની જે પસંદગી કરવામાં આવે છે એ સમિતિમાં પણ લકુલીશ વિદ્યાલયના નિયામકનો આપણે સમાવેશ કર્યો છે અને આ બધા જે યોગાચાર્યો છે એની સેવાઓનો લાભ લેવામાં આવે છે. આ જે યોગાચાર્યો છે એમને માનદ્ વેતન તરીકે આપણે રુ. ૨૫૦૦ આપીએ છીએ અને દરેક જિલ્લામાં એક એક યોગકેન્દ્ર આપણે શરૂ કરી દીધું છે. ગયા વર્ષે ૨૦૦૭-૦૮ની અંદર બીજા ૨૫ કેન્દ્રો આપણે શરૂ કર્યા અને આ વખતે અનુસૂચિત જાતિની જ્યાં વસ્તી હોય એવા બીજા ૨૫ કેન્દ્રો શરૂ કરીને કુલ ૭૫ યોગાકેન્દ્ર આપણે શરૂ કર્યા છે. એમનો જે પ્રશ્ન છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તો એ માટેની પણ ગયા વર્ષથી આપણે વ્યવસ્થા કરી છે અને પર્સનાલીટી ડેવલપમેંટ ઈન યોગા ટ્રેઈનીંગ કેમ્પ ફોર એસ.સી. અને એસ.ટી. એ રીતે એક નવા જ કાર્યક્રમ આપણે ગત વર્ષે શરૂ કર્યા. અનુસૂચિત જાતિની જ્યાં વધારે વસ્તી છે એવા ૧૬ જિલ્લાઓમાં આ અંગેની વ્યવસ્થા કરી છે અને અનુસૂચિત જનજાતિના ૧૨ જિલ્લાઓમાં આ અંગે તાલીમની વ્યવસ્થા કરી છે. ૭ દિવસની એમને તાલીમ આપવામાં આવે છે અને ગયા વર્ષે ૨૬૦ અનુસૂચિત જાતિના અને ૧૫૦ અનુસૂચિત જનજાતિના યુવાનોને યોગની તાલીમ આપવામાં આવી હતી.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા યોગાસન સ્પર્ધા વગેરેનું આયોજન કઈ રીતે કરવામાં આવે છે? ચાલુ વર્ષે તેમાં કેટલા ભાઈ-બહેનોએ ભાગ લીધો અને ત્રીજું રાજય સરકાર સ્પર્ધામાં ભાગ લેનારને કેવા પ્રકારની સગવડ આપે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલીમ સ્પર્ધાઓ છે એ એક તાલુકા કક્ષાએ પણ તાલીમ સ્પર્ધાનું આપણે આયોજન કરીએ છીએ. સાથેસાથે જિલ્લા કક્ષાનું પણ આયોજન થાય છે અને જે સરકાર માન્ય સ્કૂલ છે ધોરણ-૮ સુધીના અભ્યાસ કરતા હોય અને ૧૪ વર્ષથી નાની વયના વિદ્યાર્થીઓ માટે અંડર ફોર્ટીન યોગાસન સ્પર્ધા કરવામાં આવે છે. ધોરણ-૧૦ સુધીનો જે અભ્યાસ કરતા હોય અને ૧૭ વર્ષ સુધીની વયમર્યાદાવાળા વિદ્યાર્થીઓ માટે અંડર સેવન્ટીન યોગાસન સ્પર્ધા યોજવામાં આવે છે અને ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરતા હોય એવા ૧૯ વર્ષ સુધીની વયમર્યાદા માટે અંડર નાઈન્ટીન માટેની આ વ્યવસ્થા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ભાઈઓ ૩૦૧૦, બહેનો ૨૩૯૯ એમ ૫૪૦૯ વિદ્યાર્થીઓને આ કક્ષાની તાલીમ આપવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન હતો કે રાજય કક્ષાની સ્પર્ધામાં ખેલાડીઓને કેવા પ્રકારની સગવડતા આપવામાં આવે છે તો જે ખેલાડીઓ આવે છે એમના માટે પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ , નિવાસ ખર્ચ આ બધું રાજય સરકાર ભોગવે છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લા બે વર્ષમાં રાજયનો યોગા પ્રત્યે કેવો દેખાવ રહ્યો છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં જે રાષ્ટ્રીય કક્ષાની જે સ્પર્ધાઓ કરી અને એમાં છેલ્લા બે વર્ષની અંદર સુંદર દેખાવ આપણે ત્યાં કરવામાં આવ્યો છે.બે વર્ષની અંદર કુલ ૧૩ ગોલ્ડમેડલ, ૧ સિલ્વર અને ૬ બ્રોન્ઝ આથી કુલ ૧૩ મેડલ આપણે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પણ મેળવી શક્યા છીએ.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે ગુજરાત સરકાર દ્વારા ક્યારે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન થયું, તેમાં કેટલા રાજ્યોના, કેટલા ખેલાડીઓએ ભાગ લીધો અને એમાં ગુજરાત રાજ્યનો દેખાવ કેવો રહ્યો છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાએ જે સ્પર્ધા યોજાઈ એ રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે ૨૦૦૪-૦૫ની અંદર મહેસાણા મુકામે આપણે રાષ્ટ્રીય કક્ષાની યોગાસનની સ્પર્ધા યોજાય હતી તેમાં ૨૨ રાજ્યો અને દરેક રાજ્યમાંથી ૩૦-૩૦ ખેલાડીઓ એટલે ૧૫ કુમાર અને ૧૫ કન્યા એ રીતે ટોટલ ૬૧૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. કુલ્લે જે ચંદ્રકો અપાયા એમાં કુલ ૧૨ સુવર્ણ ચંદ્રકો હતા,એમાંથી ગુજરાતને ૧૨માંથી ૧૦ સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે, રજત ચંદ્રકો ૧૩ માંથી ૫ ગુજરાતે લીધા હતા. કાંસ્ય ૧૩ માંથી ૩ એટલે ટોટલ ૩૮ ચંદ્રકો હતા એમાંથી ૧૮ ચંદ્રકો મેળવીને ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું હતું.

---------

## આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૬૧૮૯ શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ(આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લા રોજગાર કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૨૫૨૫૦.

(૨) ૫૫૮૨.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં જે કુલ બેરોજગારોમાંથી રોજગારી મળી છે એવા ૫૫૮૨ માંથી કેટલા એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના ઉમેદવારોને રોજગારી મળી છે?

**શ્રી વજુભાઈ વાળા** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સવાલ છે ૩૧-૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રોજગાર કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયા હતા. કુલ અત્યાર સુધીમાં ૨૫૨૫૦ જે લોકો નોંધાયેલા એમાંથી ૫૫૮૨ લોકોને રોજગારી મળી છે. આ જે નોંધાયેલા હતા એમાંથી જે રોજગારી મળી એમાં પુરુષ હતા ૧૯૬૮૭ અને ૫૫૮૩ એ સ્ત્રી એટલે કુલ આવી રીતે ૧૯૬૮૭ સ્ત્રીઓની રીતે હતી. એમાંથી સરકારી નોકરી મળી ૨૨૬ લોકોને, અર્ધસરકારી નોકરી મળી ૧૯૧૭ લોકોને અને ખાનગી ક્ષેત્રની અંદર નોકરી મળી ૩૪૩૯. આ જે નોકરીઓ મળી છે એમાં માનનીય સભ્યશ્રી એમ કહે છે કે એને સ્પીલ્ટ શું છે? જાતિવાર પ્રમાણે કહીએ તો નોકરી મળેલાની અંદર પુરુષ વર્ગના લોકો હતા ૪૭૯૪ અને બહેનો હતા ૭૮૮ લોકો, ૫૫૮૨ લોકોને રોજગારી મળી અને જો જાતિ પ્રમાણે એની વિગત લઈએ તો અનુસૂચિત જાતિના જે ૫૦૬૬ લોકો હતા એમાંથી નોંધાયેલા ૫૮૨ લોકોને રોજગારી મળી. અનુસૂચિત જનજાતિના ૫૯૯ લોકો નોંધાયેલા હતા એમાંથી ૧૨૯ લોકોને રોજગારી મળી અને જે બક્ષીપંચના ૬૯૪૦ નોંધાયેલા હતા, એમાંથી ૬૮૦ લોકોને રોજગારી મળી. ઓ.બી.સી. ૨૦૨ નોંધાયેલા હતા એમાંથી ૩ વ્યકિતઓને નોકરી મળી અને જે અન્ય ૧૨૪૪૩ લોકો નોંધાયેલા હતા એમાંથી ૪૧૮૮ લોકોને નોકરી મળી. આ પ્રમાણે કુલ ૫૫૮૨ લોકોને નોકરી મળી અને જે અપંગ હતા ૫૬૦ માંથી ૬ લોકોને નોકરી મળી અને જે કહ્યું એ પ્રમાણે ૭૮૮ બહેનોને નોકરી મળી.

## સુરત યુનિવર્સિટી ખાતે બેરોજગારોને રોજગારી

***૬૧૯૧ શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સુરત યુનિવર્સિટી રોજગાર કચેરી ખાતે કેટલા બેરોજગાર રોજગાર કચેરીના દફતરે નોંધાયેલા છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૧૦૭૩૦.

(૨) ૧૦૨૧.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ ધ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, યુનિવર્સિટી રોજગાર કચેરીમાંથી જે ૧૦૨૧ લોકોને રોજગારી મળી એ પૈકીના એસ.સી. કેટલા, એસ.ટી. કેટલા, સ્ત્રી અને પુરુષોની સંખ્યા કેટલી અને જે ૧૦૨૧ ને રોજગારી મળી છે એમાં ખાનગી ક્ષેત્રમાં કેટલી રોજગારી મળી અને સરકારી ખાતામાં કેટલી રોજગારી મળી ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સવાલ છે એમનો એ સામાન્ય રોજગાર કચેરી છે એના માટે નથી હોતું પરંતુ આ યુનિવર્સિટીનું, આમાં કદાચ સંખ્યા ઓછી હોય તો એમ લાગે કે આટલા લોકોને જ રોજગારી મળી પણ જે આ યુનિવર્સિટી કક્ષાએ જે રજીસ્ટ્રેશન થાય છે પહેલા તો સમજવું જરૂરી છે કે, આ રજીસ્ટ્રેશન જે પોસ્ટ ગ્રૅજ્યુએટ હોય, એમ.એ., એમ.કોમ. હોય અને એ લોકોનું જ આ રજીસ્ટ્રેશન થાય છે અને જે બેચલર લોકો હોય જે રોજગારી પોતે મેળવી શકે, પ્રોફેશનલ કોર્ષિસ કર્યા હોય એવા વકીલ, ડૉકટર, એન્જિનીયર, આર્કિટૅક્ટ હોય, એલ.એલ.બી., બી. ટેક. હોય એવા બેચલર લોકો અને પોસ્ટ ગ્રૅજ્યુએટ લોકો એનું જ રજીસ્ટ્રેશન થાય છે, એટલા માટે થઈને આ યુનિવર્સિટીમાં આ જે સંખ્યા ઓછી લાગે કે ૧૦૭૩૦માંથી રોજગારી મળી ૧૦૨૧ લોકોને. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આમાં કેટલા પુરુષો અને સ્ત્રીઓ હતા, તો નોંધાયેલા પુરુષો હતા ૫૨૬૪ અને નોંધાયેલા બહેનો હતા ૫૪૬૬ આ ૧૦૭૩૦ જે હતા એમાંથી નોકરી મળી પુરુષ વર્ગના ૯૦૫ લોકોને નોકરી મળી જ્યારે સ્ત્રી-બહેનોને ૧૧૬, કુલ ૧૦૨૧ લોકોને નોકરી મળી, આ ૧૦૨૧ને નોકરી મળી એમાં એસ.સી.ના જે નોંધાયેલા ૬૩૬ હતા એમાંથી ૭ લોકોને નોકરી મળી, જે એસ.ટી.ના ૪૦૪૭ નોંધાયેલા હતા

એમાંથી ૨૦ લોકોને નોકરી મળી, બક્ષીપંચના ૩૦૨૫ હતા એમાંથી ૪૯ લોકોને નોકરી મળી, ઓ.બી.સી.નું કોઈ નોંધાયેલું નહતું અને કોઈ નહતું, એમાંથી અપંગ છે અપંગને પણ એકને નોકરી મળી છે. આ જે નોકરી એમાં ૧૭ સરકારી, અર્ધસરકારી કોઈ નહીં અને ખાનગી ૧૦૦૪ આ પ્રમાણ સુરત મુકામે યુનિવર્સિટીના જે નોંધાયેલા હતા એમાંથી આ પોસ્ટ ગ્રૅજ્યુએટ અને પ્રોફેશનલ ગ્રૅજ્યુએટ એવા ૧૨૧ લોકોને આ સ્પ્લીટ પ્રમાણે નોકરી મળી છે.

## ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૬૮૭૦ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૩૧૨૩૭

(૨) ૩૪૭૫

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગ્લોબલ સમિટમાં રૂપિયા સાડા બાર લાખ કરોડના એમ.ઓ.યુ. થયા એમાં ખેડા જિલ્લાના માતર જેવા અતિ પછાત વિસ્તારમાં ૬૩૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કરવા બદલ ગુજરાતના પ્રજાના સાચા જન સેવક અને ગુજરાતની શિક્ષિત નવી પેઢીના રોલ મૉડલ આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો હું આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, બાકી રહેલા લગભગ ૨૬,૭૦૦ બેરોજગારને હવે આ કરાર થયા પછી એમાં આપ અગ્રતાક્રમે રોજગારી આપવા માગો છો કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ કરાર છે એ કરારમાં તો અગ્રતાક્રમે એમ્પ્લોયમેન્ટ એકસચેન્જમાં જે લોકોએ નામો નોંધાવેલા હોય એમાંથી જેવા પ્રકારના લોકોની જરૂરિયાત હોય એવા આપણી પાસે નોંધાયેલા લોકોને આપણે ઈન્ટર્વ્યૂ માટે મોકલીએ છીએ. ઘણીવાર એવું બને કે ત્રણ વર્ષનો જૂનો માણસ હોય પણ એનો માસ વધુ હોય, ક્લાર્ક હોય તો ક્લાર્ક વધુ હોય પણ ટેકનીકલી માણસ એ ગઈકાલે પણ નોંધાયેલ હોય અને એની માગણી આવે તો એને તાત્કાલિક આપણે પ્રાયોરીટીમાં ઈન્ટરર્વ્યૂ માટે આપણે એને મોકલી શકીએ છીએ. બાકી જો તમે સ્પ્લીટ તમારે જોઈતું હોય તો તે રીતે.

## માંગરોળ અને પોરબંદર તાલુકામાં પછાતવર્ગોના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ

***૪૮૫૪શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) માંગરોળ અને પોરબંદર તાલુકામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૮ સુધીમાં વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૭-૦૮ માં અને ૨૦૦૮-૦૯ માં કેટલી અરજીઓ મળી

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ માં માંગરોળ તથા પોરબંદર તાલુકામાં વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના એક પણ વિદ્યાર્થીની અરજી મળી નથી.
વર્ષ ૨૦૦૮-૦૯ માં ( ૩૧-૧૨-૨૦૦૮) સુધીમાં માંગરોળ તાલુકામાં એકપણ અરજી મળેલ નથી, જ્યારે પોરબંદર તાલુકામાં એક અરજી મળેલ છે.

(૨) શૂન્ય

(૩) એક.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગું છું કે પોરબંદર તાલુકામાં એક અરજી મળેલ છે, જે નામંજૂર કરવામાં આવેલ છે. નામંજૂર કરવાનાં કારણો શાં છે? સરકાર દ્વારા જે લોન આપવામાં આવે છે, તેમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ? 'હા' તો ક્યારે અને કેટલી?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો તેમાં પોરબંદર તાલુકામાં જે એક અરજી નામંજૂર કરવામાં આવી છે, એના કારણો શાં છે? તો અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ન હોવાના કારણે અરજી નામંજૂર કરવામાં આવેલ છે. બીજો પ્રશ્ન કે આ યોજના હેઠળ અભ્યાસ કરવા માટે કેટલો અને ક્યારે વધારો કરવામાં આવેલ છે. આ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓ માટે તા. ૩-૧૨-૨૦૦૧ થી યોજના અમલમાં આવી છે. જેમાં ૫ લાખ રૂપિયામાંથી રાજયના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીએ ૧૦ લાખ રૂપિયા સુધીનો વધારો કરીને રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોની નોંધણી અને રોજગારી**

***૫૦૯૦ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં થયેલ છે, અને

(૨) સને ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૮-૨૦૦૯ માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલા બેરોજગારોનાં નામો રોજગારી માટે મોકલવામાં આવેલ છે તે કયા કયા તાલુકાના છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બેરોજગારોની થયેલ નોંધણી |
|---|---|---|
| ૧. | પાલનપુર | ૮૨૦૦ |
| ૨. | અમીરગઢ | ૫૮૩ |
| ૩. | વડગામ | ૬૩૩૫ |
| ૪. | ડીસા | **૪૧૩૨** |
| ૫. | કાંકરેજ | ૧૫૩૩ |
| ૬. | દિયોદર | ૧૦૨૩ |
| ૭. | ભાભર | ૫૨૪ |
| ૮. | વાવ | ૨૨૮૨ |
| ૯. | થરાદ | ૨૦૬૩ |
| ૧૦. | ધાનેરા | ૮૭૨ |
| ૧૧. | દાંતીવાડા | ૬૯૧ |
| ૧૨. | દાંતા | ૩૦૧૫ |
| | કુલ : | ૩૧૨૫૩ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી માટે મોકલવામાં આવેલ બેરોજગારોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ તા. ૩૧-૧૨-૨૦૦૮ |
| ૧. | પાલનપુર | ૫૭૦૮ | ૪૬૭૯ |
| ૨. | અમીરગઢ | ૪૩૬ | ૩૮૦ |
| ૩. | વડગામ | ૨૯૬૧ | ૨૪૨૧ |
| ૪. | ડીસા | ૧૬૭૭ | ૧૬૦૯ |
| ૫. | કાંકરેજ | ૯૧૨ | ૮૬૦ |
| ૬. | દિયોદર | ૬૧૪ | ૭૦૯ |
| ૭. | ભાભર | ૧૮૪ | ૧૯૨ |
| ૮. | વાવ | ૭૪૦ | ૭૭૭ |
| ૯. | થરાદ | ૬૬૩ | ૭૭૦ |
| ૧૦. | ધાનેરા | ૪૫૮ | ૪૩૩ |
| ૧૧. | દાંતીવાડા | ૪૩૩ | ૩૬૭ |
| ૧૨. | દાંતા | ૮૩૭ | ૧૨૩૫ |
| | કુલ | ૧૫૬૨૩ | ૧૪૪૩૨ |

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આપણે જે બેરોજગાર નોંધણી અને નોકરી આપવાની કાર્યવાહી થાય છે, તેમાં જે વિકલાંગ છે, એમને માટે અલગથી કઈ વિચાર થાય છે કે કેમ? અને જે વ્યકિતને નોકરીની અંદર તક મળી ગઈ છે, તો એનું નામ કમી કરવા માટેની શું પદ્ધતિ હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રીએ જે મૂળ સવાલ પૂછેલ છે, એમાં બે જ બાબતનો સવાલ પૂછ્યો હતો, છતાં પેટા સવાલ જુદો આવે છે. મૂળ સવાલ છે કે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવેલ છે. એ મેં વાત કરી, પછી બીજું ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ સુધીમાં કેટલા બેરોજગારોનાં નામ રોજગારી માટે મોકલવામાં આવેલ છે અને કયા કયા તાલુકાના છે? તાલુકાવાઈઝ ટોટલ લિસ્ટ એ રીતે આપ્યું છે. બીજું કહ્યું છે કે આમાંથી કેટલા લોકોને એમાં રોજગારી મળી અને અપંગ લોકો માટે થઈને સવાલ પૂછ્યો છે. મારે એટલું કહેવાનું છે કે ૨૦૦૭-૦૮ માં જે ભલામણ હતી એમાં ૧૫૬૨૩ લોકોની ભલામણ હતી અને એમાંથી મળેલ નોકરી ૫૯૭૭ લોકોને નોકરી આપવામાં આવેલ છે અને એમાંથી પુરુષ વર્ગના લોકો ૪૬૯૨ પુરુષો અને સ્ત્રીઓ ૧૨૮૫ આટલાને ૨૦૦૭-૦૮ માં નોકરી આપી. ૨૦૦૮-૦૯ માં ૧૪૪૩૨ લોકોની ભલામણ હતી અને ૨૭૦૬ લોકોને નોકરી આપવામાં આવી. એમાં પુરુષ વર્ગના ૨૫૨૩ અને સ્ત્રી વર્ગના ૧૮૩. ૨૦૦૭-૦૮ માં જે ભલામણ થઈ, પણ આમાં સ્થિતિ એવી છે કે કદાચ એવું લાગે કે ૧૫૬૨૩ અને ૧૪૪૩૨ આટલા બધા લોકોમાંથી કેમ ન આપી? તો એક એક જગ્યા માટે ૨૫-૨૫ લોકોને ઇન્ટર્વ્યૂ માટે મોકલે છે, એટલા માટે ભલામણ વધુ થાય છે. ખેરખર નોકરી ઓછા લોકોને મળે છે. આમાં અપંગ માટેની અંદર નોકરી મળે છે. અપંગ જેટલા રજિસ્ટર્ડ થયેલ હોય એના જે પ્રમાણે રેશિયા હોય એ પ્રમાણે શિડયૂલ કાસ્ટને ૭ ટકા અને શિડ્યૂલ ટ્રાઈબને ૧૫ ટકા અને ઓ.બી.સી.ને એના રેટ પ્રમાણે મળે. અપંગ લોકોને નોકરી આપીએ છીએ. અપંગ લોકોને નક્કી થયેલા ક્વોટા પ્રમાણે નોકરી આપવામાં આવે છે.

**ભાવનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

*** ૬૮૬૭ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૧૨૧૬૩
(૨) ૬૨

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તેનાથી મને સંતોષ છે.

**પાટણ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

*** ૬૨૦૩ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને
(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૧૦
(૨) ૪૮૧

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું કે, બેરોજગારોને રોજગારી આપવા માટેની જે શિબિર હતી તેમાં પાટણ જિલ્લામાં ૪૮૧ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી કેટલા લોકોને રોજગારી મળી? બીજું મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખાનગી સિકયુરીટી સર્વિસીસના ફિલ્ડમાં બહું મોટી રોજગારીની તકો રહેલી છે. આઈ.ટી.આઈ.ના સિલેબસ છે તેમાં આવો કોઈ ટ્રેડ નથી તો આવો ટ્રેડ તાત્કાલિક શરૂ કરીને, અથવા તો આવી કોઈ શિબિર કરીને ખાનગી સિકયુરીટી સર્વિસીસના ક્ષેત્રમાં આપણા યુવાનોને રોજગારી મળે તે અંગે કઈ વિચારવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજો સવાલ કહ્યો કે જે લોકોને રોજગારી મળે તેવા પ્રકારના કોર્સીસ જો આપણે આઈ.ટી.આઈ.માં ન હોય તો એને મળે તેના માટે સજેશન લે અને તેમાં યોગ્ય લાગે તો તેવા પ્રકારના કોર્સ આઈ.ટી.આઈ.માં ચાલુ કરાવી શકીશું. કારણકે દરેક જિલ્લામાં જરૂરિયાત જુદી જુદી હોય છે. સાગરકાંઠામાં કામ કરવાવાળા લોકોની જરૂરિયાત જુદી હોય છે. મધ્યભાગમાં રહેતા અને ડુંગરાળ વિસ્તારમાં કેવા પ્રકારની નોકરી મળે તે લોકોની નોકરી કેવા પ્રકારની મળે તેના માટે થઈને તેની જરૂરિયાત જુદી હોય છે. જેવા પ્રકારની નોકરીની જરૂરિયાત હોય તેવા લોકોને ટ્રેનિંગ આપવા માટે આપણે આઈ.ટી.આઈ. દ્વારા કોર્સ કરાવીએ છીએ. આપણે અત્યારે પ્લેનની અંદર જે સર્વિસ કરતા હોય એવા લોકો માટે થઈને પણ આપણે એર હોસ્ટ્રેસ કે બીજા એના માટે આપણે કોર્સીસ કરાવીએ છીએ. એટલે જે જરૂરિયાત હોય, ટૅક્નીકલ જરૂરિયાત હોય તો તેવા કોર્સ કરીએ છીએ. આપણે સિકયુરીટી માટે કરીએ તેને ખાસ પ્રકારની ટ્રેનિંગ આપવી હોય અને તેના કોર્સ કરાવવા હોય તો ચોકકસ રાજય સરકાર તેમાં વિચાર કરશે. આ રીતે થઈ શકશે. બીજો સવાલ કહ્યો કે આ જે જુદી જુદી દસ જગ્યાએ અમે આ શિબિરોનું આયોજન કરવામાં આવેલ હતું. તે દસ શિબિરોમાંથી ૪૮૧ લોકોને જે રોજગારી મળી તે રોજગારીની અંદર શિબિરમાં બોલાવ્યા હતા ૯૦૭ લોકોને અને તેમાંથી હાજર રહ્યા ૪૮૧ લોકો. ૪૮૧ માંથી ફોર્મ ભર્યા ૪૪૩ લોકોએ. ફોર્મ ભર્યા પછી એમાં લોન મંજૂર થઈ ૩૮૭ લોકોની. એ ૩૮૭ની અંદર પુરુષ હતા ૩૦૭ અને સ્ત્રી હતી ૮૦ એટલે કુલ ૩૮૭ લોકોને જે લોન મળી તેમાં આ લોન છે તે બધી લોન જિલ્લા ઉદ્યોગ કેંદ્ર પાટણ મારફત આપવામાં આવી છે. તેમાં વડાપ્રધાન રોજગાર યોજના નીચે ૭૦ વ્યકિતને લોન આપી અને ૧૫ લાખ ૭૩ હજારની લોન મળી અને બાજપાઈ બેન્કેબલ યોજના નીચે ૩૧૭ લોકોને લોન મળી અને ૧૦૨.૫૭ લાખ રૂપિયાની લોન મળી. આ પ્રમાણે કુલ ૩૮૭ લોકોને ૧૧૮.૩૦ લાખ રૂપિયાની લોન આપવામાં આવેલ છે. માનનીય શંકરભાઈએ જે સવાલ પૂછયો હું માનનીય સભ્યશ્રીઓને સરકાર વતી વિનંતી કરું છું કે આપણા વિસ્તારની અંદર જે યુવાનોને રોજગારી મળે તેના માટે નવા પ્રકારના આઈ.ટી.આઈ.માં કોઈ કોર્સ કરવાની જરૂર હોય તો સૂચવશો તો તે વિસ્તારની અંદર તેવા પ્રકારના કોર્સ ચાલુ કરાવીશું. એકપણ યુવાન રોજગાર વગરનો ન રહે તે આ ગુજરાત સરકારનું લક્ષ્ય છે. આ લક્ષ્ય પૂર્ણ કરવામાં આપ સૌ મદદગાર બનો એવી આપને વિનંતી.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે સ્વરોજગારની શિબિરોનું આયોજન થયું તે જિલ્લા કક્ષાના સ્થાનો પર થઈ કે અન્ય સ્થાનો પર થઈ? અન્ય સ્થાનો પર થઈ તો કયા કયા સ્થાનો પર થઈ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આયોજન થયું છે તે તાલુકા પ્રમાણે થયું છે. પાટણ તાલુકાની અંદર આઈ.ટી.આઈ.માં ૧૨-૧-૦૮ના રોજ, ૨૪-૧-૦૮ના રોજ પાટણમાં થયેલ છે. ત્રીજું પાટણમાં તા. ૧૪-૨ના રોજ, પછી ચોથું તા. ૨૮-૨ના રોજ, પાંચમું રોજગાર કચેરી ખાતે તા. ૫-૩ના રોજું, છઠ્ઠુ પાટણની અંદર ૧૧-૪-૦૮ના રોજ, સાતમું પાટણ રોજગાર કચેરીએ તા. ૨૦-૫-૦૮ના રોજ, આઠમું પાટણ રોજગાર કચેરીએ તા. ૨૬-૬-૦૮ના રોજ થયેલ, એટલે એકથી આઠ વખત પાટણ કચેરીએ થયેલ, પછી હારીજ તાલુકામાં થયેલ એ તાલુકા પંચાયતમાં ૧૯-૧૨-૦૮ના રોજ થયેલ, સિધ્ધપુર થયેલ એ આઈટીઆઈમાં તા. ૨૮-૨-૦૮ના

રોજ થયેલ. હવે આ જિલ્લાની અંદર સમી તાલુકો, સાંતલપુર, ચાણસ્મા અને રાધનપુર આ તાલુકા બાકી રહ્યા છે, એની અંદર નવી રોજગાર શિબિરો થશે અને ત્યાં જેટલા ઉમેદવારો છે એમને રોજગારીની તક પ્રાપ્ત થાય એ માટેના પ્રયત્ન થશે.

**નવસારી જિલ્લામાં વૃદ્ધ પેન્શનનું ચૂકવણું**

***૫૭૩૯ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત કયા માસ સુધી સહાયનું ચૂકવણું થયેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત લાભાર્થીઓને નવૅમ્બર- ૦૮ અને ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત લાભાર્થીઓને ડિસૅમ્બર-૦૮ સુધીનું સહાયનું ચૂકવણું થયેલ છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વૃદ્ધ પેન્શન મેળવવામાં લાભાર્થીને ઉંમરનો દાખલો લેવામાં ખૂબ જ તકલીફ પડે છે, તો એ બાબતે સરકાર કોઈ સુધારો કરવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, જે લાભાર્થીને બે મહિને પેન્શન મળે છે તે દર મહિને મળે એના માટે સરકાર વિચારણા કરશે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી બિલકુલ સાચી છે, કે વૃદ્ધોને જે પેન્શન મેળવવા માટે ઉંમરનું પ્રમાણપત્ર મેળવવું પડતું હતું, એ સીએચસીમાંથી અને ત્રણ ડૉકટરની પૅનલનું પ્રમાણપત્ર લેવું પડતું હતું, એમાં અમે આરોગ્ય વિભાગને અમે વિનંતી કરેલી, અને આરોગ્ય વિભાગે અમારી વિનંતીનો સ્વીકાર કરીને હવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમબીબીએસ ડૉકટરના સર્ટિફિકેટના આધારે દાખલો આપવામાં આવે તો પણ એને ચલાવવા માટેનો રાજય સરકારે નિર્ણય લઈ લીધો છે, અને બીજો પ્રશ્ન એમણે કહ્યો કે આ જે વૃદ્ધોને સહાય મળે છે એ બે મહિને સાથે મળતી હોય છે, એ માટેનો પણ રાજય સરકારે નિર્ણય લઈ લીધો છે, ને હવેથી દર મહિને એ લોકોને પેન્શન મળે એ માટેની વ્યવસ્થા કરી છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વૃદ્ધોને પેન્શન માટેની કુલ કેટલી સ્કીમો છે, અને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વૃદ્ધ પેન્શન માટેની કુલ બે સ્કીમો ચાલે છે, એક રાજય સરકારની અને એક કેન્દ્ર સરકારની, ગુજરાત રાજય સરકારે ૧૯૭૮ની અંદર આ સ્કીમની શરૂઆત કરી હતી અને ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારે જે ત્રીસ રૂપિયાથી સ્કીમ શરૂ થઈ હતી, એમાં વધારો કરીને ૨૦૦ રૂપિયા માસિક પેન્શન આપવાની પણ શરૂઆત કરી હતી. કેન્દ્ર સરકારે ૧૯૯૮માં ૭૫ રૂપિયા આપી કરીને આ વધારાની સ્કીમ એ રીતે ૨૭૫ રૂપિયા જે તે સમયે એમને મળતા હતા, તાજેતરમાં જ કેન્દ્ર સરકારે ૨૦૦૮માં એના નામમાં સુધારો કરી ઈન્દીરા ગાંધી ઓલ્ડ એઈઝ પેન્શનનું નામ રાખ્યું અને એમાં ૨૦૦ રૂપિયા કરીને આ સ્કીમની શરૂઆત કરી છે, એટલે હવે જે ૬૦ વર્ષની ઉંમરના વૃદ્ધોને છે ૬૦ થી ૬૫ના એને રાજય સરકારના ૨૦૦ રૂપિયા અને ૬૫ પછીના જે છે એમને બસોને બસો ચારસો એ રીતે આ બે સ્કીમો અત્યારે કાર્યરત છે.

**શ્રી લક્ષ્મણભાઈ ૫. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, વૃદ્ધોને પેન્શન માટે નવસારી જિલ્લામાં કુલ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ, કેટલી પડતર છે? જો મંજૂર થઈ હોય તો કેટલું ચૂકવણું થયું અને બાકીનું ચૂકવણું ક્યારે કરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં વૃદ્ધ પેન્શન યોજના નીચે ૨૯૨ ગયા વર્ષની પડતર હતી, ૩૧-૧-૦૯ સુધીમાં ૪૫૮ અરજીઓ આવી, આમ કુલ ૭૫૦ અરજીઓ થઈ, તે પૈકી ૪૨૧ અરજીઓ મંજૂર કરવામાં આવી, ૧૯૧ નામંજૂર થઈ, અને ૧૩૮ પડતર છે. જે મંજૂર થઈ ગઈ છે, તે બધાને ફેબ્રુઆરી એટલે કે આ મહિનાના અંત સુધીમાં બધી ચૂકવણી કરી દેવામાં આવશે.

**વેરાવળ અને માળીયા તાલુકામાં વિદેશમાં અભ્યાસ અંગે મળેલ અરજીઓ**

***૪૮૫૧શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, :-

(૧) વેરાવળ અને માળીયા તાલુકામાં ડિસેમ્બર, ૨૦૦૮ સુધીમાં વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૭-૦૮માં અને ૨૦૦૮-૦૯માં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૦૮ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮માં વેરાવળ તાલુકામાં એક પણ અરજી મળેલ નથી. જયારે માળીયા તાલુકામાં ૨ અરજી વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીની મળેલ છે.

વર્ષ ૨૦૦૮-૦૯માં (૩૧-૧૨-૦૮ સુધીમાં ) વેરાવળ અને માળીયા તાલુકામાં એક પણ અરજી મળેલ નથી.

(૨) બે અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા :** માનનય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત એ જાણવું છે કે, વિદેશમાં અભ્યાસ લોન માટે કયા કયા પુરાવા આપવા જરૂરી છે, અને જે લોન આપવામાં આવે છે એનો વ્યાજનો દર શું છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો પૂછયા છે કે, લોનના વ્યાજનો દર કેટલો છે તો ૪ ટકાના હિસાબે લોનનો વ્યાજનો દર રાખવામાં આવેલ છે. અને જે પુરાવા આપવાના હોય છે એમાં નિયત નમૂનાનું અરજી પત્રક, અરજદારનો ફોટો, જાતિનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણ પત્ર, રેશન કાર્ડની નકલ, શૈક્ષણિક લાયકાત, પ્રવેશ આપવા માટનું સંમતિપત્ર, અરજદારના પાસપોર્ટની પ્રમાણિત નકલ, અરજદારનો વિઝા, અભ્યાસ માટે થનાર ખર્ચના અંદાજો, લોન ભરપાઈ કરવા માટેના પાત્રતાનો દાખલો, બે સધ્ધર જામીનદારોના જામીન ખત, સ્ટેમ્પ પેપર, તેઓની મિલકત અંગેના આધારના પુરાવા અને પરિશિષ્ટ (ડ) મુજબનું સોગંદનામું, લોન ભરપાઈ કરવા માટેનું જામીન ખત અને લોન ભરપાઈ કરવા વ્યકિતગત તેમજ વાલી /અને પિતાનું સંયુકત રીતે જે જવાબદાર હોય એનો બાયંધરી પત્ર આપવાનો હોય છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ યોજનાનો મૂળભૂત હેતુ શું છે, અને જેને આ યોજનાનો લાભ મળ્યો છે એને વ્યાજદરમાં માફી આપવા માગો છો કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો મૂળભૂત જે હેતુ છે એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિને કારણે તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસઅર્થે વિદેશ જઈ શકતા ન હતા તેવા લોકોને આમાં લોન આપવામાં આવે છે. આ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટેની લોન આપવાની સરકારશ્રીએ આ એક યોજના અમલમાં મૂકેલી છે. બીજો એમનો પશ્ન એ છે કે આમાં કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ? તો આમાં કોઈ સહાય આપવામાં આવતી નથી પણ રૂા. ૧૦ લાખ જેવી માતબર રકમની માત્ર લોન આપવામાં આવે છે.

## વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૬૮૬૮ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી શ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કકચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી આ સ્થિતિએ છેલ્લા વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી શ્રી :**

(૧) ૫૯૩૧૪.

(૨) ૧૪૬૩૪.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે અમારે ત્યાં બેરોજગારોનું પ્રમાણ વધારે પ્રમાણમાં છે એટલે તાજેતરમાં નવા ઉદ્યોગો જે સ્થપાવાના છે તેમાં કેટલાને રોજગારી મળવાની શકયતા છે એના કોઈ આંકડા હોય તો આપવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અત્યારે રોજગાર કચેરીમાં બેરોજગારો નોંધાયેલા છે અને નવા ઉદ્યોગ સ્થપાય તો ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણે જે કાંઈ ઉદ્યોગ એ ડિમાન્ડ કરે કે અમારે આવા પ્રકારના આટલા આટલા લોકોની જરૂર છે તો એ રીતે કરી શકીએ પણ એટલું હું ચોક્કસ કહી શકું કે અત્યારે ૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે અને એટલા ઉદ્યોગ સ્થપાશે ત્યારે ગુજરાતનો એક પણ યુવાન બેકાર નહીં રહે એ નિર્વિવાદ વાત છે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લામાં અને રાજયમાં જે રોજગાર કચેરીના આંકડા જોઈએ તો એમાં ૨૦ થી ૨૫ ટકા યુવાનો નોકરી અત્યારે મેળવી રહ્યા છે. દેશ અને દુનિયામાં અત્યારે મંદીનો માહોલ છે, અમેરિકા જેવા દેશોમાં પણ અત્યારે લાખો લોકો નોકરી ગુમાવી રહ્યા છે તો ત્યાંની સરકારે જે લોકો એના દેશમાં ગેરકાયદેસર ઘુસ્યા છે એ લોકોને પકડીને જે તે દેશમાં રવાના કરી દે છે કે જેનાથી એના દેશનાં લોકોને નોકરી મળે.એવી રીતે વડોદરા જિલ્લો અને રાજયમાં જે રીતે ઘણા

બાંગ્લાદેશી લોકો ગેરકાયદેસર ઘૂસ્યા છે એ લોકો રોજગાર ક્ષેત્રમાં અનેક જગ્યાએથી અત્યારે રોજગારી મેળવી રહ્યા છે તો આ લોકોને સરકાર પકડીને અહીંથી હાંકી કાઢવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી યોગેશ પટેલ** : ના સાહેબ, એનાથી અહીંના અનેક લોકોને નોકરી મળે તેમ છે.

**અધ્યક્ષશ્રી** : યોગેશભાઈ, પ્રશ્ન બહુ મર્યાદિત છે કે વડોદરા જિલ્લામાં બેરોજગારો કેટલા છે.

**શ્રી યોગેશ પટેલ** : સાહેબ, આમાં નોકરીનો સવાલ છે.

**અધ્યક્ષશ્રી** : નોકરીનો સવાલ ચોકકસ છે, રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલા છે તમે કહો છો એ લોકોના નામો રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાતા જ નથી અને એ કેન્દ્રની બાબત છે, બે વસ્તુ છે એટલા માટે હું એલાઉ નહિ કરું. વડોદરાનો પ્રશ્ન છે.

**બનાસકાંઠા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

***૬૨૦૨ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**(૧)** તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતાં?

શ્રમ અને રોજગારમંત્રીશ્રી :

(૧) ૧૬

(૨) ૬૦૪

શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૬ શિબિરોમાં ૬૦૪ ઉમેદવારો હાજર રહ્યા આ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારોને કયાંથી લોન મળી અને કેટલા ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત થઈ?

શ્રી વજુભાઈ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે, સવાલમાં તો મુખ્ય કેટલા ઉમેદવારો હાજર હતા પછી એમાંથી પેટા સવાલ જે ત્રીજો પૂછયો કે, આમાં કેટલા લોકોને રોજગારી મળી, એ જે રોજગારી મળી, તો એ શિબિરમાં ૬૦૪ લોકો હાજર હતા, જો સમસ્ત વાત કરીએ તો ૪૮૪૬ ઉમેદવારોને બોલાવેલા હતા, એમાંથી હાજર રહ્યા ૬૦૪, હાજર રહ્યા એમાંથી ૪૨૪ લોકોને પ્રોત્સાહિત કર્યા એટલે એ લોકોએ ફોર્મ ભર્યા, એમણે ફોર્મ ભર્યા પછી જે લોન મંજૂર થઈ એવી ૧૮૮ લોકોની લોન મંજૂર થઈ, એ લોન મંજૂર થઈ એમાં અનુસૂચિત જાતિના ૧૧૨, અનુસૂચિત જનજાતિના ૩૦, બક્ષીપંચના ૫ અને અન્ય ૪૧ લોકો હતા, આ પ્રમાણે કુલ ૧૮૮ લોકોને લોન મળી, એમાં જે એજન્સી હતી, એ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર, એમાં લાભાર્થીની સંખ્યા હતી ૩૧ અને લોનનો જે પ્રકાર હતો એ પી.એમ.આર.વાય. એટલે કે વડાપ્રધાન રોજગાર યોજના, એ પ્રમાણે ૩૧ લોકોને રૂપિયા ૧૧,૯૦,૦૦૦/- ની લોન મળી, બીજી જે લોન મળી એ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર મારફતે જ મળી, એમાં ૧૫૭ લોકોને લોન મળી, એ બાજપાઈ બેન્કેબલ યોજના નીચે લોન મળી. એ રૂપિયા ૨૮,૮૯,૦૦૦/- ની લોન મળી, આમ કુલ ૧૮૮ લોકોને રૂપિયા ૪૦.૭૯ લાખની લોન મળી છે.

અનુસૂચિત જાતિના સ્નાતકોને તાલીમ અંગે

*૫૭૨૩ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને જુનિયર વકીલ તરીકે કેટલા વર્ષની તાલીમ આપવામાં આવે છે,

(૨) તાલીમ દરમ્યાન સ્ટાઈપન્ડ આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલું?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:

(૧)૩ (ત્રણ) વર્ષ

(૨) હાજી,

(૩) પ્રથમ વર્ષે માસિક રૂા.૧૦૦૦/-, બીજા વર્ષે માસિક રૂા.૮૦૦/- અને ત્રીજા વર્ષે માસિક રૂા.૬૦૦/-

શ્રી કાન્તિલાલ રા.લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, જે અનુસૂચિત જાતિના વકીલો અભ્યાસ કરીને બહાર આવે છે, એમાં છેલ્લાં પાંચ વર્ષની અંદર કુલ કેટલી નાણાંકીય જોગવાઈ કરી હતી અને એમાંથી કેટલો ખર્ચો થયો છે, પ્રશ્ન મારો બીજો એ છે કે, તાલીમ આપનાર જે સિનિયર વકીલ છે એને આપણે કોઈ સહાય ચૂકવીએ છીએ કે કેમ? તાલીમ આપ્યા બાદ વકીલોને એમની પ્રેકટીસ ચાલુ કરવા માટે આપણે કોઈ લોન, સહાયની વ્યવસ્થા કરેલ છે કે કેમ?

શ્રી ફકીરભાઈ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કાયદાની પદવી મેળવીને પ્રૅક્ટિસ કરતા જે અનુસૂચિત જાતિના વકીલ ભાઈઓ છે તેમની પરિસ્થિતિ આર્થિક રીતે સારી ન હોવાને કારણે તે સ્વતંત્ર પ્રૅક્ટિસ શરૂઆતમાં કરી શકતા નથી એટલા માટેની આ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર લઈ આવી હતી. પ્રથમ વર્ષે ૧૦૦૦ બીજા વર્ષે ૮૦૦ અને ત્રીજા વર્ષે ૬૦૦ એમ દર મહિને માસિક સ્ટાઈપેન્ડ તેને આપવાની વ્યવસ્થા છે. તેમને જે તાલીમ આપે છે તે તાલીમ આપનાર સિનિયર એડ્વોકેટ કે જેમને ૧૦ વર્ષનો અનુભવ હોય તે તેમને તાલીમ આપે છે. તેમને પણ સાહેબ આપણે માનદ્ સ્ટાઈપેન્ડ તરીકે ૫૦૦ રૂપિયા આપીએ છીએ. તેમનો જે પ્રશ્ન છે કે છેલ્લા ત્રણ વર્ષની અંદર કેટલા લાભાર્થીઓએ આનો લાભ લીધો ? તો ૨૦૦૬-૦૭માં ૪૦૯ તાલીમાર્થીઓને ૧ કરોડ અને ૯૦ લાખ બીજો તેનો ખર્ચ તેની સામે ૧ કરોડ અને ૯૪ લાખ થયો. ૨૦૦૭-૦૮માં ૯૮ લાખ, તેની સામે ખર્ચ થયો ૧ કરોડ અને ૯૭ લાખ અને તાલીમાર્થી ૭૨૪. તે જ રીતે ડિસેમ્બર સુધી ૨૦૦૮-૦૯માં તેની જોગવાઈ હતી ૨ કરોડ ૫૩ લાખની અને ખર્ચ થયો ૧ કરોડ ૧૦ લાખ અને તાલીમાર્થી ૧૧૩૫.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી તે પ્રમાણે અનુસૂચિત જાતિના વકીલોને શરૂઆતમાં તેની વકીલાતમાં શેટ થતાં સમય લાગે છે. અને એવા સંજોગોમાં તેમને આર્થિક રીતે મદદરૂપ થઈને તેમને શરૂઆતના દિવસોમાં ટકાવી રાખવા માટેની આ યોજના આવકાર્ય છે અને અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, આ યોજના જે અમલમાં આવી ત્યારથી આજદિન સુધીમાં કુલ કેટલા લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો અને જો શકય હોય તો આમાં કેટલા પુરૂષ અને કેટલા સ્ત્રી લાભાર્થીઓ છે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ આંકડો હું આપી શકું તેમ છું. લગભગ ૪૩૦૦ અનુસૂચિત જાતિના એડવોકેટે આમાં લાભ લીધો છે બાયફર્કેશન સાહેબ મારી પાસે હાથ ઉપર નથી.

## સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

***૬૮૫૨ શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૬૮

(૨) ૧૨૫૩૩

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મળી ગયો છે.

## બેકલોગની ખાલી જગ્યાઓ

***૫૭૩૨ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં તારીખ:૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સંવર્ગવાર અનુસૂચિત જાતિની કુલ કેટલી બેકલોગની જગ્યાઓ ખાલી છે,

(૨) સરકારે આ જગ્યાઓ ભરવા માટે શાં પગલાં લીધાં, અને

(૩) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગોમાં અનુ.જાતિનો કોઈ બેકલોગ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબથી સંતોષ છે.

## વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૬૮૪૬ શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન કુલ કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી શિક્ષિત ઉમેદવારો કેટલા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૧૪૬૩૪

(૨) ૭૭૧૬

**શ્રી ગુલસીંગભાઈ ર. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**ભાવનગર જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ.**

***૬૧૩૮ ડૉ. કનુભાઈ વા. કળસરીયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કઈ કઈ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કયા કયા ટ્રેડમાં વ્યાખ્યાતાઓની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ન ભરવાનાં શાં કારણો છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની ખાલી જગ્યાઓની માહિતી

* પત્રક મુજબ

(૨) આ જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને તા.૨-૭-૨૦૦૮ના રોજ માંગણીપત્રક મોકલી આપવામાં આવેલ છે. ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી પસંદગી યાદી મળેલ નથી. જેથી આ જગ્યાઓ ભરી શકાયેલ નથી.

(૩) આ જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને તા.૨-૭-૨૦૦૮ના રોજ માગણીપત્રક મોકલી આપવામાં આવેલ છે. ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી માગણીપત્રક મુજબ પસંદગી યાદી મળ્યેથી આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

* પત્રક મુજબ

*** પત્રક મુજબ**

તા. ૩૧/૧૨/૨૦૦૮ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની ખાલી જગ્યાઓની માહિતી

| ક્રમ | ઓદ્યોગિક તાલીમ સંસ્થાનું નામ | ટ્રેડનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧. કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામિંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | ૨. ડ્રાફ્ટ્સમેન સિવિલ | ૦૧ |
| | | ૩. રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મિકેનીક | ૦૧ |
| | | ૪. મિકેનીક ડીઝલ | ૦૨ |
| | | ૫. સ્ટેનોગ્રાફી અંગ્રેજી | ૦૧ |
| | | ૬. ટુ વ્હિલર ઓટો રિપેરર | ૦૨ |
| | | ૭. મેથ્સ ઈન્સ્ટ્રકટર | ૦૨ |
| | | ૮. ડ્રોઈંગ ઈન્સ્ટ્રકટર | ૦૨ |
| | | ૯. પ્લમ્બર | ૦૨ |
| | | ૧૦. સર્ટિફિકેટ કોર્ષ ઈન ઈ-કોમર્સ | ૦૨ |
| | | ૧૧. સર્ટિફિકેટ કોર્ષ ઈન સોફ્ટવેર પ્રોગ્રામિંગ | ૦૨ |
| ૨. | મહુવા | ૧. ઈલેક્ટ્રીશીયન | ૦૨ |
| | | ૨. વાયરમેન | ૦૧ |
| | | ૩. મેથ્સ-ક્મ-ડ્રોઈંગ | ૦૧ |
| | | ૪. વેલ્ડર-ક્મ-ફેબ્રિકેટર | ૦૧ |
| | | ૫. ટુ વ્હિલર ઓટો રિપેરર | ૦૧ |
| ૩. | પાલીતાણા | ૧. ઈલેક્ટ્રીશીયન | ૦૧ |
| | | ૨. વાયરમેન | ૦૨ |
| | | ૩. આર્મેચર એન્ડ મોટર રિવાઈન્ડીંગ | ૦૧ |
| ૪. | તળાજા | ૧. વેલ્ડર | ૦૨ |
| | | ૨. ઈલેક્ટ્રીશીયન | ૦૨ |
| | | ૩. કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામિંગ આસીસ્ટન્ટ | ૦૨ |
| | | ૪. મિકેનિક ડિઝલ | ૦૨ |
| | | ૫. મેથ્સ ક્મ ડ્રોઈંગ | ૦૧ |
| ૫. | વલભીપુર | ૧. આર્મેચર મોટર રિવાઈન્ડીંગ | ૦૧ |

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબમાં ખાલી જગ્યાઓ બતાવવામાં આવી છે તો તેમાં મહુવામાં કુલ મળીને ૬ જગ્યાઓ ખાલી છે તેને પૂરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળમાં રજૂઆત કરવામાં આવી છે. ત્યાં સુધી અમુક ટ્રેડમાં બિલકુલ એક એક જ જગ્યા હોય અને એક ખાલી છે એવા જે ટ્રેડ છે તેમાં માનનીય મંત્રીશ્રી જગ્યાઓ બીજેથી એડજેસ્ટ કરીને ભરવા માગે છે કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ગરીબ સફાઈ કામદારોના ઉત્થાન હેઠળ કરેલ ખર્ચ**

૬૯૫૦ **શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર(સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારે ગરીબ સફાઈ કામદારોના ઉત્થાન માટે છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૩૦૦ કરોડથી વધુ રકમ ગુજરાતને ફાળવી છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે રકમમાંથી ગરીબ સફાઈ કામદારોના ઉત્થાન માટે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારે ક્યા હેડે કેટલો ખર્ચ કર્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટ**

૬૨૫૮ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે તાલુકાવાર કુલ કેટલા કાર્યક્રમો થયા, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે થયેલ કાર્યક્રમોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ કાર્યક્રમ |
|---|---|---|
| ૧ | ફતેપુરા | ૨૦ |
| ૨ | ઝાલોદ | ૨૧ |
| ૩ | દાહોદ | ૫૩ |
| ૪ | ગરબાડા | ૩૨ |
| ૫ | લીમખેડા | ૨૫ |
| ૬ | ધાનપુર | ૨૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૮૨ |
| | **કુલ :** | **૨૫૩** |

(૨) આ કાર્યક્રમો પાછળ તાલુકાવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

(૨) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રમતગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | ફતેપુરા | રૂા.૧૧,૮૦૦/- |
| ૨ | ઝાલોદ | રૂા.૧૪,૪૮૦/- |
| ૩ | દાહોદ | રૂા.૬,૪૩,૩૨૦/- |
| ૪ | ગરબાડા | રૂા.૨૯,૬૬૯/- |
| ૫ | લીમખેડા | રૂા.૨૦,૫૬૨/- |
| ૬ | ધાનપુર | રૂા.૧૧,૮૦૦/- |
| ૭ | દેવગઢબારીયા | રૂા.૨૯,૧૨,૩૮૯/- |
| | **કુલ :-** | **રૂા.૩૬,૪૪,૦૨૦/-** |

------------

**રાજ્યમાં અનુસૂચિત જાતિઓની બેકલોગની જગ્યાઓ**

૬૦૭૭ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અનુસૂચિત જાતિઓના બેકલોગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) બેકલોગની આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૪ |
| વર્ગ-૩ | ૧૪૩ |
| વર્ગ-૪ | ૪ |
| કુલ : | ૧૫૨ |

(૨) જેમ બને તેમ જલ્દી.

------------

**રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

૬૧૯૯ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં રોજગાર કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**જવાબ**

(૧) ૨૬.

(૨) ૧૧૧૫.

------------

**કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમમાં પ્રાણઘાતક અકસ્માતોનું પ્રમાણ**

**૧૬૦/page>૬૮૩૦ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માતને કારણે શ્રમજીવીઓના મરણનું પ્રમાણ વધતું રહ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છના ભચાઉ / અંજાર/ ગાંધીધામ/ ભુજ/મુન્દ્રા/અબડાસા તાલુકાના ઓદ્યોગિક એકમોમાં કેટ કેટલા શ્રમજીવીઓના મૃત્યુ નોંધાયા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રાણઘાતક અકસ્માતને કારણે મરણનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટેલ છે. તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છના ભચાઉ, અંજાર, ગાંધીધામ, ભૂજ, મુન્દ્રા, અબડાસા તાલુકાના ઓદ્યોગિક એકમોમાં શ્રમજીવીઓના નોંધાયેલ મૃત્યુની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ભચાઉ | ૮ | ૪ | ૭ |
| ૨ | અંજાર | ૧૫ | ૧૦ | ૩ |
| ૩ | ગાંધીધામ | ૪ | ૩ | ૩ |
| ૪ | ભૂજ | ૨ | ૧ | ૪ |
| ૫ | મુન્દ્રા | ૫ | ૧૪ | ૧૧ |
| ૬ | અબડાસા | ૦ | ૦ | ૧ |
| | **કુલ :** | **૩૪** | **૩૨** | **૨૯** |

**રાજ્ય સરકારનું દેવું અને ચૂકવેલ વ્યાજ**

૬૮૭૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડિસેમ્બર, ૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની આર્થિક જવાબદારી (દેવા) માં કેટલો વધારો થયો છે,

(૨) તા.૩૧ જાન્યુઆરી, ૦૯ની સ્થિતિએ કુલ કેટલું દેવું છે, અને

(૩) આ અંગે કેટલી રકમોની વ્યાજ ચૂકવણી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા.૫૨૨૮.૧૫ કરોડ |
| ૨૦૦૭-૦૮ | રૂા.૬૭૧૬.૭૬ કરોડ |
| ૧-૪-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધીમાં દેવાં અંદાજે થયેલ વધારો. | રૂા.૧૧૬૪.૫૬ કરોડ |

(૨) અંદાજે રૂા.૮૩૨૧૨.૭૬ કરોડ.

(૩)

| | |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા.૬૧૮૩.૪૮ કરોડ |
| ૨૦૦૭-૦૮ | રૂા.૬૬૭૬.૪૯ કરોડ |

------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ અંગે**

૬૮૫૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમના ઓવરડ્રાફ્ટ કેટલીવાર લેવામાં આવ્યાં છે, અને

(૨) તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય સરકારના દેવા અંગે**

૬૯૫૪ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારના દેવામાં કેન્દ્ર સરકારનું કેટલું દેવું છે, અને

(૨) આ દેવામાં આંતરિક અને અન્ય પ્રકારનું કેટલું દેવું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારના દેવામાં કેન્દ્ર સરકારનું દેવું રૂા.૧૦૬૯૪.૮૬ કરોડ છે.

(૨) શૂન્ય.

------------

**ખેડા જિલ્લામાં ઉમેદવારીના રહેણાંકના સ્થળથી ઈન્ટરવ્યૂના સ્થળ સુધીના જવા આવવા અંગે ચૂકવેલ ભાડાની રકમ અંગે**

**૧૬૧/page>૪૭૪૫શ્રી માનસિંહ ચૌહાણ(બાલા સિનોર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા

કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રોજગાર કચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને રહેણાંકના સ્થળથી ઈન્ટરવ્યૂના સ્થળ સુધી આવવા જવાના એસ.ટી. ભાડું ચૂકવવાની યોજના અન્વયે ખેડા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલા ઉમેદવારોને કેટલી ભાડાની રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

૧૧૮૯ ઉમેદવારો માટે રૂા.૨૧,૫૫૧/- ની રકમ એસ.ટી. કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં રોજગાર કચેરીના ઉમેદવારોને ઈન્ટરવ્યૂના સ્થળે જવા આવવા ચૂકવેલ ભાડાની રકમ**

૪૭૮૪**શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રોજગાર કચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને રહેણાંક્ના સ્થળેથી ઈન્ટરવ્યૂના સ્થળ સુધી આવવા જવા માટે એસ.ટી. ભાડું ચૂકવવાની યોજના અન્વયે વડોદરા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલા ઉમેદવારોને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

૪૦૮૯ ઉમેદવારો માટે રૂા.૭૨,૨૩૩/- ની રકમ એસ.ટી.કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ છે.

------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન તેમજ ચૂકવેલ વ્યાજ**

૬૯૬૪**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં આંતરિક, બાહ્ય તથા સરકારી લોન કેટલી લીધેલ છે, અને

(૨) આ લોન પેટે કેટ કેટલું વ્યાજ ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| | ૨૦૦૭-૦૮ | ૧-૪-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ |
|---|---|---|
| આંતરિક લોન | રૂા.૮૬૧૧.૧૦કરોડ | રૂા.૨૮૩૫.૬૮કરોડ |
| બાહ્ય લોન | શૂન્ય | શૂન્ય |

(૨)

| | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | અંદાજે રૂા.૬૬૭૬.૪૯ કરોડ |
| તા.૧-૪-૦૮ થી તારીખ.૩૧-૧૨-૦૮ સુધીમાં ચૂકવેલ વ્યાજ | અંદાજે રૂા.૫૩૭૪.૯૫ કરોડ |

------------

**સુરત જિલ્લામાં નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને ચૂકવેલ ભાડાની રકમ**

૫૬૨૫ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રોજગાર વિનિમય કચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલા ઉમેદવારોને રહેણાંક્ના સ્થળથી ઈન્ટરવ્યૂના સ્થળ સુધી આવવા-જવાના એસ.ટી. ભાડું ચૂકવવાની યોજના અન્વયે સુરત જિલ્લામાં સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલા ઉમેદવારોને કેટલી રકમ ભાડા પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

૧૫૭૭ ઉમેદવારો માટે રૂા.૭૯૬૬/- ની રકમ એસ.ટી. કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ છે.

------------

**લઘુત્તમ વેતનનો દર**

૬૪૦૦**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(લીમખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ લઘ ુત્તમ વેતનનો દર પુરૂષ કામદાર અને મહીલા કામદાર માટે કેટલા રૂપિયા અમલમાં છે,

**જવાબ**

(૧) લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ની અનુસૂચિ, ભાગ-૧ માં અનુસૂચિત રોજગારી માટેના વ્યવસાયમાં પુરૂષ શ્રમયોગીઓ અને મહિલા શ્રમયોગીઓ માટે લઘ ુત્તમ વેતનના સરેરાશ દર તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ઝોન | કુશળ | | | અર્ધ કુશળ | | | બિન કુશળ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પગાર | ખાસ ભથ્થું | કુલ રૂપિયા | પગાર | ખાસ ભથ્થું | કુલ રૂપિયા | પગાર | ખાસ ભથ્થું | કુલ રૂપિયા |
| ૧ | ૬૪-૦૦ | ૫૨-૨૦ | ૧૧૬-૨૦ | ૬૧-૫૦ | ૫૨-૨૦ | ૧૧૩-૭૦ | ૫૯-૮૦ | ૫૨-૨૦ | ૧૧૨-૦૦ |
| ૨ | ૬૨-૬૦ | ૫૨-૨૦ | ૧૧૪-૮૦ | ૬૧-૦૦ | ૫૨-૨૦ | ૧૧૩-૨૦ | ૫૫-૮૦ | ૫૨-૨૦ | ૧૦૮-૦૦ |

જ્યારે લઘુત્તમ વેતનધારા, ૧૯૪૮ની અનુસૂચિત ભાગ-૨ માં ખેત વ્યવસાય લઘુત્તમ વેતનનો દર રૂા.૧૦૦/- છે.

(૨) દાહોદ જિલ્લામાં લઘુત્તમ વેતનનો ભંગ કરતી કેટલી ફરિયાદો આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, જે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) લઘુત્તમ વેતનના દરો છેલ્લા ક્યારે નક્કી કરવામાં આવ્યા હતા ?

તેમજ ટનદીઠ શેરડી કાપણી અને ભરણીની કામગીરી માટે રૂા.૧૭૦/- લઘુત્તમ વેતનનો દર અમલમાં છે. આ બે વ્યવસાયોમાં પુરુષ અને મહિલા કામદારો માટે સમાન વેતનદર લાગુ પાડવામાં આવ્યા છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કુલ ૪ ફરીયાદો મળેલ છે તે પૈકી ૩ ફરીયાદોના નિકાલ થયેલ છે અને એક ફરીયાદ પડતર છે.

(૩) લઘુત્તમ વેતનધારા, ૧૯૪૮ની અનુસૂચિત ભાગ-૨ માં ખેત વ્યવસાયમાં જનરલ કામગીરી માટે તા.૧૭-૭-૦૮ના જાહેરનામાથી અને શેરડી કાપણી અને ભરણીની કામગીરીમાં તા.૧-૧૨-૦૮ના જાહેરનામાથી લઘુત્તમ વેતનના દર નક્કી કરવામાં આવેલ છે.

જ્યારે લઘુત્તમ વેતનધારા, ૧૯૪૮ની અનુસૂચિત ભાગ-૧ માં દર્શાવેલ અનુસૂચિ વ્યવસાયો પૈકી અગરબત્તી બનાવતાં શ્રમિકોના લઘુત્તમ વેતનના દર તા.૨૫-૮-૨૦૦૪ના જાહેરનામાથી, ખાનગી સંસ્થામાં રોકાયેલા ખાનગી સલામતિ રક્ષકોના લઘુત્તમ વેતનના દર તા.૧૪-૮-૨૦૦૬ના જાહેરનામાથી નક્કી કરવામાં આવેલ છે. જ્યારે સદરહુ અનુસૂચિતના અન્ય ૪૯ વ્યવસાયોમાં લઘુત્તમ વેતનનો દર તા.૧૧-૨-૦૯ના ૪૯ જાહેરનામાથી સુધારવામાં આવેલ છે.

------------

## રાસાયણિક ખાતર પરના વેટની થયેલ આવક

૬૩૨૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ખેડૂતોને વેચાણ થતા રાસાયણિક ખાતરો ઉપર રાજ્ય સરકાર વેટ લે છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં આવા વેચાણથી રાજ્ય સરકારને કેટલી આવક થઈ ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા.૬૮.૨૯ કરોડ અને વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૮૧.૩૭ કરોડ. |

------------

## પંચમહાલ જિલ્લામાં ટ્રેઝરી કચેરી શરૂ કરવા અંગે

૫૦૫૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કેટલા તાલુકાઓમાં ટ્રેઝરી ઓફિસ નથી, | (૧) ત્રણ. |
| (૨) સરકારે ટ્રેઝરી ઓફિસો તાલુકાદીઠ શરૂ કરવા શું આયોજન કરેલ છે, અને | (૨) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજ્ય સરકાર દ્વારા ટૂંકાગાળા માટે લીધેલ લોન

૪૭૪૨**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ટૂંકા ગાળા માટે ખુલ્લા બજારમાંથી કુલ કેટલી રકમની લોન લીધી, અને | (૧) શૂન્ય. |
| (૨) આ લોન ઉપર કેટલા ટકા વ્યાજ ચૂકવાયું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**દાહોદ જિલ્લામાં શ્રમયોગીઓના થયેલ મૃત્યુ અંગે ચૂકવેલ સહાય**

૬૧૭૬ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા શ્રમયોગીઓ નોંધાયેલ છે,

(૨) આ પેકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા, અને

(૩) આ અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં કુલ ૫૭,૩૪૬ ખેત શ્રમયોગીઓ નોંધાયેલ છે. (ઓળખકાર્ડ અપાયેલ હોય તે) જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ ખેત શ્રમિકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૦૫,૩૨૨ |
| ૨ | ગરબાડા | ૦૯,૫૪૧ |
| ૩ | ઝાલોદ | ૦૭,૨૫૦ |
| ૪ | ફતેપુરા | ૧૧,૬૭૧ |
| ૫ | દેવગઢબારીયા | ૦૫,૦૬૨ |
| ૬ | લીમખેડા | ૦૮,૮૬૨ |
| ૭ | ધાનપુર | ૦૯,૬૩૮ |
| | કુલ : | ૫૭,૩૪૬ |

(૨) આ પેકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ-૭૯ શ્રમયોગીઓના અકસ્માતે મૃત્યુ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | અકસ્માતે મૃત્યુ પામેલ ખેતશ્રમિકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૨ |
| ૨ | ગરબાડા | ૦૬ |
| ૩ | ઝાલોદ | ૨૫ |
| ૪ | ફતેપુરા | ૧૩ |
| ૫ | દેવગઢબારીયા | ૦૪ |
| ૬ | લીમખેડા | ૧૮ |
| ૭ | ધાનપુર | ૦૧ |
| | કુલ : | ૭૯ |

(૩) આ અન્વયે રૂ.૩૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા) સહાય ચૂકવવામાં આવી.

------------

**આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૪૯૫૭**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં રોજગાર કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા બેરોજગાર પુરૂષ અને મહિલા નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પુરૂષ અને કેટલા મહિલા બેરોજગારો નોકરી મેળવી શક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા

| પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| ૧૯૬૮૭ | ૫૫૬૩ | ૨૫૨૫૦ |

(૨) છેલ્લા એક વર્ષમાં નોકરી મેળવેલ બેરોજગારોની સંખ્યા

| પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| ૪૭૯૪ | ૭૮૮ | ૫૫૮૨ |

------------

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં બક્ષીપંચની છાત્રાલયોને ફાળવેલ ગ્રાન્ટ**
**૬૨૭૯શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે કેટલી આશ્રમશાળાઓ, છાત્રાલયો, બાલવાડીઓ તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કાર્યરત છે, અને

(૨) આ સંસ્થાઓને વાર્ષિક કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ૪ આશ્રમશાળાઓ, ૯ છાત્રાલયો કાર્યરત છે. બાલવાડીઓ તા. ૨૮-૩-૨૦૦૭ ના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે વાર્ષિક ગ્રાન્ટ આપવામાં આવે છે.

------------

**સરકારનું આંતરિક અને બાહ્ય દેવું**
**૪૭૮૮શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારનું બાહ્ય અને આંતરિક દેવું કેટલું છે, અને

(૨) આ દેવા પેટે વાર્ષિક કેટલું વ્યાજ ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યનું બાહ્ય દેવું શૂન્ય છે જ્યારે આંતરિક દેવું રૂા. ૮૦૦૩૫.૩૧ કરોડ છે.

(૨)

| | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | અંદાજે રૂા.૬૬૭૬.૪૯ કરોડ |
અતારાંક્તિ : ૩૨ (૨૮-૨-૦૮) **શ્રી ભરતભાઈ બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી ખેત-તલાવડીઓ તથા ચેક-ડેમ ગ્રામ વિકાસ વિભાગની યોજના નીચે બનાવવામાં આવ્યા,

(૨) આ પહેલા કેટલી ખેત તલાવડી અને ચેકડેમો રાજ્યમાં ગ્રામ વિકાસ વિભાગે બનાવ્યા હતા, અને

(૩) રાજ્યને આ માટે કોઈ પુરસ્કાર મળેલ છે કે કેમ ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૧૨-૦૮) :

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬-૦૭ તથા વર્ષ ૨૦૦૭-૦૮ માં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ૧૮,૭૪૭ ખેત તલાવડીઓ તથા ૮,૯૪૯ ચેકડેમો ગ્રામ વિકાસ વિભાગની યોજના નીચે બનાવવામાં આવ્યા,

(૨) આ પહેલા ૮૪,૪૨૩ ખેત તલાવડીઓ અને ૮,૬૩૩ ચેકડેમો રાજ્યમાં ગ્રામ વિકાસ વિભાગે બનાવ્યા હતા.

(૩) હા, જી. કાપામ ઈન્ટરનેશનલ સંસ્થા તરફથી કમિશ્નર ગ્રામ વિકાસને ખેત તલાવડીની કામગીરી અંગે પ્રમાણપત્ર મળેલ છે.

------------

## ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં ઈન્દીરા આવાસ યોજનાના આવાસો

અતારાંક્તિ : ૧૫૩ (૨૦-૬-૦૮) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ઈન્દીરા આવાસ યોજના હેઠળ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામ બાકી છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૫-૧૧-૦૮) :

(૧) તા,૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ-૪૬૦ કામ (આવાસો) ઈન્દીરા આવાસ યોજના હેઠળ પૂર્ણ કરવામાં આવ્યા. (**પત્રક-૧** સામેલ છે.)

(૨) કુલ-૬૪૫ કામો બાકી છે.

(૩) ઈન્દીરા આવાસ યોજનાના મકાનો લાભાર્થી જાતે બનાવે છે અને જાતે જ પૂર્ણ કરે છે. સબબ બાકી રહેતા કામો વહેલી તકે પૂર્ણ થાય તેવું આયોજન હાથ ધરેલ છે.

**પ ત્ર ક - ૧**

ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં ઈન્દીરા આવાસ યોજનાના પૂર્ણ થયેલ અને બાકી આવાસોના કામોની માહિતી દર્શાવતું પત્રક.

| ક્રમ | તાલુકાનું નામ | પૂર્ણ થયેલ આવાસ | | કુલ | તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી આવાસના કામો |
|---|---|---|---|---|---|
| | | તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ | તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ધ્રોલ | ૪૬ | ૨૪ | ૭૦ | ૮૫ |
| ૨ | જોડીયા | ૧૭૨ | ૩૬ | ૨૦૮ | ૧૧૧ |
| ૩ | જામનગર | ૧૦૭ | ૭૫ | ૧૮૨ | ૪૪૯ |
| | **કુલ :** | **૩૨૫** | **૧૩૫** | **૪૬૦** | **૬૪૫** |

------------

## આણંદ જિલ્લાના એસ.જી.આર.વાય. યોજનાના કામો

અતારાંક્તિ : ૨૫૬ (૨૧-૭-૦૮) **શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા પંચાયત દ્વારા એસ.જી.આર.વાય. અંતર્ગત વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કેટલા કામો મંજૂર થયા અને કેટલા પૂરા થયા,

(૨) પૂરા થયેલ કામોમાંથી કેટલાનું ચૂકવણું થયું છે અને તા.૩૧-૩-૦૮ની સ્થિતિએ કેટલું બાકી છે,

(૩) ચૂકવણું બાકી હોય તો તેના માટેના કારણો ક્યા છે,

(૪) ચૂકવણું ન થવા પાછળ ક્યા અધિકારીઓ તથા કર્મચારી કે ક્યા પરિબળો જવાબદાર છે, અને

(૫) ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતાં લાખો રૂપિયાનું ચૂકવણું થયેલ નથી તેના કારણો શા છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૮) :

(૧) આણંદ જિલ્લામાં જિલ્લા પંચાયત દ્વારા એસ.જી.આર.વાય. અંતર્ગત વર્ષ ૨૦૦૪-૦૫ માં ૧૪૨૬ કામો મંજૂર કરવામાં આવ્યા અને ૧૧૮૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા અને ૨૦૦૫-૦૬ માં ૧૮૬ કામો મંજૂર કરવામાં આવ્યા અને ૨૮૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) પુરા થયેલ કામોમાંથી ૧૪૩૦ કામોનું રૂા.૧૦૯.૨૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું અને તા.૩૧-૩-૦૮ની સ્થિતિએ ૪૧ કામોનું ૪૦.૬૪ લાખનું ચૂકવણું બાકીમાં છે.

(૩) કોર્ટ કેસના કારણે જિલ્લા વિજીલન્સ અને મોનીટરીંગ કમિટિ તરફથી ચૂકવણા અંગે કોઈ નિર્ણય કરવામાં આવેલ નથી.

(૪) કોર્ટ કેસના કારણે જિલ્લા વિજીલન્સ અને મોનીટરીંગ કમિટિ તરફથી ચૂકવણા અંગે કોઈ નિર્ણય કરવામાં આવેલ નથી. તેમજ કોઈની જવાબદારી પણ નક્કી કરવામાં આવેલ નથી.

(૫) કોર્ટ કેસના કારણે જિલ્લા વિજીલન્સ અને મોનીટરીંગ કમિટિ તરફથી ચૂકવણા અંગે કોઈ નિર્ણય કરવામાં આવેલ નથી.

------------

## ગરીબી નિવારણ કાર્યક્રમ માટે થયેલ ખર્ચ

અતારાંકિત : ૩૯૧ (૨૧-૭-૦૮) **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગરીબી નિવારણના ક્યા ક્યા કાર્યક્રમ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) જિલ્લાવાર આ કાર્યક્રમોનો કેટલા ગરીબ કુટુંબોને કેટલા ખર્ચે લાભ આપવામાં આવ્યો,

(૩) આ અંગે જિલ્લાવાર કેટલો લક્ષ્યાંક રાખવામાં આવ્યો, અને

(૪) કેટલી સિધ્ધિ મળી ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૧-૧૧-૦૮) :

(૧) તા.૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગરીબી નિવારણના કાર્યક્રમો હેઠળ કરવામાં આવેલ ખર્ચની યોજનાવાર વિગતો નીચે મુજબ છે.

| યોજનાનું નામ | ૨૦૦૬-૦૭ દરમ્યાન થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | ૨૦૦૭-૦૮ દરમ્યાન થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | છેલ્લા બે વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કુલ ખર્ચ |
|---|---|---|---|
| સ્વર્ણ જ્યંતિ ગ્રામ રોજગાર યોજના (SGSY) | ૨૮૬૦.૦૬ | ૪૩૪૬.૫૦ | ૭૨૦૬.૫૬ |
| ઈન્દીરા આવાસ યોજના (IAY) | ૧૫૪૪૩.૬૨ | ૨૨૪૫૨.૯૪ | ૩૭૮૯૬.૫૬ |
| સખી મંડળ | ૦.૦૦ | ૭૦૦.૪૮ | ૭૦૦.૪૮ |
| સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના | ૧૧૭૯૩.૧૧ | ૧૦૧૦૭.૮૯ | ૨૧૯૦૧.૦૦ |
| રાષ્ટ્રિય/ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના | ૮૬૦૩.૧૦ | ૮૧૮૩.૭૧ | ૧૬૭૮૬.૮૧ |

(૨) આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાવાર ગરીબ કુટુંબોને આપવામાં આવેલ લાભ અને ખર્ચની વિગતો આ સાથેના ***પરિશિષ્ટ-અ** મુજબ છે.

(૩) આ કાર્યક્રમો અંતર્ગત લક્ષ્યાંકોની વિગતો આ સાથે **પરિશિષ્ટ-બ*** માં સામેલ છે.

(૪) આ કાર્યક્રમો અંતર્ગત મળેલ સિધ્ધિની વિગતો આ સાથે **પરિશિષ્ટ-બ*** માં સામેલ છે.

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## તાપી જિલ્લામાં ઈન્દીરા આવાસ યોજનાના આવાસો બાંધવા અંગે

અતારાંકિત : ૫૩૨ (૪-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દીરા આવાસ બાંધવાનું કેટલું આયોજન તાપી જિલ્લામાં તાલુકાવાર હતું,

(૨) તે પૈકી કેટલા આવાસો તૈયાર થયા અને કેટલા બાકી છે,

(૩) આયોજન હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આવા ગરીબોના આવાસોમાં સુધારા કરવાની માંગણીઓ ક્યા ક્યા તબક્કે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૧૨-૦૮) :

(૧) તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા આવાસ-૧૩૮૧૩ અને સુધારણા આવાસ-૧૨૨૬ એમ કુલ-૧૫૦૩૯ ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન તાપી જિલ્લામાં તાલુકાવાર હતું. (સામેલ **પત્રક-૧** મુજબ)

(૨) તે પૈકી નવા આવાસ-૯૦૧૦ અને સુધારણા આવાસ-૭૬૧ એમ કુલ-૯૭૭૧ આવાસો તૈયાર થયા તથા ૪૫૬૩ નવા આવાસો અને સુધારણા આવાસ-૪૬૫ એમ કુલ-૫૦૨૮ આવાસો બાકી છે. (સામેલ **પત્રક-૨** મુજબ.)

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કુલ રૂા.૪૧૧૨.૧૨ લાખની ગ્રાન્ટ ફાળવી.

(૪) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં મંજૂર કરેલ તમામ સુધારણા આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૮-૦૯ માં ૪૬૫ સુધારણા આવાસોનું આયોજન કરી તેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

**પ ત્ર ક - ૧**

તાપી જિલ્લામાં ઈન્દીરા આવાસ બાંધવાનું આયોજન તથા પૂર્ણ થયેલ આવાસોની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો બાંધવાનું આયોજન (તા.૩૦-૬-૦૮ અંતિત) | | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | કુલ | | |
| | | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ (૩+૫+૭) | સુધારણા આવાસ (૪+૬+૮) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | નિઝર | ૯૧૫ | ૧૪૮ | ૧૭૫૫ | ૧૭૩ | ૧૫૬૦ | ૧૪૮ | ૪૨૩૦ | ૪૬૯ | ૪૬૯૯ |
| ૨ | સોનગઢ | ૭૮૫ | ૨૭ | ૮૭૯ | ૦ | ૭૯૦ | ૭૪ | ૨૪૫૪ | ૧૦૧ | ૨૫૫૫ |
| ૩ | ઉચ્છલ | ૭૩૦ | ૮૧ | ૧૨૯૦ | ૧૨૭ | ૧૦૩૦ | ૯૭ | ૩૦૫૦ | ૩૦૫ | ૩૩૫૫ |
| ૪ | વાલોડ | ૨૮૦ | ૩૮ | ૪૦૦ | ૫૮ | ૬૧૦ | ૫૮ | ૧૨૯૦ | ૧૫૪ | ૧૪૪૪ |
| ૫ | વ્યારા | ૮૧૧ | ૧૦૯ | ૧૦૨૮ | ૦ | ૯૫૦ | ૮૮ | ૨૭૮૯ | ૧૯૭ | ૨૯૮૬ |
| **કુલ :** | | **૩૫૨૧** | **૪૦૩** | **૫૩૫૨** | **૩૫૮** | **૪૯૪૦** | **૪૬૫** | **૧૩૮૧૩** | **૧૨૨૬** | **૧૫૦૩૯** |

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો તૈયાર થયા (તા.૩૦-૬-૦૮ અંતિત) | | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | કુલ | | |
| | | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | |
| ૧ | ૨ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | નિઝર | ૯૧૧ | ૧૪૮ | ૧૭૨૫ | ૧૭૩ | ૩૫ | ૦ | ૨૭૧૧ | ૩૨૧ | ૩૦૩૨ |
| ૨ | સોનગઢ | ૭૬૪ | ૨૭ | ૮૨૪ | ૦ | ૮૦ | ૦ | ૧૬૬૮ | ૨૭ | ૧૬૯૫ |
| ૩ | ઉચ્છલ | ૮૦૦ | ૮૧ | ૧૨૯૫ | ૧૨૭ | ૩૦ | ૦ | ૨૧૨૫ | ૨૦૮ | ૨૩૩૩ |
| ૪ | વાલોડ | ૩૦૨ | ૩૮ | ૩૮૫ | ૫૮ | ૨૦ | ૦ | ૭૦૭ | ૯૬ | ૮૦૩ |
| ૫ | વ્યારા | ૮૦૭ | ૧૦૯ | ૭૮૦ | ૦ | ૨૧૨ | ૦ | ૧૭૯૯ | ૧૦૯ | ૧૯૦૮ |
| **કુલ :** | | **૩૬૨૪** | **૪૦૩** | **૫૦૦૯** | **૩૫૮** | **૩૭૭** | **૦** | **૯૦૧૦** | **૭૬૧** | **૯૭૭૧** |

**૫ ત્ર ક -૨**

ાપી જિલ્લામાં ઈન્દીરા આવાસ યોજનામાં બાકી આવાસો તથા કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટની માહિતી દર્શાવતું પત્રક.

| ક્રમ | તાલુકાનું | બાકી આવાસો (તા.૩૦-૬-૦૮ અંતિત) | | | | | | | | કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ (રૂા.લાખમાં) (તા.૩૦-૬-૦૮ અંતિત) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | કુલ | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| | | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ (૩+૫+૭) | સુધારણા આવાસ (૪+૬+૮) | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | નિઝર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૨૫ | ૧૪૮ | ૧૫૨૫ | ૧૪૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સોનગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૧૦ | ૭૪ | ૭૧૦ | ૭૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ઉચ્છલ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૦૦ | ૯૭ | ૧૦૦૦ | ૯૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વાલોડ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૯૦ | ૫૮ | ૫૯૦ | ૫૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વ્યારા | ૦ | ૦ | ૦ | ૦ | ૭૩૮ | ૮૮ | ૭૩૮ | ૮૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ : | | **૦** | **૦** | **૦** | **૦** | **૪૫૬૩** | **૪૬૫** | **૪૫૬૩** | **૪૬૫** | **૯૩૦.૬૪** | **૧૩૮૨.૭૩** | **૧૭૯૮.૭૫** | **૪૧૧૨.૧૨** |

## નિઝર, ઉચ્છલ અને સોનગઢ તાલુકામાં ખેત તલાવડીઓ

અતારાંક્તિ : ૫૩૪ (૪-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ખેત તલાવડીઓ ગ્રામ વિકાસ ખાતા ધ્વારા બનાવવામાં આવી,

(૨) તે પૈકી નિઝર , ઉચ્છલ અને સોનગઢ તાલુકામાં ક્યા ક્યા ગામે કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી,

(૩) તેની પાછળ કેટલા માનવ દિવસો કામ થયું, અને

(૪) કેટલી રકમ રોકડ સ્વરૂપે ચુકવાઈ અને કેટલુ અનાજ આપવામાં આવ્યું?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૨-૧૨-૦૮) :

(૧) તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ ૯૦૯ ખેત તલાવડી બનાવવામાં આવી. (પત્રક-૧ સામેલ છે) *

(૨) નિઝર તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૦ ગામોમાં ૪૦ અને વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૧ ગામોમાં ૪૯ ખેત તલાવડી બનાવી. જ્યારે ઉચ્છલ તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૫ ગામોમાં ૯૧ અને વર્ષ ૨૦૦૭-૦૮માં ખેત તલાવડી બનાવેલ નથી અને સોનગઢ તાલુકામાં ૨૦૦૬-૦૭માં ૫૨ ગામોમાં ૪૦૮ અને વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૨ ગામોમાં ૧૧૪ ખેત તલાવડીઓ બનાવી. (પત્રક-૨ સામેલ છે) *

(૩) થયેલ કામના માનવદિવસો નીચે મુજબ છે.

| **તાલુકા** | **થયેલ કામના માનવદિનો** |
|---|---|
| નિઝર | ૪૦૦૫ |
| ઉચ્છલ | ૬૬૪૩ |
| સોનગઢ | ૧૬૬૫૪ |

(૪) ચુકવાયેલ રોકડ રકમ અને આપેલ અનાજની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | ચુક્વેલ રોકડ રકમ | આપેલ અનાજ કિ.ગ્રા. |
|---|---|---|
| નિઝર | ૧૪૧૪૦૦ | ૨૮૦૦૦ |
| ઉચ્છલ | ૩૨૩૦૧૬ | શુન્ય |
| સોનગઢ | ૧૬૮૯૦૬૩ | ૩૫૫૨ |

**પત્રક-૧**

**તા.૩૦/૦૬/૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાવવામાં આવેલ ખેતતલાવડીઓની વિગત**

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષવાર બનાવેલ ખેતતલાવડીઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૭/૦૬ થી તા.૩૧/૦૩/૦૭સુધી | તા.૦૧/૦૪/૦૭ થી તા.૩૧/૦૩/૦૮સુધી | તા.૦૧/૦૪/૦૮થી તા.૩૦/૦૬/૦૮સુધી | કુલ |
| ૧ | નિઝર | ૪૦ | ૪૯ | ૦ | ૮૯ |
| ૨ | ઉચ્છલ | ૯૧ | ૦ | ૦ | ૯૧ |
| ૩ | સોનગઢ | ૪૦૮ | ૧૧૪ | ૦ | ૫૨૨ |
| ૪ | વાલોડ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૫ | વ્યારા | ૧૦૦ | ૧૦૫ | ૦ | ૨૦૫ |
| | કુલ | ૬૪૧ | ૨૬૮ | ૦ | ૯૦૯ |

**પત્રક-૨**

**તા.૩૦/૦૬/૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાવવામાં આવેલ ખેતતલાવડીઓની વિગત**

| અ. ન. | તાલુકાનું નામ | વર્ષવાર બનાવેલ ખેતતલાવડીઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૭/૦૬ થી તા. ૩૧/૦૩/૦૭ સુધી | | તા.૦૧/૦૪/૦૭ થી તા.૩૧/૩/૦૮સુધી | | તા.૦૧/૦૪/૦૮થી તા.૩૦/૦૬/૦૮સુધી | | કુલ |
| | | ગામનું નામ | ખેતતલાવડીની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડીની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડીની સંખ્યા | |
| ૧ | નિઝર | ઈટવાઈ | ૫ | ઈટવાઈ | ૧૧ | | | ૧૬ |
| ૨ | | ડાબરીઆંબા | ૭ | ડાબરીઆંબા | ૨ | | | ૯ |
| ૩ | | હાથનુંર | ૫ | મોરંબા | ૧ | | | ૬ |
| ૪ | | લેકુંરવાડી | ૧ | રૂમકીતલાવ | ૬ | | | ૭ |
| ૫ | | રાયગઢ | ૨ | વડલી | ૩ | | | ૫ |
| ૬ | | ઉમજા | ૫ | તાપીખડતલા | ૧૧ | | | ૧૬ |
| ૭ | | આમોડા | ૫ | સાયલા | ૧ | | | ૬ |
| ૮ | | સાયલા | ૫ | બોરડા | ૨ | | | ૭ |
| ૯ | | વડલી | ૨ | ખનોરા | ૨ | | | ૪ |
| ૧૦ | | ખેરવા | ૩ | બાલવા | ૫ | | | ૮ |
| | | | | ચોખી આમલી | ૫ | | | ૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **કુલ** | | | **૪૦** | **કુલ** | **૪૯** | | | **૮૯** |
| ૧ | ઉચ્છલ | મોહિની | ૮ | | | | | ૮ |
| ૨ | | સુદરપુર | ૧ | | | | | ૧ |
| ૩ | | સાકરદા | ૬ | | | | | ૬ |
| ૪ | | કટાસવાણ | ૩ | | | | | ૩ |
| ૫ | | નારણપુર | ૨૧ | | | | | ૨૧ |
| ૬ | | વાધસેપામોટ | ૫ | | | | | ૫ |
| ૭ | | વડગામ | ૧૨ | | | | | ૧૨ |
| ૮ | | કુઈદા | ૫ | | | | | ૫ |
| ૯ | | ચંદાપોર | ૭ | | | | | ૭ |
| ૧૦ | | ભીતબુદ્રક | ૧ | | | | | ૧ |
| ૧૧ | | વાધસેપાનાના | ૬ | | | | | ૬ |
| ૧૨ | | આરકાટી | ૧ | | | | | ૧ |
| ૧૩ | | કરોડ | ૫ | | | | | ૫ |
| ૧૪ | | પાણીબાર | ૯ | | | | | ૯ |
| ૧૫ | | આમોદા | ૧ | | | | | ૧ |
| **કુલ** | | | **૯૧** | | | | | **૯૧** |

## વર્ષવાર બનાવેલ ખેતતલાવડીઓની સંખ્યા

## તા.૩૦/૦૬/૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાવવામાં આવેલ ખેતતલાવડીઓની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર બનાવેલ ખેતતલાવડીઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૭/૦૬ થી તા. ૩૧/૦૩/૦૭ સુધી | | તા.૦૧/૦૪/૦૭ થી તા.૩૧/૩/૦૮સુધી | | તા.૦૧/૦૪/૦૮થી તા.૦૧/૦૬/૦૮સુધી | | કુલ |
| | | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | |
| ૧ | સોનગઢ | ગુણસદા | ૧૦ | રાણીઆંબા | ૧૨ | | | ૨૨ |
| ૨ | | રામપુર કોઠાર | ૧૦ | ચાપાવાડી | ૪ | | | ૧૪ |
| ૩ | | ચીમકુવા | ૧૨ | ગોપાલપુર | ૫ | | | ૧૭ |
| ૪ | | સાદડકુવા | ૬ | નિશાણા | ૧૨ | | | ૧૮ |
| ૫ | | સોનરાપાડા | ૨ | તરસાડી | ૨૦ | | | ૨૨ |
| ૬ | | મેયાલી | ૭ | ધોડચીત | ૧૪ | | | ૨૧ |
| ૭ | | ભટવાડા | ૧૯ | ટોકરવા | ૧ | | | ૨૦ |
| ૮ | | દોણ | ૨૦ | મલંગદેવ | ૨૭ | | | ૪૭ |
| ૯ | | સાંઢકુવા | ૮ | ખપાતીયા | ૫ | | | ૧૩ |
| ૧૦ | | ખોખસા | ૮ | વાઝરડા | ૬ | | | ૧૪ |
| ૧૧ | | બાવલી | ૬ | આમલી | ૭ | | | ૧૩ |
| ૧૨ | | ગુંડી | ૨ | બેડી | ૧ | | | ૩ |
| ૧૩ | | તરસાડી | ૧૭ | | | | | ૧૭ |
| ૧૪ | | ગુનખડી | ૨ | | | | | ૨ |
| ૧૫ | | મલંગદેવ | ૧ | | | | | ૧ |
| ૧૬ | | મોધવાણ | ૨૩ | | | | | ૨૩ |
| ૧૭ | | કુઈલીવેલ | ૨૧ | | | | | ૨૧ |
| ૧૮ | | મહુડી | ૨૨ | | | | | ૨૨ |
| ૧૯ | | બેંડવાણ પ્ર. ભેશરોડ | ૧૦ | | | | | ૧૦ |
| ૨૦ | | ધોડચીત | ૨૩ | | | | | ૨૩ |
| ૨૧ | | રાણીઆંબા | ૧૦ | | | | | ૧૦ |
| ૨૨ | | સરજામલી | ૪ | | | | | ૪ |
| ૨૩ | | વાઝરડા | ૨૨ | | | | | ૨૨ |
| ૨૪ | | આંબા | ૩ | | | | | ૩ |
| ૨૫ | | ચાપાવાડી | ૧૩ | | | | | ૧૩ |
| ૨૬ | | ધમોલી | ૧૪ | | | | | ૧૪ |
| ૨૭ | | ખડકા ચીખલી | ૨ | | | | | ૨ |
| ૨૮ | | ચીખલી ભેશરોટ | ૭ | | | | | ૭ |
| ૨૯ | | વેલઝર | ૩ | | | | | ૩ |
| ૩૦ | | હનુમંતિયા | ૧ | | | | | ૧ |
| ૩૧ | | નવી બાવલી | ૫ | | | | | ૫ |
| ૩૨ | | ચીખલપાડા | ૪ | | | | | ૪ |
| ૩૩ | | ખેરવાડા | ૬ | | | | | ૬ |
| ૩૪ | | લીબી | ૫ | | | | | ૫ |
| ૩૫ | | વાજપુર | ૧૭ | | | | | ૧૭ |
| ૩૬ | | બોરદા | ૨ | | | | | ૨ |
| ૩૭ | | ઉખલડા | ૮ | | | | | ૮ |
| ૩૮ | | આમલી | ૨ | | | | | ૨ |
| ૩૯ | | ટોકરવા | ૧૩ | | | | | ૧૩ |
| ૪૦ | | બાલ અમરાઈ | ૬ | | | | | ૬ |
| ૪૧ | | એક્લખાંભ | ૬ | | | | | ૬ |
| ૪૨ | | વાગદા | ૧ | | | | | ૧ |
| ૪૩ | | કુકડા ડુંગરી | ૨ | | | | | ૨ |
| ૪૪ | | ભોરથવા | ૪ | | | | | ૪ |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર બનાવેલ ખેતતલાવડીઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૭/૦૬ થી તા. ૩૧/૦૩/૦૭ સુધી | | તા.૦૧/૦૪/૦૭ થી તા.૩૧/૩/૦૮સુધી | | તા.૦૧/૦૪/૦૮થી તા.૦૧/૦૬/૦૮સુધી | | કુલ |
| | | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | ગામનું નામ | ખેતતલાવડી ની સંખ્યા | |
| ૪૫ | | સિનોદ | ૬ | | | | | ૬ |
| ૪૬ | | ધજાંબા | ૧ | | | | | ૧ |
| ૪૭ | | પાથરડા | ૧ | | | | | ૧ |
| ૪૮ | | વાડી રૂપગઢ | ૨ | | | | | ૨ |
| ૪૯ | | અગાસવાણ | ૫ | | | | | ૫ |
| ૫૦ | | ઝાટપાટી | ૨ | | | | | ૨ |
| ૫૧ | | ઓટા | ૧ | | | | | ૧ |
| ૫૨ | | રાસમાટી | ૧ | | | | | ૧ |
| | | **કુલ...** | **૪૦૮** | | **૧૧૪** | | | **૫૨૨** |

------------

## ભરૂચ જીલ્લામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસ બાંધવા

અતારાંક્તિ : ૯૭૪ (૨૬-૮-૨૦૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇન્દીરા આવાસ બાંધવાનું આયોજન ભરૂચ જીલ્લામાં તાલુકાવાર હતુ,

(૨) તે મુજબ કેટલા આવાસો તેયાર થયા અને કેટલા બાકી છે, અને

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૮) :

(૧) ભરૂચ જીલ્લામાં તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સાથેના પત્રક-૧ના કોલમ નં. ૬ મુજબ કુલ-૮૦૯૨ ઇન્દીરા આવાસ બાંધવાનું આયોજન તાલુકાવાર હતુ.

(૨) તે પેકી ૪૮૪૮ આવાસો તેયાર થયા, ૩૨૪૪ આવાસો બાકી છે. *
(પત્રક-૧ના કોલમ નં.-૧૦ અને ૧૪ મુજબ)

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કુલ રૂા. ૧૩૭૧.૫૩ લાખની ગ્રાન્ટ ફાળવી, *
(પત્રક-૧ના કોલમ નં.-૧૮ મુજબ)

**પત્રક : ૧**

**ભરૂચ જિલ્લામાં ઇન્દિરા આવાસ બાંધવાનું આયોજન, પૂર્ણ અને બાકી આવાસો તથા કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો બાંધવાનું આયોજન (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | | આવાસો તેયાર થયા (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | | બાકી આવાસો (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | | કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ, (રૂા. લાખમાં) (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | જંબુસર | ૨૫૦ | ૩૬૦ | ૨૯૦ | ૯૦૦ | ૨૫૦ | ૩૬૦ | ૦ | ૬૧૦ | ૦ | ૦ | ૨૯૦ | ૨૯૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | આમોદ | ૨૦૩ | ૨૯૨ | ૨૫૮ | ૭૫૩ | ૨૦૩ | ૨૫૫ | ૦ | ૪૫૮ | ૦ | ૩૭ | ૨૫૮ | ૨૯૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | વાગરા | ૨૦૩ | ૨૯૩ | ૨૩૨ | ૭૨૮ | ૨૦૩ | ૨૭૪ | ૪ | ૪૮૧ | ૦ | ૧૯ | ૨૨૮ | ૨૪૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ભરૂચ | ૨૨૫ | ૩૨૩ | ૩૬૨ | ૯૧૦ | ૨૨૫ | ૩૦૬ | ૦ | ૫૩૧ | ૦ | ૧૭ | ૩૬૨ | ૩૭૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અંક્લેશ્વર | ૧૫૭ | ૨૨૬ | ૨૭૯ | ૬૬૨ | ૧૫૭ | ૨૦૨ | ૧૦ | ૩૬૯ | ૦ | ૨૪ | ૨૬૯ | ૨૯૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | હાંસોટ | ૧૩૦ | ૧૮૭ | ૧૫૨ | ૪૬૯ | ૧૩૦ | ૧૮૭ | ૦ | ૩૧૭ | ૦ | ૦ | ૧૫૨ | ૧૫૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વાલીયા | ૪૩૫ | ૬૨૭ | ૬૩૧ | ૧૬૯૩ | ૪૩૫ | ૫૭૨ | ૦ | ૧૦૦૭ | ૦ | ૫૫ | ૬૩૧ | ૬૮૬ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઝઘડીયા | ૪૭૩ | ૬૮૧ | ૮૨૩ | ૧૯૭૭ | ૪૭૩ | ૬૦૨ | ૦ | ૧૦૭૫ | ૦ | ૭૯ | ૮૨૩ | ૯૦૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ..** | **૨૦૭૬** | **૨૯૮૯** | **૩૦૨૭** | **૮૦૯૨** | **૨૦૭૬** | **૨૭૫૮** | **૧૪** | **૪૮૪૮** | **૦** | **૨૩૧** | **૩૦૧૩** | **૩૨૪૪** | **૩૮૯.૪૨** | **૫૫૪.૭૮** | **૪૨૭.૩૩** | **૧૩૭૧.૫૩** |

------------

## પાટણ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ નીચે થયેલ કામ

અતારાંક્તિ : ૧૦૫૨ (૧૫-૧૦-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા હેક્ટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ફાળવેલ લક્ષ્યાંક સામે તાલુકાવાર કેટલું કામ અધુરૂ છે, અને

(૩) આ યોજના અંતર્ગત છેલ્લા નાણાંકીય વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૮) :

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ૧૨૦૭૧ હેક્ટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ફાળવેલ લક્ષ્યાંક સામે તાલુકાવાર અધુરા કામની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લક્ષ્યાંક (હેકટરમાં) | સિધ્ધી (હેકટરમાં) | બાકી રહેલ વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | હારીજ | ૩૩૮૩ | ૨૧૮૭ | ૧૧૯૬ |
| ૨ | સમી | ૫૩૮૩ | ૩૨૭૫ | ૨૧૦૮ |
| ૩ | રાધનપુર | ૩૩૮૩ | ૨૬૦૩ | ૭૮૦ |
| ૪ | સાંતલપુર | ૪૨૫૦ | ૨૪૫૫ | ૧૭૯૫ |
| ૫ | સિધ્ધપુર | ૧૫૦૦ | ૭૭૬ | ૭૨૪ |
| ૬ | પાટણ | ૧૫૦૦ | ૭૭૫ | ૭૨૫ |
| | | ૧૯૩૯૯ | ૧૨૦૭૧ | ૭૩૨૮ |

(૩) આ યોજના અંતર્ગત છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ માં કુલ રૂા. ૭૨૪.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

-----------

## પાટણ જિલ્લામાં ઇન્દીરા આવાસ યોજનામાં આવાસો

અતારાંક્તિ : ૧૧૨૨ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પાટણ જીલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઇન્દીરા આવાસ બાંધવાનું આયોજન તાલુકાવાર હતુ,

(૨) તે પૈકી કેટલા આવાસો તૈયાર થયા અને કેટલા બાકી છે,

(૩) આયોજન હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આવા ગરીબોના આવાસોમાં સુધારા કરવાની માંગણીઓ ક્યા ક્યા તબક્કે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૫-૧૧-૦૮) :

(૧) પાટણ જીલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા આવાસ-૩૫૯૦ અને સુધારણા આવાસ-૪૫૨ એમ કુલ-૪૦૪૨ ઇન્દીરા આવાસ બાંધવાનું આયોજન તાલુકાવાર હતુ. (પત્રક-૧ સામેલ છે) *

(૨) નવા આવાસ ૨૨૪૧ અને સુધારણા આવાસ-૪૫૨ એમ કુલ-૨૬૯૩ આવાસો તૈયાર થયા અને ૧૩૪૯ નવા આવાસો બાકી છે.

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કુલ રૂા. ૮૨૦.૭૬ લાખની ગ્રાન્ટ ફાળવી.

(૪) મંજૂર કરેલ તમામ સુધારણા આવાસો પુર્ણ કરવામાં આવેલ છે.

-----------

**પત્રક : ૧**

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો બાંધવાનું આયોજન (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | | | | | | કુલ એકંદર | આવાસો તેયાર થયા (તા. ૩૦-૬-૦૮ અંતિત) | | | | | | | | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | કુલ | | | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | કુલ | | |
| | | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ (૩+૪+૭) | સુધારણા આવાસ (૪+૬+૮) | | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ | સુધારણા આવાસ | નવા આવાસ (૧૧+૧૩+૧૫) | સુધારણા આવાસ (૧૨+૧૪+૧૬) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | પાટણ | ૨૨૫ | ૩૮ | ૩૦૦ | ૫૩ | ૩૩૭ | ૦ | ૮૬૨ | ૯૧ | ૯૫૩ | ૧૫૮ | ૪૮ | ૩૯૨ | ૫૫ | ૮ | ૦ | ૫૫૮ | ૧૦૩ | ૬૬૧ |
| ૨ | સિધ્ધપુર | ૧૨૫ | ૨૩ | ૧૫૯ | ૨૮ | ૧૬૯ | ૦ | ૪૫૩ | ૫૧ | ૫૦૪ | ૧૪૨ | ૩૨ | ૨૦૦ | ૨૪ | ૧૬ | ૦ | ૩૫૮ | ૫૬ | ૪૧૪ |
| ૩ | ચાણસ્મા | ૯૩ | ૨૫ | ૫૮ | ૧૦ | ૮૫ | ૦ | ૨૩૬ | ૩૫ | ૨૭૧ | ૯૯ | ૨૩ | ૮૨ | ૧૨ | ૦ | ૦ | ૧૮૧ | ૩૫ | ૨૧૬ |
| ૪ | હારીજ | ૭૬ | ૨૨ | ૭૭ | ૧૪ | ૭૯ | ૦ | ૨૩૨ | ૩૬ | ૨૬૮ | ૮૩ | ૨૨ | ૮૪ | ૧૪ | ૫ | ૦ | ૧૭૨ | ૩૬ | ૨૦૮ |
| ૫ | સમી | ૧૭૮ | ૪૯ | ૩૨૦ | ૫૬ | ૩૩૨ | ૦ | ૮૩૦ | ૧૦૫ | ૯૩૫ | ૧૩૫ | ૪૭ | ૨૫૭ | ૫૬ | ૧૪૩ | ૦ | ૫૩૫ | ૧૦૩ | ૬૩૮ |
| ૬ | રાધનપુર | ૧૨૬ | ૩૩ | ૧૯૧ | ૩૩ | ૨૧૧ | ૦ | ૫૨૮ | ૬૬ | ૫૯૪ | ૮૧ | ૩૩ | ૧૮૫ | ૩૩ | ૩૯ | ૦ | ૩૦૫ | ૬૬ | ૩૭૧ |
| ૭ | સાંતલપુર | ૭૪ | ૩૬ | ૧૮૫ | ૩૨ | ૧૯૦ | ૦ | ૪૪૯ | ૬૮ | ૫૧૭ | ૯ | ૧૧ | ૯૦ | ૪૨ | ૩૩ | ૦ | ૧૩૨ | ૫૩ | ૧૮૫ |
| **કુલ...** | | **૮૯૭** | **૨૨૬** | **૧૨૯૦** | **૨૨૬** | **૧૪૦૩** | **૦** | **૩૫૯૦** | **૪૫૨** | **૪૦૪૨** | **૭૦૭** | **૨૧૬** | **૧૨૯૦** | **૨૩૬** | **૨૪૪** | **૦** | **૨૨૪૧** | **૪૫૨** | **૨૬૯૩** |

## તાપી જિલ્લામાં સરકારી જમીન મેળવવા માટે મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૪૬૪ (૨૧-૭-૨૦૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સરકારી જમીન મેળવવા કેટલી અરજીઓ ઓદ્યોગિક કામ તથા વન વિકાસના કામ માટે મળી, અને

(૨) તે પેકી કેટલી અરજીઓની માગણી સ્વીકારી અને કેટલી અરજીઓ તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ પડતર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૧૨-૦૮) :

(૧) તાપી જીલ્લામાં વ્યારા તાલુકામાં ઓદ્યોગિક હેતુ માટે ત્રણ અરજીઓ મળેલ છે.

(૨) ત્રણે અરજીઓ તપાસણી હેઠળ છે.

-----------

## સમી અને હારીજ તાલુકામાં ઓદ્યોગિક અને વન વિકાસ માટે મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૦૩૩ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) **:માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) પાટણ જિલ્લામાં સમી અને હારીજ તાલુકામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકારી જમીન મેળવવા કેટલી અરજીઓ ઓદ્યોગિક કામ તથા વનવિકાસના કામ માટે મળી હતી, અને

(૨) તે પેકી કેટલી અરજીઓની માંગણી સ્વીકારી, કેટલી અરજીઓ તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ પડતર છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨-૧૨-૦૮) :

(૧) પાટણ જિલ્લામાં માત્ર સમી તાલુકામાં તા. ૩૧-૩-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓદ્યોગિક કામે માત્ર એક અરજી મળેલ છે. સમી અને હારીજ તાલુકામાં વનવિકાસના કામ માટે કોઇ અરજી મળેલ નથી.

(૨) સમી તાલુકામાં ઓદ્યોગિક હેતુ માટે મળેલ એક અરજી અન્વયે જરૂરી સ્પષ્ટતાઓ માંગેલ હોવાથી પડતર છે.

-----------

## ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકાના ગામડાઓને તાલુકા મથકે પાકા રસ્તાથી જોડવા બાબત

અતારાંક્તિ : ૭૬૧ (૨૬-૮-૨૦૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકાના ગામડાઓ તાલુકા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) આ ગ્રામ માર્ગો ડામરના બને તે માટે સરકારનું વર્ષ ૨૦૦૮-૦૯માં શું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૯-૧૧-૦૮) :

(૧) ના, જી. ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકાના તમામ ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ભરૂચ જિલ્લાના પંચાયત અને રાજ્ય હસ્તકના જર્જરિત રસ્તાઓ

અતારાંક્તિ : ૭૬૨ (૨૧-૮-૨૦૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના તાલુકાવાર રાજ્ય અને પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તાઓ જર્જરિત હાલતમાં છે,

(૨) આ રસ્તાઓની મરામતની કામગીરી રસ્તાવાર ક્યારે કરવામાં આવશે, અને

(૩) મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૧૧-૦૮) :

(૧) રસ્તાઓને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## દાહોદ અને ગરબાડા તાલુકાના રાજ્ય અને પંચાયત હસ્તકના જર્જરિત રસ્તાઓ

અતારાંક્તિ : ૮૨૨ (૨૯-૮-૨૦૦૮) **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા અને દાહોદ તાલુકાના ક્યા ક્યા રસ્તાઓ રાજ્ય અને પંચાયત હસ્તકના જર્જરિત હાલતમાં છે,

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી રસ્તાવાર ક્યારે કરવામાં આવશે, અને

(૩) મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૧૧-૦૮) :

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા અને દાહોદ તાલુકાના બધા જ રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## દાહોદ જિલ્લાના કિશાનપથ યોજના હેઠળના પૂર્ણ થયેલ રસ્તા

અતારાંક્તિ : ૮૨૩ (૨૯-૮-૦૮) **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં કિશાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં કેટલા રસ્તા કેટલી કિંમતના મંજુર ક્યાં હતા,અને

(૨) તે ક્યારે પુર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૧૧-૨૦૦૮) :

(૧) દાહોદ જિલ્લામાં કિશાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં ૧૫ રસ્તા રૂા.૬૩૫.૮૦ લાખની કિંમતના મંજુર ક્યાં હતા.

(૨) મંજુર થયેલ તમામ ૧૫ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે.

---------------

## સુરત જિલ્લાના મહુવા અને વાલોડ તાલુકાના રાજ્ય/પંચાયત હસ્તકના જર્જરિત રસ્તાઓ

અતારાંક્તિ : ૮૫૦ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦/૬/૦૮ ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા અને વાલોડ તાલુકાના ક્યા ક્યા રસ્તાઓ રાજ્ય અને પંચાયત હસ્તકના જર્જરીત હાલતમાં છે,

(૨) આ રસ્તાઓનું મરામત સરકાર ક્યારે કરવા માગે છે, અને

(૩) મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૦-૧૧-૨૦૦૮) :

(૧) સુરત જિલ્લાના મહુવા અને વાલોડ તાલુકાઓના રસ્તાઓ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુરત જિલ્લાના તાલુકાવાર પેવર કામ કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૮૫૧ (૨૯-૮-૨૦૦૮) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરના કેટલા કી.મી.ના રસ્તાઓ છે, અને

(૨) આ રસ્તાઓનું સરકાર પેવર કામ કામ ક્યારે કરવા માગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૫-૧૧-૦૮) :

(૧) સુરત જિલ્લાના તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરના નીચે મુજબની લંબાઈ ના રસ્તાઓ છે.

**લંબાઈ કિ.મી.માં**

| તાલુકો | રાજ્ય | પંચાયત | કુલ |
|---|---|---|---|
| **બારડોલી** | ૮૩.૫૦ | ૭૦.૯૨ | ૧૫૪.૪૨ |
| **કામરેજ** | ૩૮.૪૮ | ૧૨.૧૦ | ૫૦.૫૮ |
| **ઓલપાડ** | ૯૩.૩૭ | ૪૨.૯૭ | ૧૩૬.૩૪ |
| **પલસાણા** | ૧૭.૮૦ | ૩૭.૫૦ | ૫૫.૩૦ |
| **ચોર્યાસી** | ૩૧.૫૦ | ૩૧.૮૩ | ૬૩.૩૩ |
| **માંડવી** | ૪૨.૦૦ | ૧૦૨.૦૦ | ૧૪૪.૦૦ |
| **માંગરોળ** | ૪૩.૭૦ | ૩૪.૬૧ | ૭૮.૩૧ |
| **ઉમરપાડા** | ૨૯.૦૫ | ૪૩.૩૮ | ૭૨.૪૩ |
| **મહુવા** | ૪૬.૩૮ | ૭૪.૫૦ | ૧૨૦.૮૮ |
| **કુલ :** | **૪૨૫.૭૮** | **૪૪૯.૮૧** | **૮૭૫.૫૯** |

(૨) રસ્તાઓની સ્થિતિ તથા જરૂરીયાત મુજબ.

----------

## આમોદ અને જંબુસર તાલુકામાં કુંવરબાઈનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજનાના બાકી લાભાર્થીઓ

અતારાંકિતઃ ૭૭૨ (૨૯-૮-૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુંવરબાઈનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજનાની તા.૩૦/૬/૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના આમોદ અને જંબુસર તાલુકાના લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવાની બાકી છે, અને

(૨) જે સહાય બાકી છે તે સરકાર ક્યારે ચૂકવવા માંગે છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૮) :

(૧) કુંવરબાઇનું મામેરૂ અને સાતફેરા સમુહલગ્ન યોજનાની તા. ૩૦-૬-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના એક લાભાર્થીને કુંવરબાઇના મામેરુ યોજના હેઠળ રૂા. ૫૦૦૦/- ની સહાય ચુકવવાની બાકી હતી, જ્યારે સાતફેરા સમુહ લગ્ન યોજનાના એક પણ લાભાર્થીને સહાય ચુકવવાની બાકી નથી. અનુસૂચિત જાતિના એક પણ લાભાર્થીને કુંવરબાઇનું મામેરુ તથા સાતફેરા સમુહલગ્ન યોજનાની સહાય ચુકવવાની બાકી નથી.

(૨) સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના એક લાભાર્થીને કુંવરબાઇના મામેરુ યોજનાની બાકી સહાય સપ્ટેમ્બર - ૨૦૦૮ માં ચુકવવામાં આવેલ છે.

-----------

## તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ ચૂકવેલ સહાય

અતારાંકિતઃ ૮૦૪ (૨૯-૮-૦૮) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, સહાય ચૂકવાઇ, કેટલી ના મંજુર થઇ, અને

(૩) આ સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૮) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની કુલ ૧૧૧ અરજીઓ મળી અને અનુસૂચિત જાતિની કુલ ૭૭ અરજીઓ મળી.

(૨) તે પૈકી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ૬૧ લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી, ૧૩ લાભાર્થીઓને રૂા. ૩૦૦૦/- લેખે ૩૯૦૦૦/- સહાય ચૂકવવામાં આવેલ છે જ્યારે બાકીના ૪૮ લાભાર્થીઓને ચૂકવવાની રૂા. ૧,૪૪,૦૦૦/- ની રકમ
તા. ૨૪-૯-૦૮ ના રોજ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીના હવાલે મુકવામાં આવેલ છે અને ૫૦ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓની કુલ ૪૪ અરજીઓ મંજુર કરી રૂા. ૧,૩૨,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવી જ્યારે ૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૩) એકપણ અરજી પડતર નથી.

-----------

## રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના બોગસ પ્રમાણપત્ર પકડવા અંગે

અતારાંકિત : ૮૮૧ (૨૬-૮-૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર ક્યા ક્યા જિલ્લાઓમાંથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કેટલા બોગસ પ્રમાણપત્રો ક્યારે અને કોના દ્વારા પકડી પાડવામાં આવ્યા,

(૨) સહી સિક્કા કરી જાતિના બોગસ પ્રમાણપત્ર ઈશ્યુ કરનાર કઈ વ્યક્તિ સામે ક્યા ગુન્હા હેઠળ ક્યારે ફરિયાદ નોંધવામાં આવી,

(૩) બોગસ પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં કોઈ સરકારી અધિકારી-કર્મચારીઓની સંડોવણી હતી કે કેમ, અને

(૪) જો હા, તો કોની સામે સરકારે શું પગલાં ભર્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૮) :

(૧)

| (૧) નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા નીચે જણાવ્યા મુજબના વર્ષમાં જિલ્લાવાર બોગસ પ્રમાણપત્રો પકડી પાડવામાં આવેલ છે. | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
| ૧ | કચ્છ | ૬ | ૬ | ૦૪ |
| ૨ | સાબરકાંઠા | ૧૦ | ૪ | ૦૧ |
| ૩ | મહેસાણા | ૭ | ૫ | ૦૧ |
| ૪ | ગાંધીનગર | ૬ | ૯ | ૦૨ |
| ૫ | પાટણ | ૧ | ૦ | ૦૫ |
| ૬ | સુરેન્દ્રનગર | ૬ | ૬ | ૦૨ |
| ૭ | બનાસકાંઠા | ૫ | ૫ | ૦૦ |
| ૮ | જામનગર | ૧ | ૦ | ૦૧ |
| ૯ | આણંદ | ૮ | ૩ | ૦૨ |
| ૧૦ | પોરબંદર | ૧ | ૦ | ૦૦ |
| ૧૧ | નવસારી | ૪ | ૫ | ૦૧ |
| ૧૨ | ડાંગ | ૦ | ૧ | ૦૦ |
| ૧૩ | ભરૂચ | ૫ | ૦ | ૦૨ |
| ૧૪ | રાજકોટ | ૪ | ૫ | ૦૦ |
| ૧૫ | વલસાડ | ૪ | ૫ | ૦૧ |
| ૧૬ | અમદાવાદ | ૫૨ | ૨૭ | ૧૧ |
| ૧૭ | દાહોદ | ૩ | ૩ | ૦૦ |
| ૧૮ | પંચમહાલ | ૬ | ૨ | ૦૦ |
| ૧૯ | વડોદરા | ૧૭ | ૭ | ૦૪ |
| ૨૦ | નર્મદા | ૦ | ૧ | ૦૦ |
| ૨૧ | જૂનાગઢ | ૭ | ૨ | ૦૦ |
| ૨૨ | અમરેલી | ૦ | ૪ | ૦૧ |
| ૨૩ | ભાવનગર | ૧ | ૭ | ૦૦ |
| ૨૪ | ખેડા | ૧૫ | ૮ | ૦૦ |
| ૨૫ | સુરત | ૯ | ૧૧ | ૦૩ |
| | કુલ : | ૧૭૮ | ૧૨૬ | ૪૧ |

(૨) આઈ.પી.સી. કલમ હેઠળ વર્ષ-૨૦૦૫ માં નીચે જણાવેલ વ્યક્તિ સામે ફરિયાદ નોંધવામાં આવી.

(૧) તત્કાલીન સમાજ કલ્યાણ અધિકારીશ્રી એ.એમ.ભટ્

(૨) તત્કાલીન સમાજ કલ્યાણ અધિકારી કુ.એ.ઓ.ક્રિશ્ચિયન

(૩) તત્કાલીન સમાજ કલ્યાણ અધિકારી શ્રી એ.કે.જેસર

(૩) પ્રશ્ન ખંડ-૨ ના જવાબમાં જણાવેલ અધિકારીઓ સામે કેસ કોર્ટમાં પડતર હોઈ તેઓની સંડોવણી હતી કે કેમ તે બાબતે કોર્ટનો ચૂકાદો આવેથી જાણી શકાશે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## માનવ ગરીમા યોજના અન્વયે બજેટમાં કરેલ જોગવાઈ

અતારાંક્તિ : ૮૮૩ (૨૬-૮-૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન માનવ ગરીમા યોજના અંતર્ગત સાધન સહાય માટે બજેટમાં કેટલી જોગવાઈઓ કરવામાં આવેલ હતી,

(૨) તે પૈકી કેટલી રકમના ક્યા ક્યા પ્રકારના સાધનો કોની પાસેથી ખરીદ કરવામાં આવ્યા,

(૩) ખરીદવામાં આવેલ સાધનો આઈ.એસ.આઈ. માર્કાના હતા કે કેમ, અને

(૪) હા તો તેની ખરાઈ કોણે કરી હતી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૮) :

(૧)

| સા.શે.પ.વ. ના લાભાર્થીઓ માટે માનવ ગરીમા યોજનામાં કરેલ જોગવાઈ | | અનુ.જાતિના લાભાર્થીઓ માટે માનવ ગરીમા યોજનામાં કરેલ જોગવાઈ | |
|---|---|---|---|
| વર્ષ | જોગવાઈ | વર્ષ | જોગવાઈ |
| (૧) ૨૦૦૫-૦૬ | રૂા.૧૪૨-૦૦ લાખ | (૧) ૨૦૦૫-૦૬ | રૂા.૩૦૦-૦૦ લાખ |
| (૨) ૨૦૦૬-૦૭ | રૂા.૧૬૭-૦૦ લાખ | (૨) ૨૦૦૬-૦૭ | રૂા.૩૦૦-૦૦ લાખ |
| (૩) ૨૦૦૭-૦૮ | રૂા.૧૮૨-૦૦ લાખ | (૩) ૨૦૦૭-૦૮ | રૂા.૩૦૦-૦૦ લાખ |

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષમાં નિયત કરેલ ધંધાઓ માટે ગ્રામ ટેક્નોલોજી સંસ્થા ગાંધીનગર દ્વારા નક્કી કરેલ સ્પેશીફિકેશન મુજબની ટુલકીટસ રૂા.૩૦૦૦/- ની મર્યાદામાં નેશનલ કો.ઓપરેટીવ કન્ઝૂમર્સ ફેડરેશન ઓફ ઈન્ડીયાની અમદાવાદની શાખા પાસેથી ખરીદ કરવામાં આવેલ સા.શે.પ.વ. ના લાભાર્થીઓ માટે ખરીદ કરેલ કીટસની વિગતો સામેલ પત્રક-"અ" મુજબ છે. જ્યારે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે ખરીદેલ કીટસની વિગતો સામેલ પત્રક-"બ" મુજબ છે. જ્યારે ૨૦૦૭-૦૮ના વર્ષમાં ટુલકીટસના બદલે રૂા.૩૦૦૦/- ની મર્યાદામાં રોકડ સહાય આપવામાં આવેલ છે.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ ત્ર ક - અ**

| ક્રમ | જે ધંધામાં ટુલ્સ કીટ આપવાની છે તે ધંધાનું નામ | ટુલ્સ કીટની રકમ રૂા. | ધંધા વાઈઝ લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ઓટો રીપેરીંગ | ૩,૦૦૦ | ૧૯ | ૫૭,૦૦૦ |
| ૨ | ઓઈલ એન્જિન રીપેરીંગ | ૩,૦૦૦ | ૦૧ | ૩,૦૦૦ |
| ૩ | સાયકલ રીપેરીંગ | ૨,૮૦૦ | ૬૭ | ૧,૭૮,૬૦૦ |
| ૪ | સુથારીકામ | ૩,૦૦૦ | ૧૧૨ | ૩,૩૬,૦૦૦ |
| ૫ | ઈંડાની લારી | ૩,૦૦૦ | ૧૦ | ૩૦,૦૦૦ |
| ૬ | સાવરણી-સુપડા વેચાણ | ૩,૦૦૦ | ૩૧ | ૯૩,૦૦૦ |
| ૭ | શાકભાજી-ફળ વેચનાર | ૩,૦૦૦ | ૮૨૨ | ૨૪,૬૬,૦૦૦ |
| ૮ | જુના પગરખાં-કપડા એકત્ર કરનાર | ૨,૭૦૦ | ૦૧ | ૨,૭૦૦ |
| ૯ | વાંસકામ | ૩,૦૦૦ | ૧૨ | ૩૬,૦૦૦ |
| ૧૦ | ફોટોફ્રેમ | ૨,૭૫૦ | ૦૩ | ૮,૨૫૦ |
| ૧૧ | છાંપા વેચનાર | ૨,૮૦૦ | ૧૮ | ૫૦,૪૦૦ |
| ૧૨ | ત્રણ પેડાવાળી સાયકલ પેંડલ રીક્ષા | ૪,૭૦૦ | - | - |
| ૧૩ | પેઈન્ટર કામ | ૩,૦૦૦ | ૦૬ | ૧૮,૦૦૦ |
| ૧૪ | ઈલેકટ્રોનીક્સ રીપેરીંગ | ૩,૦૦૦ | ૩૯ | ૧,૧૦,૦૦૦ |
| ૧૫ | ટીફીન પુરા પાડનાર | ૨,૮૦૦ | ૦૧ | ૨,૮૦૦ |
| ૧૬ | કપડા રીપેરીંગ/સિવણકામ | ૨,૯૦૦ | ૧૨૬૨ | ૩૬,૫૯,૮૦૦ |
| ૧૭ | ભરતકામ | ૩,૦૦૦ | ૪૦ | ૧,૨૦,૦૦૦ |
| ૧૮ | બ્યુટી પાર્લર | ૨,૯૫૦ | ૧૩ | ૩૮,૩૫૦ |
| ૧૯ | પાન-બીડી વેચનારના સાધનો | ૩,૦૦૦ | ૧૪૨ | ૪,૨૬,૦૦૦ |
| ૨૦ | સાયકલ ફેરીયા/કાપડ ફેરીયા | ૩,૦૦૦ | ૩૬૧ | ૧૦,૮૩,૦૦૦ |
| ૨૧ | પ્રિન્ટીંગ | ૩,૦૦૦ | - | - |
| ૨૨ | કેરોસીનની ફેરી | ૩,૦૦૦ | - | - |
| ૨૩ | લુહારીકામ | ૩,૦૦૦ | ૩૯ | ૧,૧૭,૦૦૦ |
| ૨૪ | મીઠું-ગોળ વેચનાર | ૩,૦૦૦ | ૧૭૫ | ૫,૨૫,૦૦૦ |
| ૨૫ | વાયરમેન | ૩,૦૦૦ | ૨૨ | ૬૬,૦૦૦ |
| ૨૬ | કડીયાકામ | ૩,૦૦૦ | ૧૬૭ | ૫,૦૧,૦૦૦ |
| ૨૭ | ઈસ્ત્રીકામ | ૨,૯૫૦ | - | - |
| ૨૮ | પ્લમ્બર | ૩,૦૦૦ | ૧૩ | ૩૯,૦૦૦ |
| ૨૯ | વાળંદના સાધનો | ૩,૦૦૦ | ૧૬૦ | ૪,૮૦,૦૦૦ |

| ક્રમ | જે ધંધામાં ટુલ્સ કીટ આપવાની છે તે ધંધાનું નામ | ટુલ્સ કીટની રકમ રૂા. | ધંધા વાઈઝ લાભાર્થીઓની સંખ્યા | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૩૦ | સ્ટીલ ફેબ્રીકેશન | ૩,૦૦૦ | - | - |
| ૩૧ | ચા ના સાધનો | ૩,૦૦૦ | ૭૬ | ૨,૨૮,૦૦૦ |
| ૩૨ | મંડપ ડેકોરેટર | ૨,૭૨૫ | ૦૫ | ૧૩,૬૨૫ |
| ૩૩ | દહીં-દુધ વેચાણના સાધનો | ૨,૯૦૦ | ૯૨ | ૨,૬૬,૮૦૦ |
| ૩૪ | સુતર દોરી દોરડા વેચાણ | ૩,૦૦૦ | - | - |
| ૩૫ | વણાટકામ | ૨,૯૫૦ | - | - |
| ૩૬ | ફીશીંગનેટ | ૨,૯૫૦ | ૨૮ | ૮૨,૬૦૦ |
| ૩૭ | ધોબીકામ | ૨,૮૦૦ | ૬ | ૧૬,૮૦૦ |
| ૩૮ | વાસણ ફેરી | ૨,૮૦૦ | ૧૧ | ૩૦,૮૦૦ |
| ૩૯ | ઢોલ-ત્રાંસાના સાધનો | ૩,૦૦૦ | ૨૦ | ૬૦,૦૦૦ |
| ૪૦ | કટલરી/હોઝીયરી | ૩,૦૦૦ | ૧૧૦ | ૩,૩૦,૦૦૦ |
| ૪૧ | પ્લાસ્ટીક વસ્તુ વેચનાર | ૨,૯૦૦ | - | - |
| ૪૨ | પીણાં વેચનાર | ૩,૦૦૦ | ૦૪ | ૧૨,૦૦૦ |
| ૪૩ | અલ્પાહાર વેચાણ-ઠંડા પીણાં | ૩,૦૦૦ | ૧૬ | ૪૮,૦૦૦ |
| ૪૪ | મોચીકામ | ૨,૯૫૦ | ૧૨ | ૩૫,૪૦૦ |
| ૪૫ | લારી દ્વારા વિવિધ ફેરી | ૨,૭૭૫ | ૧૯૫ | ૫,૪૧,૧૨૫ |
| ૪૬ | તોરણ અને ઘરગથ્થુ ચીજ વેચનાર | ૩,૦૦૦ | ૦૧ | ૩,૦૦૦ |
| ૪૭ | ઘડીયાર રીપેરીંગ | ૧,૭૦૦ | ૦૪ | ૬,૮૦૦ |
| ૪૮ | કેમીકલ વેચનાર | ૨,૯૫૦ | - | - |
| ૪૯ | નાળીયેર વેચનાર | ૨,૫૦૦ | - | - |
| ૫૦ | હાથલારી-ચાર વ્હીલવાળી લારી | ૧,૯૦૦ | ૧૩૫ | ૨,૫૬,૫૦૦ |
| ૫૧ | બે વ્હીલ વાળી લારી | ૮,૦૦૦ | - | - |
| | **કુલ :** | | **૪૨૫૧** | **૧,૨૩,૭૮,૩૫૦** |

**પ ત્ર ક - બ**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન-ગાંધીનગર**

| ક્રમ | ટુલ્સકીટનું નામ | કુલ | ભાવ ૧ નંગ | સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૧ | વાયરમેન | ૧૪૬ | ૩૦૦૦ | ૪,૩૮,૦૦૦ |
| ૨ | પ્લમ્બર | ૫૪ | ૩૦૦૦ | ૧,૬૨,૦૦૦ |
| ૩ | કડિયાકામ | ૯૬૫ | ૩૦૦૦ | ૨૮,૯૫,૦૦૦ |
| ૪ | મોચીકામ | ૧૦૬ | ૨૯૫૦ | ૩,૧૨,૭૦૦ |
| ૫ | ધોબીકામ | ૪ | ૨૮૦૦ | ૧૧,૨૦૦ |
| ૬ | સુથારીકામ | ૧૦૩ | ૩૦૦૦ | ૩,૦૯,૦૦૦ |
| ૭ | દહીં-દુધ વેચાણના સાધનો | ૩૪૫ | ૨૯૦૦ | ૧૦,૦૦,૫૦૦ |
| ૮ | સાયકલ રીપેરીંગ | ૬૮ | ૨૮૦૦ | ૧,૯૦,૪૦૦ |
| ૯ | સાવરણી સુપડા વેચાણ | ૭૩ | ૩૦૦૦ | ૨,૧૯,૦૦૦ |
| ૧૦ | પેઈન્ટરકામ | ૧૦ | ૩૦૦૦ | ૩૦,૦૦૦ |
| ૧૧ | ઈલેક્ટ્રોનીક્સ રીપેરીંગ | ૧૭ | ૩૦૦૦ | ૫૧,૦૦૦ |
| ૧૨ | કેરોસીનની ફેરી | ૦ | ૩૦૦૦ | ૦ |
| ૧૩ | કટલરી/હોઝીયરી | ૨૨૯ | ૩૦૦૦ | ૬,૮૭,૦૦૦ |
| ૧૪ | જુના પગરખા-કપડા એકત્ર કરનાર | ૬ | ૨૭૦૦ | ૧૬,૨૦૦ |
| ૧૫ | ટીફીન પુરા પાડનાર | ૨ | ૨૮૦૦ | ૫,૬૦૦ |
| ૧૬ | સાયકલ ફેરીયા/કાપડ ફેરી | ૧૪૫૫ | ૩૦૦૦ | ૪૩,૬૫,૦૦૦ |
| ૧૭ | તોરણ અને ઘરગથ્થું ચીજ વેચનાર | ૩૦ | ૩૦૦૦ | ૯૦,૦૦૦ |
| ૧૮ | છાપા વેચનાર | ૨૨ | ૨૮૦૦ | ૬૧,૬૦૦ |
| ૧૯ | કપડા રીપેરીંગ/શિવણ કામ | ૨૯૧૩ | ૨૯૦૦ | ૮૪,૪૭,૭૦૦ |
| ૨૦ | વાળંદના સાધનો | ૩૨૩ | ૩૦૦૦ | ૯,૬૯,૦૦૦ |

| ક્રમ | ટુલ્સકીટનું નામ | કુલ | ભાવ ૧ નંગ | સહાયની રકમ |
|---|---|---|---|---|
| ૨૧ | ઢોલ ત્રાસાના સાધનો | ૧૦૪ | ૩૦૦૦ | ૩,૧૨,૦૦૦ |
| ૨૨ | ઓટો રીપેરીંગ | ૨૩ | ૩૦૦૦ | ૬૯,૦૦૦ |
| ૨૩ | લુહારીકામ | ૩ | ૩૦૦૦ | ૯,૦૦૦ |
| ૨૪ | ભરતકામ | ૪૩ | ૩૦૦૦ | ૧,૨૯,૦૦૦ |
| ૨૫ | ઘડિયાળ રીપેરીંગ | ૨ | ૧૭૦૦ | ૩,૪૦૦ |
| ૨૬ | વાંસકામ | ૧૦૨ | ૩૦૦૦ | ૩,૦૬,૦૦૦ |
| ૨૭ | મંડપ ડેકોરેટર | ૪ | ૨૭૨૫ | ૧૦,૯૦૦ |
| ૨૮ | પ્રિન્ટીંગ | ૧ | ૩૦૦૦ | ૩,૦૦૦ |
| ૨૯ | બે વ્હીલવાળી લારી | ૦ | ૩૦૦૦ | ૦ |
| ૩૦ | ત્રણ પેડાવાળી સાયકલ (પેંડલ રીક્ષા) | ૪ | ૩૦૦૦ | ૧૨,૦૦૦ |
| ૩૧ | અલ્પાહાર વેચાણ ઠંડા પીણાં | ૧૨ | ૩૦૦૦ | ૩૬,૦૦૦ |
| ૩૨ | પીણાં વેચનાર | ૧ | ૩૦૦૦ | ૩,૦૦૦ |
| ૩૩ | ચા ના સાધનો | ૨૫૪ | ૩૦૦૦ | ૭,૬૨,૦૦૦ |
| ૩૪ | પાનબીડી વેચનારના સાધનો | ૧૦૨ | ૩૦૦૦ | ૩,૦૬,૦૦૦ |
| ૩૫ | શાકભાજી-ફળ વેચનાર | ૮૪૬ | ૩૦૦૦ | ૨૫,૩૮,૦૦૦ |
| ૩૬ | ઈંડાની લારીના સાધનો | ૧૨ | ૩૦૦૦ | ૩૬,૦૦૦ |
| ૩૭ | સુતર-દોરી દોરડા વેચાણ | ૨ | ૩૦૦૦ | ૬,૦૦૦ |
| ૩૮ | મીઠું ગોળ વેચનાર/કરિયાણું | ૬૩ | ૩૦૦૦ | ૧,૮૯,૦૦૦ |
| ૩૯ | પ્લાસ્ટીક વસ્તુ વેચનાર | ૧ | ૨૯૦૦ | ૨,૯૦૦ |
| ૪૦ | હાથલારી ચાર વ્હીલવાળી | ૧૬૪ | ૧૯૦૦ | ૩,૧૧,૬૦૦ |
| ૪૧ | ઓઈલ એન્જીન રીપેરીંગ | ૦ | ૩૦૦૦ | ૦ |
| ૪૨ | લારી દ્વારા વિવિધ ફેરી | ૧૬૪ | ૨૭૭૫ | ૪,૫૫,૧૦૦ |
| ૪૩ | ઈસ્ત્રીકામ | ૧૨ | ૨૯૫૦ | ૩૫,૪૦૦ |
| ૪૪ | બ્યુટીપાર્લર | ૨૭ | ૨૯૫૦ | ૭૯,૬૫૦ |
| ૪૫ | ફોટોફ્રેમ | ૪ | ૨૭૫૦ | ૧૧,૦૦૦ |
| ૪૬ | ફીશીંગનેટ | ૦ | ૨૯૫૦ | ૦ |
| ૪૭ | વણાટકામ | ૧૦ | ૨૯૫૦ | ૨૯,૫૦૦ |
| ૪૮ | નાળિયેર વેચનાર | ૦ | ૨૫૦૦ | ૦ |
| ૪૯ | સ્ટીલ ફેબ્રીકેશ (લોખંડના પલંગ) | ૦ | ૩૦૦૦ | ૦ |
| ૫૦ | કેમીકલ્સ વેચનાર | ૪ | ૨૯૫૦ | ૧૧,૮૦૦ |
| ૫૧ | વાસણફેરી | ૨૪ | ૨૮૦૦ | ૬૭,૨૦૦ |
| | **કુલ :** | **૮૮૫૯** | | **૨,૫૯,૯૫,૩૫૦** |

------------

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજનાના બાકી લાભાર્થીઓ

અતારાંક્તિ : ૧૦૪૯ (૨૯-૮-૦૮) **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ** (સમી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુંવરબાઈનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજના અન્વયે તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) જે સહાય ચૂકવવાની બાકી છે તે સરકાર ક્યારે ચૂકવવા માંગે છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૮) :

(૧) કુંવરબાઈનું મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજનાની તા.૩૦-૬-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના કોઈ તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કોઈ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી. જ્યારે પાટણ તાલુકાના અનુસૂચિત જાતિના ત્રણ લાભાર્થીઓને રૂા.૧૫૦૦૦/- ની કુંવરબાઈના મામેરુ યોજનાની સહાય ચૂકવવાની બાકી છે. જ્યારે સાતફેરા સમુહ લગ્ન યોજનામાં સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) અનુસૂચિત જાતિના લાભાર્થીઓના લગ્ન નોંધણી પ્રમાણપત્ર બાકી હોવાના કારણે કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ સહાય ચૂકવવાની બાકી છે જે પ્રમાણપત્ર મળેથી તાત્કાલિક સહાય ચૂકવવામાં આવશે.

------------

**ભરૂચ જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળના બાકી લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૭૬૪ (૨૯-૮-૦૮) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો છે,

(૨) કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને

(૩) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨-૧૨-૦૮) :

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કુલ-૩૧૨૭ બાલિકાઓને લાભ આપવામાં આવેલ છે.

| અ.નં. | ઘટકનું નામ | ૨૦૦૬-૦૭<br>તા.૧-૭-૦૬ થી ૩૦-૬-૨૦૦૭ | ૨૦૦૭-૦૮<br>તા.૧-૭-૦૭ થી ૩૦-૬-૨૦૦૮ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વાલિયા | ૮૫૮ | ૧૦૦ | ૯૫૮ |
| ૨ | ઝઘડીયા | ૧૨૧ | ૨૮ | ૧૪૯ |
| ૩ | અંક્લેશ્વર | ૩૯૨ | ૭૯ | ૪૭૧ |
| ૪ | જંબુસર | ૪૫૩ | ૬૭ | ૫૨૦ |
| ૫ | આમોદ | ૯૬ | ૪૮ | ૧૪૪ |
| ૬ | હાંસોટ | ૧૧૯ | ૬૨ | ૧૮૧ |
| ૭ | વાગરા | ૫૪૫ | ૫૯ | ૬૦૪ |
| ૮ | ભરૂચ | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| **કુલ સરવાળો :** | | **૨૬૮૪** | **૪૪૩** | **૩૧૨૭** |

(૨) ૪૨૪૪ બાલિકાઓ લાભથી વંચિત છે.

(૩) ચાલુ વર્ષે આ યોજના હેઠળ ફાળવેલ રૂા.૧-૦૦ કરોડની ગ્રાન્ટની મર્યાદામાં બાકી રહેલ મહત્તમ બાલિકાઓને આવરી લેવામાં આવશે.

------------

**દાહોદ જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળના બાકી લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૮૧૫ (૨૯-૮-૦૮) **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો છે,

(૨) કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને

(૩) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨-૧૨-૦૮) :

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કુલ-૨૫૧૭ બાલિકાઓને લાભ આપવામાં આવેલ છે.

| અ.નં. | ઘટકનું નામ | તા.૧-૭-૦૬ થી ૩૦-૬-૨૦૦૭ | તા.૧-૭-૦૭ થી ૩૦-૬-૨૦૦૮ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ-૧ | ૦ | ૮૦૦ | ૮૦૦ |
| ૨ | દાહોદ-૩ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગરબાડા | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ઝાલોદ-૧ | ૯૬૯ | ૦ | ૯૬૯ |
| ૫ | ઝાલોદ-૨ | ૦ | ૦ | ૦ |
| ૬ | લીમખેડા-૧ | ૧૫૯ | ૨૪૩ | ૪૦૨ |
| ૭ | લીમખેડા-૨ | ૦ | ૦ | ૦ |
| ૮ | ધાનપુર-૨ | ૦ | ૧૯ | ૧૯ |
| ૯ | ફતેપુર | ૧૨૭ | ૨૦૦ | ૩૨૭ |
| ૧૦ | દેવગઢ બારીયા | ૦ | ૦ | ૦ |
| **કુલ સરવાળો :** | | **૧૨૫૫** | **૧૨૬૨** | **૨૫૧૭** |

(૨) ૪૨૬૬ બાલિકાઓ લાભથી વંચિત છે.

(૩) ચાલુ વર્ષે આ યોજના હેઠળ ફાળવેલ રૂા.૧-૦૦ કરોડની ગ્રાન્ટની મર્યાદામાં બાકી રહેલ મહત્તમ બાલિકાઓને આવરી લેવામાં આવશે.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૬૧૦, ૬૧૨, ૬૧૩, ૬૧૪, ૭૯૪ | ૦૫ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૬૧૯, ૬૨૦, ૬૨૩, ૬૨૬, ૬૨૯, ૬૪૮, ૭૮૫, ૯૩૮, ૯૪૦, ૯૯૭, ૧૦૧૨, ૧૦૪૩, | ૧૨ |
| ૩ | નાણા વિભાગ | ૯૨૧ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો | ૧૦૭૯ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૨૯ | ૦૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧૨૭ | ૦૧ |
| ૭ | ગૃહ વિભાગ | ૧૧૨૫ | ૦૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૬૫, ૬૯૨, ૧૦૦૬, ૧૦૦૭ | ૦૪ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૨, ૧૫૩, ૨૫૬, ૩૯૧, ૫૩૨, ૫૩૪, ૯૭૪, ૧૦૫૨, ૧૧૨૨ | ૦૯ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૪૬૪, ૧૦૩૩ | ૦૨ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૭૬૧, ૭૬૨, ૮૨૨, ૮૨૩, ૮૫૦, ૮૫૧ | ૦૬ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૭૨, ૮૦૪, ૮૮૧, ૮૮૩, ૧૦૪૯ | ૦૫ |
| ૧૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૭૬૪, ૮૧૫ | ૦૨ |
| | | **કુલ :** | **૫૦** |

-------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### મોડાસા વિસ્તારમાં ઝેરી કમળાનો રોગચાળો ફેલાવવા અંગે

**શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે સંબંધે નિવેદન કરવાની તેમને વિનંતી કરું છું.

" તાજેતરમાં સાબરકાંઠા જિલ્લાના મોડાસા વિસ્તારમાં ઝેરી કમળાનો રોગ વ્યાપકપણે ફેલાયેલ છે. આ રોગથી અસર પામેલ પૈકી ઘણા લોકોના મૃત્યુ થયાં છે. રોગ દિન પ્રતિદિન વધુ ફેલાતો જાય છે અને તેથી અન્ય વિસ્તારોમાં પણ તે ફેલાવાની દહેશત છે. જેના કારણે મોડાસા પંથકના લોકોમાં ભય અને ગભરાટની લાગણી ફેલાયેલ છે. આ પરિસ્થિતિમાં ઝેરી કમળાને નિયંત્રણમાં લેવા તેમજ લોકોમાં વ્યાપેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સદર રોગચાળાની જાણ સ્થાનિક કક્ષાએ બ્લોક હેલ્થ ઓફિસરની કચેરીમાં તા. ૧૦/૨/૨૦૦૯ ના રોજ દર્દીઓના સગા સંબંધીઓ દ્વારા કરવામાં આવી હતી. બી.એચ.ઓ. મોડાસાએ સદર બનાવની અગત્યતાને ધ્યાને લઈને તાત્કાલિક મોડાસા શહેરમાં અને શહેરની હોસ્પિટલોમાં સર્વેક્ષણની કામગીરી શરૂ કરવામાં આવેલ. આ સર્વેક્ષણની કામગીરીમાં ૯ હિપેટાઈટીસ-બીના દર્દીઓની જાણ થયેલ, જે પૈકી ૫ દર્દીઓનું મરણ થયેલ હોવાનું જાણવામાં આવેલ. બી.એચ.ઓ. મોડાસાએ તુર્તજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠાને આ રોગચાળાની જાણ કરેલ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠાએ મોડાસાની મુલાકાત લીધી અને તેમણે ત્યાંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ દર્દીઓની મુલાકાત લઈ દર્દીઓ વિશે માહિતી મેળવી. જિલ્લા રેપીડ રીસ્પોન્સ ટીમ, જેમાં સિવિલ હોસ્પિટલ હિંમતનગરના પીડીયાટ્રીશ્યન, પેથોલોજીસ્ટ અને એપીડેમીક મેડિકલ ઓફિસર સભ્યો હતા. તેઓને તુરત જ સ્થળ પર મુલાકાત લેવા સૂચના આપી અને આ જિલ્લાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા મોડાસાની મુલાકાત લેવામાં આવી અને સદર ટીમે દર્દી અને તેમના સગાં-સંબંધીઓના ૨૦ સીરમ સેમ્પલ લીધેલ. તપાસ પછી જેમાંથી ૧૬ સેમ્પલ હિપેટાઈટીસ બીના નેગેટીવ માલૂમ પડેલ.

મોડાસા તેમજ આજુબાજુના ગામો જેવા કે ભચાડિયા, સાકરીયા, મહાદેવગ્રામ, ગોખરવા, ભેરૂંડા, જેતપુર, શહેરા, માથાશુરીયા, કંપા અને કીડી વગેરે ગામોમાં પણ ઘરે ઘરે ફરી સર્વેક્ષણની કામગીરી ૧૨ મેડિકલ ટીમો દ્વારા ચાલુ કરવામાં આવેલ. જેમાં ૪ મેડિકલ ઓફિસર અને ૨૪ પેરા મેડિકલ કર્મચારી હતા. આ ટીમો દ્વારા જુદી જુદી હોસ્પિટલમાંથી દર્દીઓ વિશે માહિતી એકત્રિત કરવામાં આવી. તા. ૧૭/૨/૦૯ સુધીમાં કુલ ૨૨૪ મેડિકલ ટીમોની રચના કરી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૧૫ ગામો પૈકી ૧૩૬૩૦૯ વ્યકિતઓની મુલાકાત કરવામાં આવેલ છે.

મોડાસામાં દર્દીઓને સારી તબીબી સારવાર મળી રહે તે માટે ઉંઝા તથા વીસનગરના ફીઝીશીયનોને સારવાર માટે મદદરૂપ થવા મોડાસા ખાતે પ્રતિનિયૂકિતથી મૂકવામાં આવેલા છે. રાજય કક્ષાએ કમિશનરશ્રી, આરોગ્યની કચેરી ખાતે કંટ્રોલ રૂમ તેમજ સાબરકાંઠા ખાતે મોડાસામાં પણ કંટ્રોલ રૂમ ચાલુ કરેલ છે. આ કાર્યવાહી દરમ્યાન રોગચાળાના લક્ષણો જોતાં એ હિપેટાઈટીસ-બી હોવાનું પ્રાથમિક અનુમાન બંધાયુ હતું. હિપેટાઈટીસ-બી નો રોગ વ્યકિતને અસુરક્ષિત ઈન્જેકશન લેવાથી, અસુરક્ષિત લોહીના બાટલા ચઢાવવાથી, અસુરક્ષિત યૌન સંબંધોથી અને કયારેક જ સગર્ભા માતાથી નવજાત શિશુને તેમજ ચેપી વ્યકિતના રેઝર, બ્લેડ, ટુથબ્રશ તથા દંતચિકિત્સકના ત્યાં અસુરક્ષિત રીતે દાંતની સર્જરી કે કોઈ ઓપરેશન દરમ્યાન પણ યુનિવર્સલ સ્ટરીલાઈઝેશનની પદ્ધતિ અપનાવવામાં ન આવી હોય તો થાય છે. રોગની ગંભીરતા અને હિપેટાઈટીસ-બી ના વાયરસમાં મ્યુટેશન થવાની શકયતાને ધ્યાને લઈને તાત્કાલિક કમિશનરશ્રી, આરોગ્યએ ભારત સરકારના ઈમર્જન્સી મેડિકલ વિભાગના વડા શ્રી પી. રવિન્દ્રન સાથે ચર્ચા કરેલ હતી અને તે જ દિવસે ફેકસ દ્વારા ભારત સરકારની તજજ્ઞ ટીમોને મોકલવા માટે વિનંતી કરવામાં આવી હતી. ભારત સરકારે પણ આ વિનંતી માન્ય રાખી પાંચ તજજ્ઞોની એક ટીમ મોકલવા સંમતિ તુરત જ આપી.

રોગની વ્યપાકતા અને ગંભીરતાને ધ્યાને લઈ નાયબ નિયામક (એપીડેમીક)ના સૂચન અન્વયે સ્ટેટ રેપીડ રીસ્પોન્સ ટીમ કે જેમાં બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ડો. નઈમ કાદરી, એસો. પ્રોફેસર મેડિસિન ડો. ચીતુલ શાહ, આસી. પ્રોફેસર પી.એસ.એમ. ડો. કલ્પેશ મીસ્ત્રી, ટયૂટર, માઈક્રો બાયોલોજી, આર.સી.એચ.ઓ., સાબરકાંઠા ઈ.એમ.ઓ.શ્રી સાબરકાંઠા દ્વારા મોડાસા શહેરમાં સાર્વજનિક હોસ્પિટલ તેમજ આવકાર હોસ્પિટલની મુલાકાત લીધેલ અને દાખલ થયેલ દર્દીઓની સ્થળ તપાસ કરી પરિસ્થિતિની સમીક્ષા તેમજ સગા સંબંધીઓની મુલાકાત લઈ ૮ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૬ સેમ્પલ

એચ.બી.એસ.એ.જી. માટે પોઝિટિવ જણાયેલ, જયારે ૨ સેમ્પલ નેગેટીવ જણાયેલ. ઉપરોકત ટીમે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી ત્યારે દર્દીઓએ આપેલ માહિતી પ્રમાણે ૧ થી ૬ માસની અંદર તેમણે ઈન્ટ્રામસ્કયુલર તેમજ નસમાં ઈન્જેકશન લીધેલ છે તેમ જણાવેલ છે. આ બધા દર્દીઓએ તેમના ફેમિલિ ફિઝિશીયન પાસેથી સારવાર લીધેલ હતી તેવું જણાવેલ. સ્ટેટ રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા નીચે મુજબની સલાહ આપવામાં આવી.

- આ રોગ ફેલાવાનો સમયગાળો ૬ મહિના સુધીનો હોવાથી દરેક ઘરની સર્વેની કામગીરી ૬ મહિના સુધી કરવી જરૂરી છે.
- જેમને રોગચાળો થયેલ છે તેમને તેમજ તેમના સગા-સંબંધીઓને આ રોગ વિશેનું આરોગ્ય શિક્ષણ પૂરું પાડવું.
- લોકો તેમજ ડોકટરોને સુરક્ષિત પદ્ધતિથી ઈન્જેકશનો લેવા વિશે માહિતગાર કરવા.

આઈ.એમ.એ. શાખા મોડાસા દ્વારા હિપેટાઈટીસ-બીના રોગ વિશેની માહિતી અંગે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૬૦ જેટલા ખાનગી તેમજ સરકારી તબીબોની હાજરીમાં ડો. શ્રવણ વોરા, ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ, એપોલો હોસ્પિટલ અમદાવાદ દ્વારા વિગતવાર જાણકારી અને રોગ અટકાયતી પગલાંની માહિતી આપવામાં આવી.

રાજયમાં આવેલ તમામ આરોગ્ય વિભાગના રાજય કક્ષાના અધિકારીશ્રીઓએ જેમાં નાયબ નિયામક, (એપીડેમીક) અને વિભાગીય નાયબ નિયામક, ગાંધીનગર સ્થળ પર રોજ મુલાકાત લઈ માર્ગદર્શન આપતા હતા. રાજય કક્ષાએથી સિનિયર ફિઝિશ્યન ડો. માંકડ અને ગુજરાત એઈડસ સોસાયટીના નિયામકશ્રી ડો. પ્રદીપકુમાર દ્વારા પણ સ્થળની રૂબર મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. તા.૧૪/૨/૨૦૦૯ના રોજ અધિક નિયામકશ્રી (આરોગ્ય) ગાંધીનગરે મોડાસાની મુલાકાત લીધી અને રોગચાળાની પરિસ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા કરી તથા હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓની મુલાકાત લીધી.

તા. ૧૪/૨/૦૯ ના રોજ આરોગ્ય મંત્રીશ્રી તેમજ રાજય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પરબતભાઈ પટેલ દ્વારા મોડાસાની મુલાકાત લઈ અને પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી અને સાર્વજનિક હોસ્પિટલ, મોડાસાની મુલાકાત લીધા બાદ દાખલ થયેલ દર્દીઓને સારામાં સારી તબીબી સારવાર મળે તેવી વ્યવસ્થા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તા. ૧૫/૨/૦૯ ના રોજ ભારત સરકારશ્રી તરફથી તજજ્ઞોની એક ટીમ જેમાં ડો.ચંદ્રશેખરન, ડો. શશી ખરે, ડો. અરૂણ કલ્લી, ડો.રાકેશ અગ્રવાલ, ડો.અવધેશકુમાર દ્વારા મોડાસા તેમજ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ રોગચાળા અંગેની પરિસ્થિતિનું જાત પરિક્ષણ કરી જરૂરી માર્ગદર્શન તેમજ સૂચન કરવામાં આવ્યા છે. સમગ્ર ભારતમાં વાઈરસ માટેના સંશોધનો અંગેની અગ્રીમ સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી, પૂનાના ડો. અરૂણ ખરે પણ પોતાની સાથે ૧૪ સીરમ સેમ્પલો લઈ ગયા છે. જેના પરિણામો ટૂંક સમયમાં જ આવશે. પરંતુ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્યુનીકેબલ ડીસીસના પ્રાથમિક તારણ કે જે ટેલિફોનિક સંદેશા દ્વારા મળેલ છે તે મુજબ આ રોગચાળો એકયુટ હિપેટાઈટીસ-બી હોવાનું જણાવેલ છે. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્યુનીકેબલ ડિસિસ સંક્રામક રોગો માટેની માર્ગદર્શન આપતી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. આ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા પણ ૧૦ દર્દીઓના સીરમ સેમ્પલ અને ૧ લીવર બાયોપ્સી પણ લેવામાં આવી છે. તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા છે.

(૧) અસરગ્રસ્ત વિસ્તારના ડોકટરો અને બીજા હેલ્થ કેર પ્રોવાઈડર્સને બિનજરૂરી ઈન્જેશનો ન આપવા માટે સમજાવવા

(૨) જયાં ફરજીયાત જરૂરી હોય તેવી સારવારના ઈન્જેકશનો કે ઈમ્યુનાઈઝેશનના ઈન્જેકશનો માટે નવી જ ડીસ્પોઝેબલ સીરીંજ અને નીડલનો ઉપયોગ કરવો.

(૩) જયારે મલ્ટી ડોઝ વાયલનો ઉપયોગ થાય ત્યારે નવી સીરીંજ અને નીડલનો દરેક દવાના વીથડ્રોલ વખતે ઉપયોગ કરવાનો રહેશે અને આરોગ્ય કર્મીઓએ મલ્ટી ડોઝ વાયલની અંદર ઢાંકણાની ઉપર નીડલ નાંખીને વારંવાર દવા કાઢવા માટેની જે પદ્ધતિ છે તે કોઈપણ સંજોગોમાં અપનાવવી નહીં.

(૪) તદુપરાંત નીડલ બદલીને એની એ જ સીરીંજનો ઉપયોગ પણ કાયમી ધોરણે બંધ કરવો.

તજજ્ઞ સમિતિએ મોડાસામાં રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓને જે સારવાર આપવામાં આવી રહેલ છે તેમજ સર્વેક્ષણ વગેરે અન્ય પગલાં લીધાં છે તેનાથી સંતોષ વ્યકત કર્યો છે.

આ પરિપ્રેક્ષ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) આ રોગની ઘાતક અસરો, તેમજ તેનાથી બચવા લેવાની થતી સાવચેતી તેમજ અન્ય બાબતે પ્રીન્ટ અને ઈલેકટ્રોનિક મિડિયામાં જાહેરાતો તેમજ પ્રેસ નોંધ ઉપરાંત ૧૯૦ જેટલી જૂથ ચર્ચા થકી આરોગ્ય વિભાગે વ્યાપક જનજાગૃતિ અભિયાન હાથ ધરીને અસરકારક કામગીરી કરી છે.

(૨) ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ત્યાંના લોકલ મેડિકલ સ્ટોર્સ, ખાનગી દવાખાનાઓમાંથી સીરીંજ, નીડલ, ઈન્જેકશનો તેમજ ગ્લુકોઝના બાટલાના ૧૮ સેમ્પલો લઈ વડોદરા ખાતેની ફૂડ એન્ડ ડ્રગ વિભાગની લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવેલ છે.

(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠા દ્વારા તા. ૧૪/૨/૦૯ના રોજ ૧૦ ટીમોની રચના કરવામાં આવી. આ ટીમો દ્વારા જુદા જુદા ખાનગી પ્રેકટીશનરોની મુલાકાત લેવામાં આવી તેમજ તેમની નિષ્કાળજીની સમીક્ષા કરવામાં આવી. આ ટીમોના રીપોર્ટના આધારે તા. ૧૪/૨/૦૯ ના રોજ ૫ ખાનગી પ્રેકટીશનરો અને તા. ૧૫/૨/૦૯ના રોજ ૨ ખાનગી પ્રેકટીશનરોની સામે પોલીસમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી.

(૪) હિપેટાઈટીસ-બી રોગચાળાનું પુનરાવર્તન બીજા જિલ્લાઓમાં ન થાય તે માટે રાજયના તમામ જિલ્લાઓના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, વિભાગીય નાયબ નિયામકશ્રીઓ, ડીનશ્રી, મેડિકલ કોલેજ, તમામ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોરપોરેશન, તમામને રાજય કક્ષાએથી પરિપત્ર કરી દર્દીઓને સંપૂણ સુરક્ષિત પદ્ધતિથી ઈન્જેકશનો આપવા સારું તમામ ઘટતાં પગલાં લેવા જણાવેલ છે. કમિશનરશ્રી, આરોગ્ય દ્વારા પણ તમામ જિલ્લા કક્ષાના અધિકારીઓને ઈ-મેલ દ્વારા આ અંગેની સૂચના આપવામાં આવેલ છે.

(૫) હિપેટાઈટીસ-બી ના રોગની જાણ થતાં કુલ-૨૨૪ ટીમોની રચના કરી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૧૫ ગામો પૈકી ૧૩૬૩૦૯ વ્યકિતઓની મુલાકાત લેવામાં આવેલ છે. તા. ૧૦/૨/૦૯ થી તા. ૧૭/૨/૦૯ સુધી કુલ ૭૦ દર્દીઓ પૈકી ૩૭ વ્યકિત અંદરના દર્દી તરીકે દાખલ કરેલ છે. ૧૪ દર્દીઓને રજા આપવામાં આવેલ છે. જયારે ૧૯ દર્દીઓનું મરણ થવા પામેલ છે.

(૬) સાર્વજનિક હોસ્પિટલ, મોડાસામાં બે વેન્ટીલેટરની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. જેથી દર્દીઓને જરૂર પડયે તેનો લાભ આપી શકાય. દર્દીઓને જે કાંઈપણ ઉચ્ચ કક્ષાની સારવારની જરૂર હશે તે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં પૂરી પાડવામાં આવશે.

ઉપરોકત વિગતો પરથી ફલિત થાય છે કે જાણ થતાં જ દરેક મોરચે સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને સતર્કતા સહ રાજયના આરોગ્ય વિભાગના તંત્રે કાર્યવાહી કરી છે તેમજ પ્રજામાં આ રોગની ઘાતકતા તેમજ તેને વધુ ફેલાતો રોકવા જરૂરી સતર્કતા અંગે સમજ ફેલાય તે માટેના પગલાં પણ લીધાં છે. જેથી પ્રજામાં કોઈપણ પ્રકારનો ભય અથવા આતંક ફેલાય નહીં.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : જે ગામોના દર્દીઓનું અવસાન થયું હોય અથવા જે ગામોના દર્દીઓને હોસ્પિટલમાં આ રોગની સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હોય તે ગામોના લોકોની માગણી રસીકરણની છે. તો આ રસીકરણની કેટલી ઉપયોગિતા છે? અને રસી જેટલી જરૂર હોય તો તેની ઉપલબ્ધતા બાબત માનનીય મંત્રીશ્રી જણાવે. બીજો મારો પ્રશ્ન એ છે કે દર્દીઓના સગા-વહાલા અને બીજાઓને જાણકારી નહીં હોવાને લીધે તેઓ સરકારી હોસ્પિટલને બદલે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા દાખલ થાય છે. ખાનગી હોસ્પિટલોમાં લાખો રૂપિયાના બિલ આવે છે. એટલે મોડાસાની અંદર જ જે સરકારી હોસ્પિટલો છે, તેમાં પૂરતી સારવાર મળી રહે તે માટેનું આયોજન સરકારે કર્યુ હોય તો એન.જી.ઓ. અને બીજી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દરેક ગામમાં એની પૂરતી માહિતી અપાય તેવી મારી વિનંતી છે. ત્રીજો મારો પ્રશ્ન એ છે કે જયારે કોઈ દર્દીનું અવસાન થાય અને તેના અગ્નિ સંસ્કાર કરવા માટે જયારે જે તે વ્યકિતને લઈ જાય અથવા જે તે વ્યકિતના ઘરની અંદર દર્દીને જે લોકો મળવા આવતા હોય છે એ લોકો દર્દીને મળવાનું પણ ટાળતા હોય છે. તો એ બાબતની પણ લોક જાગૃતિ માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, ૧૦મી ફેબ્રુઆરીએ પ્રથમ વખત આ બાબતની જાણ થઈ. ત્યારથી આરોગ્ય વિભાગે સઘન પગલાં લઈ આ સમગ્ર રોગચાળો ફેલાતો અટકાય તે માટેની કાર્યવાહી કરી છે. આના ભાગ રૂપે ૧૦/૨/૨૦૦૯ થી ૧૮/૨/૨૦૦૯ સુધીમાં ૨૭૨ ગામોમાં ૧,૧૩,૮૪૧ ઘરોની મુલાકાત લેવામાં આવી છે. ૧,૫૦,૬૪૨ સભ્યોને તપાસ્યા છે. આ સભ્યોમાંથી ૭,૪૫૯ સભ્યો એવા હતા કે જેમણે ઈન્જેકશન લીધું હોય અને ૨૫ સભ્યો એવા હતા કે જેમણે લોહી ચડાવેલું હોય. ૧૫૨ સભ્યો એવા હતા કે જેમણે દાંતની સારવાર લીધી હોય અને ૧૮૮૩ ઓપરેશન કરાવેલ હોય એવા સભ્યોને આ ટીમે તપાસ્યા છે. આમાંથી ૪૨ શંકાસ્પદ કેસ મળ્યા છે. જે જનજાગૃતિ ઉભી કરવા માટેની માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરેલ છે, એ માટે અત્યારસુધીમાં ૮૧૧૦ જેટલી જૂથ ચર્ચા ઉભી કરવામાં આવી છે. ૩૮,૦૦૦ જેટલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું છે અને આજે અમે નિર્ણય લીધો છે કે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં અગત્યના સ્થળો ઉપર હોર્ડિંગ મૂકીને અને ભીંતપત્રો ચીતરાવીને આ રોગ અંગેની જનજાગૃતિ ઉભી કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. જનજાગૃતિ એ આ માટેની

અગત્યની બાબત હોઈ આ માટે અગ્રણી અખબારોમાં આવતીકાલથી જાહેરખબર આપીને પણ આ રોગ અંગે શું પગલાં લેવા જોઈએ અને શું કાળજી રાખવી જોઈએ એ માટેની જનજાગૃતિ ઉભી કરવા માટેનું આયોજન કર્યું છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું કે સાર્વજનિક હોસ્પિટલ, મોડાસા ખાતે શું વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સાર્વજનિક હોસ્પિટલ, મોડાસા ખાતે આ રોગના જંતુઓ પકડી શકાય, એના એન્ટી બોડીઝ પકડી શકાય એ માટે એલીઝા બ્લડ ટેસ્ટીંગ મશીનની તાત્કાલિક અસરથી આરોગ્ય વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. બે વેન્ટીલેટર મશીન જે દસેક લાખ રૂપિયાના ખર્ચે ત્યાં મૂકવામાં આવ્યા છે. બે ફિઝિશ્યનની બદલી કરી એક ઉંજા અને વીસનગરથી બદલી કરી મોડાસા ખાતે મૂકયા છે. ભારત સરકારની નિષ્ણાત ટીમ, જેની અંદર ડો. ચંદ્રશેખર, ડો. શશી ખરે, ડો. વિદ્યા આરંકલે, ડો. રાકેશ અગ્રવાલ અને ડો. અવધેશકુમારની ૫ સભ્યોની બનેલી ટીમ આપણી તાત્કાલિક વિનંતીને માન આપીને ભારત સરકાર દ્વારા મોકલવામાં આવી હતી. તેમણે ૨ દિવસ રહીને સમગ્ર મોડાસા વિસ્તારમાં અને આજુબાજુના વિસ્તારની મુલાકાત લઈને તપાસ કરી છે. માનનીય સભ્યશ્રીએ રસી બાબતમાં વાત કરી. તો એ બાબતે આ ટીમે જે અમને સલાહ આપી છે એના અહેવાલમાંથી ટાંકીને હું એનો જવાબ આપવા માગું છું કે રસીની ઉપયોગિતાની બાબતમાં આ ટીમે એવું કહ્યું છે ઈવન હેલ્થ કેર વર્કર્સ માટે "The health-care workers involved in the care of affected patients should follow universal precautions to avoid patient to health-care worker transmission of Hepatitis B. Hepatitis B vaccination may be considered for workers carrying for patients with Hepatitis B. Even though it must be clear that the effect of vaccination will not be immediate,৮ I repeat, sir, ‡even though it must be clear that the effect of vaccination will not be immediate" એટલે રસી આપવામાં આવે તો પણ ૯૦ દિવસ સુધી એની અસર થતાં લાગે છે અને જેના શરીરમાં આના વિષાણુઓ પ્રવેશ્યા હોય એને આ રસી અસર કરતી નથી. એટલે રસીકરણથી કોઈ ફાયદો થાય એવી શકયતા નથી. માનનીય સભ્યશ્રી અને માનનીય ધારાસભ્યશ્રીઓને હું ખાસ કહેવા માગું છું કે આ રોગ માટે આજે જ અમને પૂનાના નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજીમાંથી ફાઈનલ અહેવાલ મળ્યો છે એમાં એમ કહયું છે કે આ રોગ જે છે તે Another puzzling observation was high mortality record કારણ કે મરણનો આંક પ્રમાણમાં ઉંચો છે. Hepatitis B usually does not lead to such high mortality. The involvement of Hepatitis B is Delta Virus usually associated with high mortality HBV affected individuals was the first possibility. However absence of anti-delta anti-bodies in the HBsAg positive persons investor rules out the role of HBV એટલે જે શંકા હતી કે આમાં હિપેટાઈટીસ-બી ની સાથે હીપેટાઈટીસ-ડી નો વાયરસ પણ કદાચ આની ઉપર સવાર થઈને પહોંચ્યો હોય એવું નથી, પરંતુ આ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજી, પૂનાનો જે રિપોર્ટ આવ્યો છે એ પ્રમાણે આ વાયરસ પ્યોર હિપેટાઈટીસ-બીનો વાયરસ છે અને કયાંક mutation થયું છે એટલે આ વાયરસ જે છે એ ખૂબ જ મજબૂત અને અથવા તો strong virility ધરાવતો વાયરસ છે. એટલે એના કારણે મરણનો આંક વધારે થયો છે. હવે જે મુદ્દો માનનીય સભ્યશ્રીએ ઉપસ્થિત કર્યો છે દર્દીઓનાં સગાંવહાલાં બાબતનો એનો જે જનજાગૃત્તિ અભિયાનમાં કરીએ છીએ એનો જવાબ આપ્યો છે, પરંતુ આ રોગ એ માત્ર લોહીથી જ ફેલાય છે. એટલે રસી લેવા કરતાં શકય હોય ત્યાં સુધી ઈન્જેકશન ના લેવું, શકય હોય ત્યાં સુધી દાંતની ટ્રિટમેન્ટ ના કરાવવી અને શકય હોય ત્યાં સુધી લોહી ચઢાવવું નહીં અને એ શકય ના હોય અને ઈન્જેકશન લેવું જ પડે તો ડિસ્પોઝેબલ સીરીંજનો અને ડિસ્પોઝેબલ નીડલનો ઉપયોગ કરવો અને ઈન્જેકશન આપ્યા પછી એ સીરીંજ અને નીડલ તોડી નાંખવા. આ પ્રકારની કાળજી લેવાથી રોગ થતો અટકી શકશે. માનનીય સભ્યશ્રીને અને દર્દીઓનાં સગાંવહાલાંને મારે એ પણ કહેવું છે કે કે આ રોગ કોઈ સ્પર્શથી ફેલાતો નથી, આ રોગ પાણીથી ફેલાતો નથી, ખોરાકથી ફેલાતો નથી અને હવાથી ફેલાતો નથી. એટલે કોઈને અડવું કે ના અડવું અથવા તો quarantine માં રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને આ માટેની જનજાગૃત્તિના અભિયાનના ભાગરૂપે સૌએ જે કોઈ પ્રયત્નો થાય એ બધાએ કરવા જોઈએ અને એ દિશામાં અમારા પણ પ્રયત્નો આવનાર દિવસોમાં રહેશે. આમ જે કોઈ સાવચેતીનાં પગલાં લઈ શકાય એ બધા જ પ્રકારનાં પગલાં આરોગ્ય વિભાગે જેવી જાણકારી થઈ એટલે તુરત જ લીધાં છે. ફરી પણ મારે એક વસ્તુ ઉમેરવી છે કે આવતીકાલે ફરીથી પૂનાની ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીની બે સભ્યોની ટીમ ગુજરાતમાં આવવાની છે અને જે લોકોને આ રોગ થયો છે તેનાં સગાંવહાલાં અને એમને કઈ રીતે રોગ થયો એનો ઈતિહાસ ટ્રેસ કરવાનો પ્રયત્ન એ ટીમ દ્વારા થવાનો છે. એટલે કયાંય પણ કોઈપણ પ્રકારની ચૂક કર્યા વિના જે કોઈ પગલાં લેવો જોઈએ એ આરોગ્ય વિભાગે સર્તકતાથી લઈ રહ્યું છે, પરંતુ સાથે સાથે આ જે વાયરસ દાખલ થયો છે એ એટલો જોરદાર વાયરસ છે, વિરોલન્ટ વાયરસ છે, mutated વાયરસ છે.એવું હાલ પૂનાની ઈન્સ્ટીટયુટે પણ કન્ફર્મેશન આપ્યું છે એ સંજોગોમાં આ વાયરસનો વીન્ડો પિરીયડ ૬૦ થી ૯૦ દિવસ છે. એટલે હજુ કેટલાક વધારે કિસ્સા પ્રકાશમાં આવશે ત્યારે કોઈપણ પ્રકારનો ગભરાટ ના ફેલાય અને આ રોગ માટે જરૂરી સારવાર મળી રહે એ માટેની વ્યવસ્થામાં સહભાગી થાય એ રીતની વિનંતી માનનીય સભ્યશ્રીઓ અને આ વિસ્તારના લોકપ્રતિનિધિઓને પણ આપના થકી મારે કરવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર. માનનીય સભ્યશ્રી મોહંમદ ફારૂક હુસેનમીયાં શેખ (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર. માનનીય સભ્યશ્રી પ્રફુલભાઈ પટેલ...

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સેવાભાવી સંસ્થાઓ વિશેષ કરીને ઇન્ડિયન મૅડિકલ એસોસિએશનના ડોકટર મિત્રો છે એમને સાથે રાખીને આ કામમાં સહભાગી બનાવીએ તો વધારે અસરકારકતા રહેશે એવું મારું માનવું છે. તો એ અંગે માનનીય મંત્રીશ્રી અને રાજય સરકાર વિશેષ પ્રકાશ પાડે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનુ સૂચન સારું છે. ઇન્ડિયન મૅડિકલ એસોસિએશન સાથે સહયોગમાં રહીને આરોગ્ય વિભાગે અત્યાર સુધીની કામગીરી કરી છે, અમને એમાં કોઈ વાધો નથી, માનનીય ધારાસભ્યશ્રી આપના થકી વિનંતી છે કે ઇન્ડિયન મૅડિકલ એસોસિએશનનો પણ જન જાગૃતિ અભિયાન માટે જેટલા કેમ્પીંગ થાય એમાં મહત્તમ સહકાર મળી રહે તો ઉપકારક બનશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૭-૨૦૦૮નો ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો ઑડિટ અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનો ઑડિટ અહેવાલ (મુલકી) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઑડિટ અહેવાલ (મુલકી) સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ,હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**૩૯૭/page> શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર

અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( ગ્રામ ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

**અહેવાલ,હિસાબો, ઑડિટ અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આલ્કોક એશડાઉન(ગુજરાત) લિમિટેડનો ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૦૬-૨૦૦૭ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની

(અ) સન ૧૯૯૬ ના મકાન અને અન્ય બાંધકામ કામદારો (રોજગાર નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ અન્વયેની-

(૧) તા.૨૧-૮-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર- ૨૦૦૮નો-૧૫૪- સીડબલ્યુએ-૧૩-૨૦૦૮-૬૮૨-એમ-૩

(૨) તા.૩૧-૧૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર- ૨૦૦૮-૨૦૦- સીડબલ્યુએ-૧૩-૨૦૦૮-૬૮૨-એમ-૩

(બ) સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વેયની-

(૧) તા.૨-૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૮-બીએસઈ -૨૦૦૭-૧૧૦૧-એમ(૩)

(૨) તા.૨૯-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૪૯- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬-એમ(૩)

(૩) તા.૧૪-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૫૩-બીએસઈ-૧૯-૨૦૦૭-૩૩૭૭૪૬-એમ(૩)

(૪) તા.૧૪-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૫૪- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬-એમ(૩)

(૫) તા.૧૪-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૫૫- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬-એમ(૩)

(૬) તા.૧૮-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૧૬- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૯૩૦૯૧-એમ(૩)

(૭) તા.૨૫-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૨૨- બીએસઈ-૧૯-૨૦૦૮-૪૫૩-એમ(૩)

(૮) તા.૨૮-૮-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૫૬- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬-એમ(૩)

(૯) તા.૫-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૬૨- બીએસઈ-૧૯-૨૦૦૮-૨૨૧૪૨૭-એમ(૩)

(૧૦) તા.૬-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૬૩- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬(પાર્ટ-૧)-એમ(૩)

(૧૧) તા.૨૦-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮-૧૬૯- બીએસઈ-૧૯-૨૦૦૮-૩૮૭૬૦-એમ(૩)

(૧૨) તા.૧૦-૧૦-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮- ૧૭૫- બીએસઈ-૧૯- ૨૦૦૭-૪૧૩૫૯૧-એમ(૩)

(૧૩) તા.૧૬-૧૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૮ -૧૯૪- બીએસઈ-૧૯-૨૦૦૭-૩૦૭૭૪૬(પાર્ટ-૧)-એમ(૩) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**નાણાં વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૩-૧૦-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪૫) વીએટી- ૨૦૦૮-એસ.૫(૨)(૨૬)-ઠ

(૨) તા. ૪-૧૦-૨૦૦૮નીઅધિસૂચનાક્રમાંક-(જીએચએન-૪૬) વીએઆર-૨૦૦૮-(૨૦)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા ( સામાન્ય વહીવટ મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સન ૨૦૦૨ના સીમાંકન અધિનિયમ અન્વયેની તા. ૨૫-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક- ૨૮૨-જીજે-૨૦૦૮ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧૦-૧૦-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૮ (૩૧) જીઆઈડી- ૧૦૨૦૦૮-૩૦૬૦-જી

(૨) તા. ૯-૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૯ (૧) જીઆઈડી- ૧૦૨૦૦૪-૧૪૯૬-જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગૃહ વિભાગની અધિસૂચના**

**શ્રીઅમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની તા. ૬-૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:- જીજી-૪૪-૨૦૦૮-એમએલએસ-૨૦૦૮-૭૯૩-ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૦૨૫ (અગ્રતાક્રમ-૨)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૬/૯/૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણના "સાવલી તાલુકામાં રૅશનિંગની દુકાન પર થયેલ ચૅકીંગ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૦૨૫ (અગ્રતાક્રમ-૨)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.** :

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર સાહસો માટેની સમિતિના પહેલા અને બીજા અહેવાલની રજૂઆત**

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ: (સમિતિના પ્રમુખશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૨મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો સી.એ.જી.ના સન ૧૯૯૩-૯૪થી સન ૨૦૦૪ સુધીના વાણિજિયક અહેવાલ ઉપરનો પહેલો અહેવાલ તથા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની કામગીરી ઉપરનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

## સરકારી વિધેયકો

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૨**

# મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૦૯

**ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો, મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનો અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં * અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૦૯નું મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૦૯નું મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા.૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહના સૌ સન્માનનીય ધારાસભ્યશ્રીઓને મારે કહેવું છે કે, આઝાદીના ૬૦ વર્ષ પછી આવો એક ઐતિહાસિક નિર્ણય આ સરકાર કરવા જઈ રહી છે. હજારો ખેડૂત ખાતેદારો જે ગણોતિયા તરીકે નોંધાયા અને એમને ખેડૂત તરીકેના હક્કો પ્રાપ્ત ન થયા. આ ખેડૂતોને પોતાના હક્કો પ્રાપ્ત થાય એના માટેનું આ બિલ છે. હજારો ખેડૂતોને માનસિક ત્રાસ આટલા વર્ષોમાં આપ્યો છે. કોર્ટના ધક્કા ખાવા પડ્યા, સરકારી ઑફિસોમાં પણ કલેકટરોની મંજૂરી લેવા માટે પણ ધક્કા ખાવા પડ્યા. અનેક વર્ષો સુધી આવો સુધારો કરવા માટે માગણીઓ થતી રહી છે. તેમ છતાં ભૂતકાળની કોઈ સરકારોએ આવો કોઈ સુધારો ન કર્યો. ૧૮૭૯માં બૉમ્બે રેવન્યૂ એકટ ઘડાયો એને આજે ૧૩૦ વર્ષ થયા. એને બને ૧૩૦ વર્ષ પછી પણ એમાં કોઈ સુધારો કરવાની હિંમત ભૂતકાળની સરકારોએ ન કરી.

**(માનનીય સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને )**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ આ મુંબઇ રેવન્યૂ એકટમાં સુધારો કરવાનું સાહસ આ સરકાર કરવા જઈ રહી છે. ૨૦૦૩માં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૩ દિવસીય ચિંતન શિબિર મળી હતી. આ ચિંતન શિબિરમાં દરેક વિભાગમાં કોઈ સમસ્યાઓ છે, લોક હિત માટે શું કરવું જોઈએ? નવું શું કરવું જોઈએ? આ બાબતે ચિંતન શિબિરમાં ચર્ચા થઈ. સૌ અધિકારીશ્રીઓ, મંત્રીશ્રીઓ અને મુખ્યમંત્રીશ્રીએ ચર્ચાઓ કરી અને એની અંદર માર્ગદર્શન મળે અને એનો નિર્ણય થાય કે આ વિભાગે શું કરવાનું છે? એમાં રેવન્યૂ વિભાગની ૨૦૦૩-૦૪માં ખૂબ વિશદ ચર્ચા થઈ હતી અને બધાએ ખૂબ વિચારો વ્યક્ત કર્યા હતા અને આ વિચારો વ્યક્ત કર્યા પછી અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન પછી એક મહત્ત્વનો સુધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને એ નિર્ણયનું બિલ આજે આ વિધાનસભાગૃહમાં લઈને હું આવી છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન બંધારણની ૯મી અનુસૂચિમાં આવતી હોય બંધારણની કલમ-૩૧(બી) નીચે રક્ષિત હોઈ આ કાયદાની કલમ ૨૬ કરવા માટે વિધાનસભામાં બિલ રજૂ કરતા પહેલાં ભારત સરકારની વહિવટી મંજૂરી મેળવવી જરૂરી બને છે. કલમ-૪૩માં સુધારો કરવા માટે તા.૨-૩-૨૦૦૫ની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. કલમ-૩૨(ઓ), કલમ-૬૫, કલમ-૬૫(ક), કલમ-૬૬ ૨૬ કરવા માટે પણ મંત્રીમંડળની તા.૧૫-૧૧-૨૦૦૬ની બેઠકમાં મંજૂરી મેળવવામાં આવી હતી. મંત્રીમંડળની મંજૂરી મેળવ્યા પછી ભારત સરકારમાં મોકલી આપવામાં આવ્યું હતું. ૩ વર્ષ પછી ભારત સરકારે આવા મહત્ત્વના બિલની મંજૂરી આટલો બધો વિલંબ કર્યા પછી આપી. તા.૧૦-૧૦-૨૦૦૮ના રોજ આ સુધારો કરવા માટેની મંજૂરી ભારત સરકારે આપણને આપી. જેવી મંજૂરી મળી કે તરત જ મંત્રીમંડળની તા.૧૧-૨-૨૦૦૯ની બેઠક મળી જેમાં આ સુધારાને મંજૂરી આપવામાં આવી છે અને આજે આ વિધાનસભાગૃહમાં લઈને આવી છું. ૪૩(૧)ની જે કલમ છે આ કલમની ચર્ચા અહીં અમે કરવા જઈ રહ્યા છીએ. ૧૯૪૮માં આઝાદી મળ્યા પછી ૧૯૪૮થી ૧૯૫૭ની અંદર કેટલાક કાયદાઓ કરવામાં આવ્યા. આ કાયદાઓ કરવામાં પણ જો કોઈએ મહત્ત્વનો રોલ ભજવ્યો હોય તો તે સરદાર વલ્લભભાઈ પટેલે ભજવ્યો હતો કારણ કે એ સમયે મોટા મોટા ખેડૂતો પોતે ખેતી નહોતા કરતા પરંતુ એની અંદર ખેતી કરવા માટે અન્ય લોકોને રાખતા હતા અને એ ખેતી કરે અને એમાંથી જે ઊપજ થાય એ મોટા માલિકો, જમીનના માલિકો એ લઈ જતા હતા અને એ વખતે આવા શબ્દો વપરાતા,!! વાવે કોઈ, લણે કોઈ,!! વાવવાની મજૂરી કરે ખેડૂત મજૂર અને લણે એટલે જેને લાભ થવાનો છે, મોટા જમીન માલિકો લઈ જતા હતા. ખેડે તેની જમીન એ પણ ચર્ચાનો વિષય હતો અને એટલે આ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો. ૧-૪-૧૯૫૭ એટલે પહેલી એપ્રિલ, ૧૯૫૭ના દિવસને !!ખેડૂતદિન!! તરીકે જાહેર કરવામાં આવ્યો અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે ૧-૪-૧૯૫૭ પહેલા જે ગણોતિયાઓ અથવા તો જમીન માલિકોની જમીનમાં ખેતી કરતા હોય એવી વ્યકિતઓને ગણોતિયા તરીકે નોંધાયેલા હોય તો એમને ગણોતિયા તરીકેના હક્કો આપવા આ નિર્ણય-૪૩-૧ કલમ નીચે એમને આપવામાં આવ્યા. જમીન માલિકની જમીનમાં એ ખેડૂત હોવો જોઈએ ખેડૂત ખાતેદાર હોવો જોઈએ, નજીવી કિંમત લઈને એમને આ જમીનો એલોટ કરવામાં આવી જેથી એમને માલિકીના હક્કો પણ ૪૩(૧)ની કલમ નીચે આપવામાં આવ્યા. ગણોતિયાને જમીન તો મળી પરંતુ એની હયાતીમાં એને જો એની સીધી લીટીના વારસદારોને જો જમીનની વહેંચણી કરવી હોય તો એ સીધેસીધી કરી ન શકે એવી જોગવાઈ પણ આ કલમોની અંદર હતી. અને જો એ કલેક્ટરની પૂર્વમંજૂરી વગર પોતાની સીધી લીટીના વારસદારોને જમીનની વહેંચણી કરી દે તો શરતભંગ થાય અને શરતભંગ થાય તો રાજય સરકાર એ જમીન પોતાના હસ્તક લઈ લે અને એ જમીનનો વહીવટ સરકારના હસ્તે આવી જાય. જ્યારે ગણોતિયાનું મૃત્યુ થાય તો મૃત્યુ પછી એના જે સીધી લીટીના વારસદારો હોય અથવા કાયદેસરના વારસદારો હોય તો એ ૭-૧૨ની અંદર એના નામો રેકર્ડની અંદર આવે. હવે આ એટલો લાંબો સમય થયો, ૫૦ વર્ષ જેટલો સમય થયો અને એટલે ૭-૧૨ના રૅકૉર્ડની અંદર પણ હવે જગ્યા જ નથી નામો લખવાની એવી સ્થિતિ પેદા થઈ છે. અને એટલે જ કુટુંબના જે માણસો છે એ માણસો પણ ઇચ્છે છે કે આ જમીનની કૌટુંબિક રીતે અમારી વચ્ચે આ વહેંચણી કરવામાં આવે પરંતુ કાયદો હોવાને કારણે એ વહેંચણી કરી નથી શકતા. બીજું દીકરી હોય તો લગ્ન કરીને સાસરે ગઈ હોય, કોઈ ભણી ગણીને તૈયાર થઈ અને વિદેશમાં પણ ચાલ્યો ગયો હોય તો આ બધાઓને એક જગ્યાએ એકત્રિત કરવા, બધાને કલેક્ટરની

ઑફિસમાં લઈ જવા અને કલેક્ટરની મંજૂરી મેળવી અને એને વહેંચણી કરવાના હુકમો કરવા એ અતિશય અઘરું બન્યું છે અને એટલે આ કામ થઈ શકતું નથી. બીજું સામાન્ય જો ખેડૂત હોય તો એ ખેડૂત પોતાના સીધી લીટીના વારસદારોને જમીનની વહેંચણી કરી શકે છે એમાં કોઈ કલેક્ટરની મંજૂરી લેવાની આવશ્યકતા નથી હોતી અને એટલે આ ગણોતીયાઓ પણ એમ સમજે છે કારણ કે એ અભણ છે એમને કાયદાઓની કોઈ ખબર નથી અને એટલે એ પણ એમ સમજતા હોય છે, કે જેમ એક સામાન્ય માણસ એ પોતાની જમીનનો માલિક હોય અને પોતાની જમીન એના સીધી લીટીના વારસદારોને એ વહેંચે છે એ જ રીતે હું પણ એટલે ગણોતિયો હોવા છતાંપણ હું એ સીધી લીટીના વારસદારોને એ જમીનની વહેંચણી કરી શકું છું. એમ કરીને એ કાયદાનો ભંગ કરે છે પણ એને ખબર નથી કે હું કાયદાનો ભંગ કરી રહ્યો છું અને પોતાના જે વારસદારો છે એમને એ જમીન આપી દે છે, વહેંચી દે છે અને પરિણામે શરતભંગ ઉપસ્થિત થાય છે અને શરતભંગ થવાને કારણે રાજય સરકાર એને પોતાના હસ્તકમાં લઈ લે છે અને પોતાના હસ્તકમાં આવી જાય છે એટલે ખેડૂત જે ગણોતિયો છે એ ખેતી વગરનો થઈ જાય છે, જમીન વગરનો થઈ જાય છે. ખેતી કરી શકતો નથી. એનું આવકનું સાધન જૂંટવાઈ જાય છે અને પરિવાર વધુને વધુ ગરીબ બનતું જાય છે હવે આટલા વર્ષો પછી એમને આ હક્કો આપવા જોઈએ કારણ કે હવે આવા કોઈ ગણોતિયાઓ આપણે ત્યાં છેલ્લા પાંચ-સાત વર્ષની અંદર છે જ નહીં,અને હવે જો ગણોતિયાઓ ન જ હોય તો ગણોતિયાઓને પણ એમની માલિકીના હક્કો એમને આપવા જોઈએ અને એટલે કલમ-૪૩(૧)માં આપણે સુધારો કરવા માગીએ છીએ અને એ સુધારો એ રીતે કરવા માગીએ છીએ કે જમીનની વહેંચણી કુટુંબના સભ્યો વચ્ચે થયેલી હોવી જોઈએ કે જેઓ વચ્ચે સીધી રીતે લોહીની સગાઈ હોય અથવા ગણોતિયાના કાયદેસરના વારસ હોય તો જમીનની આવી કૌટુંબિક વહેચણીના કિસ્સામાં કલેકટરશ્રીની પૂર્વમંજૂરી જરૂરી રહેશે નહીં એટલે હવે ગણોતિયાઓને કલેકટરની પૂર્વમંજૂરી લેવાની કોઈ આવશ્યકતા નથી. પોતે પોતાના સીધી લીટીના એ પોતે જમીનની વહેંચણી કરી શકશે. પ્રવર્તમાન કોઈ પણ કાયદાની જોગવાઈનો ભંગ થતો હશે તો આવી વહેંચણી કાયદેસર ગણાશે નહિ, આવી જમીનની વહેંચણી બાદ આવી જમીન ધારણ કરનાર કુટુંબના સભ્યો અથવા કાયદેસરના વારસદારો આવી જમીનની બોલીઓ, શરતો અને બંધનો લાગુ પડ્યા હોય એ લાગુ પડશે. આ પ્રકારનો ૪૩-૧ માં સુધારો આ સન્માનનીય આ ધારા સભાગૃહની અંદર લાવી છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૪૩-૧ નો સુધારો થવાના કારણે કેટલા ફાયદાઓ થવાના છે. એક તો સીધી લીટીના જે વારસદારો છે એમને હવે કલેકટરની પૂર્વ મંજૂરી વગર એ પોતે એના વારસદારોને વહેંચણી કરી શકશે અને એના જ કારણે સરકારી કચેરીઓમાં જે હાડમારીઓ એમને ભોગવવી પડતી હતી એ હાડમારી એમને ભોગવવી નહિ પડે. એક પ્રશ્ન એ હતો કે, એમના વારસદારો જુદા જુદા ઠેકાણે રહેતા, એ બધાને એકત્રિત કરી વહેંચણી કરવાનું કામ મુશ્કેલ હતું. હવે એમના વારસદારો ગમે ત્યાં રહેતા હોય તો પણ એમને ભેગા કરવાની આવશ્યકતા નહિ રહે અને સરળતાથી મુક્ત રીતે વહેંચણી કરી શકશે. આ નિયંત્રણ સિવાયની જમીન જે ધારણકર્તાઓ છે એ લોકો જે રીતે જમીનની વહેંચણી પોતાના વારસદારોમાં કરે છે અને એમના હકો એમને મળે છે એ જ પ્રમાણેના હકો આ વહેંચણી કરવાથી એમને પણ આ હકો મળશે. હવે શરતભંગના કેસો ઊભા જ નહિ થાય. જેના કારણે સરકારી કચેરીઓમાં જે ભારણ આવતું હતું એ ભારણ પણ રહેશે નહિ અને ખેડૂતોને જે કોર્ટના ધકાઓ ખાવા પડતા હતા, એમાંથી ખેડૂતો મુક્ત થઈ જશે અને એના કારણે એમનો નાણાનો વ્યય થતો હતો અને સમય બરબાદ થતો હતો અને વર્ષો સુધી કોર્ટોની અંદર લિટિગેશન ચાલ્યા કરે એ જે માનસિક ત્રાસ ઊભો થતો હતો એ બધાજ ત્રાસમાંથી ખેડૂતો મુક્ત થઈ જશે. હવે જ્યારે ૫૦ વર્ષ જેટલો સમય થઈ ગયો છે અને હવે જ્યારે આખો સમય બદલાય ગયો છે અને હવે જ્યારે સમાજની વ્યવસ્થાઓ પણ બદલાઈ ગઈ છે ત્યારે આવા નિયંત્રણો રાખવાની કોઈ આવશ્યકતા નથી અને એવા નિયંત્રણો વ્યવહારું પણ જણાતાં નથી અને એટલા માટે ૪૩-૧ ની કલમમાં સુધારો કરવો જોઈએ એવું એક માર્ગદર્શન લેવા માટે આ સન્માનનીય સભાગૃહની અંદર આવી છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે કલમ ૩૧-ઓ. ૧૯૫૭ એટલે પહેલી એપ્રિલ ૧૯૫૭ પહેલા જે લોકો ગણોતિયાઓ હતા, એમને તો એમના હકો મળ્યા. પરંતુ ત્યાર પછી એવી ફરિયાદો આવી, એવી રજૂઆતો આવી કે ૧-૪-૧૯૫૭ પછી પણ ઘણાં એવા ગણોતિયાઓ રહી ગયા છે કે જેમણે એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ જમીનો ખેડી છે, પરંતુ એમને આવા હકો મળ્યાં નથી તો ૧-૪-૧૯૫૭ પછી પણ એક વર્ષ અથવા તો એક વર્ષ કરતા વધારે સમય જો જમીન માલિકોની જમીન ખેડૂત ખાતેદાર તરીકે જો એમણે ખેડી હોય તો એમને પણ આવા ગણોતિયાના હકો આપવા જોઈએ એવો નિર્ણય થયો. અને એ નિર્ણય કરવા માટે ૩૧-ઓ ની કલમ દાખલ કરવામાં આવી છે એટલે હવે ૩૨-ઓની કલમ દાખલ થવાથી ૧-૪-૧૯૫૭ પછી જેમણે એક વર્ષ અથવા તો એક વર્ષ કરતા વધારે સમય સુધી જો આવી રીતે ગણોતિયા તરીકે ખેતી કરી હોય અને જમીન માલિકને ગણોત આપી હોય તો એને પણ ગણોતિયો જાહેર કરવો એને પણ જમીન ખરીદવા માટેના હકો આપવા અને એ નિર્ણય આ ૩૨-ઓ ની કલમમાં થયો.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ છેલ્લા ૫-૭ વર્ષની અંદર કોઈ આવા ગણોતિયા રહ્યા નથી. એટલે આ કલમની આવશ્યકતા નથી. પરંતુ આ કલમનો ઉપયોગ કરીને હવે જે ખેડૂતો નથી, જે બિનખેડૂત છે એ પણ ૩૨-ઓ ની કલમનો ઉપયોગ કરીને તલાટીઓ અથવા તો સરકારીતંત્રના મેળાપીપણાની અંદર પેપર ઉપર ૭/૧૨ની

અંદર પાણીપત્રક બનાવી એ પણ ગણોતિયો બની જાય છે અને પછી ગણોતિયાના હકો ભોગવે છે અને પછી આજુબાજુથી પછી જમીનો ખરીદે છે કારણ કે એને ખેડૂત તરીકેનું સર્ટિફિકેટ મળે છે અને એટલે ખોટા ખેડૂત ખાતેદાર બનવાની શરૂઆત થઈ છે અને એ જે આખી નફાખોરીની પ્રવૃત્તિ શરૂ થઈ છે એને પણ અટકાવવાની જરૂરિયાત છે અને એટલા માટે પણ ૩૨-ઓ ની કલમને દૂર કરવા માટેનો પ્રયાસ રાજ્ય સરકાર કરી રહી છે. આ ૩૨-ઓની જે કલમ છે એનો ઉપયોગ એ બદઈરાદાથી પણ થઈ રહ્યો છે. હમણાં છેલ્લા બે-ત્રણ વર્ષથી એ ધ્યાનમાં આવ્યું છે કે જુદા જુદા જિલ્લાઓની અંદર ખેડૂત ના હોવા છતાં પણ આ પ્રકારના મેળાપીપણાની અંદર પાણીપત્રકનો ઉપયોગ કરી ૭/૧૨ની અંદર પોતાનું નામ દાખલ કરી અને પછી ખેડૂત ના હોવા છતાં પણ ખેડૂત બની ગયા છે એવા કેટલાક કેસો આપણા ધ્યાન ઉપર આવ્યા છે. સામાન્ય રીતે જે શહેરી વિસ્તારો છે અને શહેરી વિસ્તારોની આજુબાજુની જે જમીનો છે, જેમાં ખેતી શકય નથી અને બિનખેતી એ જમીન પડી રહી છે એવી જમીનોનો ઉપયોગ આવી ૩૨(ઓ) નો ઉપયોગ કરીને પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે-ત્રણ વર્ષમાં આપણને જે ૩૨-ઓ નો ઉપયોગ કરી જે બિનખેડૂતો ખેડૂતો બન્યા છે એવા કિસ્સાઓ ધ્યાન ઉપર આવ્યા છે અને એમાં અમદાવાદ જિલ્લામાં ૩૫ કેસો, વડોદરા જિલ્લામાં ૬ કેસો, ગાંધીનગર જિલ્લામાં ૫૪ કેસો અને વલસાડ જિલ્લામાં ૨૯ જેટલા કિસ્સાઓ પકડાયા છે અને એમને શોધીને અત્યારે એમના ઉપર કાર્યવાહી પણ રાજય સરકારે શરૂ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૩૨-ઓની કલમ આપણે રદ કરીએ છીએ અને એના કારણે ખોટા પુરાવાઓ ઊભા કરીને જે લાભ લઈ જાય છે એવા લોકો આવો લાભ નહીં લઈ શકે અને ખેડૂતની જમીનો એ પચાવી નહીં પાડી શકે, બિનખડૂતો જે ખેડૂત બની જાય છે એ પણ નહીં બની શકે અને લીટીગેશનો જે થાય છે એ પણ નહીં થાય, કોર્ટોમાં ધક્કા પણ નહીં ખાવા પડે કારણ કે આખી કલમ જ જ્યારે રદ થાય છે ત્યારે એ જે બદીઓ હતી એ બદીઓને પણ આપણે આ કલમ દૂર કરીને આપણે એને અટકાવી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬૫, કલમ-૬૫(એ), કલમ-૬૬ આ બધી જ કલમો પણ આ ગણોતિયા સાથે સંકળાયેલી કલમો છે. એવો નિર્ણય પણ કરવામાં આવ્યો આ કલમોમાં કે જો કોઈ ગણોતિયો સતત બે વર્ષ સુધી ખેતી ન કરે તો એની જમીન સરકાર હસ્તક આવી જાય અને સરકાર હસ્તક આવી જાય એટલે ગણોતિયા પાસે જમીન રહેશે નહીં. બે વર્ષ સુધી જો એ સતત ખેતી ન કરે પણ ખેતી ન કરવાના કારણો પણ એના માટે હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત આપણે જાણીએ છીએ કે દુષ્કાળ પડે છે, વરસાદ અનિયમિત પડતો હોય અને એવા સમયમાં એ ખેતી નથી કરી શક્તો, કુદરતી આપત્તિ આવે અથવા માનવ સર્જીત આફતો આવે ત્યારે પણ ખેતી નથી કરી શકતો, કુટુંબના વડાનું જો આકસ્મિક અવસાન થાય ત્યારે પણ એ ખેતી નથી કરી શકતો અને પોતાના ઘરમાં કોઈ સામાજિક પ્રસંગો આવે દીકરા કે દીકરીના લગ્ન કે મરણનો પ્રસંગ આવે ત્યારે પણ પોતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે પૈસા એમાં વપરાઈ જાય અને ખેતી કરવા માટે જરૂરી બીજ, ખાતર વિગેરે જે ખરીદવું જોઈએ, ખેતર ખેડવા માટે કોઈનો ઉપયોગ કરે અને એનો જે ખર્ચ કરવો પડે એ નથી કરી શકતો એવા અનેક કારણોસર એ ખેતી નથી કરી શકતો એટલે જમીન સંપાદન થઈ જાય છે, સરકાર હસ્તક આવી જાય છે અને એની હાડમારીની શરૂઆત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ પછી આ જમીન સરકાર હસ્તક આવી જાય અને દસ વર્ષ પછી આ જમીન રિગ્રાન્ટ કરી શકાય એવો નિર્ણય પણ કરવામાં આવેલો છે પણ દસ વર્ષ પછી જ્યારે જમીન રિગ્રાન્ટ કરવાનો સમય આવે છે ત્યારે જમીનની કિંમત કેવી રીતે ગણવી, દસ વર્ષ સુધી આ જમીનનો વહીવટ કોણ કરે, જમીનનો વહીવટ કરવા માટે રાજય સરકારે પણ કોઈ નીતિ નિયમો નથી બનાવ્યા અને આવી કિંમતી જમીનો વર્ષો સુધી પડી રહે કે જેના કારણે ઉત્પાદન ન થાય અને રાજય સરકારને એની ખોટ પણ ઊભી થાય આવા બધા કારણોવસાત આ ૬૫-કલમ, ૬૫(એ) અને ૬૬-કલમ જે સંપાદિત થઈ જાય છે એવી કલમો પણ આમાંથી રદ કરવી જોઈએ કારણ કે, જ્યારે ૩૨-ઓની કલમ આપણે રદ કરીએ છીએ ત્યારે એની સાથે સંબંધિત જે આ કલમો છે એ પણ ઑટોમૅટીક રદ કરવા માટેનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ ૪૩(૧), ૩૨(ઓ), અને કલમ-૬૫, કલમ-૬૫(એ), કલમ-૬૬, ૪૩(૧) કલમને સુધારા સાથે અને ૩૨(ઓ) કલમ, કલમ-૬૫, કલમ-૬૫(એ), અને કલમ-૬૬ને રદ કરવા માટે આ બિલ હું વિધાનસભા ગૃહમાં લાવી છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન મહેસૂલ વિભાગ તરફથી જે લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું અને આ વિધેયકને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગણોતધારાનો કાયદો આમ તો ગુજરાતની સ્થાપના પહેલા જ્યારે મુંબઈ રાજય હતું તે વખતથી આ અમલમાં છે. આ કાયદો જ્યારે અમલમાં આવ્યો ત્યારે કાયદો બનાવતી વખતે જે તે સમયની ત્યાંની પરિસ્થિતિ એ વખતની, કાયદાની એ વખતની જરૂરિયાતો, તે વખતના જમીનના વિવાદો જેવી અનેક બાબતો ધ્યાનમાં રાખી ગણોતિયાના રક્ષણ માટે આ કાયદો બનાવવામાં આવેલો હતો.પરંતુ વર્ષોથી કાળીમજૂરી કરતા ૫૦ વર્ષ પહેલા જે કાળી મજૂરી ખેતરમાં કામ કરતા એ લોકોને ગણોતિયાના હક્કો મળે એના માટે સરદાર વલ્લભભાઈ પટેલની લાગણી હતી કે એવા લોકોને ખેડે એની જમીન અને કાયદાના હક્ક નીચે ગણોતિયા તરીક્ના અધિકાર મળે, એના માટે આ કાયદો બનાવવામાં આવેલ હતો, પરંતુ આ કાયદાનો ધીમે ધીમે જ્યારે

ગણોતિયાનો ૫૦ વર્ષનો કાર્યકાળ પૂરો થયો. સરકારે ગણોતિયાઓને બધા હક્ક આપી દીધા પછી આ કાયદાનો દુરુપયોગ થવાનું ચાલુ થયું. બિનજરૂરી લિટિગેશન થવાથી સરકારનું ભારણ પણ આની અંદર વધ્યું, આથી માનનીય મહેસૂલ મંત્રીશ્રી આજે આ ખરેખર ઐતિહાસિક બિલ લઈને આવ્યા છે અને આ કાયદાથી ખેડૂતોના હક્ક-હિતને નુકસાન થતું અટકાવવા માટે આજે ગણોતના કાયદામાં ૪૩(૧) માં સુધારો અને આ ગણોતના કાયદાની કલમ ૩૨ (ઓ), કલમ-૬૫, કલમ-૬૫(ક) અને કલમ-૬૬ રદ કરવા માટેનું બિલ ખરેખર આવકારદાયક છે. વિગતવાર કલમની વાત કરું તો મુંબઈ ગણોતધારાની કલમ-૩૨(ઓ) એ આજે રદ કરવા માટે મંત્રીશ્રી લાવ્યા છે. એ જૂની કલમમાં આવી જોગવાઈ હતી હતી કે ખેડૂત દિન પછી ઉત્પન્ન થયેલા કોઈપણ ગણોત વહીવટના સંબંધમાં વિરુદ્ધનું ગમે તે કબુલાતનામું અથવા રિવાજ હોય તે  છતાં જમીનની જાતે ખેતી કરતા ગણોતિયાએ આવા ગણોત વહીવટના આરંભથી એક વર્ષ પૂરું થયાની તારીખે જમીન માલિક પાસેથી તેણે ધારણ કરેલી જમીન અથવા ગણોતિયાની જમીન ટોચમર્યાદા વિસ્તાર જેટલી થાય તેટલી જમીનનો ભાગ ખરીદેલો ગણાશે. આ જૂની કલમ રદ કરવા જઈએ એટલે જેટલા ગણોતિયા સાબિત થાય એને રાજય સરકારે ખરીદીના હક્ક આપી દીધા અને જમીનના માલિક બનાવી દીધા, પરંતુ આજે પરિસ્થિતિ એવી થઈ છે કે આજે કલમનો દુરુપયોગ શરૂ થયો છે. સુખી સંપન્ન લોકો હોય અને કયારેય ખેતી કરતા ન હોય, કોઈ ખેતી કરતા ન હોય, પરંતુ પૈસાના જોરે ગણોતિયો બને. ( સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી હજુ તો મહત્ત્વની બે કલમ બાકી છે. ખૂબ જ અગત્યનું બિલ છે. ગુજરાતના લાખો ખેડૂતોને અસરકર્તાનું બિલ છે. આની અંદર થોડા મારા વિચાર પ્રગટ કરવા વિનંતી. લાંબા સમયથી જ્યારે કોઈ વ્યકિત બહાર જાય ત્યારે એની જમીન પણ હડપ કરવા માટે પણ આ કલમનો દુરુપયોગ થતો હતો. તો આ કલમ જ્યારે રદ થાય છે ત્યારે સુખી સપન્ન માણસોનું કાળુ નાણું જેવું કે એક કરોડની જમીન હોય અને ૫ લાખનો દસ્તાવેજ કરે અને ૯૫ લાખ રૂપિયા જમીનની અંદર ગોઠવાઈ જતા. આ કલમને રદ કરવાથી કાળુ નાણું પણ ગોઠવાશે નહિ. આવકવેરાની અંદર પણ એમાં ફાયદો થશે. હવે ગણોતધારાની કલમ-૪૩ માં સુધારો થયો તે ખૂબ જ અટપટી રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એની વહેંચણી કરવા માટે પિતાની હયાતીમા જ્યારે એના દીકરાને જમીન વહેંચવાની હોય ત્યારે ગામડાની અંદર આવી જમીન વહેંચી શકાતી નથી. ત્યારે કલેકટરની પૂર્વમંજૂરી સિવાય નહોતું થતું ત્યારે કલમ કાઢી નાખી સુધારો કરવાથી જ્યારે વહેંચણીમાં આ સુધારો લાવ્યા છે તે આવકારદાયક છે.

**સભાપતિશ્રી :** શંકરભાઈ ચૌધરી

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક લઈને આવ્યા છે. જેના સમર્થનની અંદર હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર જે પ્રમાણેના એક સુધારો અને બાકીની જે વધારાની કલમો હતી જે પ્રજા ઉપયોગી નહોતી અને પ્રજાને કનડવાવાળી જે કલમો હતી, એવી કલમો, કાયદો રદ કરવા માટેનું માનનીય મંત્રીશ્રી જે બિલ લઈએ આવ્યા છે, એ માટે માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ગુજરાતના ખેડૂતના દીકરા તરીકે ખેડૂતો વતી પણ આ રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ કાયદાઓની અંદર એવું હોય છે કે જ્યારે કોઈક કાયદાની જરૂર ઊભી થઈ, પછી જ્યારે કાયદો નુકસાન કરતો થાય તો પણ એ કાયદો સતત ચાલુ જ રહેતો હોય છે. એક પરિવારની અંદર યજ્ઞ થાય એટલે બિલાડી આવીને દૂધ પી જતી એટલે એને અટકાવવા માટે એ વખતે એવું કર્યુ કે જ્યારે યજ્ઞ હોય ત્યારે બિલાડીને આપણે બાંધી દેવી. પછી બાપા મરી ગયા અને દીકરાઓએ યજ્ઞ ચાલુ રાખ્યો તો કહે કે બાપા બિલાડીને બાંધતા તો આપણે પણ એ બિલાડીને ગમે ત્યાંથી પકડી લાવીને બાંધવી પડે. કાયદાઓમાં મોટા ભાગે જ્યારે જરૂરિયાત ન હોય ત્યારે એને દૂર કરવો પડે અને આની અંદર સૌથી સારો જે સુધારો કર્યો છે ૪૩(૧) ની અંદર બાપાનું મૃત્યુ થવાનું હોય અને તે વખતે લાગે કે હું મારા જીવતા જીવ હું મારા દિકરાઓને વિભાજન કરીને જમીન આપું. એ એમનું જે અરમાન હતું અને તે કલેકટરની મંજૂર ન લેવાના કારણે નહોતું થઈ શકતું  અને હવે તે કલેકટરની મંજૂરી નહીં લેવા માટેનો જે નિર્ણય કર્યો છે તેના માટે ખૂબ ખૂબ અભિનંદન. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬૫, ૬૬, ૬૫-એ રદ કરી છે. ખેડૂત બહાર ગયો હોય અને પોતે જમીન ન ખેડી શકે અથવા તો કોઈ તલાટીએ ડાયરેકટ પાણીપત્રકની અંદર પડતર છે આવું બતાવી દીધું હોય તો પણ શ્રી સરકાર થઈ જાય, બે વર્ષ પાણીપત્રકની તલાટીને મેળ ન આવ્યો હોય અને કરી નાંખે તો ખેડૂત પોતાની જમીન ગુમાવી બેસે. આવી વાત હતી તેની જગ્યાએ હવે ગુજરાતનો ખેડૂત પોતે આત્મવિશ્વાસ સાથે કહી શકશે કે મારી ગણોત હકકની જમીન છે. તે હું કદાચ એક બે વર્ષ ન ખેડુ તો તેની અંદર શ્રી સરકાર દાખલ નહીં થઈ શકે. માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રાગજીભાઈ પટેલ અને માનનીય શંકરભાઈ ચૌધરીએ પોતાના વિચારો આ બિલ ઉપર વ્યકત કર્યા છે એમનો આભાર વ્યકત કરું છું. કોઈપણ કાયદો એ નાગરિકના હકકોનું રક્ષણ કરવા માટે હોય છે. જો નાગરિકના હકકોનું રક્ષણ ન કરતો હોય તેવો કાયદા રદ કરવા જોઈએ. રાજય સરકારની જવાબદારી હોય છે કે ખેડૂતને સદ્ધર બનાવે પરંતુ ખેડૂતને સદ્ધર બનાવવાના બદલામાં જમીન શ્રી સરકાર કરીને ખેડૂતને વધારે બેહાલ બનાવીએ છીએ. હવે જો જમીન આ ખેડૂત ખાતેદારો પાસે રહેશે તો એ પોતે એને ખેડશે. કારણકે પહેલાં એવું હતું કે વરસાદનો અભાવ અને વગેરે હોવાને કારણે તે ખેતી નહોતા કરી શકતા. આ રાજય સરકારે પાછલાં પાંચ સાત વર્ષની અંદર જે રીતે ગુજરાતની અંદર ચેકડેમો બાંધ્યા છે, ખેત તલાવડીઓ કરી છે, સુજલામ સુફલામ યોજના બનાવીને છેક એના ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવા માટેનો પ્રયાસ કર્યો છે. તે જ રીતે સિંચાઈની અન્ય વ્યવસ્થાઓ ઉભી કરી છે. કૃષિ મહોત્સવનો ઉપયોગ કરીને છેલ્લા પાંચ વર્ષથી ગામડે ગામડે જઈને ખેડૂતોને ખેતી અને તેના સંશોધન અને જે ગરીબ ખેડૂતો છે તેમને કીટ વિતરણ કરીને તે જમીન ખેડે, વધારે ઉત્પાદન કરે તેના માટેનો જે સતત પ્રયાસ કર્યો છે. નર્મદાની ઉંચાઈ વધારીને સમગ્ર ગુજરાતને પાણી સિંચાઈનું મળે તેના માટે જે મુખ્યમંત્રીશ્રીના પ્રયાસો થઈ રહયા છે તેને કારણે હવે હું નથી માનતી કે રાજયની અંદર કોઈપણ ખેડૂત નાનો હોય કે મોટો હોય તે પોતાની ખેતી ન કરે અને પડતર રાખે પોતાની જમીન. એટલે હવે કોઈ આવા પ્રસંગો ઉભા નથી થવાના. એટલે જમીનો સંપાદિત કરી દેવી, સંપાદિત કર્યા પછી કોઈ જાહેર હિતની અંદર તે જમીનનો ઉપયોગ કરી લેવો અને પછી ખેડૂતના નામે જમીન ન હોય એટલે તેને વળતર ન મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ આ કલમો દ્વારા થયું હતું અને હવે આ કલમો દૂર થવાથી આવા કોઈ પ્રસંગો ઉભા નથી થવાના એટલે સન્માનનીય સભાગૃહને મારી વિનંતી છે કે આ બિલ પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૦૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૧, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૦૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન ( ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:-૨-સન ૨૦૦૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન(ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩**

# ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયક,૨૦૦૯

**ગુજરાત રાજયમાં શૈક્ષણિક નવીકરણની સંકલ્પના, સંશોધનકાર્ય અને તેના અમલીકરણને પ્રોત્સાહન આપવા બાબત અને તે હેતુ માટે ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબત વિધેયક**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક :૩ સન ૨૦૦૯ના ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક ૩ સન ૨૦૦૯ના ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે વિધેયક લઈને આવ્યો છું એ આઝાદીના ૬૦ વર્ષ પછી સમગ્ર દેશમાં ગુજરાત એ પહેલું રાજય છે કે શૈક્ષણિક સુધારા માટેનું આ એક વિધેયક લઈને આવ્યું છે. આ બિલને સીધા આપણા રાષ્ટ્રીય આંદોલન સાથેનો સંપર્ક છે. લાલ, બાલ અને પાલના મંત્ર સાથે સંકળાયેલું આ વિધેયક છે. બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય અને શ્રી અરવિંદની વંદેમાતરમ્ ની ઘોષણા સાથે આ બિલ સંકળાયેલું છે. ભારતની આઝાદીની લડતમાં સર્વોપરિ નેતાઓએ જે શપથ લીધા હતા, જે પ્રતિજ્ઞા કરી હતી,

* વિધેયક તા.૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કે ભારતને એવી શિક્ષણ પ્રથા આપીશું કે આ નવ યુવાનો અને નવ યુવતિઓને નવી શિક્ષણ પ્રથા દ્વારા એમણે જે આગળ વધારવાની જે કલ્પના કરી હતી, એ આ બિલમાં સાકાર થાય છે.

અત્યાર સુધીમાં આખા દેશમાં કયાંય પણ આ પ્રકારની નવીનતા લાવવા કમિશન બનાવવામાં આવ્યું નથી, ૧૯૦૯માં મહર્ષિ અરવિંદે રાષ્ટ્રીય શિક્ષણ પધ્ધતિની વાત કરી હતી, કવિવર ગુરૂ રવિન્દ્રનાથ ટાગોરે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોને સમન્વય પધ્ધતિની વાત કરી હતી, પરમ પૂજય ગાંધીજીએ નવી તાલીમની વાત કરી, ગીજુભાઈ બધેકાએ એક આદર્શ શાળાની વાત કરી,નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલીએ ગ્રામ્ય વિદ્યાપીઠ શિક્ષણની વાત કરેલી, સરદાર વલ્લભભાઈ પટેલે કહયું કે, ચારિત્ર્ય વગરનું શિક્ષણ એ લંગડુ છે, આ બધા જ મહાનુભાવોએ જે પોતાના વિચારો વ્યકત કર્યા છે, પરંતુ આજે પણ દેશની યુનિવર્સિટીના જે અભ્યાસક્રમો છે, અને શિક્ષણની અંદર કોલોનીશ પધ્ધતિના આજે પણ દર્શન થાય છે. હાલની પધ્ધતિ એ શિષણ આધારિત પધ્ધતિમાં પુસ્તક આધારિત છે, પરીક્ષા આધારિત છે, અને વિષય આધારિત છે. આ અગાઉ ભારત સરકારે પણ રાધાક્રષ્ણન્ કમિશનનો રિપોર્ટ, કોઠારી કમિશનનો રિપોર્ટ અને ૧૯૮૬ની નવી શિક્ષણ નીતિ રજૂ કરવા છતાંય હજુ સુધી આપણે કોલોનીશ શિક્ષણ પધ્ધતિમાંથી બહાર આવી શકયા નથી, આ શિક્ષણને નવીકરણ અને સબળ માધ્યમને સ્થાપવાનો આ વિધેયકનો ઉદ્દેશ છે, આજના યુગના આંતરરાષ્ટ્રીય શિક્ષણ પ્રથાની સ્થાપના કરવાની નેમ આ બિલમાં વ્યકત કરવામાં આવી છે.

આ ઉપરાંત જે પ્રવર્તમાન શિક્ષણ પધ્ધતિ છે, તેમાં સર્જનાત્મક અને માનવલક્ષી ઘડતરના આદેશો લાવી શકાય. ચાઈલ્ડ સેટન્ડન્ટ, વેલ્યુ ઓરિએન્ટેડ, સ્કીલ્ડ ઓરિએન્ટેડ આ પ્રકારના વિષયો સાથે આ બિલની રચના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં દેશમાં અથવા દેશની બહાર જે કોઈ નવા પ્રયોગો થયા છે એ તમામ નવા પ્રયોગોને આ નવીકરણના મુદ્દામાં પ્રસ્તુત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. એ સાથે સાથે જે શાળાઓ આદર્શ શાળાઓ છે અને પોતે કાંઈ નવું કરવા માગે છે એ સંસ્થાઓના નવીકરણને પણ માન્યતા આપવી અને એ સંસ્થાઓને અનુદાન પણ આપવાની આ પધ્ધતિમાં જોગવાઈ કરવામાં આવેલી છે.આ કમિશનના કારોબારી અધ્યક્ષ સાથે પાંચ પૂર્ણકાલિન સભ્યો પણ મૂકવાની પણ જોગવાઈ કરવામાં આવેલી છે. એની સાથે સાથે ચાર પરિષદ બનાવવામાં આવશે અને આ ચાર કાઉન્સિલની રચનાના કારણે પણ સમગ્ર રાજયમાં નવા પ્રયોગોને ઉતેજન મળે અને મુખ્ય પ્રવાહ સાથે જોડી શકાય એટલા માટે આયોગની રચના કરવામાં આવી છે. તેમાં અધિકારીઓ સાથે અન્ય સંસ્થાઓને જોડવામાં આવી છે જેના કારણે એનો સારો એવો તાલમેલ થઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આઝાદીના ૬૦માં વર્ષે સમગ્ર દેશમાં ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયક હું આ સભાગૃહમાં રજૂ કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એજ્યુકેશન ઈનોવેશન કમિશનનું બિલ માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરા જે આ સન્માનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે એ બિલના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ૧૯મી સદી એવી સદી થઈ કે જેની પાસે બહુબળ હતું એણે જગત ઉપર રાજ કર્યું., ૨૦મી સદી એવી સદી થઈ કે જેની પાસે મૂડી હતી એણે જગત ઉપર રાજ કર્યું. આ ૨૧મી સદી એવી સદી છે કે, (અંતરાય)

# માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

## વિશેષાધિકાર ભંગ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, આ સભાગૃહની અંદર નક્કી થયેલા નિયમો પ્રમાણે વિસ્તારો એ અધ્યક્ષની precincts કહેવામાં આવે છે એની અંદર દેખાવો કરવા એ પણ અયોગ્ય છે અને સંસદીય પ્રણાલીઓનું અવમાન છે. પરંતુ વિરોધ પક્ષે એ મર્યાદા વટાવીને મારી નેઈમ પ્લેટ ઉપર બીજા નામો લખીને મારી નેઈમ પ્લેટ સાથે પણ ચેડા કર્યા છે તે સૌથી વધારે ગંભીર બાબત છે. આ પ્રકારનું કૃત્ય વિશેષાધિકાર ભંગનું કૃત્ય બને છે માટે જેમણે આ કામ કર્યુ છે એની તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપી દઉં છું. સાથે સાથે જાહેર કરું છું કે આની કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિ પર પ્રતિબંધ ફરમાવું છું અને આની પ્રસિદ્ધિ કરવામાં આવશે તો એને પણ વિશેષાધિકારનો ભંગ ગણવામાંઆવશે માટે આની પ્રસિદ્ધિ ન કરવી. જે સભ્યશ્રીઓએ નેઈમ પ્લેટ સાથે ચેડા કર્યા છે અને નેઈમ પ્લેટ બદલી છે એમણે વિશેષાધિકાર ભંગ કર્યો છે. આ મારું જ અપમાન નહીં પરંતુ સમગ્ર વિધાનસભા ગૃહનું અવમાન કર્યું છે ત્યારે આ કાર્ય વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને સોંપવા માટે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે જે કાર્ય વિરોધ પક્ષ દ્વારા અધ્યક્ષશ્રીની precincts માં થયું છે એ સમગ્ર કાર્યની તપાસ કરવામાં આવે અને વિશેષાધિકાર સમિતિ એ અંગેનો અહેવાલ એક સપ્તાહમાં રજૂ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** આ બાબત વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવે છે.

# ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયક, ૨૦૦૯ (ક્રમશ:)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: (ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, હું કહેતો હતો કે ૨૧મી સદી એ જ્ઞાનની સદી, વિજ્ઞાનની સદી ને શિક્ષણની સદી છે અને આ ૨૧મી સદીના કોમ્પીટીટીવ યુગની અંદર આપણો નવયુવાન એની અંદર સંપૂર્ણ રીતે પાર ઉતરે એના માટે આ ગુજરાત એજ્યુકેશન ઈનોવેશન કમિશન એ આવનારા દિવસોમાં ગુજરાતની યુવા પેઢી માટે અત્યંત લાભદાયી અને અત્યંત ઉપયોગી નિવડવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ એક જમાનાની અંદર તક્ષશીલાનું જેમ નામ હતું એમ આ આપણું ગુજરાત એજ્યુકેશન કમિશન એ તક્ષશીલાના સંદર્ભની એક ઈમેજ ઉભું કરવાનું છે. આપણી ભારતીય સંસ્કૃતિના પરંપરાગત જે મહાન વિભૂતિઓ થઈ ગઈ.મહાન વિભૂતિઓએ આ દેશની અંદર અનેક નવી શિક્ષા પધ્ધતિઓ આપી, જેમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સત્યધારાની શિક્ષણ પધ્ધતિ આપી, સ્વામી વિવેકાનંદજીએ શિક્ષણ દ્વારા વ્યકિત નિર્માણ, વ્યકિત થકી સમાજ નિર્માણ અને સમાજ થકી રાષ્ટ્રનિર્માણની કલ્પના આપણા સૌની સમક્ષ આપી. મહાત્મા ગાંધીએ નઈ તાલીમ, હાથ હૈયા અને માનસનો વિકાસ કરીને સંપૂર્ણ સ્વરૂપે શિક્ષણ પ્રણાલિકાનો આ ક્ષેત્રમાં ઉપયોગ થાય એવો પોતાનો વિચાર વ્યકત કર્યો. આ બિલ એ દેશની અંદર દીવાદાંડી સમાન છે અને આ દેશના ઈતિહાસમાં આ બિલ એ સોનેરી અક્ષરે મૂકાવાનું છે. શિક્ષણનો સંબંધ એ વ્યકિત કરતાં સમાજની સાથે વિશેષ છે અને જો વ્યકિતનું ઘડતર થાય તો શિક્ષણ દ્વારા આપણે ચેતનાની ખેતી કરી શકીએ છીએ. આ ભારતીય સંસ્કૃતિમાં આપણા સૌના પરમકૃપાળુ ભગવાન શંકરની શકિતને આપણે જાણીએ છીએ. કંકર કંકરમાંથી શંકર બનાવવાની ક્ષમતા આ શિક્ષા પધ્ધતિમાં છે. ચીનની એક કહેવત છે કે, "જે આજનો વિચાર કરે છે એ અનાજ વાવે છે, જે દસ વર્ષનો વિચાર કરે છે એ વૃક્ષો વાવે છે અને જે આવતી પેઢીનો વિચાર કરે છે એ માનવનું નિર્માણ કરે છે" અને માનવનું નિર્માણ એ શિક્ષા થકી થાય છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના વિચારોમાં પોતાની કવિતામાં કહ્યું છે કે, " મારે નભને આંબવું છે, મારે સાગરને ખેડવો છે". નભને આંબવા માટે અને સાગરને ખેડવા માટે એમણે ગુજરાતના યુવાનને પ્રશિક્ષિત કરવા માટેનો અનેક યુનિવર્સિટીઓ દ્વારા એમણે પ્રયાસ કર્યો. એક નાનો સરખો પ્રયાસ આપણે સ્કોપના માધ્યમથી કર્યો. આવનારા દિવસોમાં ગુજરાતમાં ગ્લોબલ સમિટ દ્વારા ગુજરાતની અંદર જે ૧૨ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયાં, ૨૫ લાખ જેટલી રોજગારીનું નિર્માણ થવાનું છે અનેક વિદેશી કંપનીઓ જયારે ગુજરાતની ધરતી ઉપર પોતાના ઉદ્યોગો સ્થાપવાની છે એવા સંજોગોમાં ગુજરાતનો યુવાન એ અંગ્રેજી કંપનીના માલિકોની સામે એ એની આંખમાં આંખ મિલાવીને વાત કરી શકે, એ પ્રમાણે પ્રશિક્ષિત થાય એના માટે આગોતરું આયોજન રાજય સરકારે સ્કોપ દ્વારા કર્યુ છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આ કમિશન દ્વારા એજયુકેશન હબ ઓફ ઈન્ડિયા બની રહેવાનું છે. આ શિક્ષણ એ એવું શિક્ષણ છે કે 'ક્ષણ ક્ષણને જીવતા શિખવાડે એનું નામ શિક્ષણ' અને આ કમિશન જે આ દેશના અનેકવિધ શૈક્ષણિક નવા આઈડીયાઝ છે આપણા મહાન વિભૂતીઓએ અનેક પ્રયાસો કર્યા, પરંતુ આ બધાને સંકલિત કરીને કોઈ એક પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ આજસુધીમાં આ દેશની અંદર કર્યુ નથી. પ્રબળ રાજકીય ઈચ્છાશકિતને કારણે અને આ નવયુવાનોના ઘડતર માટે પોતાની જીદ હોવાના કારણે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિશામાં વિચાર કર્યો છે. સમગ્ર દેશની અંદર નરેન્દ્રભાઈ મોદીએ વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ દ્વારા વૈશ્વિક મંદીની સામે પડકાર સર્જી અને ગુજરાતે વિકાસની એક આબોહવા સર્જી છે અને આ આબોહવા દ્વારા આ કમિશન એના ઈનોવેશન દ્વારા સ્વર્ણિમ ગુજરાતના ભાવિ વિકાસના વિધિના લેખ સમાન આ બિલ છે.

જેમ સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે, "વ્યકિતમાં રહેલી ગુપ્ત, સુષુપ્ત શકિતને બહાર લાવે એનું નામ શિક્ષણ." શૈક્ષણિક ક્ષેત્રના અનેકવિધ નવા આઈડીયા અને એવા આઈડીયા જે માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો કે પ્રવર્તમાન પરીક્ષા પધ્ધતિ, ઉપરાંત શિક્ષણની જે સ્થિતિ ઉભી થઈ છે જેના કારણે એક સરવે અનુસાર જે ગ્રેજયુએટોની ફોજ ઉભી થાય છે એમાંથી માત્ર ૧૩ ટકા લોકોને જ એમના સ્કીલને અનુરૂપ એમને રોજગારી મળે છે બાકીના લોકોએ પોતાની જિંદગીના આટલા વર્ષો જે શિક્ષણ પાછળ ખર્ચ્યા હોય.છતાં પણ એ શિક્ષણનો તેની રોજગારી ઉભી કરવાના સંદર્ભમાં તેનો કોઈ ઉપયોગ થતો નથી માટે એવું શિક્ષણ જોઈએ કે જે વ્યકિતની રોજગારીના નિર્માણની પ્રક્રિયામાં પણ મદદરૂપ થઈ શકે. ગ્રેટ ફિલોસોફર પ્લેટોએ પોતાના વાક્યમાં કહ્યું છે "Education, I believe, should be a gymnastic for body and music for the mind." જ્ઞાન શકિતની ઉત્તમ આરાધના માત્ર અને માત્ર આપણે શિક્ષણ દ્વારા કરી શકીએ છીએ. અને શૈક્ષણિક મૂલ્યોનું સમાયોજન કરીને આપણે કેળવણીનું સંવર્ધન કરી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને હું મારો ટેકો આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તેને આવકારવા અને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. ભારત એકવીસમી સદીમાં વિશ્વનું નેતૃત્વ કરશે તે

